# ICE® MIRACLES


EXCLUSIVE FOR GPSC

(CLASS 1/2, P.I., S.T.I., DY.SO., DY. MAMLATDAR)


સંપાદક : મૌલિક ગોંધિયા | VOLUME 13 | 16 to 31 OCT - 2020








## કિસાન સૂર્યોદય યોજના




## ગ્લોબલ હંગર ઈન્ડેક્ષ 2020

# સંપાદકની કલમે

વર્તમાન પ્રવાહો એ કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષા માટે મહત્ત્વનો ભાગ ભજવે છે. વર્તમાન પ્રવાહો પરીક્ષા માટે અગત્યતા ધરાવે છે પરંતુ તેનું ક્ષેત્ર એટલું વિશાળ છે કે પ્રશ્નો કોઈપણ ઘટના આધારીત પૂછવામાં આવતા હોય છે. વર્તમાન પ્રવાહોની આ અનિશ્ચિતતા દૂર કરી, વિદ્યાર્થીઓને એક જ સ્ત્રોતમાંથી તૈયારી કરવાની મહેનત થાય અને સમયમાં પણ બચાવ થાય તે આધારે જ **'ICE Miracle'** નામનું આ મેગેઝિન તૈયાર કરવામાં આવ્યું છે. જે દર 15 દિવસે પ્રકાશિત કરવામાં આવશે.

વર્ષ 2017થી લેવામાં આવતી GPSCની બધી જ પરીક્ષાઓના વર્તમાન પ્રવાહોના પ્રશ્નોનું વિશ્લેષણ કર્યા બાદ GPSC દ્વારા આવરી લેવામાં આવતા તમામ પાસાઓને આ મેગેઝિન અંતર્ગત આવરી લેવામાં આવેલ છે. GPSC દ્વારા લેવામાં આવતી પરીક્ષા માટે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ઘટનાઓનું વિશ્લેષણ કરવાની જરૂરીયાત રહેતી હોય છે અને વિશ્લેષણનું કૌશલ્ય ત્યારે જ કેળવી શકાય જ્યારે આ ઘટનાઓને વિવિધ દષ્ટિકોણથી જોવામાં આવે અને ખાસ કરીને આવી માહિતી ગુજરાતીમાં ઉપલબ્ધ હોય તો વિદ્યાર્થીઓને તૈયારી કરવામાં સરળતા રહેતી હોય છે. આથી આવો બહુ–દષ્ટિકોણ કેળવવાનો પ્રયાસ આ મેગેઝિન દ્વારા ICEના માધ્યમથી કરવામાં આવેલો છે. અમને ચોક્કસ એવી આશા છે કે આ મેગેઝિન તમારી મહેનતને સરળ અને સચોટ બનાવશે અને આવો જ પ્રયાસ કરવા ICE કટિબદ્ધ છે.

## 1. બંધારણ અને રાજ્યવ્યવસ્થા...1

- માહિતી અધિકાર અધિનિયમના 15 વર્ષ......01
- ગુજરાત રાજ્ય 'અશાંત ક્ષેત્ર અધિનિયમ'......02
- ચૂંટણી પ્રચાર ખર્ચની મર્યાદામાં વધારો..........03
- ચૂંટણીમાં ખર્ચ મર્યાદા સંબંધિત મુદ્દાઓની તપાસ માટે સમિતિ.........03
- જમ્મુ-કાશ્મીર પંચાયતી રાજ અધિનિયમની સ્વીકૃતિને કેબિનેટની મંજૂરી................03
- નેશનલ કોંફરન્સ ઓન વિજિલન્સ અને એન્ટી કરપ્શન............................................04
- આદિજાતિ કલ્યાણ માટે બે સેંટર ઓફ એક્સલન્સ...........................................04

## 2. અર્થતંત્ર..............................05

- સોવરેન ગોલ્ડ બોન્ડ સ્કીમ, 2020-21.........05
- GST કાઉન્સિલની, 43મી બેઠક................05
- ભારતમાલા પરિયોજના..........................05
- ગ્રાહકોની માંગ અને મૂડી ખર્ચ વધારવા માટે સરકારની નવી યોજનાઓ...........................06
- લદ્દાખ અને જમ્મુ-કશ્મીર માટે વિશેષ આર્થિક પેકેજ...............................................07
- ભારતના 'Debt to GDP' પ્રમાણમાં વધારો-IMF.......................................08
- કિસાન ક્રેડિટ કાર્ડ...............................08
- ભારતનો પહેલો મલ્ટિ-મોડેલ લોજિસ્ટક્સ પાર્ક.................................................09
- નવું DRDO પ્રાપ્તિ મેન્યુઅલ, 2020............09
- PMKSY-AIBP હેઠળના પ્રોજેક્ટના ઘટકોની જીઓ ટેગિંગ.......................................10
- પ્રત્યક્ષ વિદેશી રોકાણ(FDI).......................10
- ઔદ્યોગિક શ્રમિકો માટે 'ગ્રાહક ભાવ સુચકાંક' (CPI: Consumer Price Index)નું નવુ આધાર વર્ષ...................................................11
- વિદેશી વિનિમય ભંડાર........................12
- FATF (Financial Action Task Force)ની ગ્રે લિસ્ટમાંપાકિસ્તાન..............................12
- સી-પ્લેન સર્વીસ....................................12
- વ્યાજ મુક્તિ યોજના ઘોષણા પર દિશા-નિર્દેશ..........................................13
- 'ડાયરેક્ટ પોર્ટ એન્ટ્રી'(DPE) સુવિધા.......13
- ઓહાકા ખાદી.......................................13
- કુંભાર સશક્તિકરણ યોજના..................14
- જુટ પેકેજિંગ........................................14
- 'પિરિઓડિક લેબર ફોર્સ સર્વે'(PLFS: Periodic Labour Force Survey)..........................15
- 'રાષ્ટ્રીય ઉત્પાદકતા પરિષદ'(NPC: National Productivity Council)..........................16
- ડેમ રિહેબિલિટેશન એન્ડ ઇમ્પ્રૂવમેન્ટ પ્રોજેક્ટ..16

## 3. આંતરરાષ્ટ્રીય ઘટનાઓ.....17

- BRICS વર્ચ્યુલ બેઠક..............................17
- શ્રમ સંબંધિત ઉભરતા મુદ્દાઓ વિશે............17
- જીનિવા કન્વેશન...................................17
- ભારત-કઝાકિસ્તાન સંરક્ષણ સહકાર એક્સ્પો..18
- ભારત અને ચિલી સંયુક્ત પંચની પ્રથમ બેઠક..18
- SLINEX-20.........................................18
- માલાબાર નૌસૈનિક અભ્યાસ અને ઓસ્ટ્રેલિયા.. .....................................................19
- SCOના ન્યાય સમિતિના મંત્રીઓની સાતમી બેઠક.................................................19
- NATOનું નવુ અવકાશ કેન્દ્ર.....................19
- ભારત-વિયેતનામ બિઝનેસ ફોરમ...............20
- બ્લુ ડોટ નેટવર્ક(BDN)..........................20
- અવકાશ સહયોગ અંગે ભારત-નાઇજિરીયા વચ્ચેના MoUને મંજૂરી..........................21
- G-20ની 'એન્ટી કરપ્શન વર્કિંગ ગ્રુપ'ની પ્રથમ બેઠક.................................................21
- દક્ષિણ એશિયન ફ્લેશ ફ્લડ ગાઇડન્સ સિસ્ટમ..22

- ભારત અને 'ILO' (International Labour Organization)..........................22
- ભારત-ઓસ્ટ્રેલિયા પરિપત્ર ઇકોનોમી હેકાથોન...................................23
- ત્રીજો ભારત-અમેરીકા 2+2 સંવાદ..............23
- કસ્ટમ ડેટાનું ઇલેક્ટ્રોનિક વિનિમય...........24
- ભારત-મધ્ય એશિયા સંવાદ.....................25
- ભારત-UAE સંરક્ષણ સહયોગ................25
- ભારત-જાપાન સહકારને મંજૂરી..................26
- રેગ્યુલેટરી સેંડબોક્સ...............................26


## 4. વિજ્ઞાન અને ટેકનોલોજી....28


- ડો.રામ મનોહર લોહિયા.........................28
- C-DAC દ્વારા MoU પર હસ્તાક્ષર.............28
- ફેમ્ટો ઉપગ્રહ.......................................29
- થેલેસેમીયા બાળ સેવા યોજનાનો બીજો તબક્કો.............................................29
- MACS 6478.............................................29
- INS-સિંધુવીર..........................................30
- 15 ઓકટોબર 'આંતરરાષ્ટ્રીય ગ્રામીણ મહિલા દિવસ'............................................30
- ઓસિરિસ-રેક્સ.......................................30
- ફ્રન્ટિયર ટેકનોલોજી કલાઉડ ઇનોવેશન સેન્ટર... .................................................31
- બાયોરેમેડીએશન મિકેનિઝમ ટેકનોલોજી......31
- ભારત દ્વારા સફળતા પૂર્વક SANT મિસાઇલનું પરીક્ષણ.................................32
- કોવિરેપ.................................................32
- INS કાવરત્તી..........................................32
- 'નાગ મિસાઇલ'નું અંતિમ પરીક્ષણ...............33
- ગ્લોબલ વેલ્થ રિપોર્ટ, 2020........................33
- 'ઇ-ધરતી જીઓ પોર્ટલ'..........................34
- ભારતીય જીનોમ ડેટાસેટ..........................34
- NISAR સેટેલાઇટ....................................34
- અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ-01 (Satellite EOS-01)..................................35


## 5. યોજના/પોર્ટલ/રિપોર્ટ.........36


- દક્ષિણ એશિયા આર્થિક ફોકસ રીપોર્ટ......36
- ઇન્ડિયા એનર્જી મોડેલિંગ ફોરમ(IEMF)........36
- 'હ્યુમન કોસ્ટ ઓફ ડિઝાસ્ટર', 2000-2019 રીપોર્ટ................................................37
- STARS (Strengthening Teaching-Learning and Results of States) પ્રોજેક્ટ..37
- કલા સંસ્કૃતિ વિકાસ યોજના.......................38
- ગ્લોબલ હંગર ઈન્ડેક્સ, 2020......................39
- 'કપિલા' કલામ કાર્યક્રમ..........................40
- આયુષ્માન સહકાર યોજના.......................40
- મિશન શક્તિ.........................................41
- ખાદ્ય ઉપભોગ પર WWFનો રીપોર્ટ...........41
- આધુનિક ગુલામી પર સંયુક્ત રાષ્ટ્રનો અહેવાલ...............................................42
- ગ્લોબલ ટ્યુબરક્યુલોસિસ રિપોર્ટ, 2020......42
- ભારતમાં હિંગ કૃષિ પરિયોજના...............43
- CUReD પોર્ટલ.....................................43
- 'એનિમિયા મુક્ત ભારત ઈન્ડેક્સ'માં હરિયાણા પ્રથમ.................................................43
- સ્ટેટ ઓફ ગ્લોબલ એર રીપોર્ટ, 2020..........44
- સ્માર્ટ બ્લેક બોર્ડ યોજના.........................44
- ફ્યુચર ઓફ જોબ રિપોર્ટ, 2020................44
- કર્મચારી રાજ્ય વીમા યોજના....................45
- કિસાન સૂર્યોદય યોજના..........................45
- 'સાઇ'(SAI) મોબાઇલ એપ્લિકેશન.......45
- ASER સર્વે, 2020...............................46
- ભારતમાં વીજ વપરાશ અને બેંચમાર્કિંગ વિતરણ ઉપયોગિતા અહેવાલ........46
- ઇન્સ્ટિટ્યુશન ઓફ એમિનેંસ....................47
- સર્બ-પાવર(SERB POWER) યોજના........47
- મેરી સહેલી પહેલ..................................48
- પબ્લિક અફેર્સ ઈન્ડેક્સ, 2020...................48


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## 6. પર્યાવરણ અને ભૌગોલિક ઘટનાઓ............................50

- હરિકેન ડેલ્ટા......................................50
- સ્ટેથેન્ટેક્સ કોવિડા..................................50
- નેચિકુ ટનલ........................................50
- હાઇડ્રોજન બળતણ પર ચાલતી કારનુ સફળ ટ્રાયલ...........................................51
- માઉન્ટ કિલીમંજારો.................................51
- અપોજીશન..........................................51
- પ્રદુષણ વિરોધી અભિયાન.........................52
- એકવાપોનિક્સ સુવિધા...............................52
- નંદનકાનન પ્રાણી સંગ્રહાલય......................53
- ઝોજીલા ટનલ........................................53
- ન્યુ શેપર્ડ રોકેટ સિસ્ટમ..........................53
- આંતરાષ્ટ્રીય સૌર ગઠબંધનની ત્રીજી બેઠક........54
- સારસના પ્રવાસ માર્ગનું ટ્રેકિંગ..................55
- એર કંડિશનરની આયાત પર પ્રતિબંધ........55
- પર્યાવરણ મંત્રાલય માટે નાણા મંત્રાલયની ભલામણ...........................................55
- NGT: કાલેશ્વરમ સિંચાઇ યોજનાને પર્યાવરણીય મંજૂરી એ કાયદાનું ઉલ્લંઘન......................56
- વીંછીની બે નવી પ્રજાતિ...........................56
- 'આસન કન્ઝર્વેશન રિઝર્વ'.......................56
- હિમાલયન વિવર્તનિક ક્ષેત્ર.......................57
- એનિગ્માચન ગોલમ..............................57
- ટાયફૂન મોલાવે...................................57
- આરોગ્ય વન........................................58
- વાયુ ગુણવત્તા પ્રબંધન આયોગ..................58
- 'બ્લુ મૂન' ઇવેન્ટ...................................59

## 7. ઈતિહાસ અને સંસ્કૃતિ.......60

- જયપ્રકાશ નારાયણ અને નાનાજી દેશમુખ.....60
- બોમ્મઇ ગોલુની નવરાત્રી પરંપરા................60
- ડો.એ.પી.જે. અબ્દુલ કલામ જયંતી.............61
- બાબા બંદાસિંહ બહાદુર...........................61
- આઝાદ હિંદ સરકાર...............................61
- સિંધુ ખીણની સંસ્કૃતિમાં ડેરી ઉત્પાદન.........62
- રાષ્ટ્રીય એકતા દિવસ.............................62

## 8. અન્ય સંક્ષિપ્ત વર્તમાન પ્રવાહો.................................63

- રાષ્ટ્રીય ટપાલ સપ્તાહ...............................63
- ફ્રેન્ચ ઓપન, 2020.................................63
- અર્થશાસ્ત્રનો નોબલ પુરસ્કાર..................63
- HB4 દુષ્કાળ પ્રતિરોધક GM ઘઉં..............63
- ઇમોમાલીરહેમાન..................................64
- 'ઓર્ડનન્સ ફેક્ટરી બોર્ડ'માં (FB) સમાવેશન..64
- રાજીવ ગૌબા પેનલ...............................65
- કામધેનુ દીપાવલી અભિયાન.....................65
- ભાનુ આથૈયા......................................65
- વિશ્વ અન્ન દિવસ(World Food Day)........66
- 'વિશ્વ સ્થળાંતર પક્ષી દિવસ' વિશે............66
- મદન બી. લોકુર સમિતિ..........................66
- ફૂડ એન્ડ એગ્રી વીક, 2020......................66
- 17 ઓક્ટોબર: 'આંતરરાષ્ટ્રીય ગરીબી નિવારણ દિવસ'............................................67
- જેસિંડા અર્ડર્ન.....................................67
- ભારતીય પર્યટનના આંકડા.....................67
- રાષ્ટ્રીય કૃમિ નિવારણ દિવસ...............68
- ભારત આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન મહોત્સવ, 2020 ..............................................68
- પોલીસ સ્મૃતિ દિવસ..............................68
- વિશ્વ આંકડા દિવસ...............................69
- ઉડાન દિવસ.......................................69
- ખાદી ફેબ્રિક ફૂટવેર.............................69
- ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય કલા કેન્દ્ર અને રાષ્ટ્રીય સંગ્રહાલય...............................69
- ભારતીય નૌકાદળની પ્રથમ મહિલા પાઈલોટ બેચ.......................................70
- 'લાઇફ ઇન મિનિએચર' પ્રોજેક્ટ..............70
- સંયુક્ત રાષ્ટ્ર દિવસ..............................71
- આંતરાષ્ટ્રીય સ્નો લેપર્ડ દિવસ...................71
- સર સૈયદ દિવસ...................................72

- વિશ્વ પોલિયો દિવસ..............................72
- ઈન્ફ્રેંટી દિવસ.......................................72
- તકેદારી જાગૃતિ સપ્તાહ...........................73
- કેશુભાઈ પટેલનું નિધન.........................73
- 31 ઓક્ટોબર- વર્લ્ડ સિટીઝ ડે................73


INSTITUTE FOR COMPETITIVE EXAMS


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

# 1. બંધારણ અને રાજ્યવ્યવસ્થા

## માહિતી અધિકાર અધિનિયમના 15 વર્ષ

- વર્ષ 2005માં લાગુ કરાયેલ રાઈટ ટુ ઈન્ફર્મેશન(RTI) એક્ટને 15 વર્ષ પૂરા થયા છે. આ સંદર્ભે તાજેતરમાં બહાર પાડવામાં આવેલા એક અહેવાલમાં જણાવાયું છે કે લગભગ 2.2 લાખ કેસ કેન્દ્રીય માહિતી આયોગ અને રાજ્ય માહિતી આયોગોમાં બાકી છે.

### માહિતીના અધિકારની વર્તમાન સ્થિતિ વિશે

- માહિતી અધિકાર અધિનિયમની 15મી વર્ષગાંઠ પર, 'જાગૃત નાગરિક સંગઠન' અને 'સેન્ટર ફોર ઈક્વિટી સ્ટડીઝ' દ્વારા બહાર પાડવામાં આવેલા અહેવાલમાં જાણવા મળ્યું છે કે મહારાષ્ટ્રમાં માહિતી અધિકાર અધિનિયમના અમલની સ્થિતિ એકદમ ચિંતાજનક છે. મહારાષ્ટ્રમાં લગભગ 59,000 કેસ બાકી છે, જે અન્ય રાજ્યોની તુલનામાં સૌથી વધુ છે.
- મહારાષ્ટ્ર બાદ ઉત્તરપ્રદેશનું સ્થાન છે, જ્યાં કુલ 47,923 કેસ બાકી છે. આ સિવાય 'કેન્દ્રીય માહિતી પંચ'માં કુલ 35,653 કેસ પેન્ડિંગ છે.
- રિપોર્ટમાં જણાવાયું છે કે જો કેસના નિકાલનો આ જ દર રહેશે તો ઓડિશાને બાકી રિયાદોના સમાધાન માટે 7 વર્ષથી વધુ નો સમય લાગી શકે છે.

### કેસ પેન્ડીંગના કારણ

- રિપોર્ટ અનુસાર, આટલી મોટી સંખ્યામાં પેન્ડિંગ કેસનું મુખ્ય કારણ દેશમાં મોટાભાગના માહિતી કમિશન તેમની સંપૂર્ણ ક્ષમતા પ્રમાણે કાર્યરત નથી. કારણકે ત્યાં માહિતી કમિશનરોની નિમણૂક જ કરવામાં આવતી નથી.
- અહેવાલમાં જણાવાયું છે કે ઓડિશા માત્ર 4 માહિતી કમિશનરો સાથે કાર્યરત છે, જ્યારે રાજસ્થાનમાં ફક્ત 3 માહિતી કમિશનરો છે. તો ઝારખંડ અને ત્રિપુરામાં એક પણ માહિતી કમિશનર કાર્ય કરી રહ્યા નથી.
- 'કેન્દ્રીય માહિતી આયોગ(CIC) છેલ્લા કેટલાક સમયથી 'મુખ્ય માહિતી કમિશનર વિના કાર્યરત છે. CIC માં હાલમાં ફક્ત 5 સભ્યો કામ કરી રહ્યા છે. જ્યારે નિયમ પ્રમાણે દરેક કમિશનમાં એક મુખ્ય માહિતી કમિશનર અને વધુમાં વધુ 10 કમિશનરો હોવા ફરજિયાત છે.
- વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે 'માહિતી અધિકાર અધિનિયમ' હેઠળ કાયદાનું ઉલ્લંઘન કરનારા અધિકારીઓને ભાગ્યે જ સજા આપવામાં આવે છે.

### Back to Basics : માહિતી અધિકાર કાયદા (RTI- Right to Information) વિશે

- માહિતીનો અધિકાર એટલે કે RTIનો અર્થ કોઈપણ ભારતીય નાગરિક રાજ્ય અથવા કેન્દ્ર સરકારની કચેરીઓ અને વિભાગોમાંથી કોઈપણ માહિતી (જેને જાહેર માહિતી માનવામાં આવે છે) મેળવવા માટે વિનંતી કરી શકે છે.
- આ ખ્યાલને ધ્યાનમાં રાખીને, ભારતીય સંસદ દ્વારા ભારતીય લોકશાહીને મજબૂત બનાવવા અને શાસનમાં પારદર્શિતા લાવવાના હેતુથી 'માહિતી અધિકાર કાયદો, 2005' લાગુ કરવામાં આવ્યો હતો.
- નિષ્ણાંતો આ કાયદાને ભ્રષ્ટાચાર મુક્ત ભારત બનાવવા તરફ મહત્વના પગલા તરીકે જુએ છે.
- આ કાયદામાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે કોઈપણ ભારતીય નાગરિક કોઈપણ જાહેર અથવા સરકારી સત્તા પાસેથી કોઈપણ પ્રકારની માહિતી મેળવવા માટે, તેમજ અરજીની તારીખથી 30 દિવસ માટે આ કાયદા હેઠળ માંગેલી માહિતી પ્રાપ્ત કરવા માટે સ્વતંત્ર છે. સમયગાળાની અંદર પૂરી પાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે.
- જો કે આ કાયદા હેઠળ માંગેલી માહિતી સંરક્ષણ, રાષ્ટ્રીય સુરક્ષા અને વ્યક્તિગત માહિતીથી સંબંધિત હોવી જોઈએ નહીં.
- આ કાયદા દ્વારા રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાન, સંસદ અને રાજ્ય વિધાનસભા તેમજ સુપ્રીમ કોર્ટ, હાઈકોર્ટ, નિયંત્રક અને ઓડિટર જનરલ અને ચૂંટણી પંચ જેવી બંધારણીય સંસ્થાઓ અને તેમના સંબંધિત પદોને પણ માહિતી અધિકારના કાર્યક્ષેત્ર હેઠળ લાવવામાં આવ્યા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ કાયદા હેઠળ, કેન્દ્રીય સ્તરે મુખ્ય માહિતી કમિશનર અને મહત્તમ 10 માહિતી કમિશનરોની સદસ્યતા સાથે 'કેન્દ્રીય માહિતી પંચની રચના કરવાની જોગવાઈ કરવામાં આવી છે. તેના આધારે રાજ્યમાં પણ 'રાજ્ય માહિતી આયોગની રચના કરવામાં આવશે.

## ગુજરાત રાજ્ય 'અશાંત ક્ષેત્ર અધિનિયમ'

- તાજેતરમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા ગુજરાત વિધાનસભા દ્વારા પસાર કરાયેલા 'અશાંત ક્ષેત્ર અધિનિયમ'માં સુધારાને લગતા બિલને મંજૂરી આપવામાં આવી છે.
- હાલમાં આ અધિનિયમ ગુજરાતમાં અમદાવાદ, વડોદરા, સુરત, હિંમતનગર, ગોધરા, કપડવંજ અને ભરૂચમાં લાગુ છે.

### અશાંતધારા ક્ષેત્ર અધિનિયમમાં સુધારેલ મુખ્ય મુદ્દા વિશે

- સુધારેલા કાયદા હેઠળ, કોઈ ક્ષેત્રમાં 'ધ્રુવીકરણ' અથવા કોઈ ખાસ સમુદાયના વ્યક્તિઓના 'અયોગ્ય કલસ્ટરીંગ'ની સંભાવનાને શોધવા માટે જિલ્લા કલેકટરની સત્તા વિસ્તૃત કરવામાં આવી છે. આ સાથે રાજ્ય સરકારને કલેકટરના નિર્ણયોની સમીક્ષા કરવાની સત્તા આપવામાં આવી છે.
- કાયદામાં આવા કેસોની તપાસ માટે 'વિશેષ તપાસ ટીમ(SIT-Special Investing Team) અથવા 'સમિતિની રચનાની જોગવાઈ છે. મહાનગરપાલિકા દ્વારા આવરી લેવામાં આવતા વિસ્તારોના કેસોમાં સંબંધિત SIT માં કલેકટર, મ્યુનિસિપલ કમિશનર અને પોલીસ કમિશનરનો સમાવેશ થશે. મહાનગરપાલિકા સિવાયના અન્ય વિસ્તારો માટેની SITમાં કલેકટર, પોલીસ અધિક્ષક અને પ્રાદેશિક મ્યુનિસિપલ કમિશનર સભ્યો તરીકે શામેલ હશે.
- સુધારેલા અધિનિયમમાં રાજ્ય સરકારને 'સલાહકાર સમિતિની રચના કરવાની સત્તા આપવામાં આવી છે. આ સમિતિ સરકારને 'અશાંત ક્ષેત્ર અધિનિય સાથે જોડાયેલ વિવિધ પાસાં જેમકે અશાંત ક્ષેત્રની સૂચિમાં નવા ક્ષેત્રનો સમાવેશ કરવો, વગેરે અંગે સલાહ આપવાનું કામ કરશે.
- કલેકટરની પૂર્વ મંજૂરી વિના અશાંત વિસ્તારોમાં સંપત્તિના સ્થાનાંતરણની નોંધણી તપાસવા માટે સુધારેલા કાયદામાં 'સ્થાનાંતરણ' શબ્દનો વ્યાપ વધારવાની જોગવાઈ કરવામાં આવી છે. આ હેઠળ અશાંત ક્ષેત્રમાં વેચાણ, ભેટ, વિનિમય અને લીઝ દ્વારા સંપત્તિના સ્થાનાંતરણનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- આ કાયદાની સુધારણા દ્વારા 'નોંધણી અધિનિયમમાં સુધારો કરવામાં આવ્યો છે જે અંતર્ગત કલેકટરની પૂર્વ મંજૂરી લીધા વિના અશાંત વિસ્તારોમાં કોઈ પણ સંપત્તિની નોંધણી કરાવી શકાતી નથી.
- સુધારેલા અધિનિયમ હેઠળ, સંપત્તિના માલિકને તેના હેતુ માટે જ મિલકતનો પુનર્વિકાસ કરવાની મંજૂરી છે, પરંતુ જો માલિક નવી વ્યક્તિને(દા.ત.ભાડૂઆત) પુનર્વિકાસિત સંપત્તિ પર લાવવા માંગે છે, તો તેને તે માટે કલેકટરની પરવાનગી લેવી પડશે.

### દંડની જોગવાઈ

- અગાઉ આ કાયદાની જોગવાઈઓના ઉલ્લંઘન કરવા બદલ 6 મહિના કેદ અને 10,000 રૂપિયા સુધીના દંડની જોગવાઈ હતી.
- સુધારેલા કાયદા મુજબ, જોગવાઈઓનું ઉલ્લંઘન કરવા બદલ દોષિત વ્યક્તિને 3 થી 5 વર્ષની કેદની સજા થઈ શકે છે. આ સુધારા પછી, અપરાધીને દંડ રૂપે, મિલકતનો જંત્રી દરના (ગુજરાત રાજ્યના જુદા જુદા ભાગોમાં મિલકતની કિંમતોનો અંદાજિત દર) 10% અથવા એક લાખ રૂપિયા (જે પણ વધારે હોય) દંડ થઈ શકે છે.

### Back to Basics : અશાંત ક્ષેત્ર અધિનિયમ વિશે

- વર્ષ 1986માં સૌપ્રથમ વાર 'અશાંત ક્ષેત્ર અધિનિયમ' લાગુ કરવામાં આવ્યો હતો.
- 'અશાંત ક્ષેત્ર અધિનિયમ' હેઠળ, જિલ્લા કલેકટરને શહેર અથવા શહેરના કોઈ ભાગને 'અશાંત વિસ્તાર' તરીકે સૂચિત કરવાનો અધિકાર છે.
- આ સુચના સામાન્ય રીતે જિલ્લા કલેકટર દ્વારા આ વિસ્તારમાં થયેલ કોમી તોફાનોના ઈતિહાસને આધારે જાહેર કરવામાં આવે છે.
- આ સૂચના બહાર પાડયા પછી સંબંધિત 'અશાંત ક્ષેત્ર'માં કોઈ

પણ સંપત્તિનુ હસ્તાંતરણ ત્યારે જ થઈ શકે જયારે ખરીદદાર અને વેચાણકર્તા દ્વારા કરવામાં આવેલ અરજી પર જિલ્લા કલેકટરની મંજુરી મળી હોય.

- આ અરજીમાં, વેચનારે એક સોગંદનામું જોડવું પડશે જેમાં લખીને આપવુ પડશે કે તેઓ સ્વેચ્છાએ પોતાની મિલકત વેચી રહ્યા છે અને આ માટે તેમને યોગ્ય ભાવ મળ્યો છે.
- સૂચિત ક્ષેત્રમાં આ કાયદાની જોગવાઈઓનું ઉલ્લંઘન કરવાના કિસ્સામાં, દોષી વ્યક્તિને કેદ અને દંડની સજા થઈ શકે છે.
- રાજય સરકારના જણાવ્યા મુજબ, આ અધિનિયમનો હેતુ રાજયના વિવિધ ક્ષેત્રોમાં સાંપ્રદાયીક ધ્રુવીકરણના કેસો પર નજર રાખવાનો છે.

## ચૂંટણી પ્રચાર ખર્ચની મર્યાદામાં વધારો

### ચૂંટણી પ્રચાર ખર્ચની મર્યાદામાં વધારા વિશે

- ચૂંટણી પંચની ભલામણને આધારે લોકસભા અને વિધાનસભાની ચૂંટણી લડનારા ઉમેદવારોની ચૂંટણી ખર્ચ મર્યાદામાં 10% વધારો કરવામાં આવ્યો છે.
- ખર્ચ મર્યાદામાં વધારો બિહાર વિધાનસભાની ચૂંટણી સાથે એક લોકસભા અને 59 વિધાનસભા બેઠકોની પેટા–ચૂંટણીઓ પર લડનારા ઉમેદવારોને મદદ મળશે.
- ગયા મહિને, ચૂંટણી પંચે રોગચાળા દરમિયાન રોગચાળા દ્વારા લાદવામાં આવેલા પ્રતિબંધો વચ્ચે ચૂંટણી માટે ઉમેદવારોને આવતી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને તમામ ચૂંટણી માટેની ખર્ચ મર્યાદામાં 10% નો વધારો કરવાની ભલામણ કરી હતી.
- આ સંદર્ભે કાયદા મંત્રાલયે જાહેર કરેલા જાહેરનામા મુજબ, લોકસભાની ચૂંટણીમાં ઉમેદવાર માટે પ્રચાર માટે મહત્તમ ખર્ચ અગાઉના 70 લાખ રૂપિયાની તુલનામાં 77 લાખ રૂપિયા થઈ શકે છે. તે જ સમયે, વિધાનસભાની ચૂંટણી દરમિયાન, ઉમેદવારો અગાઉના 28 લાખ રૂપિયાની તુલનામાં 30.8 લાખ રૂપિયા ખર્ચ કરી શકે છે.

## ચૂંટણીમાં ખર્ચ મર્યાદા સંબંધિત મુદ્દાઓની તપાસ માટે સમિતિ

### સમિતિ વિશે

- 'ભારતીય ચૂંટણી પંચ'એ મતદારોની સંખ્યામાં થયેલા વધારા અને ફુગાવાના દરમાં વધારા અને અન્ય પાસાઓને ધ્યાનમાં રાખીને ઉમેદવારો દ્વારા કરવામાં આવતા ચૂંટણી ખર્ચની મર્યાદા સંબંધિત મુદ્દાઓની તપાસ માટે એક સમિતિની રચના કરી છે.
- આ સમિતિની રચના પૂર્વ મહેસૂલ સેવા અધિકારી 'શ્રી હરીશ કુમાર' અને મહામંત્રી અને 'શ્રી ઉમેશ સિન્હા'ની સદસ્યતા હેઠળ કરવામાં આવી છે.
- સમિતિ તેની રચનાના 120 દિવસની અંદર રિપોર્ટ રજૂ કરશે.
- ઉલ્લેખનીય છે કે કોવિડ–19ને કારણે કાયદા અને ન્યાય મંત્રાલયે 19 ઓકટોબર, 2020ના રોજ ચૂંટણી અધિનિયમ,1961ના નિયમ નંબર 90માં સુધારાને સૂચિત કર્યું છે અને વર્તમાન ખર્ચ મર્યાદામાં 10% વધારો કર્યો છે.
- ખર્ચની મર્યાદામાં આ વધારો હાલની ચૂંટણીઓમાં પણ તાત્કાલિક અસરથી લાગુ થશે.

### આ સમિતિ નીચેના સંદર્ભોના આધારે પરીક્ષણ કરશે

- મતદારોની સંખ્યામાં પરિવર્તનનું મૂલ્યાંકન અને દેશના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ખર્ચ પર તેની અસર.
- ખર્ચ ફુગાવાના સૂચકાંકમાં ફેરફાર અને તાજેતરની ચૂંટણીઓમાં ઉમેદવારો કેવી રીતે ખર્ચ કરે છે તેનો અંદાજ.
- ખર્ચને અસર કરતા અન્ય પાસાઓનું પરીક્ષણ.
- સમિતિ રાજકીય પક્ષો અને અન્ય સંબંધિત પક્ષોથી તેમના મંતવ્યો પણ જાણશે.

## જમ્મુ-કાશ્મીર પંચાયતી રાજ અધિનિયમની સ્વીકૃતિને કેબિનેટની મંજૂરી

### જમ્મુ-કાશ્મીર પંચાયતી રાજ અધિનિયમની સ્વીકૃતિને કેબિનેટની મંજૂરી વિશે

- કેન્દ્રીય મંત્રીમંડળે 21 ઓકટોબર, 2020ના રોજ જમ્મુ –કાશ્મીર પંચાયતી રાજ અધિનિયમ સ્વીકારવાની મંજૂરી આપી છે.
- પંચાયતી રાજ અધિનિયમ અપનાવવાથી જમ્મુ–કાશ્મીરમાં ગ્રાસ રુટ લેવલની લોકશાહીના ત્રણ સ્તરની સ્થાપના થશે.
- આઝાદી પછીના 73 વર્ષ પછી આ પહેલીવાર છે જ્યારે જમ્મુ અને કાશ્મીર ક્ષેત્રમાં ગ્રાસ રુટ લેવલની લોકશાહી લાગુ

કરવામાં આવશે. ત્રિ–સ્તરની સિસ્ટમ અગાઉ કેન્દ્રશાસિત પ્રદેશમાં વ્યવહારમાં નહોતી.

➤ તાજેતરમાં, આ ક્ષેત્રમાં કલમ 370 રદ કરવામાં આવી હતી. આ સાથે જમ્મુ–કાશ્મીરના લોકોને હવે તેમના સ્થાનિક પ્રતિનિધિઓની પસંદગી કરવાનો અધિકાર છે કારણ કે તે દેશના બાકીના ભાગોમાં કરવામાં આવે છે.

## નેશનલ કોંફરન્સ ઓન વિજિલન્સ અને એન્ટી કરપ્શન

➤ વડાપ્રધાન નરેન્દ્ર મોદી 27 ઓક્ટોબર, 2020 ના રોજ 'નેશનલ કોંફરન્સ ઓન વિજિલન્સ અને એન્ટી કરપ્શનનું ઉદઘાટન કરશે. આ સંમેલનની થીમ 'જાગ્રત ભારત, સમૃદ્ધ ભારત(Vigilant India, Prosperous India) છે.

### 'નેશનલ કોંફરન્સ ઓન વિજિલન્સ અને એન્ટી કરપ્શન' વિશે

➤ આ 'નેશનલ કોન્ફરંસનુ આયોજન' 'સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન'(CBI) દ્વારા 'તકેદારી જાગૃતિ સપ્તાહ'ની સાથે મળીને કરવામાં આવ્યુ છે. ભારતમાં દર વર્ષે 27 ઓક્ટોબરથી 2 નવેમ્બર સુધી પરિષદની ઉજવણી કરવામાં આવે છે.

➤ આ પરિષદ નીતિ નિર્માતાઓ અને વ્યવસાયિકોને એક સમાન મંચ પર લાવશે. ત્રણ દિવસીય સંમેલનમાં નીચેના મુદ્દાઓની ચર્ચા કરવામાં આવશે:

1. વિદેશી અધિકારક્ષેત્રોમાં તપાસમાં પડકારો.
2. ક્ષમતા નિર્માણ અને તાલીમ.
3. મલ્ટિ એજન્સી કોઓર્ડિનેશન.
4. નિવારક તકેદારી.
5. નાણાકીય સમાવેશ માટે પ્રણાલીગત સુધારણા
6. બેંક છેતરપિંડી અટકાવવી
7. આર્થિક ગુનાઓમાં ઉભરતા વલણો.
8. અસરકારક ઓડિટિંગ.
9. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમના છેલ્લા સુધારાઓ.
10. સાયબર ક્રાઈમ.
11. આંતરરાષ્ટ્રીય સંગઠિત ગુના.

➤ પરિષદનો મુખ્ય હેતુ નાગરિકોમાં જાગૃતિ લાવવાનો છે. તે નાગરિકને તેમની ભાગીદારી દ્વારા જાહેર જીવનમાં અખંડિતતાને પ્રોત્સાહન આપવાની ભારતની પ્રતિબદ્ધતાથી વાકેફ કરાવા માંગે છે.

## આદિજાતિ કલ્યાણ માટે બે સેંટર ઓફ એક્સલન્સ

➤ કેન્દ્રીય આદિજાતિ બાબતોના મંત્રી શ્રી અર્જુન મુંડા આદિજાતિ કલ્યાણ માટે બે કેન્દ્રોનો પ્રારંભ કરશે. તેને આદિજાતિ બાબતોના મંત્રાલય અને 'આર્ટ ઓફ લિવિંગના સહયોગથી શરૂ કરવામાં આવશે.

### પ્રથમ પહેલ: 'PRI' ને મજબૂત બનાવવા વિશે

➤ આ પહેલ પાંચ જિલ્લાઓમાં શરૂ કરવામાં આવશે. તે ઝારખંડની 30 ગ્રામ પંચાયતો અને 150 ગામોને આવરી લેશે. આ પહેલથી PRI ના ચૂંટાયેલા પ્રતિનિધિઓમાં જાગૃતિ લાવવામાં મદદ મળશે.

➤ આ પહેલ વિવિધ આદિજાતિ કાયદાઓ અને નિયમો અને આદિવાસીઓ માટેની ઉપલબ્ધ વિવિધ કલ્યાણ યોજનાઓ વિશે જાગૃતિ ફેલાવશે.

➤ તે આદિવાસીઓને આ યોજનાઓની પહોંચ સુનિશ્ચિત કરવામાં મદદ કરશે.

➤ તે આદિવાસી યુવાનોમાં યુવા સ્વયંસેવકો બનાવશે.

➤ સ્વયંસેવકોને વ્યક્તિત્વ વિકાસની તાલીમ આપવામાં આવશે.

➤ આ પહેલથી યુવાનોમાં સામાજિક જવાબદારીની ભાવના પણ ઉત્પન્ન થશે.

### બીજી પહેલ: 'આદિજાતિ ખેડૂતોને તાલીમ' વિશે

➤ આ પહેલ મહારાષ્ટ્રના ઔરંગાબાદ જિલ્લામાં 10,000 આદિવાસી ખેડુતોને તાલીમ આપવા માગે છે.

➤ ખેડુતોને ટકાઉ કુદરતી ખેતી અંગે તાલીમ આપવામાં આવશે. આ તાલીમ ગો–આધરિત ખેતીની તકનીકીઓ પર આધારિત હશે. તાલીમ ખેડુતોને ઓર્ગેનિક સર્ટિફિકેટ મેળવવામાં મદદ કરશે. આગળ, તેમને આત્મનિર્ભર આદિજાતિ ખેડૂત બનાવવા માટે તેમને માર્કેટિંગની તકો ઉપલબ્ધ કરાશે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

icerajkot

# CURRENT AFFAIRS

## Click to Play










































**Continue...**

YouTube

SUBSCRIBE

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

# 2. અર્થતંત્ર

## સોવરેન ગોલ્ડ બોન્ડ સ્કીમ, 2020-21

- ભારત સરકારે 'રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા' સાથે પરામર્શ કરીને 'સોવરેન ગોલ્ડ બોન્ડ' જાહેર કરવાનો નિર્ણય લીધો છે.
- સોવરેન ગોલ્ડ બોન્ડ ઓક્ટોબર, 2020થી માર્ચ, 2021 સુધીમાં છ સિરીઝમાં જાહેર કરવામાં આવશે.

### સોવરેન ગોલ્ડ બોન્ડના વેચાણ વિશે

- સૂચિત વેપારી બેંકો (સ્મોલ ફાઈનાન્સ બેંકો અને પેમેન્ટ બેંકો સિવાય), 'સ્ટોક હોલ્ડિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ'(SHCIL), નિયુક્ત પોસ્ટ ઓફિસો અને માન્યતા પ્રાપ્ત સ્ટોક એક્સચેંજ જેવા કે 'નેશનલ સ્ટોક એક્સચેંજ' ઓફ ઈન્ડિયા લિમિટેડ' અથવા 'બોમ્બે સ્ટોક એક્સચેન્જ' લિમિટેડદ્વારા બોન્ડનુ વેચાણ કરવામાં આવશે.

### Back to Basics : સોવરેન ગોલ્ડ બોન્ડ (SGB) સુવિધા વિશે

- આ બોન્ડ ભારત સરકાર વતી ભારતીય રિઝર્વ બેંક દ્વારા જાહેર કરવામાં આવશે.
- તેમનું વેચાણ વિવિધ વ્યક્તિઓ, હિન્દુ અવિભાજિત પરિવારો(HUFs), ટ્રસ્ટ, યુનિવર્સિટીઓ અને સખાવતી સંસ્થાઓ સુધી મર્યાદિત રહેશે.
- SGBને 1 ગ્રામના મૂળભૂત એકમ સાથે સોનાના ગ્રામ ગુણાકારમાં ચિહ્નિત કરવામાં આવશે.
- તેનો સમયગાળો 8 વર્ષનો રેહશે અને પાંચમા વર્ષ પછી તેમાં થી બહાર નિકળવાનો વિકલ્પ રેહશે.
- આ બોન્ડ અંતર્ગત લઘુતમ અનુમતિપાત્ર રોકાણ 1 ગ્રામ સોનું હશે.
- ભારત સરકાર દ્વારા સમય સમય પર જાહેર કરાયેલા જાહેરનામા મુજબ, નાણાકીય વર્ષની(એપ્રિલ–માર્ચ) મહત્તમ ખરીદી મર્યાદા એક વ્યક્તિ માટે 4 કિલો, HUF માટે 4 કિલો અને ટ્રસ્ટ અને સખાવતી સંસ્થાઓ માટે 20 કિલો રહેશે.
- સંયુક્ત માલિકીના કિસ્સામાં, પ્રથમ અરજદાર માટે રોકાણની મર્યાદા 4 કિલો હશે.
- જો અરજી ઓનલાઈન કરવામાં આવે અથવા ડિજિટલ સ્વરૂપમાં ચુકવણી કરવામાં આવે તો સોનાના બોન્ડના ઇશ્યૂ પ્રાઈઝમાં પ્રતિ ગ્રામ રૂ.50ની છૂટ આપવામાં આવશે.
- બોન્ડ માટે ચુકવણી રોકડ (મહત્તમ રૂ.20000) દ્વારા અથવા ડિમાન્ડ ડ્રાટ અથવા ચેક અથવા ઈલેક્ટ્રોનિક બેંકિંગ દ્વારા કરી શકાય છે.
- ભારત સરકાર દ્વારા 'સરકારી સિક્યોરિટીઝ એક્ટ, 2006 હેઠળ ગોલ્ડ બોન્ડ સ્ટોક રૂપે જાહેર કરવામાં આવશે. આ અંગે રોકાણકારોને પ્રમાણપત્ર આપવામાં આવશે.
- રોકાણકારોને વાર્ષિક 2.5%ના નિશ્ચિત દરે દર અર્ધ વર્ષે ભરપાઈ કરવામાં આવશે.
- ગોલ્ડ બોન્ડનું વ્યાજ 'આવકવેરા કાયદા, 1961 (કલમ 43)' ની જોગવાઈઓ મુજબ કરપાત્ર રહેશે.
- વ્યક્તિને ગોલ્ડ બોન્ડને છૂટા કરવા પર મૂડી લાભ કરમાંથી મુક્તિ આપવામાં આવી છે.

## GST કાઉન્સિલની, 43મી બેઠક

### GST કાઉન્સિલની, 43મી બેઠક વિશે

- કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે GST કાઉન્સિલની 43મી બેઠકમાં કહ્યું હતું કે COVID-19 રોગચાળાથી અર્થતંત્રને અસર થઈ છે.
- આ બેઠકમાં નાણાંમંત્રીએ સરકારી કર્મચારીઓ માટે ફેસ્ટીવલ એડવાન્સની જાહેરાત કરી છે.
- અર્થતંત્રમાં માંગ વધારવા માટે બે દરખાસ્તો સૂચવવામાં આવી છે. જેમાં, 'LTC કેશ વાઉચર યોજના' અને બીજુ 'સ્પેશિયલ ફેસ્ટિવલ એડવાન્સ સ્કીમ'નો સમાવેશ થાય છે.
- 'સ્પેશીયલ ફેસ્ટિવલ એડવાન્સ સ્કીમ' અંતર્ગત સરકારી કર્મચારીઓને ફેસ્ટિવલ એડવાન્સ તરીકે 10,000 રૂપિયા આપવામાં આવશે, તેમજ LTC માં ટિકિટ ભાડા સાથે કર્મચારીઓને રોકડ ચૂકવવામાં આવશે.
- 'LTC કેશ વાઉચર યોજના' હેઠળ સરકારી કર્મચારી મુસારી માટે વળતરની જગ્યાએ રોકડ રકમનો દાવો કરી શકે છે.
- કેન્દ્ર સરકારે 50 વર્ષ માટે રાજ્યોને વ્યાજ મુક્ત લોનની ઓર પણ કરી છે, જેથી રાજ્યો 12000 કરોડ રૂપિયા સુધીના મૂડી ખર્ચ કરી શકશે.

## ભારતમાલા પરિયોજના

- માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય ધોરીમાર્ગોના નેટવર્કની વિસ્તૃત સમીક્ષા કર્યા બાદ અને 'ભારતમાલા યોજનાના પ્રથમ તબક્કા યોજના હેઠળ અને લગભગ 34,800 કિ.મી. હાઈવેના(10,000 કિલોમીટર

INSTITUTE FOR COMPETITIVE EXAMS

રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિકાસ પ્રોજેકટનો અવશેષ ભાગ સાથે) વિકાસ માટે અંદાજીત 5,35,000 કરોડ રૂપિયાના ખર્ચ માટેના સમગ્ર રોકાણને મંજુરી આપવામાં આવી છે.

➤ 20 ઓગસ્ટ, 2020 સુધીમાં 12,413 કિ.મી. લંબાઈ ધરાવતી કુલ 322 પરિયોજનાઓની શરૂઆત 'ભારતમાલા પરિયોજના હેઠળ કરવામાં આવી છે. આ સિવાય આ પ્રોજેકટ અંતર્ગત અત્યાર સુધી 2921 કિ.મી. હાઈવેનુ નિર્માણ કરી દેવામાં આવ્યુ છે.

### Back to Basics : ભારતમાલા પરીયોજના વિશે

➤ વર્ષ 2017-18 થી 'માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલય' દ્વારા 'ભારતમાલા કાર્યક્રમ' ચલાવવામાં આવી રહ્યો છે.

➤ માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલયના મહત્વાકાંક્ષી 'ભારતમાલા પ્રોજેકટ'ના પ્રથમ તબક્કા હેઠળ 5,35,000 કરોડના ખર્ચે 34,800 કિ.મી. રાષ્ટ્રીય ધોરીમાર્ગનુ નિર્માણ કરવામાં આવશે.

➤ તેના અંતર્ગત આર્થિક કોરિડોર, ફીડર કોરિડોર અને ઈંટર કોરિડોર, રાષ્ટ્રીય કોરિડોર, દરિયાકાંઠાના રસ્તા, બંદર કનેકિટવિટી વગેરેના રસ્તાઓનુ નિર્માણ કરવામાં આવશે.

➤ આ કાર્યક્રમનો સમયગાળો વર્ષ 2017-18 થી વર્ષ 2021-22 સુધીનો છે.ફેઝ–1 માં કુલ 34,800 કિ.મી. રસ્તા બનાવવાના છે. જેમાં નીચેનાનો સમાવેશ થાય છે

1. 5000 કિલોમીટરનો નેશનલ કોરિડોર
2. 9,000 કિલોમીટર ઈકોનોમિક કોરિડોર.
3. 6,000 કિલોમિટર ફીડર કોરિડોર અને ઈન્ટર કોરિડોર. સરહદના 2 હજાર કિ.મી.
4. 2000 કિલોમીટર દરિયાકાંઠાના રસ્તાઓ અને બંદર કનેકિટવિટી રસ્તા.
5. 800 કિ.મી. ગ્રીન ઝોન એકસપ્રેસ વે.
6. 10,000 કિલોમીટર અધૂરા માર્ગનું બાંધકામ.

➤ આ પ્રોજેકટ હેઠળ 'ભારત રાષ્ટ્રીય ધોરીમાર્ગો', 'રાષ્ટ્રીય ધોરીમાર્ગો' અને ઔદ્યોગિક વિકાસ નિગમ' અને 'જાહેર બાંધકામ વિભાગ' કાર્યરત મુખ્ય એજન્સીઓ છે.

## ગ્રાહકોની માંગ અને મૂડી ખર્ચ વધારવા માટે સરકારની નવી યોજનાઓ

➤ તાજેતરમાં, કેન્દ્ર સરકાર દ્વારા કોવીડ–19 રોગચાળાને કારણે અર્થવ્યવસ્થાના ઘટાડાને પહોંચી વળવા અને ગ્રાહકોની માંગ અને મૂડી ખર્ચ વધારવા માટે કેટલીક મહત્વપૂર્ણ યોજનાઓની જાહેરાત કરવામાં આવી છે.

➤ કેન્દ્રીય નાણાંમંત્રીના જણાવ્યા અનુસાર, છેલ્લા કેટલાક મહિનામાં અર્થવ્યવસ્થા પુરવઠાના અવરોધોને ઘટાડવામાં સફળ રહી છે, પરંતુ ગ્રાહકોની માંગમાં હજી પણ મોટો ઘટાડો છે.

➤ કેન્દ્ર સરકારે આ યોજનાઓ દ્વારા માર્ચ, 2021ના અંત સુધીમાં 1 લાખ કરોડ રૂપિયાથી વધુના ઝડપી ખર્ચનો અંદાજ મૂકયો છે.

➤ કેન્દ્ર સરકારે જાહેર કરેલી યોજનાઓને 'ગ્રાહક ખર્ચ' અને 'મૂડી ખર્ચ' એમ બે ભાગમાં વહેંચવામાં આવી છે.

### 'લીવ ટ્રાવેલ છૂટ' (LTC: Leave Travel Cncessin):

➤ કેન્દ્ર સરકારના કર્મચારીઓને ચાર વર્ષના બ્લોક માટે LTC નો લાભ મળે છે. જે હેઠળ તેઓ બે વાર તેમના વતન અથવા એક વાર વતન અને એકવાર ભારતના અન્ય સ્થળે પ્રવાસ કરી શકે છે.

➤ આ સમયગાળા દરમિયાન, કર્મચારીઓને તેમના પગાર ધોરણ અનુસાર હવાઈ અથવા રેલ ભાડાનું વળતર આપવામાં આવે છે અને તેમને 10 દિવસની રજા(પગાર + મોંઘવારી ભથ્થું) પણ ચૂકવવામાં આવે છે.

➤ 'હોલીડે ટ્રાવેલ કન્સેશન કેશ વાઉચર યોજના હેઠળ, કેન્દ્ર સરકારના કર્મચારીઓને સરકાર દ્વારા મુસારી કર્યા વિના (વર્ષ 2018-21 ના બ્લોક માટે) LTC પર ટેકસ છૂટનો લાભ આપવામાં આવશે.

➤ જો કે, આ યોજનાનો લાભ લેવા માટે કર્મચારીઓએ LTC ભાડાથી ત્રણ ગણા એવી વસ્તુ ખરીદવા માટે ખર્ચ કરવો પડશે જેના પર 12% અથવા તેનાથી વધુ GST લાગુ થતો હોય.

➤ આ ખરીદી માટે ડિજિટલ માધ્યમ દ્વારા કર્મચારીઓ દ્વારા કરવામાં આવતી ચુકવણી જ માન્ય રહેશે, તેમજ આ યોજનાનો લાભ લેવા માટે કર્મચારીઓએ GSTમાં નોંધાયેલા વિક્રેતા પાસેથી માલ ખરીદવો પડશે.

### વિશેષ ઉત્સવ એડવાન્સ યોજના (Special Festival Advance Scheme) વિશે

➤ છઠા પગારપંચ સુધી ફેસ્ટિવલ એડવાન્સ યોજના અમલમાં હતી, જે અંતર્ગત નોન ગેઝેટેડ અધિકારી દીઠ આગોતરા ચુકવણી રૂપે વધુમાં વધુ 4,500 રૂપિયા ચૂકવવાની જોગવાઈ હતી, જેને સાતમા પગાર પંચ દ્વારા રદ કરવામાં આવી હતી.

➤ કેન્દ્ર સરકારે વર્તમાન આર્થિક સંજોગોને ધ્યાનમાં રાખીને (ફક્ત એક જ સમય માટે) આ યોજના રીથી શરૂ કરી છે.

➤ જો કે આ યોજના ફક્ત બિન–રાજપત્રિત અધિકારીઓ સુધી મર્યાદિત રહેશે નહીં, આ હેઠળ, તમામ કેન્દ્રીય કર્મચારીઓને (રેન્કના ભેદ વિના) 10,000 રૂપિયાની અગાઉથી ચુકવણી કરવામાં આવશે, જે 31 માર્ચ,2021 સુધી માન્ય રહેશે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- આ અંતર્ગત, બધા લાભાર્થીઓને કોઈપણ તહેવાર પર ખર્ચ કરવા માટે 'વ્યાજ મુક્ત એડવાન્સ' તરીકે 'રૂપે કાર્ડ' આપવામાં આવશે.
- લાભાર્થીઓને આ કાર્ડમાં પ્રાપ્ત રકમને પોતાની ઈચ્છા અનુસાર ક્યાંય પણ ખર્ચ કરવાની છૂટ (GST રજીસ્ટર વિક્રેતાની બાધ્યાતા વિના) આપવામાં આવશે, પરંતુ તેઓ અન્ય ડેબિટ કાર્ડની જેમ તેમાંથી રોકડ ઉપાડ કરી શકશે નહીં.
- લાભાર્થીઓને 10 હપ્તામાં આ એડવાન્સ ચુકવણી પરત કરવાની સુવિધા પણ આપવામાં આવશે.
- આ યોજના અંતર્ગત 4000 કરોડ રૂપિયા કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરવામાં આવશે.
- જો રાજ્ય સરકારોને પણ આવી જ એડવાન્સ આપવામાં આવે તો તેના અંતર્ગત વધારાના 8,000 કરોડ રૂપિયાનું વિતરણ કરી શકાય છે.

### ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને સંપત્તિ નિર્માણ પર મૂડી ખર્ચ વિશે

- કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યોને 50 વર્ષના સમયગાળા માટે 1200 કરોડ રૂપિયાની વ્યાજ મુક્ત લોન સુવિધા આપવામાં આવશે.
- આ યોજના ત્રણ ભાગમાં લાગુ કરવામાં આવશે.

**પ્રથમ ભાગ**

- પ્રથમ તબક્કા અંતર્ગત, પૂર્વોત્તર ભારતના આઠ રાજ્યોને 1,600 કરોડ ( દરેક માટે રૂ.200 કરોડ) અને ઉત્તરાખંડ અને હિમાચલપ્રદેશને 450-450 કરોડ રૂપિયા આપવામાં આવશે.

**બીજો ભાગ**

- આ યોજનાના બીજા ભાગ હેઠળ, બાકીના રાજ્યો માટે 7,500 કરોડ રૂપિયા જાહેર કરવામાં આવશે.
- આ રકમ 15માં નાણાં પંચ દ્વારા નિર્ધારિત નિયમો અનુસાર રાજ્યોમાં વહેંચવામાં આવશે.
- આ અંતર્ગત પ્રથમ નિયત રકમનો માત્ર 50% ભાગ રાજ્યોને પૂરો પાડવામાં આવશે અને બાકીનો 50% ભાગ પ્રથમ હપ્તાનો ઉપયોગ કર્યા પછી બહાર પાડવામાં આવશે.
- આ યોજના ફક્ત 31 માર્ચ,2021 સુધી માન્ય રહેશે, તેથી રાજ્યોએ તેમના ભાગની કુલ રકમ આ સમયગાળાની અંતર્ગત ખર્ચ કરવી પડશે.

**ત્રીજો ભાગ**

- આ યોજનાના ત્રીજા ભાગ હેઠળ, રાજ્ય સરકારો માટે રૂ. 2000 કરોડ રાખવામાં આવ્યા છે જે મે,2020માં કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરેલ 'આત્મ–નિર્ભર ભારતરાહત પેકેજ હેઠળ સૂચવવામાં આવેલા ચારમાંથી ત્રણ સુધારા લાગુ કરવામાં સફળ રહ્યા છે.
- કેન્દ્રીય નાણાંમંત્રીના જણાવ્યા અનુસાર, આ રકમનો ઉપયોગ નવી અથવા પહેલાથી ચાલી રહેલ યોજનાઓની સાથે વર્તમાનમાં કોઈ બાકી ચૂકવણી માટે કરી શકાશે.

## લદ્દાખ અને જમ્મુ-કશ્મીર માટે વિશેષ આર્થિક પેકેજ

### વિશેષ આર્થિક પેકેજ વિશે

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતાવાળી કેન્દ્રીય કેબિનેટે જમ્મુ–કાશ્મીર અને લદાખ માટે 520 કરોડ રૂપિયાના વિશેષ પેકેજને મંજૂરી આપી છે.
- 520 કરોડ રૂપિયાના આ વિશેષ આર્થિક પેકેજને 'દીનદયાળ અંત્યોદય યોજના– 'રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન(DAY-NRLM) હેઠળ મંજૂરી આપવામાં આવી છે.
- આ વિશેષ પેકેજને કુલ પાંચ વર્ષ (નાણાકીય વર્ષ 2023-24 સુધી) મંજૂરી આપવામાં આવી છે.
- કેન્દ્રીય મંત્રીમંડળે 'દીનદયાળ અંત્યોદય યોજના–'રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશનના (DAY-NRLM) પરિમાણોમાં ફેરફારને પણ મંજૂરી આપી દીધી છે. મિશન હેઠળના ઘણા તકનીકી પરિબળોને કારણે, પૂર્વ જમ્મુ–કાશ્મીર રાજ્યની ઘણી મહિલાઓને તેનો લાભ મળી રહ્યો ન હતો, તેથી યોજનાનો તમામ જરૂરીયાતમંદોને લાભ આપવા તેના પરિમાણોને બદલવાની જરૂર હતી.
- 'વિશેષ આર્થિક પેકેજ'ની સહાયથી કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ –કાશ્મીર અને લદાખની જરૂરિયાતને આધારે આ મિશન હેઠળ પૂરતા નાણાંની ખાતરી આપવામાં આવશે.
- આ 'વિશેષ આર્થિક પેકેજકેન્દ્ર સરકાર દ્વારા જમ્મુ–કાશ્મીર અને લદાખ કેન્દ્રશાસિત ક્ષેત્રમાં કેન્દ્રીય પ્રાયોજિત તમામ યોજનાઓને વૈશ્વિકરણ કરવાના ઉદ્દેશ સાથે પણ સુસંગત છે.
- હવે જમ્મુ–કાશ્મીર અને લદાખની લગભગ બે તૃતીયાંશ મહિલાઓ 'વિશેષ આર્થિક પેકેજ' હેઠળ આવરી લેવામાં આવશે અને આગામી પાંચ વર્ષ સુધીમાં આશરે 10.58 લાખ મહિલાઓને 520 કરોડ રૂપિયાના આ વિશેષ પેકેજનો લાભ મળશે.
- સરકારે દેશભરની આશરે 10 કરોડ મહિલાઓને લાભ આપવાનું લક્ષ્ય રાખ્યું છે, જેમાંથી 10 લાખ મહિલાઓ જમ્મુ –કાશ્મીર અને લદાખની હશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### Back to Basics : 'દીનદયાળ અંત્યોદય યોજના-રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન' (DAY-NRLM) વિશે

- DAY-NRLM એક કેન્દ્રીય પ્રાયોજિત યોજના છે, જેની શરૂઆત જૂન,2011 માં કરવામાં આવી હતી.
- આ યોજનાનો હેતુ દેશભરમાં કૌશલ્ય વિકાસ અને અન્ય પગલાં દ્વારા આજીવિકાની તકોમાં વધારો કરીને ગ્રામીણ ગરીબીને નાબૂદ કરવાનો છે.
- આ યોજના હેઠળ, ભારતના 10 કરોડ ગરીબ પરિવારોમાં થી ઓછામાં ઓછી એક મહિલાને 'સ્વ–સહાય જૂથ' સાથે જોડીને, તેમને તાલીમ આપીને અને નાની આજીવિકા યોજનાઓમાં સહાય કરીને તેમના જીવનધોરણમાં ફેરફાર કરવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે.
- ભારતમાં 63 લાખ 'સ્વ–સહાય જૂથો'માં 7 કરોડ મહિલા સભ્યો છે.
- 'દીનદયાળ અંત્યોદય યોજના'– 'રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન'(DAY-NRLM) ને જમ્મુ અને કાશ્મીરના પૂર્વ રાજ્યમાં 'ઉમીદ' કાર્યક્રમ તરીકે લાગુ કરવામાં આવ્યો હતો.
- આ મિશન અંતર્ગત નાણાની ફાળવણી રાજ્યો વચ્ચે પરસ્પર ગરીબીના પ્રમાણમાં કરવામાં આવે છે.

## ભારતના 'Debt to GDP' પ્રમાણમાં વધારો-IMF

- 'આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ(IMF- Internatinal Mnetary Fund) અનુસાર રોગચાળાને લીધે જાહેર ખર્ચમાં થયેલા વધારાના પરિણામે આ વર્ષે ભારતનું 'Debt to GDP પ્રમાણ' અથવા 'જાહેર ઋણનું પ્રમાણ' 90% સુધી રહી શકે છે.
- IMF અનુસાર, આ વર્ષે રોગચાળાની અસરના પરિણામરૂપે ભારતનું જાહેર દેવું 17% વધશે, જેનાથી ભારતનો 'Debt to GDP' રેશિયો 90% થઈ શકે છે.
- વર્ષ 2021 સુધીમાં ભારતનો 'Debt to GDP' રેશિયો સ્થિર થઈ શકે છે.
- ભારતનો 'Debt to GDP' રેશિયો વર્ષ 1991થી લગભગ સ્થિર રહ્યો છે અને છેલ્લા દાયકામાં તે સરેરાશ 70% નોંધાઈ રહ્યો છે, પરંતુ આ વર્ષે તેમાં વધારો થવાની સંભાવના છે.

### 'જાહેર દેવું પ્રમાણ' (Debt to GDP Ratio) વિશે

- 'જાહેર દેવું પ્રમાણ'એ કોઈપણ દેશના GDP માટે ઋણનું પ્રમાણ છે. આ ગુણોત્તર ઋણ ચુકવવાની દેશની ક્ષમતાના આકારણી માટે વપરાય છે.
- સરળ શબ્દોમાં કહીએ તો, 'Debt to GDP Ratio' દેશના જાહેર દેવાની તુલના તેના વાર્ષિક આર્થિક ઉત્પાદન સાથે કરે છે.
- કોઈપણ દેશ દ્વારા લેવામાં આવતી લોનને તેના ઉત્પાદન સાથે સરખામણી કરીને, આ ગુણોત્તર તે દેશનું દેવું ચૂકવવાની ક્ષમતા સૂચવે છે.
- તે ઘણી વખત ટકાવારી તરીકે ચિહ્નિત થયેલ છે.

### Back to Basics : 'આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ'(IMF) વિશે

- IMF એ 189 દેશોનું એક સંગઠન છે જે વૈશ્વિક નાણાકીય સહયોગને પ્રોત્સાહન આપે છે, નાણાકીય સ્થિરતાને સુનિશ્ચિત કરે છે, આંતરરાષ્ટ્રીય વેપારને સુવિધા આપે છે, રોજગારની તકો બનાવે છે, ટકાઉ આર્થિક વિકાસને પ્રોત્સાહન આપે છે, અને વિશ્વભરમાં ગરીબી ઘટાડવાની દિશામાં કામ કરે છે.
- વર્ષ 1945માં રચાયેલ આ સંગઠનનું શાસન તેના 189 સભ્ય દેશો દ્વારા કરવામાં આવે છે અને તે સભ્ય દેશો માટે જવાબદાર છે.
- 'આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ'નો મુખ્ય ઉદ્દેશ આંતરરાષ્ટ્રીય નાણાકીય વ્યવસ્થાની સ્થિરતાને સુનિશ્ચિત કરવાનો છે.

## કિસાન ક્રેડિટ કાર્ડ

- આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત જાહેર કરાયેલા પેકેજમાં કેન્દ્ર સરકારે વિશેષ અભિયાન ચલાવીને રૂ .2 લાખ કરોડની ખર્ચ મર્યાદા સાથે 2.5 કરોડ 'કિસાન ક્રેડિટ કાર્ડ આપવાની જાહેરાત કરી હતી. હવે આ દિશામાં સતત પ્રયાસોને લીધે, પોષણક્ષમ વ્યાજ દરે લોન આપવા માટે મત્સ્યપાલન કરતા ખેડૂતો અને પશુપાલક ખેડૂત સહિત 1.5 કરોડ ખેડુતોને 'કિસાન ક્રેડિટ કાર્ડ' આપવાની સિધ્ધિ પ્રાપ્ત થઈ છે.
- જાહેર કરાયેલા તમામ 'કિસાન ક્રેડિટ કાર્ડ માટેની કુલ ખર્ચ મર્યાદા રૂ. 1.35 લાખ કરોડ છે.

### Back to Basics : 'કિસાન ક્રેડિટ કાર્ડ' વિશે

- 'કિસાન ક્રેડિટ કાર્ડ' યોજના વર્ષ 1998માં રજૂ કરવામાં આવી હતી. તેનો ઉદ્દેશ ખેડુતોને કોઈ પણ અવરોધ વિના કૃષિ પ્રવૃત્તિઓ માટે સમયસર લોન આપવાનો હતો.
- 'કિસાન ક્રેડિટ કાર્ડ અંતર્ગત ભારત સરકાર ખેડુતોને વ્યાજ પર 2% ની આર્થિક સહાય પૂરી પાડે છે અને સમયસર લોન પરત ચુકવતા ખેડૂતોને 3% પ્રોત્સાહક છૂટ આપવામાં આવે છે. સસ્તા વ્યાજ દરે લોન આપવાથી ખેડુતોની આવક


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

વધવાની સાથે ગ્રામીણ અર્થવ્યવસ્થા મજબૂત બનશે અને કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોમાં ઉત્પાદન વધશે.

## ભારતનો પહેલો મલ્ટિ-મોડેલ લોજિસ્ટક્સ પાર્ક

### ભારતના પ્રથમ મલ્ટિ-મોડેલ લોજીસ્ટિક પાર્ક વિશે

- 20 ઓક્ટોબર, 2020ના રોજ 'કેન્દ્રીય માર્ગ પરિવહન અને હાઈવે મંત્રી' દ્વારા આસામના 'જોગીઘોપા' ખાતે દેશના પ્રથમ મલ્ટિ–મોડલ લોજિસ્ટક પાર્કનો શિલાન્યાસ કરવામાં આવ્યો છે.
- આ લોજિસ્ટક પાર્ક બ્રહ્મપુત્રા નદીને અડીને આવેલી 317 એકર જમીનમાં વિકસાવવામાં આવી રહ્યો છે.
- 693.97 કરોડ ખર્ચ ધરાવતા આ પાર્કમાં લોકોને સીધા હવાઈ, માર્ગ, રેલવે અને જળમાર્ગ કનેકિટવિટી આપવામાં આવશે.
- આ પાર્ક ભારત સરકારના મહત્વાકાંક્ષી 'ભારતમાલા પ્રોજેકટ' હેઠળ વિકસાવવામાં આવશે.
- તેના બાંધકામનો પ્રથમ તબક્કો વર્ષ 2023 સુધીમાં પૂર્ણ થશે.

### 'રાષ્ટ્રીય ધોરીમાર્ગ અને માળખાગત વિકાસ નિગમ લિમિટેડ' (NHIDCL) વિશે

- આ મલ્ટી–મોડેલ લોજિસ્ટકસ પાર્કનું નિર્માણ 'NHIDCL' (National Highway and Infrastructure Development Corporation) દ્વારા આસામના 'જોગીઘોપામાં કરવામાં આવી રહ્યું છે, જે માર્ગ, રેલ્વે, હવાઈ અને જળમાર્ગ સાથે જોડાયેલ હશે.
- NHIDCL ભારત સરકારના કેન્દ્રીય માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલયની સંપૂર્ણ માલિકીની કંપની છે.
- NHIDCL પડોશી દેશો સાથે આંતરરાષ્ટ્રીય સરહદો શેર કરતા દેશના ભાગોમાં આંતર કનેકિટંગ રસ્તાઓ સહિત રાષ્ટ્રીય ધોરીમાર્ગ અને વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ રસ્તાઓને અપગ્રેડ, સર્વે, સ્થાપના, ડિઝાઈન, બાંધકામ, સંચાલન અને વિકાસ કરવાનુ કાર્ય કરે છે.

### ભારતમાં અન્ય સૂચિત મલ્ટિ-મોડલ લોજિસ્ટક પાર્ક વિશે

- 'કેન્દ્રીય માર્ગ પરિવહન' અને હાઈવે મંત્રાલય દ્વારા દેશમાં 35 'મલ્ટિ–મોડલ લોજિસ્ટક પાર્ક(MMLP) વિકસાવવાની કલ્પના કરવામાં આવી છે.
- આ તમામ MMLP માટે 'સ્પેશિયલ પર્પસ વ્હીકલની(SPVs) રચના કરવામાં આવશે અને દરેક માટે વ્યવસાયિક રીતે લાયકાત ધરાવતા CEO ની નિમણૂક કરવામાં આવશે.
- નાગપુરના વર્ધા ડ્રાય બંદર વિસ્તારમાં JNPT સાથે 346 એકર MMLP નો પ્રારંભિક અહેવાલ અને માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે.
- આ ઉપરાંત, પંજાબ, સુરત, મુંબઈ, ઈન્દોર, પટના, હૈદરાબાદ, વિજયવાડા, કોઈમ્બતુર, બેંગ્લોર, સંગ્રુર, ચેન્નઈ બંદર નજીક, પુણે, અમદાવાદ, રાજકોટ, કંડલા, વડોદરા, લુધિયાણા, અમૃતસર, જલંધર, બાથિંદા, હિસાર, અંબાલા, કોટા, જયપુર, જગતસિંગપુર, સુંદરનગર, દિલ્હી, કોલકાતા, પુણે, નાસિક, પનાજી, ભોપાલ, રાયપુર અને જમ્મુમાં MMLP પ્રસ્તાવિત છે.

## નવું DRDO પ્રાપ્તિ મેન્યુઅલ, 2020

- સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે 'નવી ડિફેન્સ રિસર્ચ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન' પ્રાપ્તિ મેન્યુઅલ, 2020ને 20 ઓક્ટોબર, 2020ના રોજ બહાર પાડયું છે. 'માઈક્રો સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઈઝ'ને સંશોધન અને વિકાસ કરવા પ્રોત્સાહિત કરવાના ઉદેશથી આ રજૂ કરવામાં આવ્યુ છે.

### 'સંરક્ષણ પ્રાપ્તિ મેન્યુઅલ,2020' વિશે

- માર્ગદર્શિકા સંરક્ષણ ક્ષેત્રમાં સંશોધન અને વિકાસના ઝડપી અમલની સુવિધા આપશે.
- મેન્યુઅલ હેઠળ, અગાઉથી ચુકવણી માટેની થ્રેશોલ્ડ મર્યાદામાં વધારો કરવામાં આવ્યો છે. જોકે, 10 લાખ રૂપિયા સુધીની કામગીરીની સલામતી અને બોલી સલામતીને છૂટ આપવામાં આવી છે.
- આ માર્ગદર્શિકા બજાર દળોની કિંમત શોધને છુપાવવા માટે રજૂ કરવામાં આવી છે.

મહત્વ:

- માર્ગદર્શિકા પ્રાપ્તિની પ્રક્રિયાઓને સરળ બનાવશે અને દેશી સંરક્ષણ ઉદ્યોગને સરળ બનાવશે.
- તે ડિઝાઈન અને વિકાસ પ્રવૃત્તિઓમાં ભાગીદારીની ખાતરી કરશે.
- આ માર્ગદર્શિકાથી ખાનગી ઉદ્યોગોની ભાગીદારીમાં પણ વધારો થશે અને MSME સાહસો સાથે સુમેળમાં રહેલા સંરક્ષણ ક્ષેત્રમાં શરૂઆત થશે.
- સંરક્ષણ પ્રાપ્તિ માર્ગદર્શિકાને ભારતીય સંરક્ષણ દળ ના 'સુપ્રીમ કમાન્ડર' દ્વારા મંજૂરી આપવામાં આવે છે, જે ભારતના 'રાષ્ટ્રપતિ' છે. સંરક્ષણ મંત્રાલયે તેની મંજૂરી માટે રાષ્ટ્રપતિને માર્ગદર્શિકા સુપરત કરી છે.

## PMKSY-AIBP હેઠળના પ્રોજેક્ટના ઘટકોની જીઓ ટેગિંગ

- 'પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના– 'ત્વરિત સિંચાઈ લાભ કાર્યક્રમ(PMKSY-AIBP) હેઠળ પ્રોજેક્ટના ભાગોને જીઓ ટેગિંગ માટે મોબાઈલ એપ્લિકેશન શરૂ કરવામાં આવી છે.
- PMKSY-AIBPની શરૂઆત 'જળ શક્તિ મંત્રાલયના 'જળ સંસાધન, નદી વિકાસ અને ગંગા સંરક્ષણ વિભાગ' હેઠળ શરૂ કરવામાં આવી છે.
- મંત્રાલય દ્વારા 'ભાસ્કરાચાર્ય નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ સ્પેસ એપ્લીકેશન અને જીઓ–ઈન્ફોર્મેટિક્સ(BISAG-N)ની મદદથી આ એપ્લિકેશન વિકસાવવામાં આવી છે.
- આ મોબાઈલ એપ્લિકેશન વિકસિત કરવાનો ઉદ્દેશ PMKSY-AIBP હેઠળ કરવામાં આવી રહેલા કામની ગતિ અને પ્રોજેક્ટની વાસ્તવિક સ્થિતિ શોધવાનો છે.
- પ્રોજેક્ટ હેઠળના કામોની પ્રગતિની સમયાંતરે સમીક્ષા કરવા માટે એક 'ઓનલાઈન મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ(MIS) પણ બનાવવામાં આવી છે.

### Back to Basics : 'પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના' 'ત્વરિત સિંચાઇ લાભ કાર્યક્રમ' (PMKSY-AIBP) વિશે

- PMKSY-AIBPની શરૂઆત વર્ષ 1996-97માં જળ સંસાધન મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવી હતી.
- અમલીકરણ– સિંચાઈ યોજનાઓને વેગ આપવા માટે.
- પૂર્વ અસ્તિત્વમાં હોય તેવી અને નવા મુખ્ય અને મધ્યમ સિંચાઈ પ્રોજેક્ટ પર વિચાર કરવા માટે.
- વિશેષ શ્રેણીના રાજ્ય/ક્ષેત્રની નાની સિંચાઇ યોજનાઓનો પણ વિચાર કરવામાં આવે છે.

### 'જીઓ ટેગિંગ' વિશે

- 'જીઓ ટેગિંગ' મેટા ડેટાના સ્વરૂપમાં વિવિધ પ્રકારનાં માધ્યમો સાથે ભૌગોલિક માહિતીને જોડવાની પ્રક્રિયા છે.
- આ મેટા ડેટામાં સામાન્ય રીતે અક્ષાંશ અને રેખાંશ જેવા નિર્દેશાંક હોય છે, પરંતુ તેમાં કોણ, ઊંચાઈ, અંતર અને સ્થાનનું નામ પણ શામેલ હોઈ શકે છે.
- 'જીઓ ટેગિંગ'નો ઉપયોગ સામાન્ય રીતે ફોટોગ્રાફ્સ માટે થાય છે અને લોકોને ઘણી બધી વિશિષ્ટ માહિતી પ્રાપ્ત કરવામાં મદદ કરી શકે છે.

## પ્રત્યક્ષ વિદેશી રોકાણ(FDI)

- વર્ષ 2020માં એપ્રિલથી ઓગસ્ટ મહિના દરમિયાન ભારત સરકારે 35.73 અબજ ડોલરનું સીધું રોકાણ (FDI) મેળવ્યું હતું, જે નાણાકીય વર્ષના પ્રથમ 5 મહિનામાં વિદેશી સીધા રોકાણની સૌથી વધુ રકમ છે.

### FDIમાં તાજેતરના વધારા વિશે

- વર્ષ 2020-21ના વર્ષના પહેલા 5 મહિનામાં વર્ષ 2019-20 (31.60 અબજ ડૉલર) ની સરખામણીમાં 13% વધુ FDI (35.73 અબજ ડોલર) પ્રાપ્ત થયુ છે.
- FDIનો કુલ પ્રવાહમાં 55% નો વધારો થયો છે. જે વર્ષ 2008-14ના 231 બિલિયન અમેરીકન ડોલરથી વધીને વર્ષ 2014-20માં 358.29 બિલિયન અમેરીકન ડોલર થયો છે.
- વર્ષ 2020માં એપ્રિલથી ઓગસ્ટ મહિનામાં FDI ઈક્વિટીનો પ્રવાહ 27.10 અબજ યુએસ ડોલર રહ્યો છે. નાણાકીય વર્ષના પ્રથમ 5 મહિનામાં FDI ઈક્વિટી ઈનફ્લોની આ સૌથી વધુ રકમ છે. તે વર્ષ 2019-20ના પહેલા પાંચ મહિના (23.35 અબજ યુએસ ડોલર) કરતા 16% વધારે છે.
- UNCTAD દ્વારા બહાર પાડવામાં આવેલ 'વર્લ્ડ ઈન્વેસ્ટમેન્ટ રિપોર્ટ,2020' મુજબ ભારત વર્ષ 2019માં સૌથી વધુ FDI પ્રાપ્ત કરનાર દેશોમાં 9માં ક્રમે છે.

### Back to Basic: 'પ્રત્યક્ષ વિદેશી રોકાણ'(FDI) વિશે

- FDI એ એક પ્રક્રિયા છે જેમાં એક દેશના (મૂળ દેશ) રહેવાસીઓ બીજા દેશમાં (યજમાન દેશ) ફર્મના ઉત્પાદન, વિતરણ અને અન્ય પ્રવૃત્તિઓને નિયંત્રિત કરવાના હેતુથી મિલકતની માલિકી મેળવે છે.
- આ 'વિદેશી પોર્ટફોલિયો'ના રોકાણ(FPI) રોકાણથી અલગ છે. જેમાં વિદેશી એન્ટિટી ફક્ત કોઈ કંપનીનો સ્ટોક અને બોન્ડ ખરીદે છે પરંતુ FPI રોકાણકારને વ્યવસાયને નિયંત્રિત કરવાનો અધિકાર આપતી નથી.
- FDI પ્રવાહમાં સામેલ મૂડી વિદેશી સીધા રોકાણકાર દ્વારા એન્ટરપ્રાઈઝમાં પૂરી પાડવામાં આવે છે.
- FDIમાં ત્રણ ઘટકો હોય છેઃ ઈક્વિટી કેપિટલ, રીઈનવેસ્ટેડ કમાણી અને ઈન્ટ્રાકંપની લોન.
- ઈક્વિટી કેપિટલ તેના પોતાના દેશ સિવાય બીજા કોઈ દેશમાં વિદેશી સીધા રોકાણકારના એન્ટરપ્રાઈઝના શેરની ખરીદી સાથે સંબંધિત છે
- રીઈનવેસ્ટેડ કમાણી કરેલી આવકમાં પ્રત્યક્ષ રોકાણકારો દ્વારા કરવામાં આવતી કમાણી શામેલ હોય છે જે કંપનીના


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

આનુષંગિકો દ્વારા ડિવિડન્ડ તરીકે વહેંચવામાં આવતી નથી અથવા સીધા રોકાણકાર દ્વારા પ્રાપ્ત થતી નથી.

➤ ઈન્ટ્રા–કંપની લોન અથવા વ્યવહારમાં પ્રત્યક્ષ રોકાણકાર અને સંબંધિત ઉદ્યમોની વચ્ચે ટુંકા ગાળાના અથવા લાંબા ગાળાના ધિરાણનો સમાવેશ થાય છે.

### ભારતમાં FDI માર્ગ વિશે

➤ સ્વચાલિત માર્ગ(Automatic Route): તેને વિદેશી સંસ્થાને સરકાર અથવા RBI ની પૂર્વ મંજૂરી લેવાની જરૂર નથી.

➤ સરકારી માર્ગ(Government Route): આમાં, વિદેશી સંસ્થાને સરકારની મંજૂરી લેવી જરૂરી છે.

## ઔદ્યોગિક શ્રમિકો માટે 'ગ્રાહક ભાવ સુચકાંક'(CPI: Consumer Price Index)નું નવુ આધાર વર્ષ

➤ શ્રમ અને રોજગાર રાજ્ય મંત્રી સંતોષકુમાર ગંગવારે તાજેતરમાં વર્ષ 2016ના આધાર પર ઔદ્યોગિક શ્રમિકો માટે 'ગ્રાહક ભાવ સૂચકાંક(CPI-IW) ની નવી શ્રેણી રજૂ કરવામાં આવી છે.

➤ કેન્દ્રીય મંત્રી દ્વારા જાહેર કરવામાં આવેલ નવી શ્રેણી, હાલની શ્રેણીને બેઝ વર્ષ 2001 = 100 સાથે આધાર વર્ષ 2016 = 100 સાથે બદલશે.

➤ આ સુધારા પહેલાં, શ્રમ બ્યુરોની સ્થાપના બાદ આ શ્રેણીમાં વર્ષ 1944 થી 1949, વર્ષ 1949 થી 1960, વર્ષ 1960થી 1982 અને વર્ષ 1982થી 2001 સુધી સુધારો કરવામાં આવ્યો હતો.

➤ કેન્દ્રીય મંત્રીએ કહ્યું છે કે, ભવિષ્યમાં, દર પાંચ વર્ષે આ આધાર વર્ષમાં પરિવર્તન કરવામાં આવશે.

### નવી શ્રેણીમાં કરવામાં આવેલા સુધારાઓ વિશે

➤ વર્ષ 2016ના આધારે જાહેર કરવામાં આવેલી નવી શ્રેણીમાં કુલ 88 કેન્દ્રોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે વર્ષ 2001ના આધાર વર્ષ પર બહાર પાડવામાં આવેલી શ્રેણીમાં ફક્ત 78 કેન્દ્રોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

➤ રિટેલ ચેન ડેટા એકત્રિત કરવા માટે પસંદ કરેલા બજારોની સંખ્યા પણ વર્ષ 2016 આધાર વર્ષ શૃંખલા હેઠળ વધીને 317 બજારો કરવામાં આવી છે, જ્યારે વર્ષ 2001માં ફક્ત 289 બજારોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

➤ વર્ષ 2016ની શ્રેણી અંતર્ગત રાજ્યો/કેન્દ્રશાસિત કેન્દ્રોની સંખ્યા વધીને 28 થઈ છે, જ્યારે વર્ષ 2001ની શ્રેણીમાં રાજ્યોની સંખ્યા માત્ર 25 હતી.

➤ નવી શ્રેણી હેઠળ, ફૂડ જૂથનું વજન વર્ષ 2001ના 46.2% થી ઘટાડીને 39.17% કરી દેવામાં આવ્યુ છે. જ્યારે શિક્ષણ અને આરોગ્ય જેવી વિવિધ વસ્તુઓનો ભાર વર્ષ 2001ના 23.26% થી વધારીને 30.31% કરી દેવામાં આવ્યુ છે.

➤ સૂચકાંકોનું નિર્માણ કરવા માટે નવી શ્રેણીમાં ભૌમિતિક મીન આધારિત પદ્ધતિનો ઉપયોગ થાય છે, જ્યારે વર્ષ 2001 ની શ્રેણીમાં અંકગણિત મીનનો ઉપયોગ થતો હતો.

### Back to Basic: 'ગ્રાહક કિંમત સૂચકાંક'(CPI-Consumer Price Index)

➤ CPI નો ઉપયોગ આધાર વર્ષના સંદર્ભમાં અમુક પસંદ કરેલા માલ અને સેવાઓના છૂટક ભાવના સ્તરના સમયના ફેરફારને માપવા માટે થાય છે, જેના પર નિર્ધારિત ગ્રાહક જૂથ તેની આવક ખર્ચ કરે છે.

➤ 'જથ્થાબંધ ભાવાંક સૂચકાંક(WPI)માં ઉત્પાદક સ્તરે ફુગાવાની ગણતરી કરવામાં આવે છે, જ્યારે 'ગ્રાહક કિંમત સૂચકાંક'(CPI)માં ગ્રાહક સ્તરે કિંમતોમાં થતા ફેરફારને માપે છે.

■ CPIના નીચે મુજબ ચાર પ્રકાર છે :

1. ઔદ્યોગિક કામદારો માટે (IW- Industrial Worker) CPI
2. કૃષિ મજુર માટે (AL- Agriculture Laboure) CPI
3. ગ્રામીણ મજુર માટે (RL- Rural Laboure) CPI
4. CPI (ગ્રામીણ/શહેરી/સંયુક્ત)

➤ આમાંના પ્રથમ ત્રણને 'શ્રમ અને રોજગાર મંત્રાલય'ના 'લેબર બ્યુરો' દ્વારા સંકલિત કરવામાં આવે છે. જ્યારે ચોથા પ્રકારના CPI નું 'સ્ટેટિસ્ટિક્સ અને પ્રોગ્રામ અમલીકરણ મંત્રાલય' હેઠળ 'નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસ(NSO) દ્વારા સંકલિત કરવામાં આવે છે.

### આધાર વર્ષ વિશે

➤ 'આધાર વર્ષએ બેંચમાર્ક છે જેમાં વિવિધ રાષ્ટ્રીય આંકડા અને સૂચકાંકો, જેમ કે 'ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ, 'કુલ ઘરેલુ બચતઅને 'ગ્રાહક ભાવ સૂચકાંકની ગણારી કરવામાં આવે છે.

➤ આધાર વર્ષને એક પ્રતિનિધિ વર્ષના રૂપમાં માનવામાં આવે છે. તેથી તે વર્ષમાં દુષ્કાળ, પૂર, ભૂકંપ વગેરે જેવી કોઈ અસામાન્ય ઘટનાઓ ન બની હોય તે જરૂરી છે.

## વિદેશી વિનિમય ભંડાર

- 'રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા' દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા મુજબ, 16 ઓકટોબર, 2020ના રોજ સમાપ્ત થયેલ સપ્તાહમાં ભારતનો 'વિદેશી વિનિમય ભંડાર' 3.615 અબજ ડોલરની વૃદ્ધી સાથે અત્યાર સુધીના પોતાના સર્વાધિક સ્તર 555.12 બિલિયન અમેરીકન ડોલર સુધી પહોંચી ગયુ છે.
- દેશના 'વિદેશી વિનિમય ભંડાર'માં આ વધારાનું સૌથી મોટું કારણ 'ફોરેન એકસચેંજ એસેટ'માં (FCA) ઝડપી વૃદ્ધિ છે.
- RBIના ડેટા મુજબ, અગાઉના સપ્તાહમાં FCA 3.539 બિલિયન અમેરીકન ડોલરની વૃદ્ધી સાથે 512.322 બિલિયન અમેરીકન ડોલર સુધી પહોંચ્યુ હતુ.

### Back to Basics : 'વિદેશી વિનિમય ભંડાર' (Foreign Exchange Reserve) વિશે

- 'વિદેશી વિનિમય ભંડાર'એ દેશની મધ્યસ્થ બેંક દ્વારા આરક્ષિત સંપત્તિ છે. જેમાં, વિદેશી ચલણ, બોન્ડ, ટ્રેઝરી બિલ અને અન્ય સરકારી સિકયોરિટીઝનો શમાવેશ થાય છે.
- કોઈપણ દેશના 'વિદેશી વિનિમય ભંડાર'માં નીચેના 4 તત્ત્વોનો સમાવેશ થાય છેઃ

1. વિદેશી સંપત્તિ (વિદેશી ચલણમાં વિદેશી કંપનીઓના શેર, ડિબેંચર્સ, બોન્ડ, વગેરે)
2. સોનાનો ભંડાર
3. IMF પાસે રિઝર્વ ટ્રેન્ચ.
4. SPR: Special Drawing Rights

## FATF (Financial Action Task Force)ની ગ્રે લિસ્ટમાં પાકિસ્તાન

- આતંકવાદના ફેલાવા માટે પૂરા પાડવામાં આવતા ભંડોળની દેખરેખ રાખતી આંતરરાષ્ટ્રીય દેખરેખ સંસ્થા 'ફાઈનાન્સિયલ એકશન ટાસ્ક ફોર્સ(FATF) એ જાહેરાત કરી હતી કે પાકિસ્તાને આવતા વર્ષના ફેબ્રુઆરી સુધી 'ગ્રે લિસ્ટ'માં જાળવી રાખવામાં આવશે.

### FATFની 'ગ્રે સૂચિ' અને 'બ્લેક સૂચિ' વિશે

- ગ્રે સૂચિઃ FATFની 'ગ્રે લિસ્ટ'માં મુખ્યત્વે એવા દેશોનો સમાવેશ કરવામાં આવે છે જેમના પર શંકા હોય છે કે તે દેશો એવા કોઈ પગલાં નથી લઈ રહ્યા કે જેથી આતંકવાદી સંગઠનો અને જૂથોને મળતા નાણાને રોકી શકાય. ગ્રે સૂચિમાં એવા દેશો શામેલ છે જેને આતંકવાદી ધિરાણ અને મની લોન્ડ્રીંગ માટે સલામત સ્થળ ગણવામાં આવે છે.
- બ્લેક લિસ્ટઃ જો કોઈ દેશ દ્વારા કોઈ આતંકવાદી સંગઠન અથવા જૂથને ધિરાણ આપવામાં આવે છે અને તે દેશે જે કાર્યવાહી કરવી જોઈએ એ કાર્યવાહી ન કરવામાં આવતી હોય તો એવા દેશનુ નામ 'બ્લેક લિસ્ટ'માં મૂકવામાં આવે છે.
- 'ગ્રે' સૂચિ અને 'બ્લેક' સૂચિ જેવા શબ્દો સત્તાવાર રીતે FATF દ્વારા ઉપયોગમાં લેવામાં આવતાં નથી.

### Back to Basic: FATF: Financial Action Task Force વિશે

- FATFની સ્થાપના વર્ષ 1989માં G-7 સમિટ દરમિયાન આંતર–સરકારી સંસ્થા તરીકે કરવામાં આવી હતી.
- તેનો ઉદ્દેશ્ય મની લોન્ડરિંગ, આતંકવાદી ધિરાણ જેવા જોખમોનો સામનો કરવાનો અને આંતરરાષ્ટ્રીય નાણાકીય પ્રણાલીની અખંડિતતા માટે કાયદાકીય, નિયમનકારી અને ઓપરેશનલ પગલાઓના અસરકારક અમલને પ્રોત્સાહન આપવાનો છે.
- FATFનું સચિવાલય પેરિસના 'આર્થિક સહકાર વિકાસ સંગઠન'ના(OECD) મુખ્ય મથક પર સ્થિત છે.
- હાલમાં FATFમાં ભારત સહિત 37 સભ્ય દેશ અને 2 ક્ષેત્રિય સંગઠનોનો સમાવેશ થાય છે.
- વર્ષ 2010થી ભારત FATFનું સભ્ય છે.

## સી-પ્લેન સર્વીસ

- દેશમાં પ્રથમ વખત, 19 સીટર સી–પ્લેન વિશેષ સેવા રૂપે ગુજરાતમાં સાબરમતી રિવરફ્રન્ટ અને સરદાર વલ્લભભાઈ પટેલની 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' વચ્ચેની ફલાઈટ માટે ઉપયોગમાં લેવામાં આવશે.
- સ્પાઈસ જેટ કંપનીએ ટવીન ઓટર 300 સી–પ્લેનને ભાડા પર લીધા છે. જેમાં એક સમયે 12 મુસાફરો સફર કરી શકશે.

### ભારતનો પ્રથમ સી-પ્લેન પ્રોજેકટ વિશે

- દેશનો પહેલો 'સી–પ્લેન પ્રોજેકટ' કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રાલયના નિર્દેશનનો એક ભાગ છે.
- આ નિર્દેશ મુજબ, 'એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા' ગુજરાત, આસામ, આંધ્રપ્રદેશ અને તેલંગાણાની રાજ્ય સરકારો અને અંદમાન અને નિકોબારના વહીવટનો સંપર્ક કરીને પ્રવાસન ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે જળ એરોડ્રોમ સ્થાપવા માટે કાર્યવાહી કરી છે.

### Back to Basico 'સી-પ્લેન' વિશે

- સી–પ્લેન એક નિશ્ચિત પાંખવાળા વિમાન છે જે પાણી પર ઉતરવા અને ઉડવા માટે રચાયેલ છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- તે બોટની ઉપયોગિતા સાથે વિમાનની ગતિ પ્રદાન કરે છે.
- સી–પ્લેન મુખ્યત્વે બે પ્રકારના હોય છે:
1. ફ્લાઈંગ બોટ
2. ફ્લોટપ્લેન
- ટર્મિનલ માટેની સાઈટને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે કારણ કે તેના પરિમાણો 'સી–પ્લેનને ઉતારવા માટેની આવશ્યકતાઓને અનુરૂપ છે, જેમાં ઓછામાં ઓછા છ ફુટની ઉંડાઈવાળા જળ નિકાયમાં લઘુતમ પહોળાઈ 900 મીટરની જરૂરીયાત હોય છે.

## વ્યાજ મુક્તિ યોજના ઘોષણા પર દિશા-નિર્દેશ

- તાજેતરમાં જ સરકારે 'રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા' દ્વારા શરૂ કરેલ 'વ્યાજ મુક્તિ યોજના' સંચાલન અંગે માર્ગદર્શિકા જાહેર કરી છે.
- યોજના અંતર્ગત સરકાર દ્વારા આશરે 6,500 કરોડનો ખર્ચ કરવામાં આવશે.

### મુખ્ય દિશા-નિર્દેશ વિશે

- બેંકો અને અન્ય ધીરનાર જેમ કે સહકારી બેંકો અને નોન–બેંકિંગ ફાઈનાન્સ કંપનીઓ વગેરેનો પણ માર્ગદર્શિકા હેઠળ સમાવેશ કરવામાં આવ્યો છે.
- 'માઈક્રો, સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઈઝ' લોન, એજ્યુકેશન લોન, હાઉસિંગ લોન, કન્ઝ્યુમર ડ્યુરેબલ લોન, ક્રેડિટ કાર્ડ લેણાં, ઓટોમોબાઈલ લોન, પ્રોફેશનલ અને વપરાશ લોન વગેરે યોજના માટે યોગ્ય છે.
- 29 ફેબ્રુઆરી,2020 સુધીમાં, લોન ખાતું એક 'માનક ખાતું' હોવું જોઈએ, એટલે કે, 'નોન–પર્ફોર્મિંગ એસેટ'(NAP) તરીકે વર્ગીકૃત કરાયેલા ખાતા યોજના હેઠળ લાભાર્થી રહેશે નહીં.
- 1 નવેમ્બરથી 31 ઓગસ્ટની વચ્ચે છ મહિના (184 દિવસ) સમયગાળા માટે, ચક્રવૃદ્ધી વ્યાજ અને સામાન્ય વ્યાજ વચ્ચેનો તફાવત 5 નવેમ્બર સુધીમાં ગ્રાહકોના લોન ખાતામાં જમા કરવા કહેવામાં આવ્યું છે.

### વ્યાજ મુક્તિ યોજના વિશે

- કોવીડ–19 રોગચાળા કારણે ઉત્પન્ન થયેલ આર્થિક પડકારોને ધ્યાનમાં રાખીને, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ બેંકો દ્વારા આપવામાં આવેલી લોનની ચુકવણી પર 90 દિવસ (1 માર્ચથી 31 મે) સુધીના અસ્થાયી મુદતની ઘોષણા કરી હતી આ સમયગાળાને 31 ઓગસ્ટ સુધી વધારવામાં આવી હતી.
- આ યોજનાનો ઉદ્દેશ રોગચાળા દરમિયાન ઋણ લેનારાઓને રાહત આપવાનો હતો. આ અંતર્ગત, વ્યાજની રકમ અને મુખ્ય રકમ બંનેને આવરી લેવામાં આવી હતી.

## 'ડાયરેક્ટ પોર્ટ એન્ટ્રી'(DPE) સુવિધા

- કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા દ્વારા 'વી.ઓ. ચિદમ્બર બંદર' ખાતે 'ડાયરેક્ટ પોર્ટ એન્ટ્રી' સુવિધાનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે.

### 'ડાયરેક્ટ પોર્ટ એન્ટ્રી'(DPE) વિશે

- 'ડાયરેક્ટ પોર્ટ એન્ટ્રી'ની સુવિધા લોજિસ્ટકસ ખર્ચ ઘટાડવા અને બંદરોથી નિકાસ માલ મોકલવાની પ્રક્રિયાને ઝડપી બનાવવા તરફ નોંધપાત્ર પગલું છે.
- DPEની સુવિધા નિકાસકારો માટે વ્યવસાયમાં સરળતા વધારવામાં મદદ કરશે, સાથે સાથે નિકાસકારોનું કામ સુધારવા અને શિપિંગની કિંમત ઘટાડવામાં મદદ કરશે.
- 'ડાયરેક્ટ પોર્ટ એન્ટ્રી નિકાસકારો'ને ચોવીસે કલાક પોતાના કારખાનાઓથી કંટેનરોને સીધા બંદરો પરના કન્ટેનર ટર્મિનલમાં મોકલવામાં સક્ષમ બનાવશે.
- આ સુવિધા ટ્રક પાર્કિંગ ટર્મિનલની અંદર 18,357 ચો.મી.ના વિસ્તારમાં બનાવવામાં આવી છે.
- આ પહેલા, ફેકટરીઓમાંથી સીલબંધ કન્ટેનરો અગાઉ તુતીકોરીનમાં કાર્યરત 'કન્ટેનર ફ્રેટ સ્ટેશન્સ'(CFS)/ઈનલેન્ડ કન્ટેનર ડિપોમાં(ICD) પરિવહન કરવામાં આવતાં હતાં અને આ સુવિધા એક કાર્યકારી દિવસમાં સવારે 10 વાગ્યાથી રાત્રીના 8 વાગ્યા સુધી જ ઉપલબ્ધ રહેતી હતી. આને કારણે કન્ટેનરને કન્ટેનર ટર્મિનલ્સમાં ખસેડવામાં ઘણો વિલંબ થતો હતો.

## ઓહાકા ખાદી

- તાજેતરમાં, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના 'મન કી બાત કાર્યક્રમમાં' લોકોને 'ઓહાકા ખાદીનો સંદર્ભ આપતા ઉત્સવના સમયમાં ખરીદી માટે 'વોકલ ફોર લોકલ' બનવાનો આગ્રહ કર્યો છે.

### 'ઓહાકા ખાદી' વિશે

- 'ઓહાકા દક્ષિણ મેક્સિકો'નો એક વિસ્તાર છે. જ્યાં ખાદી વણાટ ઘણા ગામોમાં સ્થાનિક ગામ જૂથો દ્વારા કરવામાં આવે છે. હાલમાં અહીંની ખાદી 'ઓહાકા ખાદી' તરીકે પ્રખ્યાત છે.
- તેની સ્થાપના મેક્સિકો સ્થિત અમેરિકન 'માર્કોસ બ્રાઉનઅને તેમની પત્ની 'કાલિંદી અત્તર' દ્વારા કરવામાં આવી હતી.

- 'માર્ક બ્રાઉને' મહાત્મા ગાંધી પર આધારિત અને ખાદીથી પ્રભાવિત ફિલ્મથી તેની શરૂઆત કરી હતી.
- તેની સ્થાપના પૂર્વે, 'બ્રાઉન ભારતમાં 12 વર્ષ સુધી રહ્યા અને ગાંધીજીથી ઘણા પ્રભાવિત થયા હતા. આ સિવાય તેઓ ગુજરાતના સાબરમતી આશ્રમમાં પણ બે વર્ષ (1986–88) રહ્યા હતા.
- માર્ક બ્રાઉને ખાદી વિશે મેકિસકોના ઓહાકામાં ગ્રામજનોને ખાદીથી અવગત કરાવ્યા હતા અને તેઓને તાલીમ આપી હતી.
- આ માટે ઓહાકા કાંઠે કપાસનું ઉત્પાદન અને વાવેતર થાય છે, જે ત્યાંની અર્થવ્યવસ્થામાં પણ ફાળો આપે છે.
- 'ઓહાકા ખાદી' એ 'ફાર્મ–ટુ–ગારમેન્ટ' જૂથ છે જેમાં લગભગ 400 કુટુંબનો સમાવેશ થાય છે જે દક્ષિણ મેકિસકોના ઓહાકા ક્ષેત્રમાં પરંપરાગત ખેતરો અને ઘરોમાં રહે છે અને કામ કરે છે.

## કુંભાર સશક્તિકરણ યોજના

- તાજેતરમાં કેન્દ્રીય સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોના મંત્રી દ્વારા કુંભારોના સશક્તિકરણ માટે 'ખાદી અને ગ્રામ ઉદ્યોગ કમિશન'(KVIC) દ્વારા શરૂ કરવામાં આવેલ 'કુંભાર સશક્તિકરણ યોજના' હેઠળ વિડિઓ કોન્ફરન્સ દ્વારા મહારાષ્ટ્રના નાંદેડ અને પરભણી જિલ્લામાં 100 કુંભારોને ઈલેક્ટ્રિક સંચાલિત ચાકનું વિતરણ કરાયું હતું.
- આ પ્રોગ્રામમાં, બન્ને જિલ્લાના 15 ગામો (નાંદેડના 10 અને પરભણી જિલ્લાના 5) કુંભારોને ઈલેક્ટ્રિક ચાક પૂરા પાડવામાં આવ્યા હતા અને KVIC દ્વારા 10 દિવસની તાલીમ પણ આપવામાં આવી હતી.

### 'કુંભાર સશક્તિકરણ યોજના'(KVIC) વિશે

- 'ખાદી અને ગ્રામ ઉદ્યોગ કમિશન' દ્વારા વર્ષ 2018માં ભારતના દૂરના વિસ્તારોમાં રહેતા કુંભારોના સશક્તિકરણ માટે આ યોજના શરૂ કરવામાં આવી હતી.
- તેનો ઉદ્દેશ કુંભારોને માટીકામ અને અદ્યતન ગુણવત્તાના અન્ય ઉત્પાદનો બનાવવાની તાલીમ આપવાનો અને માટીકામ બનાવવા માટે નવીનતમ અને નવી તકનીકી ઉપકરણો પ્રદાન કરવાનો છે.
- KVIC પ્રદર્શનો દ્વારા કુંભારોની બજારમાં પહોંચને મજબૂત બનાવશે.
- ઈલેક્ટ્રિક ચાક કુંભારોની ઉત્પાદકતામાં વધારો કરશે તથા તેમની આવકમાં વધારો થશે.
- આ યોજના અંતર્ગત દેશભરમાં અત્યાર સુધીમાં 18,000થી વધુ ઈલેક્ટ્રિક ચાકનું વિતરણ કરવામાં આવ્યું છે.

## જુટ પેકેજિંગ

- તાજેતરમાં વડાપ્રધાનની અધ્યક્ષતામાં આર્થિક બાબતોની મંત્રીમંડળ સમિતિએ 100% અનાજ અને 20% ખાંડને વિવિધ પ્રકારની જુટ બેગમાં આવશ્યક રૂપે ભરવાની મંજૂરી આપી હતી.
- ભારત સરકારે ફરજિયાત પેકિંગના આ ધોરણને 'જૂટ પેકિંગ મટિરિયલ એક્ટ, 1987' અંતર્ગત વધારો કર્યો છે.
- શરૂઆતમાં અનાજની પેકિંગ માટેના 10% જુટની બોરીઓ 'ગવર્મેંટ ઈ–માર્કેટપ્લેસ'(GEM) પોર્ટલ પર 'રિવર્સ હરાજી' દ્વારા ખરીદવામાં આવશે.

### ભારતમાં જૂટ આધારિત અર્થતંત્ર વિશે

- જૂટ ક્ષેત્ર પર આશરે 7.7 લાખ શ્રમિકો અને લાખો ખેડૂત પરિવારોની આજીવિકા આધારિત છે. જેને ધ્યાનમાં રાખીને ભારત સરકાર આ ક્ષેત્રના વિકાસ માટે નીચેના સંકલિત પ્રયાસો કરી રહી છે.

1. કાચા પટનું ઉત્પાદન અને જથ્થો વધારવા.
2. જૂટ ક્ષેત્રનું વૈવિધ્યકરણ.
3. જૂટ પેદાશની સતત માંગને પ્રોત્સાહન આપવું.

### જુટ ક્ષેત્રે સરકારની અન્ય સહાય વિશે

■ જૂટ ICARE :

- સરકાર દ્વારા કાચા જુટની ઉત્પાદકતા અને ગુણવત્તા સુધારવા માટે 'જૂટ ICARE નામના એક વિશેષ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી છે.
- આ અંતર્ગત, સરકાર 2 લાખ જુટ ખેડુતોને વિવિધ પ્રકારની ખેતી પદ્ધતિઓ આપીને મદદ કરે છે, જેમાં બીજની હરોળમાં વાવણી, નીંદણનાં સાધનોનો ઉપયોગ, નીંદણ વ્યવસ્થાપન અને ગુણવત્તાવાળા પ્રમાણિત બીજ અને સૂક્ષ્મજીવોનું વિતરણ વગેરેનો સમાવેશ થાય છે.
- ભારત સરકારના આ વચગાળાના પ્રયત્નોથી કાચા જુટની ગુણવત્તા અને ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો થયો છે અને જૂટ ખેડુતોની આવક પ્રતિ હેકટર રૂ.10,000 થઈ છે.

### પ્રમાણિત બીજ વિતરણ સંબંધિત પ્રયત્નો

- તાજેતરમાં 'ભારતીય જુટ નિગમ દ્વારા વેપારી ધોરણે 10,000 કિવન્ટલ પ્રમાણિત બીજના વિતરણ માટે 'રાષ્ટ્રીય બીજ નિગમ' સાથે સમજૂતી અંગે હસ્તાક્ષર કર્યા છે.

### જૂટ સેકટરનું વૈવિધ્યકરણ

- જૂટ સેકટરના વિવિધતાને પ્રોત્સાહન આપવા માટે 'રાષ્ટ્રીય જૂટ બોર્ડ' દ્વારા 'નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન' સાથે

કરાર કરવામાં આવ્યા છે અને તે મુજબ ગાંધીનગર,ગુજરાતમાં એક 'જૂટ ડિઝાઈન સેલ' ખોલવામાં આવ્યો છે.

- 'જૂટ જિઓ ટેકસટાઈલ્સઅને 'એગ્રો–ટેકસટાઈલ્સ'ને વિવિધ રાજ્ય સરકારો દ્વારા ખાસ કરીને ઉત્તર પૂર્વીય પ્રદેશમાં પ્રોત્સાહન આપવામાં આવ્યુ છે. જેમાં 'કેન્દ્રિય માર્ગ પરિવહન' અને 'જળ સંસાધન મંત્રાલય'એ પણ ભાગીદારી કરી છે.

### જૂટ પ્રોડકટની આયાત પર એન્ટિ-ડમ્પિંગ ડ્યૂટી

- જૂટ સેકટરમાં માંગ વધારવા માટે ભારત સરકારે બાંગ્લાદેશ અને નેપાળથી જૂટ પ્રોડકટની આયાત પર એન્ટિ–ડમ્પિંગ ડ્યૂટી લગાવી છે. જે 5 જાન્યુઆરી, 2017 થી લાગુ છે.

### જૂટ સ્માર્ટ ઇ-પ્રોગ્રામ

- જૂટ ક્ષેત્રમાં પારદર્શિતાને પ્રોત્સાહન આપવા માટે, ભારત સરકાર દ્વારા ડિસેમ્બર,2016માં 'જૂટ સ્માર્ટ ઈ–કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં 'બી–ટવિલ સેકિંગ' પ્રકારની બોરીની ખરીદી માટે સરકારી એજન્સીઓ દ્વારા એક સંકલિત પ્લેટફોર્મ ઉપલબ્ધ કરવામાં આવ્યુ છે.

### Back to Basic : 'રાષ્ટ્રીય જટ બોર્ડ' વિશે

- 'રાષ્ટ્રીય જૂટ બોર્ડએ ભારતીય જુટને પ્રોત્સાહન આપવા માટેની સર્વોચ્ચ સંસ્થા છે.
- 'રાષ્ટ્રીય જૂટ બોર્ડ એકટ, 2008' હેઠળ સ્થાપિત આ બોર્ડની અધ્યક્ષતા ભારત સરકારના કાપડ મંત્રાલયના સચિવ કરે છે.
- 'જૂટ મેન્યુફેકચર્સ વિકાસ પરિષદની રચના વર્ષ 1984માં એક કાયદાકીય સંસ્થા તરીકે કરવામાં આવી હતી. પરંતુ હવે તેને 'રાષ્ટ્રીય જૂટ બોર્ડમાં એકીકૃત કરવામાં આવી છે.

### 'જૂટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ' વિશે

- 'જૂટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડએ ભારત સરકારની એજન્સી છે જે કોલકાતા ખાતે આવેલ છે. જે જ્યુટ ફાર્મિંગ રાજ્યોને ન્યૂનતમ ટેકાના ભાવો અને સહાય પૂરી પાડે છે.
- તેની રચના વર્ષ 1971માં કરવામાં આવી હતી.

## 'પિરિઓડિક લેબર ફોર્સ સર્વે (PLFS: Periodic Labour Force Survey)

- 'કેન્દ્રીય આંકડા અને કાર્યક્રમના અમલીકરણ મંત્રાલય' દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલ ત્રિમાસિક 'પિરિઓડિક લેબર ફોર્સ સર્વે' અનુસાર ઓકટોબર,2018 બાદ શહેરી બેરોજગારીના દરમાં સતત ઘટાડો થયો છે.

### 'પિરિઓડિક લેબર ફોર્સ સર્વેના આંકડા'(PLFS) વિશે

- PLFSના આંકડા મુજબ, ઓકટોબર–ડિસેમ્બર,2019માં શહેરી વિસ્તારોમાં બેરોજગારીનો દર 7.9% રહ્યો હતો, જે વર્ષ 2018ના સમાન સમયગાળાના આંકડા કરતા 2% ઓછો છે.
- જુલાઈ–સપ્ટેમ્બર, 2019માં શહેરી વિસ્તારોમાં બેરોજગારીનો દર 8.4% હતો, એપ્રિલ–જૂન,2019માં 8.9% અને ઓકટોબર–ડિસેમ્બર, 2018ના ગાળા દરમિયાન 9.9% હતો.
- આ સર્વે મુજબ, 15-23 વર્ષની વય જૂથમાં શહેરી બેરોજગારી ઓકટોબર–ડિસેમ્બર,2019 દરમિયાન 19.2% રહી હતી, જે જુલાઈ–સપ્ટેમ્બર,2019માં 20.6% અને ઓકટોબર–ડિસેમ્બર,2018માં 23.7% હતી.
- PLFS હેઠળ, શહેરી બેરોજગારીના ડેટા ત્રિમાસિક રીતે બહાર પાડવામાં આવે છે. તેની માહિતી એકત્રિત કરવાની પ્રક્રિયા 'સામયિક શ્રમિક બળ સર્વેક્ષણના વાર્ષિક અહેવાલથી અલગ છે, જેમાં શહેરી વિસ્તારો તેમજ ગ્રામીણ વિસ્તારોના આંકડાનો સમાવેશ કરવામાં આવે છે.
- સ્ત્રી બેરોજગારી દર: સર્વે મુજબ દેશમાં સ્ત્રી બેરોજગારીના દરમાં વધારો થયો છે. ઓકટોબર–ડિસેમ્બર,2019માં સ્ત્રી બેરોજગારીનો દર 9.8% રહ્યો હતો, જે જુલાઈ–સપ્ટેમ્બર (9.7%) દરમિયાન મળેલા ડેટા કરતા 0.1% વધારે છે.
- પાછલા વર્ષના ઓકટોબર–ડિસેમ્બરના દર કરતાં શહેરી વિસ્તારોમાં સ્ત્રી બેરોજગારીનો દર 12.3% અને એપ્રિલ–જૂન,2019માં 11.3%ની સરખામણીએ ઓછો છે.
- પુરુષ બેરોજગારી દર: પુરુષ બેરોજગારી દર ઓકટોબર–ડિસેમ્બર,2019 દરમિયાન 7.3% રહ્યો હતો, જે જુલાઈ–સપ્ટેમ્બર,2019 ના 8% અને ઓકટોબર–ડિસેમ્બર,2018 ના 9.2% દર કરતા નીચો છે.
- 'શ્રમ બળ ભાગીદારી દર (LFPR: Labour Force Participation Rate): LFPR ઓકટોબર–ડિસેમ્બર,2019માં 37.2% દર સાથે સુધારો દર્શાવ્યો છે. જુલાઈ–સપ્ટેમ્બર,2019 કવાર્ટરમાં તે 36.8% હતું.
- રાજ્યોની સ્થિતિ: આ સર્વે મુજબ ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, તેલંગાણા, કેરળ, મધ્યપ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, દિલ્હી અને આંધ્રપ્રદેશ જેવા રાજ્યોમાં શ્રમ બળ ભાગીદારી દરના આંકડા રાષ્ટ્રીય સ્તર કરતા વધારે હતા.

### Back to Basic: 'પિરિઓડીક લેબર ફોર્સ સર્વે(PLFS) વિશે

- 'પિરિઓડિક લેબર ફોર્સ સર્વે'એ ભારતનો કમ્પ્યુટર આધારિત રોજગાર સર્વે છે. જેની શરૂઆત વર્ષ 2017માં 'કેન્દ્રીય

આંકડા' અને 'કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય' દ્વારા કરવામાં આવી હતી.

- PLFS રિપોર્ટ 'નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ'(NSO) દ્વારા બહાર પાડવામાં આવે છે.
- 'રાષ્ટ્રીય આંકડાકીય આયોગ' દ્વારા વર્ષ 2009માં રચિત 'કુંડુ સમિતિ'ની ભલામણોને આધારે આ સર્વેક્ષણની શરૂઆત કરવામાં આવી છે.

### Back to Basic: 'રાષ્ટ્રીય આંકડાકીય કચેરી' (NSO: National Statistical Office) વિશે

- કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ 2019માં 'નેશનલ સેમ્પલ સર્વે ઓફિસ'(NSSO) અને 'સેન્ટ્રલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસ'(CSO) નો વિલય કરીને NSOની સ્થાપના કરવામાં આવી છે.
- NSO ભારત સરકારના વિવિધ મંત્રાલયો/વિભાગો અને રાજ્ય આંકડા બ્યુરો વચ્ચે દેશમાં આંકડાકીય પ્રણાલીના આયોજિત વિકાસ માટે નોડલ એજન્સી તરીકે કામ કરવા ઉપરાંત આંકડાકીય કામગીરીનું સંકલન કરે છે.

## 'રાષ્ટ્રીય ઉત્પાદકતા પરિષદ'(NPC: National Productivity Council)

- તાજેતરમાં 'રાષ્ટ્રીય ઉત્પાદકતા પરિષદને કૃષિ ઉત્પાદનોના સંગ્રહ અને ખોરાકની સલામતીની વૈજ્ઞાનિક પદ્ધતિના ક્ષેત્રમાં 'રાષ્ટ્રીય એક્રેડિટેશન બોર્ડ ફોર સર્ટિફિકેશન બોડીઝ(NABCB) અને 'ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા(QCI) દ્વારા ISO 17020:2012 મુજબ માન્યતા આપવામાં આવી છે.
- 'રાષ્ટ્રીય ઉત્પાદકતા પરિષદ NABCB (National Accreditation Board for Certification Bodies) દ્વારા આ માન્યતા પ્રાપ્ત કર્યા પછી 'ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના 'ખાદ્ય સુરક્ષા અને માનાંક (ખાદ્ય સુરક્ષા લેખા પરીક્ષા) વિનિયમ, 2018' હેઠળ ફૂડ બિઝનેસમાં સંકળાયેલ સંસ્થાઓની તપાસ કરી શકશે.
- 'રાષ્ટ્રીય ઉત્પાદકતા પરિષદને પ્રાપ્ત આ માન્યતા ત્રણ વર્ષ માટે માન્ય રહેશે.

### ISO 17020: 2012 વિશે

- તે નિરીક્ષણ કરતી સંસ્થાઓની ક્ષમતા અને તેમની નિરીક્ષણ પ્રવૃત્તિઓની ઔચિત્ય અને સાતત્ય સંબંધિત આવશ્યકતાઓને નિર્દિષ્ટ કરે છે. આ પ્રકાર A, B અથવા Cની નિરીક્ષણ સંસ્થાઓને અને નિરીક્ષણના કોઈપણ તબક્કે લાગુ પડે છે.

### Back to Basic : 'રાષ્ટ્રીય ઉત્પાદકતા પરિષદ'(ISO) વિશે

- 'રાષ્ટ્રીય ઉત્પાદકતા પરિષદની સ્થાપના વર્ષ 1958માં 'કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના 'ડીપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈંડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ(DPIIT) હેઠળ સ્વાયત સંસ્થા તરીકે થઈ હતી.
- ઉત્પાદકતાના ક્ષેત્રમાં સંશોધન ઉપરાંત, NPC જાહેર અને ખાનગી ક્ષેત્રની સંસ્થાઓને કૃષિ–વ્યવસાય, આર્થિક સેવા, ગુણવત્તા વ્યવસ્થાપન, માહિતી તકનીક, ટેકનોલોજી મેનેજમેન્ટ, ઊર્જા વ્યવસ્થાપન, પર્યાવરણીય સંચાલન જેવા ક્ષેત્રોમાં સલાહ અને તાલીમ સેવાઓ પ્રદાન કરે છે.
- NPC એ ટોકયો, જાપાન સ્થિત 'એશિયન ઉત્પાદકતા સંગઠન(APO) નો એક મતદાર છે. ભારત APO નો સ્થાપક સભ્ય છે.
- 'કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી' NPCના અધ્યક્ષ હોય છે.
- DPIIT ના સચિવ NPC ના ચેરમેનની ભૂમિકા ભજવે છે.

## ડેમ રિહેબિલિટેશન એન્ડ ઇમ્પ્રૂવમેન્ટ પ્રોજેક્ટ

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં આર્થિક બાબતોની મંત્રીમંડળ સમિતિએ 'વર્લ્ડ બેંકઅને 'એશિયન ઈન્ફ્રાસ્ટ્રકચર ઈન્વેસ્ટમેંટ બેંક' દ્વારા આર્થિક સહાયતા પ્રાપ્ત 'ડેમ રિહેબિલિટેશન એન્ડ ઈમ્પ્રૂવમેન્ટ પ્રોજેક્ટ'ના બીજા અને ત્રીજા તબક્કાને મંજુરી આપવામાં આવી છે.

### 'ડેમ રિહેબિલિટેશન એન્ડ ઇમ્પ્રૂવમેન્ટ પ્રોજેક્ટ'(DRIP) વિશે

- આ પ્રોજેક્ટની કિંમત 10,211 કરોડ રૂપિયા છે.
- આ પ્રોજેક્ટનો અમલ સમયગાળો 10 વર્ષનો (એપ્રિલ, 2021 થી માર્ચ, 2031) સુધીનો છે અને તેમાં બે તબક્કાઓ શામેલ છે. દરેક તબક્કો છ વર્ષ માટેનો રહેશે. જેમાં બે વર્ષના ઓવરલેપિંગ સમયગાળાનો પણ સમાવેશ થાય છે.
- કુલ પ્રોજેક્ટ ખર્ચમાંથી બાહ્ય નાણાકીય ભંડોળ રૂ.7,000 કરોડ છે અને બાકીના 3211 કરોડ સંબંધિત અમલીકરણ એજન્સીઓ ઉઠાવશે.
- ઋણ જવાબદારી તરીકે કેન્દ્ર સરકારનું યોગદાન રૂ.1,024 કરોડ છે અને કેન્દ્રીય ઘટકના ભાગ રૂપે, કાઉન્ટર–પાર્ટ ફંડિંગ હેઠળ રૂ.255 કરોડ પૂરા પાડવામાં આવશે.
- મૂળરૂપથી DRIPની કુલ કિંમત 2100 કરોડ રૂપિયા હતી. જેમાંથી રાજ્યનો હિસ્સો 1968 કરોડ અને કેન્દ્રનો હિસ્સો 132 કરોડ રૂપિયા હતો.
- શરૂઆતમાં આ પ્રોજેક્ટ 6 વર્ષના સમયગાળા માટેનો હતો. તેની શરૂઆત 18 એપ્રિલ, 2012 ના રોજ કરવામાં આવી હતી અને 30 જૂન, 2018 અંતનો સમયગાળો હતો.
- વર્ષ 2017માં 'કેન્દ્રીય જળ સંસાધન, નદી વિકાસ' અને ગંગા કાયાકલ્પ મંત્રાલયઅને 'વિશ્વ બેંક' દ્વારા સિદ્ધાંતિક રીતે પ્રોજેક્ટના અમલીકરણને બે વર્ષ લંબાવીને સુધારેલા પ્રોજેક્ટની સમાપ્તિની તારીખ 30 જૂન, 2020 સુધી વધારી દેવામાં આવી હતી.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

# 3. આંતરરાષ્ટ્રીય ઘટનાઓ

## BRICS વર્ચ્યુલ બેઠક

### BRICS વર્ચ્યુલ બેઠક વિશે

- તાજેતરમાં બ્રિકસ દેશો દ્વારા મંત્રી સ્તરીય 'વર્ચ્યુઅલ મીટીંગ' યોજવામાં આવી હતી. જેમાં 'શ્રમ અને રોજગાર રાજ્યમંત્રી' ઉપસ્થિત રહ્યા હતા.
- બ્રિકસ દેશોના 'શ્રમ અને રોજગાર મંત્રી'ઓ વચ્ચે 'વર્ચ્યુઅલ મીટિંગ' રશિયાની અધ્યક્ષતામાં યોજવામાં આવી હતી.
- વર્ચુઅલ મીટિંગમાં, બ્રિકસ દેશોમાં 'સેફ વર્ક કલ્ચર' બનાવવાનો અભિગમ સહિત શ્રમ સંબંધિત વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.
- વર્ચુઅલ મીટિંગમાં ભારત સરકારે શ્રમ સુધારા તરફ લીધેલા પગલાઓની પણ ચર્ચા કરવામાં આવી હતી.

## શ્રમ સંબંધિત ઉભરતા મુદ્દાઓ વિશે

### ડિજિટલ ઇકોનોમી અને શ્રમ

- 'ડિજિટલ ઈકોનોમી' અર્થતંત્રનો એક અભિન્ન ભાગ છે. 'ડિજિટલ અર્થતંત્ર' એ બધી આર્થિક પ્રક્રિયાઓ, વ્યવહારો, ક્રિયાપ્રતિક્રિયાઓ અને પ્રવૃત્તિઓનો સંદર્ભ આપે છે જે ડિજિટલ તકનીકો પર આધારિત છે.
- ડિજિટલ નવીનીકરણના ક્ષેત્ર જેવાકે ટેલિમેડિસિન, લોજિસ્ટકસ ઈન્ફ્રાસ્ટ્રકચર, ઓનલાઈન ચુકવણી, અંતર શિક્ષણ અને મનોરંજન જેવા ઈનોવેટીવ ક્ષેત્રમાં ભારત વૈશ્વિક અને સ્થાનિક ઉદ્યોગો માટે એક આકર્ષક તકની સાથે સાથે રોજગારની નવી તકો ઉભી કરે છે.
- કૃત્રિમ બુદ્ધિમતા અને રોબોટિકસ જેવી ડિજિટલ ઈન્ટેલિજન્સ અને તકનીકી પ્રગતિઓ સીધી બજારને અસર કરે છે. વર્ચ્યુઅલ મીટિંગમાં 'ફ્યુચર ઓફ વર્ક ઈન ડિજિટલ ઈકોનોમી' વિષય પર ચર્ચા કરવામાં આવી હતી.

### શ્રમનુ બદલાતુ સ્વરૂપ અને સામાજિક સુરક્ષા

- 'સલામત કાર્ય વાતાવરણ અને સ્વસ્થ વર્કફોર્સ'નો એક મહત્વપૂર્ણ ઘટક 'આકસ્મિક સામાજિક સુરક્ષા કવરેજ'ની ઉપલબ્ધતા છે જે આકસ્મિક સમયમાં આર્થિક સહાય પૂરી પાડે છે. આ દિશામાં, ભારત સરકાર દ્વારા 'સાર્વત્રિક સામાજિક સુરક્ષા' માટેનું માળખું પ્રદાન કરવામાં આવ્યું છે.
- અસંગઠિત કામદારો, પ્રવાસી શ્રમીક, સ્વરોજગારોને સામાજીક સુરક્ષા કવરેજ આપવાની સાથે આ દિશામાં રોજગારના નવા સ્વરૂપોને સમાવિષ્ટ કરવામાં આવ્યા છે.

### ગરીબી નિવારણ કાર્યક્રમ અને શ્રમ સુધારણા

- શ્રમ સુધારણા અને ગરીબી નાબૂદીના મુદ્દાઓ એકબીજા સાથે જોડાયેલા છે. તેથી, ગરીબી નાબૂદ કરવા માટે બહુપક્ષીય વ્યૂહરચના અપનાવવાની જરૂર છે.
- ભારત સરકાર દ્વારા ગરીબી નિવારણ કાર્યક્રમ અંતર્ગત મૂળભૂત સેવાઓ પૂરી પાડવી, નાણાકીય સમાવેશના પગલાં અપનાવવા, નબળા નાગરિકોને મત આરોગ્ય વીમા પૂરા પાડીને ગુણવત્તાયુક્ત આરોગ્યસંભાળની પહોંચ પૂરી પાડવી, રસોઈ માટે સ્વચ્છ બળતણ પ્રદાન કરવા જેવી બહુપક્ષીય વ્યૂહરચના અપનાવવામાં આવી છે.

## જીનિવા કન્વેશન

- જૂન,2020માં લદ્દાખમાં 'ગલવાન(ભારત–ચીન) સંઘર્ષ બાદ, 'ઈન્ટરનેશનલ કમિટી ફોર રેડ ક્રોસ'(ICRC) દ્વારા ભારત અને ચીન બંને દેશોની સરકારને 'જીનીવા કન્વેશનની શરતોનુ પાલન કરવાનો આગ્રહ કરવામાં આવ્યો હતો જેના બંને દેશ હસ્તાક્ષરકર્તા છે.

### 'જીનિવા કન્વેશન'વિશે

- 'જીનિવા કન્વેશન (1949) અને તેના અન્ય પ્રોટોકોલ્સ એ આંતરરાષ્ટ્રીય સંધિઓ છે જેમાં યુદ્ધની અસહ્યતાને મર્યાદિત કરતા સૌથી મહત્વપૂર્ણ નિયમો શામેલ છે.
- આ સંધિઓ/પ્રોટોકોલ્સ એવા લોકોને સુરક્ષા પ્રદાન કરે છે જેઓ યુદ્ધમાં ભાગ લેતા નથી, જેમ કે નાગરિકો, તબીબો, સહાય કાર્યકરો અને જેઓ લડવાની સ્થિતિમાં નથી, જેમ કે ઘાયલ, બિમાર અને જહાજ પર સવાર સૈનિકો અને યુદ્ધના કેદીઓ વગેરે.
- પ્રથમ 'જીનિવા કન્વેશન યુદ્ધ દરમ્યાન ઘાયલ અને બિમાર સૈનિકોને સુરક્ષા પૂરી પાડે છે.
- બીજુ 'જીનિવા કન્વેશન યુદ્ધ દરમ્યાન સમુદ્રમાં ઘાયલ, બિમાર અને જહાજ પર રહેલ સૈન્ય સૈનિકોના રક્ષણની જોગવાઈ કરે છે.
- ત્રીજુ 'જીનિવા કન્વેશન યુદ્ધ દરમિયાન બંદી બનાવવામાં આવતા લોકો પર લાગુ પડે છે.
- ચોથું 'જીનિવા કન્વેશન કબજે કરેલા પ્રદેશો સહિત નાગરિકોને સુરક્ષા પૂરી પાડે છે.
- 'જીનિવા કન્વેશન'નો અનુચ્છેદ–3 સામાન્ય છે, જેમાં બિન–આંતરરાષ્ટ્રીય સશસ્ત્ર તકરારની પરિસ્થિતિઓને આવરી લેવામાં આવે છે. આમાં, પરંપરાગત ગૃહ યુદ્ધ,

આંતરિક સશસ્ત્ર સંઘર્ષનો સમાવેશ થાય છે જેનો અન્ય રાજ્યો/દેશો પર પ્રભાવ પડે છે અથવા તે આંતરિક તકરારમાં સામેલ હોય છે જેમાં એક ત્રીજુ રાજ્ય અથવા બહુરાષ્ટ્રીય દળ સરકારની સાથે હસ્તક્ષેપ કરે છે.

- વર્ષ 1949ના ચાર 'જીનિવા કન્વેશન' ઉપરાંત, વર્ષ 1977 માં બે જીનિવા પ્રોટોકોલ્સ અપનાવવામાં આવ્યા.
- આ બંને પ્રોટોકોલ આંતરરાષ્ટ્રીય અને બિન–આંતરરાષ્ટ્રીય સશસ્ત્ર તકરારના ભોગ બનેલા લોકોના રક્ષણને મજબૂત બનાવે છે અને યુદ્ધ કરવાની પધ્ધતિની મર્યાદા નક્કી કરે છે.
- વર્ષ 2005માં, ત્રીજા અતિરિક્ત પ્રોટોકોલ તરીકે 'રેડ ક્રિસ્ટલને પ્રતીકના રૂપમાં અપનાવવામાં આવ્યો. જેને 'રેડ ક્રોસ'અને 'રેડ ક્રિસેં' ચિહ્નસમાન આંતરરાષ્ટ્રીય દરજ્જો પ્રાપ્ત છે.

### 'ઇન્ટરનેશનલ કમિટી ફોર રેડક્રોસ'(ICRC) વિશે

- 'ઈન્ટરનેશનલ કમિટી ોર રેડ ક્રોસ(ICRC) એક આં તરરાષ્ટ્રીય માનવતાવાદી સંસ્થા છે. જે હસ્તાક્ષર કરનારા દેશો દ્વારા સંઘર્ષની સ્થિતિમાં નિયમોનું પાલન કરવામાં આવે છે કે કેમ તેની દેખરેખ રાખે છે.
- વર્ષ 1863માં સ્થપાયેલ ICRC વૈશ્વિક સ્તરે સંઘર્ષ અને સશસ્ત્ર હિંસાથી પ્રભાવિત લોકોને મદદ કરે છે તેમજ યુદ્ધ દરમિયાન પીડિતોના રક્ષણના કાયદાને પ્રોત્સાહન આપે છે.
- તે એક સ્વતંત્ર અને તટસ્થ સંસ્થા છે જેનું મુખ્યાલય જીનેવા, સ્વિટઝર્લેન્ડમાં આવેલ છે.
- ICRC મુખ્યત્વે સરકારો અને 'રાષ્ટ્રીય રેડ ક્રોસ' અને 'રેડ ક્રિસેંટ સોસાયટીઓ' તરફથી સ્વૈચ્છિક અનુદાન દ્વારા વિત્તપોષિત છે.

## ભારત-કઝાકિસ્તાન સંરક્ષણ સહકાર એક્સ્પો

### ભારત-કઝાકિસ્તાન સંરક્ષણ સહકાર એક્સ્પો વિશેઃ

- 15 ઓક્ટોબર, 2020ના રોજ ભારત અને કઝાકિસ્તાન વચ્ચે 'મેક ઈન ઈન્ડિયા ફોર ધ વર્લ્ડ, ઈન્ડિયા–કઝાકિસ્તાન સંરક્ષણ સહકારઃ વેબિનાર અને એક્સ્પો' થીમ હેઠળ એક વેબિનારનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આ વેબિનારનું આયોજન સંરક્ષણ મંત્રાલયના 'સંરક્ષણ પ્રોડક્શન વિભાગ' દ્વારા FICCIના માધ્યમથી કરવામાં આવ્યું હતું.
- વેબિનાર એ વેબિનારની શ્રેણીનો ભાગ છે જે સંરક્ષણ નિકાસને વેગ આપવા માટે મૈત્રીપૂર્ણ વિદેશી દેશો સાથે આયોજન કરવામાં આવ્યું છે.
- આ વેબિનાર આગામી પાંચ વર્ષમાં પાંચ અબજ ડોલરના સંરક્ષણ નિકાસ લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે યોજવામાં આવી રહ્યા છે.
- વેબિનારમાં 350 સહભાગીઓ અને 39 વર્ચુઅલ એકિઝીબશન સ્ટોલ્સ શામેલ હતા, જેમાં કઝાક કંપનીઓના 7 સ્ટોલ્સ હતા.
- બંને પક્ષે સહ–વિકાસ, સહ–ઉત્પાદન અને તેમની આવશ્યકતાઓને પહોંચી વળવા માટેની તકોના લાભની જરૂરિયાત વિશે વાતચીત કરવામાં આવી હતી.

## ભારત અને ચિલી સંયુક્ત પંચની પ્રથમ બેઠક

### ભારત અને ચિલી સંયુક્ત પંચની પ્રથમ બેઠક વિશે

- ભારત અને ચિલી દ્વારા 16 ઓક્ટોબર, 2020ના રોજ તેમની પ્રથમ સંયુક્ત પંચની બેઠકનું આયોજન કરવામાં આવ્યુ હતુ.
- બંને દેશો તેમના સંબંધોમાં નવી ગતિ ઉમેરવા સંમત થયા હતા.
- તેઓ વેપાર અને વાણિજ્ય, કૃષિ, આરોગ્ય અને સામાજિક સુરક્ષા, સંરક્ષણ અને અવકાશ ક્ષેત્રે કામ કરવા સંમત થયા હતા.
- આ બેઠકની અધ્યક્ષતા વિદેશ મંત્રી 'એસ.જયશંકર' અને ચીલીના સમકક્ષ 'આન્દ્રેસ અલમંદ ઝાવાલાએ કરી હતી.
- ચિલીએ તેની વિદેશ નીતિમાં ભારતને અગ્રતા દેશ તરીકે નામ આપવાનો નિર્ણય કર્યો હતો.
- ચિલી દ્વારા મુંબઈ ખાતે 'કોન્સ્યુલેટ જનરલ' ખોલાશે.

### Back to Basic : ભારત-ચિલી સંબંધ વિશે

- ચિલી એ લેટિન અમેરિકા અને પેસિફિક અલાયન્સનું પ્રવેશ દ્વાર છે.
- ચિલીએ નવી દિલ્હીમાં એક દૂતાવાસ સ્થાપ્યો છે અને ભારતે સેન્ટિયાગોમાં એક દૂતાવાસ સ્થાપ્યો છે.
- આ બંને દેશો જી–20ના સભ્યો છે.
- ભારત અને ચીલી આંતરરાષ્ટ્રીય સોલર એલાયન્સના ભાગીદાર પણ છે.
- વર્ષ 2019માં, ભારત–ચિલીએ તેમની વચ્ચે રાજદ્વારી સંબંધોની સ્થાપનાની 70 મી વર્ષગાંઠની ઉજવણી કરી હતી.

## SLINEX-20

### SLINEX-20 વિશે

- ભારતીય નૌકાદળ અને શ્રીલંકન નૌકાદળ વચ્ચે 19થી 21 ઓક્ટોબર,2020 દરમિયાન સંયુક્ત વાર્ષિક દ્વિપક્ષીય દરિયાઇ કવાયત, SLINEX-20 ની આઠમી આવૃત્તિ, શ્રીલંકાના ત્રિંકોમાલીમાં યોજાશે.

- તેનો ઉદ્દેશ બંને નૌસેના વચ્ચેના મલ્ટિડિસિપ્લિનરી મેરીટાઈમ કામગીરી માટે પરસ્પર આંતર વ્યવહારિકતા, વધુ પરસ્પર સમજણ અને શ્રેષ્ઠ પ્રથાઓ અને કાર્યવાહીની આપ–લે વધારવાનો છે.
- આ યુદ્ધઅભ્યાસમાં શ્રીલંકાનુ 'સાયુરા' અને 'ગજબાહુ નૌસૈનિક જહાજ' અને ભારતીય નૌસેના તરફથી 'કમોર્ટા' અને 'કિલ્ટન ભાગ લેશે.
- SLINEXની અગાઉની આવૃત્તિ સપ્ટેમ્બર,2019માં વિશાખાપટનમમાં યોજાઈ હતી.

## માલાબાર નૌસૈનિક અભ્યાસ અને ઓસ્ટ્રેલિયા

- પૂર્વી લદ્દાખમાં ચીન સાથે ચાલી રહેલા અડચણ વચ્ચે સંરક્ષણ મંત્રાલયે જાહેરાત કરી છે કે ઓસ્ટ્રેલિયા માલાબાર,2020ના નૌસૈનિક અભ્યાસમાં સામેલ થશે.
- મલબાર, 2020માં કવાડ ગ્રુપના ચાર દેશો ભારત, અમેરીકા, જાપાન અને ઓસ્ટ્રેલિયાની નૌસૌના એક સાથે યુદ્ધાભ્યાસ કરશે.
- ઓગસ્ટ,2020માં સંરક્ષણ મંત્રાલયની એક મહત્વપૂર્ણ બેઠકમાં ઓસ્ટ્રેલિયાને આમંત્રણ આપવાના મુદ્દા પર ચર્ચા કરવામાં આવી હતી, પરંતુ કોઈ અંતિમ નિર્ણય લેવામાં આવ્યો ન હતો.
- ભારત દરિયાઈ સુરક્ષા ક્ષેત્રે અન્ય દેશો સાથે સહયોગ વધારવાનો પ્રયાસ કરી રહ્યો છે અને તે દિશામાં ઓસ્ટ્રેલિયા સાથે વધતા સંરક્ષણ સહયોગના કારણે માલાબાર, 2020 યુદ્ધાભ્યાસમાં ઓસ્ટ્રેલિયન નૌસૈના ભાગ લેશે.
- માલાબાર, 2020 નૌસૈના અભ્યાસ નવેમ્બરના અંતમાં યોજાવાની છે અને ઓક્ટોમ્બરના અંતમાં અભ્યાસની પદ્ધતિઓને અંતિમ સ્વરૂપ આપવા માટે એક કોન્ફરન્સનુ આયોજન કરવામાં આવશે.
- તે કવાડ ગ્રુપના ચાર દેશોની નૌસૈનાને ઔપચારિક રીતે એક સાથે લાવશે.

### Back to Basic: માલાબાર નૌસિક અભ્યાસ વિશે

- 'માલાબાર નૌસૈનિક અભ્યાસ' ભારત–યુએસ–જાપાનના નૌકાદળો વચ્ચે દર વર્ષે યોજવામા આવતી ત્રિપક્ષીય સૈન્ય કવાયત છે.
- ભારત અને યુએસ વચ્ચે દ્વિપક્ષીય નૌકાદળ કવાયત તરીકે વર્ષ 1992માં મલાબાર નૌસૈનિક અભ્યાસની શરૂઆત કરવામાં આવી હતી.
- વર્ષ 2015માં આ અભ્યાસમાં જાપાનના શામેલ થયા બાદ એક ત્રિપક્ષીય સૈન્ય અભ્યાસ બની ગયો હતો.

## SCOના ન્યાય સમિતિના મંત્રીઓની સાતમી બેઠક

### SCOના ન્યાય સમિતિના મંત્રીઓની સાતમી બેઠક વિશે

- 'શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન'ના(SCO) સભ્ય દેશોના ન્યાયમૂર્તિઓની સાતમી બેઠક 16 ઓકટોબર, 2020ના રોજ યોજવામાં આવી હતી. કાયદા અને ન્યાય, સંદેશાવ્યવહાર અને ઈલેકટ્રોનિકસ અને માહિતી ટેકનોલોજી મંત્રી શ્રી રવિશંકર પ્રસાદ દ્વારા તેની અધ્યક્ષતા કરવામાં આવી હતી.
- રવિશંકર પ્રસાદે ભારત સરકાર દ્વારા માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ, સૌને સસ્તો અને સરળ રીતે ન્યાય મળી રહે તે માટેની પહેલ ઉપર પ્રકાશ પાડયો હતો.
- ન્યાયમંત્રીઓની મંચની પ્રવૃત્તિઓની ભાગ રૂપે, મંત્રીએ SCOના સભ્ય દેશોને વિનંતી કરી કે તે ઓળખાતા ક્ષેત્રોમાં વિચારો, શ્રેષ્ઠ પ્રથાઓ અને અનુભવોના આદાનપ્રદાનને પ્રોત્સાહન આપે.
- SCOના સભ્ય દેશોએ વૈકલ્પિક વિવાદ નિવારણ મિકેનિઝમને પ્રોત્સાહન આપવાના મહત્વ પર પણ ચર્ચા કરી.

### ભારત સરકાર દ્વારા શરૂ કરવામાં પહેલ વિશે

- પ્રો બોનો કાનૂની સેવાઓઃ સમાજના સીમાંત વર્ગને મફત કાનૂની સહાય આપવા માટે તેની શરૂઆત કરવામાં આવી છે.
- ટેલિ–લો સેવાઓઃ આ પહેલ વર્ષ 2017માં શરૂ કરવામાં આવી હતી. આ પહેલ હેઠળ ગરીબ લોકોને વિડીયો કોન્ફરન્સ દ્વારા કાનૂની સહાય પૂરી પાડવામાં આવે છે. વિડીયો કોન્ફરન્સ દ્વારા ગરીબ લોકોને અત્યાર સુધીમાં 3 લાખ 44 હજારથી વધુ મફત કાનૂની સલાહ આપવામાં આવી છે.
- ઈ–કોર્ટ પ્રોજેકટ અને આભાસી અદાલતોઃ આ અંતર્ગત, COVID-19 રોગચાળા દરમિયાન, ભારતની વિવિધ અદાલતોમાં વિડિઓ કોન્ફરન્સ દ્વારા 25 લાખથી વધુ સુનાવણી થઈ હતી. સુપ્રીમ કોર્ટે એકલા નવ હજાર વર્ચ્યુઅલ સુનાવણીનો નિકાલ કર્યો હતો.

## NATOનું નવુ અવકાશ કેન્દ્ર

- 'The North Atlantic Treaty Organization' (NATO) દ્વારા જર્મનીના 'રામસ્ટેઈનમાં એક નવું સ્પેસ સેન્ટર સ્થાપવામાં આવશે.

➤ આ કેન્દ્ર અવકાશ નિરીક્ષણ માટે સંકલન કેન્દ્ર તરીકે સેવા આપશે. તે ઉપગ્રહોનો સામનો કરી શકે તેવા સંભવિત જોખમો સંબંધિત માહિતી એકઠી કરશે. આ કેન્દ્રને ભવિષ્યમાં રક્ષણાત્મક પગલા માટે કમાન્ડ સેન્ટર તરીકે વિકસાવવામાં આવશે. આ કેન્દ્ર NATO ની કલમ–5 હેઠળ સ્થાપવામાં આવી રહ્યું છે.

### NATOની કલમ-5 વિશે

➤ કલમ–5 NATO ને સામૂહિક સંરક્ષણ કાર્યવાહી કરવા માટે સમર્થ બનાવે છે. તે ચોક્કસ માપદંડ પ્રદાન કરે છે જેના હેઠળ NATO રક્ષણાત્મક પગલાં લે છે.

### Back to Basics : NATO (North Atlantic Treaty Organization) વિશે

➤ NATO ને 'ઉત્તર એટલાન્ટિક જોડાણ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

➤ તે આંતર–સરકારી સૈન્ય જોડાણ છે. તેમાં 30 ઉત્તર અમેરિકન અને યુરોપિયન દેશોનો સમાવેશ છે.

➤ તે ઉત્તર એટલાન્ટિક સંધિનો અમલ કરે છે જે 4 એપ્રિલ 1949માં હસ્તાક્ષર કરવામાં આવી હતી.

➤ આ સંગઠન સામૂહિક સંરક્ષણની એક સિસ્ટમ બનાવે છે, જે હેઠળ સ્વતંત્ર સભ્ય દેશો કોઈપણ બાહ્ય પક્ષ દ્વારા કરવામાં આવેલા હુમલા સામે પરસ્પર સંરક્ષણ માટે સંમત થાય છે.

➤ તેનું મુખ્ય મથક બેલ્જિયમના બ્રુસેલ્સ, 'એવરે'ખાતે આવેલ છે જ્યારે એલાયડ કમાન્ડ ઓપરેશન્સનું મુખ્ય મથક બેલ્જિયમના 'મોન્સ'માં આવેલ છે.

➤ મૂળરૂપે NATOમાં 12 સભ્યો છે જેની સંખ્યા હવે વધારીને 30 કરવામાં આવી છે. ઉત્તર મેસેડોનિયા 27 માર્ચ,2020ના રોજ જૂથમાં જોડાયેલા સૌથી તાજેતરના સભ્ય છે.

## ભારત-વિયેતનામ બિઝનેસ ફોરમ

➤ 20 ઓક્ટોબર, 2020ના રોજ ઈન્ડિયા–વિયેતનામ બિઝનેસ ફોરમનું વર્ચ્યુઅલ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે, બંને પક્ષે ભારત અને વિયેતનામ વચ્ચેના વધતા દ્વિપક્ષીય વેપાર અને રોકાણ સંબંધોને પુષ્ટિ આપી હતી.

### ભારત-વિયેતનામ બિઝનેસ ફોરમ વિશે

➤ ભારત અને વિયેતનામ વચ્ચેનો વેપાર સતત વધી રહ્યો છે. વર્ષ 2019- 20માં બંને દેશો વચ્ચેનો વેપાર 12.34 અબજ ડોલર જેટલો છે.

➤ ભારત વિયેતનામમાં માંસ, માછીમારી ઉત્પાદનો, મકાઈ, સ્ટીલ, ફાર્માસ્યુટિકલ્સ, કપાસ, મશીનરીની નિકાસ કરે છે.

➤ જ્યારે, ભારત મોબાઈલ ફોન, ઈલેકિટ્રકલ મશીનરી અને ઉપકરણો, કમ્પ્યુટર, ઈલેકટ્રોનિક હાર્ડવેર, કુદરતી રબર, રસાયણો અને વિયેતનામથી કોફીની આયાત કરે છે.

➤ જો કે, દ્વિપક્ષીય વેપાર ટર્નઓવર હજી પણ આર્થિક વિકાસના સ્તરોનું પાલન કરી રહ્યું નથી. તેથી, તેની પૂર્ણ સંભાવના પ્રાપ્ત કરવા માટે વેપાર સંબંધોને વધુ તીવ્ર બનાવવાની જરૂર છે.

### Back to Basics : ભારત અને વિયેતનામ સંબંધ વિશે

➤ ભારત અને વિયેતનામ વચ્ચે સાંસ્કૃતિક અને આર્થિક સંબંધો બીજી સદીથી છે. આધુનિક સમયમાં, ભારતે ફ્રાન્સથી વિયેતનામના એકીકરણ અને સ્વતંત્રતાને ટેકો આપ્યો હતો.

➤ ભારતે વિયેતનામ યુદ્ધમાં અમેરિકન સંડોવણીનો પણ વિરોધ કર્યો હતો.

➤ બંને દેશો વચ્ચેના રાજદ્વારી સંબંધોની શરૂઆત વર્ષ 1972માં થઈ હતી અને ત્યારબાદથી બંને દેશોએ મૈત્રીપૂર્ણ સંબંધોને જાળવી રાખ્યા છે.

## બ્લુ ડોટ નેટવર્ક(BDN)

➤ અમેરિકામાં સેનેટર્સના દ્વિપક્ષી જૂથે વાર્ષિક નૌકાદળ કવાયત 'મલબાર' માટે ઓસ્ટ્રેલિયાને આમંત્રણ આપવાના નિર્ણયને સમર્થન આપ્યુ છે અને ભારતને 'બ્લુ ડોટ નેટવર્ક'માં જોડાવા આમંત્રણ પણ આપ્યું છે.

### 'બ્લુ ડોટ નેટવર્ક'(BDN) વિશે

➤ 'બ્લુ ડોટ નેટવર્કની શરૂઆત નવેમ્બર,2019માં બેંગકોક, થાઈલેન્ડમાં આયોજીત 35મી આસિયન સમિટ દરમિયાન કરવામાં આવી હતી.

➤ આ 'ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ ફાઈનાન્સ કોર્પોરેશન ઓફ અમેરિકાના નેતૃત્વ હેઠળની 'જાપાન બેન્ક ફોર ઈન્ટરનેશનલ કોઓપરેશન(JBIC) અને ઓસ્ટ્રેલિયાના વિદેશી બાબત અને વેપાર ખાતા વચ્ચેનો સંયુક્ત સહયોગ છે.

➤ તેનો ઉદ્દેશ સરકાર, ખાનગી ક્ષેત્રને સાથે લાવવા અને સામાન્ય ધોરણોની માળખામાં વૈશ્વિક માળખાગત વિકાસ પર ભાર મૂકવાનો છે.

➤ તેનું કાર્ય વૈશ્વિક માળખાકીય સિદ્ધાંતોના આધારે પ્રોજેકટને પ્રમાણિત કરવાનું છે.

➤ આ નેટવર્ક દ્વારા જારી કરાયેલું પ્રમાણપત્ર બજાર સંચાલિત, પારદર્શક અને ટકાઉ વિકાસ પ્રોજેકટ માટે માન્ય વૈશ્વિક પ્રતીક તરીકે કાર્ય કરશે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

➤ BDN વિકાસશીલ અને ઉભરતા અર્થતંત્રોમાં માળખાગત સુવિધા સંબંધિત પ્રોજેક્ટ માટે ખાનગી મૂડી રોકાણને આકર્ષિત કરશે.
➤ BDNને યુનાઈટેડ સ્ટેટની આગેવાની હેઠળના ચાઈનાના 'બેલ્ટ એન્ડ રોડ' પહેલ સામે પ્રતિક્રિયા તરીકે જોવામાં આવી રહ્યું છે.

## અવકાશ સહયોગ અંગે ભારત-નાઇજિરીયા વચ્ચેના MoUને મંજૂરી

➤ કેન્દ્રીય મંત્રીમંડળે 21 ઓક્ટોબર, 2020ના રોજ ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ISRO) અને નાઈજીરીયાની રાષ્ટ્રીય અવકાશ સંશોધન અને વિકાસ એજન્સી વચ્ચેના MoUને મંજૂરી આપી છે.

### અવકાશ સહયોગ અંગે ભારત-નાઇજિરીયાના MoU વિશે

➤ ભારત અને નાઈજિરીયા વચ્ચેના MoU પર જૂન, 2020માં બેંગલુરુ અને ઓગસ્ટ, 2020માં અબુજા નાઈજીરીયામાં હસ્તાક્ષર થયા હતા.
➤ સેટેલાઈટ કમ્યુનિકેશન, સેટેલાઈટ આધારિત નેવિગેશન, પૃથ્વીની રિમોટ સેન્સિંગ, સ્પેસ સિસ્ટમ્સ અને ગ્રાઉન્ડ સિસ્ટમ્સ, સ્પેસ ટેકનોલોજીના વ્યવહારિક કાર્યક્રમો સહિતના ક્ષેત્રોમાં દેશો વચ્ચે સહયોગ સક્ષમ કરવા માટે એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
➤ કરારોમાં તકનીક અને ભૌગોલિક ઉપકરણોને શેર કરવાનું પણ શામેલ હતું.
➤ હસ્તાક્ષર થયેલ કરાર હેઠળ નાઈજિરીયાની 'રાષ્ટ્રીય અવકાશ સંશોધન અને વિકાસ સંસ્થાઅને ઈસરોના સભ્યોના એક સંયુક્ત કાર્યકારી જૂથની રચના કરવામાં આવશે.

## G-20ની 'એન્ટી કરપ્શન વર્કિંગ ગ્રુપ'ની પ્રથમ બેઠક

➤ તાજેતરમાં કેન્દ્રીય કર્મચારી રાજ્યમંત્રી એ 'G-20 ની એન્ટી કરપ્શન વર્કિંગ ગ્રૂપ'ની પ્રથમ બેઠકમાં ભાગ લીધો હતો.
➤ આ બેઠક દરમિયાન, કેંદ્રીય કર્મચારી રાજ્ય મંત્રીએ ભ્રષ્ટાચારને સંપૂર્ણ રીતે નાબૂદ કરવાની ભારતની પ્રતિબદ્ધતાને પુનરોચ્ચારિત કરી હતી.
➤ આ સાથે તેમણે 'ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ,1988' અને 'ફ્યુજિટિવ ઈકોનોમિક અપરાધિકાર અધિનિયમ, 2018' જેવી કાનૂની જોગવાઈઓમાં સુધારો કરીને ભ્રષ્ટાચાર ઘટાડવા ભારત સરકારના પ્રયત્નોની રૂપરેખા આપી હતી.

### ભ્રષ્ટાચાર અટકાવવા સરકારના પ્રયત્નો વિશે

■ 'ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, 1988':
➤ કેન્દ્ર સરકારે દેશમાં ભ્રષ્ટાચારની પ્રવૃત્તિઓને અંકુશમાં રાખવા માટે વર્ષ 2018માં 'ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, 1988'માં સુધારો કર્યો હતો.
➤ આ સુધારા અંતર્ગત લાંચ આપવા સાથે લાંચ લેવાનું પણ ગુનાની કેટેગરી હેઠળ રાખવામાં આવ્યું હતું. આ સાથે, સુધારેલા કાયદા દ્વારા વ્યક્તિઓ અને કોર્પોરેટ સંસ્થાઓને ભ્રષ્ટાચારની પ્રવૃત્તિઓમાં ભાગ લેતા અટકાવવા માટે અસરકારક નિવારક પગલાં રજૂ કરાયા હતા.
➤ આ સુધારા દ્વારા સરકાર વધુ પારદર્શિતા દ્વારા મોટી સંસ્થાઓમાં ભ્રષ્ટાચારને રોકવા અને કોર્પોરેટ લાંચ વિરુદ્ધ કડક પગલાં લેવાનું લક્ષ્ય રાખે છે.

### ભાગેડુ આર્થિક અપરાધીઓ અધિનિયમ, 2018:

➤ વર્ષ 2018માં લાગુ કરવામાં આવેલ કાયદાનો મૂળ ઉદ્દેશ્ય તે આર્થિક ગુનેગારોને રોકવાનો હતો કે જેમણે કાયદાકીય કાર્યવાહી ટાળવા માટે દેશ છોડી દીધો હતો.
➤ આ કાયદો સત્તાધિકારીઓને ભાગેડુ આર્થિક ગુનેગાર દ્વારા ગુના અને અન્ય સંપત્તિની રકમ કબજે કરવાની સત્તા આપે છે.

### મની લોન્ડરિંગ નિવારણ અધિનિયમ

➤ વર્ષ 2019માં 'પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ'માં સુધારો કરીને 'એનફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ'ને મજબુત બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

### લોકપાલ અને લોકાયુક્ત

➤ 'લોકપાલ અને લોકાયુક્ત અધિનિયમ,2013' હેઠળ, સંઘ અને રાજ્યો માટેની લોકાયુક્ત સંસ્થા માટે લોકપાલ માટેની વ્યવસ્થા કરવામાં આવી છે.
➤ આ સંસ્થાઓ દેશમાં શાસનની વધુ પારદર્શિતા, વધુ નાગરિક કેન્દ્રિતતા અને જવાબદારી લાવવાનું કામ કરે છે.

### 'કેન્દ્રીય તકેદારી આયોગ (CVC: Central Vigilance Commission)

➤ 'કેન્દ્રીય તકેદારી આયોગની સ્થાપના ફેબ્રુઆરી,1964માં 'કે.સંથાનમની અધ્યક્ષતામાં ભ્રષ્ટાચાર નિવારણ સમિતિની ભલામણના અધારે કરવામાં આવી હતી.
➤ તેને 'કેન્દ્રીય તકેદારી આયોગ અધિનિયમ, 2003' હેઠળ 'વૈધાનિક' દરજ્જો આપવામાં આવ્યો હતો.

### Back to Basics: 'G-20 એન્ટી કરપ્શન વર્કિંગ ગ્રુપ'(ACWG) વિશે

- 'G-20 એન્ટી કરપ્શન વર્કિંગ ગ્રૂપ' ની સ્થાપના વર્ષ 2010માં G-20 દેશોની 'ટોરોન્ટો સમિટ' દરમિયાન કરવામાં આવી હતી.
- આ કાર્યકારી જૂથનો મુખ્ય ઉદ્દેશ ભ્રષ્ટાચારને રોકવા માટેના આંતરરાષ્ટ્રીય પ્રયાસોમાં G-20 દેશો દ્વારા પ્રાયોગિક અને મૂલ્યવાન યોગદાનના સંદર્ભમાં વિસ્તૃત ભલામણો આપવાનો છે.
- ACWG એ G-20 સભ્ય દેશો દ્વારા હાથ ધરવામાં આવેલા સામૂહિક અને રાષ્ટ્રીય ક્રિયાઓના સમન્વય દ્વારા જૂથના ભ્રષ્ટાચાર વિરોધી પ્રયાસોનું નેતૃત્વ કર્યું છે.
- ACWG એ ભ્રષ્ટાચાર વિરોધી પ્રવૃત્તિઓ માટે 'વર્લ્ડ બેંક ગ્રુપ, 'આર્થિક સહકાર અને વિકાસ માટેનું સંગઠન(OECD: Organization for Economic Co-Operation and Development), 'આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળઅને 'ફાઈનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ(FATF) જેવી સંસ્થાઓ સાથે મળીને કાર્ય કરે છે.

### G-20 સમુહ વિશે

- G-20 સમુહ એ 20 દેશોનું જૂથ છે જેમાં વિશ્વની અગ્રણી અદ્યતન અને ઉભરતી અર્થવ્યવસ્થાનો સમાવેશ થાય છે.
- 'G-20 સમુહની સ્થાપના વર્ષ 1997ના પૂર્વ એશિયન નાણાકીય સંકટ બાદ વર્ષ 1999 માં યુરોપિયન યુનિયન અને વિશ્વની ૧૯ અન્ય મુખ્ય અર્થવ્યવસ્થાઓની કેન્દ્રીય બેંકોના ગવર્નરો અને નાણાંમંત્રીઓના એક ફોરમના રૂપમાં કરવામાં આવી હતી.
- આ સમુહમાં અર્જેન્ટના, ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ, કેનેડા, ચીન, યુરોપિયન યુનિયન, ફ્રાંસ, જર્મની, ભારત, ઈન્ડોનેશિયા, ઈટાલી, જાપાન, મેક્સિકો, રશિયા, સાઉદી અરેબિયા, દક્ષિણ આફ્રિકા, દક્ષિણ કોરિયા, તુર્કી, બ્રિટન અને યુનાઈટેડ સ્ટેટનો સમાવેશ થાય છે.
- G-20 સમુહ એ ફક્ત એક મંચ છે. તે કાયમી સચિવાલય અથવા કાયમી કર્મચારી વિના કાર્ય કરે છે. તેના પ્રમુખની પસંદગી વાર્ષિક G-20 સભ્ય દેશોમાંથી થાય છે.
- વર્તમાનમાં 'G-20 સમુહ'ની અધ્યક્ષતા સાઉદી અરેબિયા પાસે (1 ડિસેમ્બર, 2019 થી 30 નવેમ્બર, 2020 સુધી) છે.

## દક્ષિણ એશિયન ફ્લેશ ફ્લડ ગાઇડન્સ સિસ્ટમ

- તાજેતરમાં દક્ષિણ એશિયન દેશોમાં અચાનક આવતા પુર અથવા ફ્લેશ પૂરના પડકારનો સામનો કરવા માટે 'ભારત હવામાન વિભાગ'(IMD: Indian Meteorological Organization) દ્વારા 'દક્ષિણ એશિયન ફ્લેશ ફ્લડ ગાઇડન્સ સિસ્ટમ'(FFGS: South Asia Flash Flood Guidance System) નામની એક માર્ગદર્શન પ્રણાલીની શરૂઆત કરવામાં આવી છે.
- 'વિશ્વ હવામાન સંગઠન'ના (WMO) ડેટા અનુસાર, વિશ્વભરમાં દર વર્ષે લગભગ 5,000 લોકો પૂરના કારણે મૃત્યુ પામે છે.
- IMDની પહેલ હેઠળ નવી દિલ્હીમાં એક સમર્પિત FFGS કેન્દ્રની સ્થાપના કરવામાં આવશે. જ્યાં વર્ષોથી સભ્ય દેશો તરફથી મળેલા સંબંધિત ડેટાની સમીક્ષા કરવામાં આવશે.
- વરસાદ અને સંભવિત પૂરની આગાહીના આધારે સંબંધિત દેશોને 'ફ્લેશ ફ્લડની ચેતવણી આપવામાં આવશે.

### 'ફ્લેશ ફ્લડ' વિશે

- ફ્લેશ ફ્લડ અથવા અચાનક આવતા પૂરનો અર્થ એવી પૂરની ઘટનાઓ સાથે છે જે વરસાદના થોડા કલાકોમાં જ પાણીના સ્તરમાં નોંધપાત્ર વધારો થાય છે.
- વિશ્વના મોટા ભાગના દેશોમાં ફ્લેશ ફ્લડ અંગે ચેતવણી આપવાની ક્ષમતાનો અભાવ છે.
- વૈશ્વિક કવરેજ સાથે 'ફ્લેશ ફ્લડ ગાઈડન્સ સિસ્ટમ' (FFGS) પ્રોજેક્ટના અમલીકરણને ફ્લેશ ફ્લડ અને તેના વિનાશને ધ્યાનમાં રાખીને 'વિશ્વ મૌસમ વિજ્ઞાન સંગઠન'(WMO) ની પંદરમી કોંગ્રેસ દ્વારા મંજૂરી આપવામાં આવી હતી.
- આ યોજનાને WMOના 'જળ વિજ્ઞાન આયોગ', 'નેશનલ વેધર સર્વિસ', અમેરીકા, 'વોટર રિસર્ચ સેન્ટર', 'અમેરીકા' અને 'યુનાઈટેડ સ્ટેટ ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ એજન્સી'(USAID) વગેરેના સહયોગથી તૈયાર કરવામાં આવી છે.

## ભારત અને 'ILO' (International Labour Organization)

- ભારત અને 'આંતરરાષ્ટ્રીય લેબર ઓર્ગેનાઈઝેશન'(ILO) વચ્ચેના 100 વર્ષના ફળદાયી સંબંધોના નવા અધ્યાયને ચિહ્નિત કરતાં ૩૫ વર્ષ પછી ભારતે 'આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન'ના 'સંચાલક મંડળ'નું અધ્યક્ષ પદ સંભાળ્યું છે.
- 'શ્રમ અને રોજગાર સચિવ' અપૂર્વા ચંદ્રા ઓક્ટોબર, 2020થી જૂન, 2021 દરમિયાનના સમયગાળા માટે ILOની ગવર્નિંગ બોડીના અધ્યક્ષ તરીકે ચૂંટાયા છે.
- ILO નાં સંચાલક મંડળના અધ્યક્ષનું પદ આંતરરાષ્ટ્રીય મહત્વનું સ્થાન છે. 'ગવર્નિંગ બોડી' એ ILOનું સર્વોચ્ચ કારોબારી જૂથ છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- 'ગવર્નિંગ બોડી'ની બેઠકો વર્ષમાં ત્રણ વખત માર્ચ, જૂન અને નવેમ્બરમાં યોજાય છે. તે ILOની નીતિ અંગે નિર્ણય લે છે. ડિરેક્ટર જનરલની પસંદગી કરે છે.
- 'અપૂર્વા ચંદ્રાનવેમ્બર, 2020'માં યોજાનારી 'ગવર્નિંગ બોડી'ની આગામી બેઠકની અધ્યક્ષતા કરશે.

### Back to Basic: 'આંતરરાષ્ટ્રીય લેબર ઓર્ગેનાઇઝેશન' (ILO) વિશે

- તે સંયુક્ત રાષ્ટ્રની એકમાત્ર ત્રિપક્ષીય સંસ્થા છે જેની સ્થાપના વર્ષ 1919માં સંયુક્ત રાષ્ટ્રની સંલગ્ન એજન્સી તરીકે 'વર્સેલ્સની સંધિ દ્વારા કરવામાં આવી હતી.
- તે શ્રમ ધોરણો નિર્ધારિત કરવા, નીતિઓ વિકસાવવા અને તમામ મહિલાઓ અને પુરુષો માટે યોગ્ય કાર્યને પ્રોત્સાહન આપતી નીતિઓ અને ડિઝાઈન પ્રોગ્રામ વિકસાવવા 187 સભ્ય દેશોની સરકારો, નિયોક્તા અને કામદારોને સાથે લાવે છે.
- વર્ષ 1946માં ILO સંયુક્ત રાષ્ટ્ર સાથે જોડાયેલી પ્રથમ વિશિષ્ટ એજન્સી બની હતી.
- ILOમાં કાર્યવાહીના મુખ્ય માધ્યમો સંમેલન અને કરારોના રૂપમાં આંતરરાષ્ટ્રીય શ્રમ ધોરણોની સ્થાપના કરવાનો છે.
- તેની ભલામણો બિન–બંધનકર્તા છે.
- વર્ષ 1969માં 'આંતરરાષ્ટ્રીય લેબર ઓર્ગેનાઇઝેશન'ને 'નોબેલ શાંતિ પુરસ્કાર' એનાયત કરાયો હતો.
- તે વાર્ષિક ધોરણે 'વર્લ્ડ એમ્પ્લોયમેન્ટ અને સોશિયલ આઉટલુક'(WESO) વલણ અંગેનો રીપોર્ટ બહાર પાડે છે.

### ભારત અને ILO વિશે

- ભારત ILO નો સ્થાપક સભ્ય છે અને વર્ષ 1922થી ILO ના 'શાસક મંડળનો કાયમી સભ્ય છે. ILOના પ્રથમ કાર્યાલયનની શરૂઆત ભારતમાં વર્ષ 1928માં થઈ હતી.
- ભારતે ILO 41 સંમેલનોને બહાલી આપી છે, જે બીજા ઘણા દેશોની પરિસ્થિતિ કરતાં ઘણી સારી છે.
- ભારતે આઠ મોટા/મૂળભૂત ILO સંમેલનોને બહાલી આપી છે. આ સંમેલનો નીચે મુજબ છે.

1. બલાત શ્રમ અંગેનું સંમેલન (નંબર.29)
2. બલાત શ્રમ મજૂરી નાબૂદી પરનું સંમેલન.(નંબર.105)
3. સમાન મહેનતાણા પરનું સંમેલન.(નંબર.100)
4. ભેદભાવ (રોજગાર અને વ્યવસાય) પરનું સંમેલન. (નંબર.111)
5. ન્યૂનતમ વય પર સંમેલન(નંબર.138)
6. બાળ મજૂરીના સૌથી વિકૃત સ્વરૂપ પરનું સંમેલન. (નંબર.182)

- ભારતે બે મોટા/મૂળભૂત સંમેલનોને મંજૂરી આપી નથી, એટલે કે 'સંઘ બનાવવાની સ્વતંત્રતા' અને સંગઠિત થવા પરનું સંમેલન, 1948 (નંબર.87) અને 'સંગઠિત અને સામૂહિક સોદાબાજી' પરનું સંમેલન, 1949 .(નંબર.98)

## ભારત-ઓસ્ટ્રેલિયા પરિપત્ર ઇકોનોમી હેકાથોન

### 'ભારત-ઓસ્ટ્રેલિયા પરિપત્ર ઇકોનોમી હેકાથોન' (I-ACE) વિશે

- અટલ ઈનોવેશન મિશન, 'કોમનવેલ્થ સાયન્ટિફિક અને ઔદ્યોગિક સંશોધન સંગઠનનાં સહયોગથી સર્ક્યુલર અર્થતંત્ર પર બે દિવસીય 'ભારત–ઓસ્ટ્રેલિયા ચક્રીય ઈકોનોમી હેકાથોન'નું(I-ACE) આયોજન 7 અને 8 ડિસેમ્બરના રોજ કરવામાં આવશે.
- I-ACE નો વિચાર આ વર્ષના 4 જુનના રોજ ભારત અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાનો વચ્ચેની વાતચીત દરમિયાન આવ્યો હતો જ્યારે બંને નેતાઓએ ભારત અને ઓસ્ટ્રેલિયામાં સર્ક્યુલર ઈકોનોમીનને પ્રોત્સાહન આપવા નવીનતાઓની જરૂરિયાત વ્યક્ત કરી હતી.
- I-ACE અંતર્ગત બંને દેશોના સ્ટાર્ટઅપ અને MSME તથા બંને દેશોના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ દ્વારા નવી તકનીકી ઉપાયોના વિકાસ અને તેની ઓળખ પર ધ્યાન કેન્દ્રિત કરશે.
- પસંદા કરવામાં આવેલ વિદ્યાર્થીઓ અને સ્ટાર્ટઅપ/MSMEને હેકાથોનમાં ભાગ લેવા આમંત્રિત કરવામાં આવશે અને દરેક ચાર વિષયમાંથી એક વિષય માટે બંને દેશથી એક–એક વિદ્યાર્થી અને એક–એક સ્ટાર્ટઅપ/MSMEને 11 ડિસેમ્બરના રોજ ઈનામ વિતરણ સમારોહમાં વિજેતાની જાહેરાત કરવામાં આવશે.

### સૂચિત બે દિવસીય હેકાથોનની ચાર મુખ્ય થીમ

- પેકિંગ કચરાના પ્રમાણમાં ઘટાડો કરવા ઓછા સંસાધનો દ્વારા પેકિંગ ક્ષેત્રમાં નવીનતા.
- ખોરાકના બગાડને ઘટાડવા માટે ખોરાક પુરવઠા સાંકળ માટેની નવીનતા.
- પ્લાસ્ટિક કચરો ઘટાડવા માટેની તકોનું નિર્માણ
- સંકુલ ઊર્જા ધાતુ અને વેસ્ટ રિસાયકિલંગ

## ત્રીજો ભારત-અમેરીકા 2+2 સંવાદ

- ભારત અને યુએસ વચ્ચે ત્રીજો 2+2 સંવાદ 27 ઓક્ટોબરના રોજ નવી દિલ્હીમાં યોજાયો હતો.

### ત્રીજા 2+2 સંવાદની મુખ્ય બાબત વિશે

**'ભુ-સ્થાનિક સહયોગ' માટે મૂળભૂત વિનિમય અને સહકાર કરાર (BECA):**

- ભારત દ્વારા અમેરીકા સાથે BECA (Basic Exchange and Cooperation Agreement for Geo-Spatial Cooperation) કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- તે અમેરીકાના સંરક્ષણ વિભાગ અને ભારત સરકારના સંરક્ષણ મંત્રાલયની રાષ્ટ્રીય ભૂસ્તરિક ગુપ્તચર એજન્સી વચ્ચે સૂચિત સંદેશાવ્યવહાર કરાર છે.
- આ કરારથી ભારત અને અમેરીકાને અદ્યતન ઉપગ્રહ અને ટોપોગ્રાફિક ડેટા જેમકે નકશા, સામુદ્રીક અને એરોનોટિકલ ચાર્ટ, ભૂ–ગાણિતિક, ભૂ–ભૌતિકી, જીઓમેગ્નેટિક અને ગુરુત્વાકર્ષણ ડેટા સહિતની સૈન્ય માહિતી શેર કરવાની મંજૂરી મળશે.
- શેર કરેલી મોટાભાગની માહિતી વર્ગીકૃત કરવામાં આવશે. જો કે કોઈ તૃતીય પક્ષ સાથે માહિતીને વહેંચણી અટકાવવા સુરક્ષા પગલાં સાથે વર્ગીકૃત માહિતી વહેંચવાની જોગવાઈ છે.
- BECA એ બંને દેશો વચ્ચે હસ્તાક્ષર થયેલ ચાર મૂળભૂત લશ્કરી સંચાર કરારમાંનું એક છે. અન્ય ત્રણ નીચે મુજબ છે:
- 'લોજિસ્ટકસ એકસચેંજ મેમોરેન્ડમ ઓફ એગ્રીમેન્ટ (LEMOA: Logistics Exchange Memorandum of Agreement)
- 'કોમ્યુનિકેશન્સ સુસંગતતા અને સુરક્ષા કરાર (COMCASA: Communication Compatibility and Security Agreement)
- 'લશ્કરી માહિતી કરારની સામાન્ય સુરક્ષા (GSMIA: General Security of Military Information Agreement)

### એશિયા-પ્રશાંત ક્ષેત્ર પર સંયુક્ત નિવેદન

- સંયુક્ત નિવેદન દ્વારા એશિયા–પ્રશાંત ક્ષેત્રમાં ભારત અને અમેરીકાનાં સામાન્ય લક્ષ્યોની રૂપરેખા આપવામાં આવી હતી.
- બંને દેશોએ દક્ષિણ ચીન સમુદ્રને લગતા આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર માન્ય 'આચારસંહિતા' બનાવવા પર ભાર મૂકયો જેથી કોઈ પણ દેશના કાયદેસરના હક અને હિતોની રક્ષા થઈ શકે.
- અમેરીકા દ્વારા એશિયા–પ્રશાંત ક્ષેત્રમાં 'ચાઈનીઝ કમ્યુનિસ્ટ પાર્ટીની ભૂમીકા અને COVID-19 રોગચાળા દરમિયાન ચીનના વલણને વિશ્વ માટે સૌથી મોટો ખતરો ગણાવ્યો હતો.
- અમેરીકાએ કાયદાના શાસન, પારદર્શિતા અને સ્વતંત્ર નેવિગેશન પ્રણાલી સાથે એક મુક્ત અને ખુલ્લા અને સમૃદ્ધ ભારત–પ્રશાંત ક્ષેત્રની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો.

### સહકારના અન્ય ક્ષેત્રો

- પૃથ્વી નિરીક્ષણ અને પૃથ્વી વિજ્ઞાનમાં તકનીકી સહયોગ માટે એક MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.
- 'ગ્લોબલ સેન્ટર ફોર ન્યૂકિલયર એનર્જી પાર્ટનરશીપ' પર MoUની મુદત વધારવા પર પણ સંમતિ થઈ હતી.
- કસ્ટમ ડેટાના ઈલેકટ્રોનિક વિનિમય માટે બંને પક્ષો દ્વારા એક MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- પરંપરાગત ભારતીય ચિકિત્સામાં સહકાર અંગે પણ એક લેટર ઓફ ઈંટેંટ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- બંને દેશો અફઘાનિસ્તાનની પરિસ્થિતિ અંગે ચર્ચા કરવા અને તેની શાંતિ પ્રક્રિયાને ટેકો આપવા સંમત થયા હતા.

### Back to Basic: ભારત-અમેરીકા 2+2 સંવાદ વિશે

- '2+2 સંવાદ' ભારત–અમેરીકાના વિદેશ અને સંરક્ષણ મંત્રીઓની આગેવાની હેઠળ યોજવામાં આવે છે.
- ભારત અને અમેરીકા વચ્ચેનો '2+2 સંવાદ' એ બંને દેશો વચ્ચેની ઉચ્ચતમ સ્તરની સંસ્થાકીય મિકેનિઝમ છે જે ભારત અને અમેરીકા વચ્ચે સુરક્ષા, સંરક્ષણ અને વ્યૂહાત્મક ભાગીદારીની સમીક્ષા માટે એક મંચ પ્રદાન કરે છે.
- '2+2 સંવાદ'ના પ્રથમ બે રાઉન્ડ વર્ષ 2018 અને 2019માં યોજાયા હતા.
- ભારત ઓસ્ટ્રેલિયા, જાપાન અને અમેરીકા સાથે 2+2 સ્તરની વાટાઘાટો કરે છે.

## કસ્ટમ ડેટાનું ઇલેક્ટ્રોનિક વિનિમય

### કસ્ટમ ડેટાના ઇલેક્ટ્રોનિક વિનિમય વિશે

- ભારત સરકારના પોસ્ટ વિભાગ અને 'યુનાઈટેડ સ્ટેટ પોસ્ટલ સર્વિસ(USPS) દ્વારા ભારત અને અમેરીકા વચ્ચે પોસ્ટલ શિપિંગ એકસચેંજ સંબંધિત કસ્ટમ ડેટાના ઈલેક્ટ્રોનિક વિનિમય માટે સમજૂતી પત્ર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.
- આ MoUનો મુખ્ય ઉદ્દેશ દેશના જુદા જુદા ભાગોમાં ટપાલ ચેનલો દ્વારા નાના અને મોટા નિકાસકારોને 'ઈઝ ઓફ એકસપોર્ટ' એટલે કે નિકાસ કરવાની સરળ સુવિધા ઉપલબ્ધ કરાવવાનો છે. આ રીતે, આ કરાર ભારતને વિશ્વમાં 'નિકાસ હબ' બનાવવામાં ફાળો આપશે.

### કસ્ટમ ડેટાના ઇલેક્ટ્રોનિક વિનિમયની વિશેષતા

- આ કરાર દ્વારા, આંતરરાષ્ટ્રીય ટપાલ માલ તેમના ગંતવ્ય પર પહોંચતા પહેલા તેનું ઈલેક્ટ્રોનિક ડેટા સંચારણ સંભવ થઈ શકશે. જેના કારણે બદલાતી વૈશ્વિક પોસ્ટલ રચના મુજબ પોસ્ટલ સામગ્રીની અગાઉથી કસ્ટમ્સ ક્લિયરન્સ પ્રાપ્ત કરવાની ગોઠવણની સ્થાપના કરવામાં મદદ કરશે.
- કરાર મુજબ, પોસ્ટલ શિપિંગના 'ઈલેક્ટ્રોનિક એડવાન્સ ડેટાનું(EAD) વિનિમય, ટપાલના માધ્યમથી ભારતના વિવિધ ભાગોથી અમેરિકામાં કરવામાં આવતા નિકાસ પર ભાર મૂકીને પરસ્પર વેપારને પ્રોત્સાહન આપવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું હશે.

### કસ્ટમ ડેટાના ઇલેક્ટ્રોનિક વિનિમયનું મહત્વ

- કસ્ટમ ડ્યુટીઝની અગાઉથી મંજૂરીને કારણે પોસ્ટલ સેવાઓ વિશ્વસનીયતા, શ્યતા અને સલામતીના સંદર્ભમાં પણ સુધારશે.
- અમેરિકા ભારત માટે નિકાસનું ટોચનું સ્થળ છે અને ભારતની નિકાસમાં યુએસનો ફાળો લગભગ 17% છે.
- આ નિકાસના આંકડા પોસ્ટ દ્વારા ભારત અને અમેરીકા વચ્ચે સામાનના આપલેમાં પણ જોઈ શકાય છે. આંકડા મુજબ, વર્ષ 2019માં વિદેશમાં મોકલાવામાં આવેલ કુલ 'એક્સપ્રેસ મેઈલ સર્વિસના(EMS) 20% અને ભારતીય પોસ્ટ દ્વારા ટ્રાન્સમિટ કરાયેલા પત્રો અને નાના પેકેટોના કુલ શેરમાંથી માત્ર 30% અમેરીકાને મોકલવામાં આવ્યા હતા. ભારતના પોસ્ટ વિભાગને પ્રાપ્ત 60% પાર્સલ અમેરિકાથી મોકલવામાં આવ્યા હતા.

## ભારત-મધ્ય એશિયા સંવાદ

- તાજેતરમાં ભારત–મધ્ય એશિયા સંવાદની બીજી બેઠકમાં મધ્ય એશિયાના પ્રજાસત્તાકોએ આતંકવાદના 'સુરક્ષિત સ્થળો'ને નાશ કરવાની માંગ સાથે સંયુક્તપણે અફઘાનિસ્તાનમાં શાંતિ વાટાઘાટોને સમર્થન આપ્યું હતું.

### ભારત-મધ્ય એશિયા બેઠક વિશે

- બીજા ભારત–મધ્ય એશિયા સંવાદ દરમિયાન, ભારત અને મધ્ય એશિયાના દેશોના પ્રતિનિધિઓએ આતંકવાદના તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓની કડક નિંદા કરી હતી અને આતંકવાદીઓના સલામત આશ્રયસ્થાનો, નેટવર્ક, માળખાકીય સુવિધાઓ અને ભંડોળના ચેનલોનો નાશ કરીને આ ખતરોનો સામનો કરવાના નિશ્ચયની પુષ્ટિ કરી હતી.
- આ પ્રસંગે, બધા દેશોએ ખાતરી આપી હતી કે કોઈ પણ દેશમાં આતંકવાદી હુમલા માટે કોઈ જમીનનો ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.
- વિદેશ મંત્રી એસ.કે. જયશંકરે મધ્ય એશિયન ક્ષેત્રને ભારતનો 'વિસ્તૃત નેબરહુડ' ગણાવ્યો હતો.
- ભારત દ્વારા મધ્ય એશિયાઈ દેશો માટે વધારાની 1 અબજ ડોલરની 'લાઈન ઓફ ક્રેડીટની ઘોષણા કરવામાં આવી છે જેને મુખ્ય ઈન્ફ્રાસ્ટ્રકચર અને કનેક્ટિવિટી પ્રોજેક્ટ પર ખર્ચ કરવામાં આવશે.
- કઝાકિસ્તાન, તાજિકિસ્તાન, તુર્કમેનિસ્તાન, ઉઝબેકિસ્તાનના વિદેશ મંત્રીઓ અને કિર્ગીઝ પ્રજાસત્તાકના પ્રથમ નાયબ વિદેશ મંત્રીએ તેમના સંયુક્ત નિવેદનમાં ઈરાનમાં ચાબહાર બંદરના માળખાગત સુવિધાના આધુનિકીકરણના ભારતના પ્રયત્નો પર પ્રકાશ પાડયો હતો, જે મધ્ય અને દક્ષિણ એશિયાના બજારો વચ્ચેના વેપારને સરળ બનાવશે અને સંદેશાવ્યવહારમાં પરિવહન એક મહત્વપૂર્ણ કડી બની શકે છે.
- ઉઝબેકિસ્તાનમાં પ્રથમ ભારત–મધ્ય એશિયા સંવાદ સમયે તત્કાલીન વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજે મધ્ય એશિયાના દેશોને ચાબહાર બંદર પ્રોજેક્ટમાં ભાગ લેવા આમંત્રણ આપ્યું હતું. ભારત અને ઈરાન દ્વારા સંયુક્ત રીતે અફઘાનિસ્તાનમાં ભારતીય માલ ઉતારવા અને તેમને વિવિધ સ્થળોએ મોકલવા માટેનો વિકાસ કરવામાં આવ્યો છે.

## ભારત-UAE સંરક્ષણ સહયોગ

- ભારત અને સંયુક્ત આરબ અમીરાત વચ્ચે તાજેતરમાં દેશો વચ્ચે સંરક્ષણ ઉત્પાદન અને નિકાસને વેગ આપવા માટે વેબિનારનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.

### ભારત-UAE વેબિનાર વિશે

- 'સોસાયટી ઓફ ઈન્ડિયન ડિફેન્સ મેન્યુફેકચર્સ'(SIDM) દ્વારા સંરક્ષણ મંત્રાલય હેઠળ કાર્યરત 'ડિફેન્સ પ્રોડકશન વિભાગ' દ્વારા વેબિનરનું આયોજન કરવામાં આવ્યું હતું. પાંચ વર્ષમાં ભારતને 5 અબજ ડોલરની સંરક્ષણ નિકાસ સુધી પહોંચવાના લક્ષ્યાંકને પ્રાપ્ત કરવામાં સહાય માટે વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

### ભારત-UAE સંબંધ વિશે

- ભારત અને UAE વચ્ચે દ્વિપક્ષીય વેપાર 53 અબજ ડોલરનો છે. UAE ભારતનો ત્રીજો સૌથી મોટો વેપારી ભાગીદાર છે. UAE માટે ભારત બીજા નંબરે નિકાસ સ્થળ છે.

- વર્ષ 2018માં, ભારતે 'અબુધાબી નેશનલ ઓઈલ કોર્પોરેશનને 'મેંગ્લોર સ્ટ્રેટેજિક પેટ્રોલિયમ રિઝર્વ' સ્થિત 'સ્ટ્રેટેજિક પેટ્રોલિયમ અનામતમાંથી તેલ સ્ટોર કરવા અને નિકાસ કરવાની મંજૂરી આપી હતી.
- તેવી જ રીતે ભારત યુ.એસ. સ્ટ્રેટેજિક પેટ્રોલિયમ રિઝર્વમાં તેના તેલનો ભંડાર સંગ્રહ કરે છે.

### ભારતમાં વ્યૂહાત્મક પેટ્રોલિયમ અનામત વિશે

- ભારતમાં વ્યૂહાત્મક પેટ્રોલિયમ અનામત મંગલોર (કર્ણાટક), ચાંડીખોલ (ઓડિશા), વિશાખાપટનમ (આંધ્રપ્રદેશ)માં સ્થિત છે.

## ભારત-જાપાન સહકારને મંજૂરી

### ICT ક્ષેત્ર ભારત-જાપાન સહકાર વિશે

- 29 ઓક્ટોબર, 2020 ના રોજ કેન્દ્રીય કેબિનેટે ભારત અને જાપાન વચ્ચે માહિતી અને સંદેશાવ્યવહાર તકનીકીના ક્ષેત્રમાં સહકાર અંગેના હસ્તાક્ષર સહકારને મંજૂરી આપી દીધી છે.
- આ મેમોરેન્ડમથી સંદેશાવ્યવહારના ક્ષેત્રમાં દેશો વચ્ચે સહયોગ મજબૂત થશે. આ કરારથી ટેલિકોમ સિક્યુરિટી, 5 જી, સબમરીન કેબલ, નવીનતમ વાયરલેસ તકનીકોનો ઉપયોગ, ડિઝાસ્ટર રાહત, બ્લોક ચેઈન, સ્પેક્ટ્રમ મેનેજમેન્ટ, વાતચીત સાધનોનું પ્રમાણપત્ર અને બહુપક્ષીય પ્લેટફોર્મ પર સહકારમાં પણ મદદ મળશે.
- મેમોરેન્ડમથી ભારતને વૈશ્વિક સ્ટાન્ડર્ડાઈઝેશન પ્રક્રિયામાં પ્રવેશવાની તકો વધારવામાં મદદ કરશે. ઉપરાંત, તે આત્માનિર્ભર ભારત અભિયાનના ઉદ્દેશોને સાકાર કરીને ICTના ક્ષેત્રમાં ભારતીય માનવ ક્ષમતાને પ્રોત્સાહન આપવામાં મદદ કરશે.

### ભારત-જાપાનના તાજેતરના સહયોગ વિશે

- ઓક્ટોબર 2020માં, ભારત અને જાપાન વચ્ચે 5G, કૃત્રિમ બુદ્ધીમતા ક્ષેત્રમાં સહયોગ અંગેના કરાર પર હસ્તાક્ષર થયા હતા. બંનેદ શોએ ભારત–પ્રશાંત ક્ષેત્રમાં સપ્લાય ચેઈન પહેલને વેગ આપવા સંમતિ આપી હતી.
- કેન્દ્રીય મંત્રીમંડળે આ મહિનાની શરૂઆતમાં ભારત અને જાપાન વચ્ચે 'સાયબર સ્પેસ'ના ક્ષેત્રોમાં દેશો વચ્ચે સહકાર વધારવા માટેના સમજૂતી મેમોરેન્ડમ લાગુ કરવાના કરારને મંજૂરી આપી હતી.
- સપ્ટેમ્બર, 2020માં, વિદેશમંત્રી શ્રી એસ.જયશંકર QUAD મંત્રીમંડળની બેઠકમાં ભાગ લેવા જાપાનની મુલાકાતે ગયા હતા.
- ભારત અને જાપાન દ્વારા ઉત્તર અરબી સમુદ્રમાં લશ્કરી કવાયત JIMEX 2020 યોજાઈ હતી.
- સપ્ટેમ્બર,2020માં, ભારત અને જાપાન વચ્ચે લોજિસ્ટક્સ કરાર પર હસ્તાક્ષર થયા હતા. આ કરારથી દેશોની સશસ્ત્ર દળો પુરવઠો અને સેવાઓમાં નજીકથી સંકલન કરવાની મંજૂરી આપશે.

## રેગ્યુલેટરી સેંડબોક્સ

- તાજેતરમાં 'ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસિસ સેન્ટર્સ ઓથોરિટી(IFSCA: International Financial Services Centres Authority) દ્વારા 'રેગ્યુલેટરી સેન્ડબોકસ' માટેનું એક માળખું બહાર પાડવામાં આવ્યું હતું.

### 'રેગ્યુલેટરી સેંડબોક્સ' વિશે

- 'રેગ્યુલેટરી સેંડબોકસ' નિયંત્રિત શરતોમાં નવા ફિનાટેક ઉત્પાદનો અથવા સેવાઓના 'જીવંત પરીક્ષણ'નો સંદર્ભ આપે છે.
- ફિનટેક પહેલ હેઠળ બેંકિંગ, વીમા, સિક્યોરિટીઝ અને મેનેજમેન્ટના ક્ષેત્રમાં નાણાકીય ઉત્પાદનો અને નાણાકીય સેવાઓના પ્રસારને પ્રોત્સાહન આપે છે.
- IFSCA 'ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક–સિટી કંપની લિમિટેડ (GIFT-City) ગુજરાતના ગાંધીનગર સ્થિત IFSC કેન્દ્રમાં વર્લ્ડ કલાસ ફિન્ટેક હબ વિકસવાના ઉદ્દેશ્યથી ફિનટેક પહેલને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરી રહી છે.
- આ દિશામાં, IFSCA દ્વારા 'રેગ્યુલેટરી સેન્ડબોકસ' માટેનું એક માળખું રજૂ કરવામાં આવ્યું છે.

## Back to Basics : 'આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવાઓ કેન્દ્ર ઓથોરીટિ'(IFSCA) વિશે

- કેન્દ્ર સરકારે ગુજરાતના ગાંધીનગરમાં 'આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવા કેન્દ્ર' (IFSCs)માં તમામ નાણાકીય સેવાઓ નિયમન માટે 'આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવા કેન્દ્ર ઓથોરીટી'ની સ્થાપના કરી છે.
- ઓથોરીટી નિયમનકારી સંસ્થાઓ(RBI, SEBI) દ્વારા માન્ય નાણાકીય ઉત્પાદનોની સિક્યોરિટીઝ, થાપણો અથવા વીમા, નાણાકીય સેવાઓ અને નાણાકીય સંસ્થાઓના કરારોનું નિયમન કરશે.
- તે કેન્દ્ર સરકાર દ્વારા સૂચિત IFSCના અન્ય નાણાકીય ઉત્પાદનો, નાણાકીય સેવાઓ અથવા નાણાકીય સંસ્થાઓનું પણ નિયમન કરશે.
- તે અન્ય નાણાકીય ઉત્પાદનો, નાણાકીય સેવાઓ અથવા નાણાકીય સંસ્થાઓના નિયમન માટે કેન્દ્ર સરકારને ભલામણ પણ કરી શકે છે જેને સરકાર દ્વારા IFSC હેઠળ નિયમન કરવાની મંજૂરી આપવામાં આવી શકે છે.

### સભ્ય:

- 'આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવા કેન્દ્ર સત્તા મંડળમાં નવ સભ્યો હોય છે, જેની નિમણૂક કેન્દ્ર સરકાર કરે છે.
- IFSC ઓથોરિટીના તમામ સભ્યોનો કાર્યકાળ ત્રણ વર્ષ માટે રહેશે, જે ફરીથી નિમણૂક માટે પાત્ર બનશે.
- ઓથોરિટીમાં એક અધ્યક્ષ તથા ભારતીય રિઝર્વ બેંક, સેબી, 'વીમા નિયમનકારી અને વિકાસ સત્તામંડળ (IRDAI) અને 'પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી(PFRDA)ના એક–એક સભ્ય અને નાણાં મંત્રાલયના બે સભ્યોના સમાવેશ થાય છે.
- 'પસંદગી સમિતિ'ની ભલામણ પર અન્ય બે સભ્યોની નિમણૂક કરવામાં આવશે.



# 4. વિજ્ઞાન અને ટેકનોલોજી

## ડૉ.રામ મનોહર લોહિયા

- 12 ઓક્ટોબર, 2020 ના રોજ સમાજવાદી નેતા 'ડૉ.રામ મનોહર લોહિયાની પુણ્યતિથિ ઉજવવામાં આવી હતી.

### ડૉ.રામ મનોહર લોહિયા વિશે

- ડૉ.રામ મનોહર લોહિયાનો જન્મ 23 માર્ચ,1910ના રોજ બ્રિટીશ ભારતના સંયુક્ત પ્રાંતના 'અકબરપુરમાં થયો હતો.
- ભારતીય સમાજવાદી રાજકારણ અને સ્વતંત્રતા સંગ્રામના સંઘર્ષમાં ડૉ.રામ મનોહર લોહિયાના નામને મુખ્યરૂપે લેવામાં આવે છે.
- વર્ષ 1934 માં, ડૉ.લોહિયા ભારતીય રાષ્ટ્રીય કોંગ્રસ અંતર્ગત એક વામપંથી સમુહ 'કોંગ્રેસ સમાજવાદી પાર્ટીમાં'(CSP) જોડાયા હતા.
- તેમણે બ્રિટનના બીજા વિશ્વ યુદ્ધમાં ભારતને શામેલ કરવાના નિર્ણયનો ભારપૂર્વક વિરોધ કર્યો હતો, જેના કારણે તેમને અનુ ક્મે વર્ષ 1939 અને વર્ષ 1940 વર્ષમાં બે વાર જેલમાં જવું પડયું હતુ.
- વર્ષ 1948 માં, લોહિયા અને અન્ય CSP સભ્યો કોંગ્રેસમાં થી છૂટા પડયા અને વર્ષ 1952 માં 'પ્રજા સમાજવાદી પાર્ટીના સભ્ય બન્યા હતા, પરંતુ વર્ષ 1955 માં કેટલાક મતભેદોને કારણે તેમણે પક્ષ છોડી દીધો હતો.
- વર્ષ 1963 માં, લોહિયા લોકસભા માટે ચૂંટાયા અને 12 ઓક્ટોબર, 1967 ના રોજ તેમનું અવસાન થયું હતુ.

## C-DAC દ્વારા MoU પર હસ્તાક્ષર

- તાજેતરમાં 'સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એડવાન્સ્ડ કમ્પ્યુટિંગ' (C-DAC) દ્વારા ભારતમાં સુપર કોમ્પ્યુટીંગ ઈન્ફ્રાસ્ટ્રકચર સ્થાપવા અને વિકાસ માટે ભારતની અગ્રણી શૈક્ષણિક અને સંશોધન અને વિકાસ સંસ્થાઓ સાથે કુલ 13 મેમોરેન્ડમ્સ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ પર હસ્તાક્ષર કર્યા છે.
- સમજૂતી પત્ર હેઠળ, એસેમ્બલિંગ અને સુપર કોમ્પ્યુટીંગ ઈન્ફ્રાસ્ટ્રકચરના ઉત્પાદન ઉપરાંત 'રાષ્ટ્રીય સુપરકોમ્પ્યુટીંગ મિશન'ના (Natinal Supercmputing `Missin) નિર્ણાયક ઘટકોને સ્થાપિત કરવામાં આવશે.
- અગ્રણી સંસ્થાઓ સાથે સમજૂતી પત્ર પર હસ્તાક્ષર એ 'આત્મનિર્ભર ભારત અભિયાન'ની તરફ એક પહેલ છે.

### સુપરકોમ્પ્યુટિંગ વિશે

- સુપર કોમ્પ્યુટર્સ એ 'ઉચ્ચ પ્રદર્શન કમ્પ્યુટિંગ'નું(HPC: High Perfrmance Cmputing) ભૌતિક મૂર્ત સ્વરૂપ છે, જે સંસ્થાઓને નિયમિત કમ્પ્યુટરથી નિરાકરણ કરવાનું અશક્ય હોય તેવી સમસ્યાઓનું નિરાકરણ લાવવા માટે સક્ષમ બનાવે છે.

### 'રાષ્ટ્રીય સુપરકોમ્પ્યુટિંગ મિશન' (NSM: Natinal Supercmputing Missin) વિશે

- સાત વર્ષના સમયગાળા માટે અંદાજે 4500 કરોડના ખર્ચે 'રાષ્ટ્રીય સુપરકોમ્પ્યુટીંગ મિશનની જાહેરાત માર્ચ, 2015 માં કરવામાં આવી હતી.
- આ મિશન હેઠળ 70 થી વધુ ઉચ્ચ પ્રદર્શનવાળા સુપર કોમ્પ્યુટરના માધ્યમથી એક વિશાળ 'સુપરકંમ્પ્યુટીંગ ગ્રીડ' સ્થાપિત કરીને દેશભરના રાષ્ટ્રીય શૈક્ષણિક સંસ્થાઓ અને R&D સંસ્થાઓને સશક્ત બનાવવાની કલ્પના કરવામાં આવી છે.
- આ મિશન સરકારના 'ડિજિટલ ઈન્ડિયા', 'મેક ઈન ઈન્ડિયા' અને 'આત્મનિર્ભર ભારત'ના દ્રષ્ટિકોણને સમર્થન આપે છે.
- આ મિશન 'વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ(વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય) તથા 'ઈલેક્ટ્રોનિકસ અને માહિતી ટેકનોલોજી મંત્રાલય' દ્વારા 'સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એડવાન્સ્ડ કમ્પ્યુટિંગ'(C-DAC) અને 'ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ સાયન્સ' (IISc),બેંગોલર દ્વારા અમલિકૃત કરવામાં આવી રહ્યુ છે.
- આ સુપર કમ્પ્યુટર્સને 'રાષ્ટ્રીય જ્ઞાન નેટવર્ક'ના વિસ્તરણ માધ્યમથી 'નેશનલ સુપરકમ્પ્યુટર ગ્રીડ' સાથે જોડવામાં આવશે.
- આગામી પાંચ વર્ષોમાં 20,000 કુશળ વ્યક્તિઓનો એક મજબૂત આધાર બનાવવામાં આવશે. જે સુપરકમ્પ્યુટરની મુશ્કેલીઓનું નિરાકરણ અને સંચાલન કરવામાં સક્ષમ બનશે.

### સુપર કોમ્પ્યુટર ક્ષેત્રે ભારત વિશે

- NSM હેઠળ પ્રથમ સુપર કમ્પ્યુટર 'પરમ શિવાય'ને IIT–ભુવનેશ્વર વારાણસીમાં વર્ષ 2019 માં સ્થાપિત કરવામાં આવ્યુ હતુ. તેમાં 837 ટેરાલોપ HPC (High Perfrmance Cmputing)ની ક્ષમતા છે.
- બીજુ સુપર કમ્પ્યુટર 'પરમ શક્તિ'ને IIT–ખડગપુરમાં 1.66 પેટાલોપની ક્ષમતા સાથે સ્થાપિત કરવામાં આવ્યુ છે.
- ત્રીજા સુપર કમ્પ્યુટર 'પરમ'ને 'ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ સાયન્સ એજ્યુકેશન એન્ડ રિસર્ચ'(IISER), પુણે


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

ખાતે સ્થાપિત કરવામાં આવ્યુ છે, જેમાં 797 ટેરાલોપની ક્ષમતા છે.

### 'સેન્ટર ફોર ડેવલોપમેન્ટ ઓફ એડવન્સ્ડ કમ્પ્યુટિંગ' (C-DAC) વિશે

➤ તે 'ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફર્મેશન ટેકનોલોજી મંત્રાલય'નું મુખ્ય રીસર્ચ અને વિકાસ સંગઠન છે. જે માહિતી ટેકનોલોજી, ઈલેક્ટ્રોનિક અને સંબંધિત ક્ષેત્રોમાં રીસર્ચ અને વિકાસ ક્ષેત્રે કામ કરે છે.

➤ C-DACની સ્થાપના વર્ષ 1988માં સુપર કોમ્પ્યુટરના નિર્માણ માટે કરવામાં આવી હતી.

## ફેમ્ટો ઉપગ્રહ

➤ કરુર,તમિલનાડુના ત્રણ વિદ્યાર્થીઓ દ્વારા વિકસિત 'પ્રાયોગિક ફેમ્ટો ઉપગ્રહ'ની નાસા દ્વારા ઉપ–કક્ષીય અવકાશમાં પ્રક્ષેપણ માટે પસંદગી કરવામાં આવી છે.

➤ ભારતીય વિદ્યાર્થીઓ માટે આ એક મહત્વપૂર્ણ ક્ષણ હતી કારણ કે 50થી વધુ દેશોના યુવા સ્પર્ધકો દ્વારા પ્રસ્તુત પ્રોજેક્ટમાંથી તેમના મોડલની પસંદગી કરવામાં આવી હતી.

➤ ત્રણ ભારતીય વિદ્યાર્થીઓ દ્વારા વિકસિત આ ઉપગ્રહ 'પ્રબલિત ગ્રાનિ પોલિમર'નો બનેલો છે. તેનું કદ 3 સે.મી. અને વજન 64 ગ્રામ છે.

➤ આ ઉપગ્રહ પાસે પૃથ્વીથી બાહ્ય અવકાશમાં સંકેતો મોકલવા અને પ્રાપ્ત કરવા માટે તેની પોતાની રેડિયો આવર્તન સંદેશાવ્યવહાર સિસ્ટમ છે. આ ઉપગ્રહ સાથે જોડાયેલા સૌર કોષો તેને ઊર્જા પૂરી પાડે છે.

➤ તે માઈક્રોગ્રાવીટીમાં પ્રબલિત ગ્રાનિ પોલિમરની અસરનો અભ્યાસ કરશે.

### Back to Basic : 'ફેમ્ટો ઉપગ્રહ' વિશે

➤ 'ફેમ્ટો સેટેલાઈટ' અથવા 'ફેમ્ટોસેટ' શબ્દનો ઉપયોગ સામાન્ય રીતે 100 ગ્રામ કરતા ઓછા દ્રવ્યમાનવાળા કૃત્રિમ ઉપગ્રહો માટે થાય છે.

➤ ઉપગ્રહોની આ નવી કેટેગરીની કિંમત ખૂબ ઓછી છે.

➤ ભારતીય સંદેશાવ્યવહાર ઉપગ્રહ 'કલામસેટ' તમિલનાડુના વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલ ફેમ્ટો ઉપગ્રહ હતો.

➤ આ ઉપગ્રહો સ્માર્ટ ફોન કરતા હળવા હોય છે અને 'રેઈનોર્સ્ડ કાર્બન ફાઈબર પોલિમર'થી બનેલા હોય છે.

➤ આ ઉપગ્રહની મુખ્ય ભૂમિકા 3-D પ્રિન્ટેડ કાર્બન ફાઈબરનું નિદર્શન કરવાની છે.

## થેલેસેમીયા બાળ સેવા યોજનાનો બીજો તબક્કો

➤ 15 ઓક્ટોબર,2020ના રોજ 'કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી' દ્વારા થેલેસેમિયા રોગથી પીડિત વંચિત સમાજના દર્દીઓ માટે 'થેલેસેમિયા બાળ સેવા યોજના'ના બીજા તબક્કાની શરૂઆત કરવામાં આવી હતી.

### Back to Basics : થેલેસેમીયા બાળ સેવા યોજના વિશે

➤ 'થેલેસેમિયા બાળ સેવા યોજનાની શરૂઆત વર્ષ 2017 માં કરવામાં આવી હતી.

➤ આ કોલ ઈન્ડીયાના 'કોર્પોરેટ સોશ્યલ રિસ્પોન્સિબિલીટી' અંતર્ગત વિત્તપોષીત 'હેમાટોપોએટીક સ્ટેમ સેલ ટ્રાન્સપ્લાન્ટેશન'(HSCT) કાર્યક્રમ છે.

➤ આ કાર્યક્રમનો ઉદ્દેશ થેલેસેમિયા અને સિકલ સેલ જેવા હિમોગ્લોબિનોપેથીઝની સારવારથી વંચિત પરિવારોને તક પૂરી પાડવાનો છે.

➤ આ પહેલનું લક્ષ્ય કુલ 200 દર્દીઓને આર્થિક સહાય આપવાનું હતું જે HSTC દીઠ રૂ. 10 લાખથી વધુ નહીં હોય.

➤ વર્ષ 2020 થી 'એપ્લેસ્ટિક એનિમિયાના કુલ 200 દર્દીઓનો સમાવેશ કરવા માટે આ યોજનાનુ વિસ્તરણ કરવામાં આવ્યું છે.

### 'હેમાટોપોએટીક સ્ટેમ સેલ ટ્રાન્સપ્લાન્ટેશન(HSCT) વિશે

➤ HSCT એ 'મલ્ટિપોટેન્ટ હેમાટોપોએટીક સ્ટેમ સેલ્સ'નું પ્રત્યારોપણ છે, જે સામાન્ય રીતે અસ્થિ મજ્જા, પેરિરલ બ્લડ અથવા ગર્ભાશયના લોહીમાંથી લેવામાં આવે છે.

➤ તેનો ઉપયોગ 'ઓટોલોગસએટલે કે દર્દીના પોતાના સ્ટેમ સેલ્સ, 'એલોજેનિકએટલે કે સ્ટેમ સેલ એક દાતા દ્વારા આપવામાં આવે છે, 'સિનજેનિકએટલે કે સ્ટેમ સેલ્સ એક સમાન દાતા દ્વારા પ્રદાન કરવા વગેરેમાં થઈ શકે છે.

## MACS 6478

### MACS 6478 વિશે

➤ ભારત સરકારના 'વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ' હેઠળ ની સ્વાયત સ્વાસ્થ્ય સંસ્થા 'અગરકર સંશોધન સંસ્થાના વૈજ્ઞાનિકો દ્વારા વિકસિત 'MACS 6478 નામના ઘઉંની જાતથી મહારાષ્ટ્રના ખેડુતોના પાકનુ ઉત્પાદન બમણુ થયુ હતુ.

➤ મહારાષ્ટ્રના સતારા જિલ્લાના કોરેગાંવ તાલુકાના ગામના ખેડુતોએ 'MACS 6478નો ઉપયોગ કરીને હેક્ટર દીઠ 45-60 ક્વિન્ટલ ઉત્પાદન મેળવ્યુ હતુ.

- નવી વિકસિત ઘઉંની જાતને 'હાઈ યિલ્ડ એસ્ટિવમ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ઘઉંની આ જાત 110 દિવસમાં પરિપક્વ થઈ જાય છે.
- ઘઉંની આ જાત પાંદડા અને દાંડીને લગતા મોટાભાગના રોગો સામે પ્રતિરોધક છે.
- અમ્બર રંગના મધ્યમ આકારની ઘંઉની જાતમાં 14% પ્રોટીન, 44.1 PPM જસત અને 42.8 PPM આયર્ન હોય છે, જે અન્ય જાતો કરતા વધારે છે.

## INS-સિંધુવીર

- ભારત નજીકના ભવિષ્યમાં ભારતીય નૌકા શિપ 'સિંધુ વીર'ને મ્યાનમાર નેવીમાં સ્થાનાંતરિત કરશે. INS સિંધુ વીર 'કિલો–કલાસ સબમરીન' છે. આ સાથે, મ્યાનમાર તેની પ્રથમ સબમરીન મેળવવાની છે.
- ભારત 'સાગર નીતિ' અનુસાર INS ને સ્થાનાંતરિત કરશે. 'સાગર' એટલે (SAGAR: Security and Growth for All in the Region). આ સાથે, ભારત મ્યાનમાર સૈન્યને આર્ટિલરી બંદૂકો, ટાંકી, બુલેટ–પ્રૂફ જેકેટ પણ આપશે.

### Back to Basics : INS-સિંધુવીર વિશે

- તે ભારતીય નૌસેનાની સિંધુઘોષ–વર્ગની ડીઝલ ઈલેક્ટ્રિક સબમરીન છે.
- આ 'પ્રોજેક્ટ–877' હેઠળ ડિઝાઈન કરવામાં આવી હતી.
- તેનું નિર્માણ ભારત અને રશિયા વચ્ચેના કરાર હેઠળ કરવામાં આવ્યુ હતુ.
- સબમરીનમાં ડાઈવિંગ ઉંડાઈ 300 મીટર અને 3,000 ટનના વિસ્થાપનની ક્ષમતા ધરાવે છે.

### કિલો સબમરીન વિશે

- તેમને વર્ષ 1980 માં સેવામાં લાવવામાં આવ્યા હતા.
- કિલો કલાસ સબમરીન 'પેલ્થસ પ્રોજેકટ' હેઠળ સોવિયત સંઘ દ્વારા બનાવવામાં આવી હતી.
- આ સબમરીન એન્ટી શિપિંગ અને એન્ટી સબમરીન કામગીરી માટે સારી રીતે યોગ્ય છે.
- રશિયનોની 'લાડા કલાસ' સબમરીનએ કિલો વર્ગ સબમરીનની અનુગામી છે.

### SAGAR (Security and Growth for All in the Region) નીતિ વિશે

- આ નીતિનું અનાવરણ વર્ષ 2015માં કરવામાં આવ્યું હતું.
- તેનો ઉદ્દેશ ભારતના દરિયાઈ પડોશીઓ સાથે સુરક્ષા સહયોગ વધારવા માટેનો છે. ઉપરાંત, ભારત આ નીતિ હેઠળ નિઃશુલ્ક, સમાવિષ્ટ અને ખુલ્લા હિંદ મહાસાગર ક્ષેત્રને સુનિશ્ચિત કરવાનું લક્ષ્ય ધરાવે છે.

## 15 ઓકટોબર 'આંતરરાષ્ટ્રીય ગ્રામીણ મહિલા દિવસ'

### 'આંતરરાષ્ટ્રીય ગ્રામીણ મહિલા દિવસ' વિશે

- દર વર્ષે 'આંતરરાષ્ટ્રીય ગ્રામીણ મહિલા' દિવસ 'સંયુક્ત રાષ્ટ્ર' અને વિવિધ અન્ય આંતરરાષ્ટ્રીય સંગઠનો દ્વારા 15 ઓકટોબરના રોજ ઉજવવામાં આવે છે. આ વર્ષે, આંતરરાષ્ટ્રીય ગ્રામીણ મહિલા દિવસ નીચેની થીમ હેઠળ ઉજવવામાં આવી રહ્યો છે.
- થીમ 'COVID-19'ના પગલે ગ્રામીણ મહિલાઓમાં સ્થિતિસ્થાપકતા નિર્માણ. (Building Rural Women's Resilience in the wake of COVID-19).
- આ દિવસ મુખ્યત્વે સ્વદેશી વસ્તી પર કેન્દ્રિત છે અને ગ્રામીણ વિકાસને વધારવા માટેનો છે.
- 15 ઓકટોબરને 'આંતરરાષ્ટ્રીય ગ્રામીણ મહિલા દિવસ' તરીકે ઉજવવાનો ઠરાવ વર્ષ 2007 માં યુનાઈટેડ નેશન્સ દ્વારા અપનાવવામાં આવ્યો હતો.
- આ દિવસને પ્રથમ વખત વર્ષ 2008 માં ચિહ્નિત કરવામાં આવ્યો હતો. આ દિવસ ગ્રામીણ મહિલાઓની સેવાઓને માન્યતા આપે છે.

## ઓસિરિસ-રેકસ

### 'ઓસિરિસ-રેકસ' વિશે

- 'ઓસિરિસ–રેકસનામનું નાસાનું મિશન ટૂંક સમયમાં એસ્ટરોઈડની સપાટીનું અન્વેષણ કરશે અને વિખેરી નાખેલા ખડકોના નમૂનાઓ એકત્રિત કરશે.
- ઓસિરિસ–રેકસ અમેરીકાનું પ્રથમ એસ્ટરોઈડ સેમ્પલ રીટર્ન મિશન છે. જેનો ઉદ્દેશ્ય એસ્ટરોઈડમાંથી પ્રાચીન અનલિટર્ડ નમૂનાઓ એકત્રિત કરવા અને વૈજ્ઞાનિક અધ્યયન માટે પૃથ્વી પર પરત લાવવાનો છે.
- 8 સપ્ટેમ્બર, 2016ના રોજ, ફલોરિડામાં કેપ કેનાવરલ એરફોર્સ સ્ટેશનથી નાસા દ્વારા અવકાશયાન 'ઓસિરિસ–રેકસને 'એટલાસ–U' રોકેટથી લોન્ચ કરવામાં આવ્યું હતું.
- ઓસિરિસ–રેકસનુ(Osiris-REx) સંપૂર્ણ નામ: 'ઓરિજિન્સ, સ્પેકટ્રલ ઈંટરપ્રિટેશન, રિસોર્સ આઈડેન્ટિફિકેશન, સિકયુરિટી–રેગોલિથ એકસપલોરર એસ્ટરોઈડ સેંપલ રીટર્ન મિશન


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

➤ અવકાશયાન 63,000 માઈલ પ્રતિ કલાકની ઝડપે અવકાશમાં ભ્રમણ કરતા ગ્રહ બેન્નુની સપાટીને સ્પર્શ કરવાનો પ્રયત્ન કરશે. બેન્નુ એક એસ્ટરોઈડ છે જેને '1999 RQ36' તરીકે પણ ઓળખાય છે.

## ફ્રન્ટિયર ટેકનોલોજી કલાઉડ ઇનોવેશન સેન્ટર

### 'ફ્રન્ટિયર ટેકનોલોજી કલાઉડ ઇનોવેશન સેન્ટર' વિશે

➤ 19 ઓક્ટોબર, 2020ના રોજ ડીજિટલ ઈનોવેશન દ્વારા સામાજિક પડકારોનો સામનો કરવા માટે નીતિ આયોગે એમેઝોન વેબ સર્વિસીસ સાથે મળીને 'ફ્રન્ટીયર ટેકનોલોજી કલાઉડ ઈનોવેશન સેન્ટર'ની સ્થાપના કરવાની ઘોષણા કરી છે.

➤ ભારતમાં આ એક નવી પ્રકારની શરૂઆત છે, જેની મદદથી કૃષિ, આરોગ્ય, શિક્ષણ, માળખાકીય સુવિધાઓ અને વહીવટમાં નોંધપાત્ર પરિવર્તન લાવવાનાં પ્રયાસો કરવામાં આવશે.

➤ 'ફ્રન્ટીયર ટેકનોલોજી કલાઉડ ઈનોવેશન સેન્ટર' એ 'AWS(Amazon Web Services) CIC ગ્લોબલ પ્રોગ્રામનો હિસ્સો છે જે સરકારી સંસ્થાઓ, બિન–લાભકારી એજન્સીઓ અને શૈક્ષણીક સંસ્થાઓને ઉભરતા પડકારોનો સામનો કરવા માટે નવી તકનીકની પહોંચ સુનિશ્ચિત કરવા નવા વિચારો અને નવીનતાઓને સ્વરૂપ આપવા માટે એક પ્લેટફોર્મ પર એક સાથે આવવાની તક પૂરી પાડે છે.

➤ ભારતમાં જાહેર ક્ષેત્ર માટે નીતિ આયોગના મિશનમાં મદદ કરવા 'કલાઉડ ઈનોવેશન સેન્ટર પ્રોગ્રામજાહેર ક્ષેત્રમાં નવીનતાને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે રચાયેલ છે જેમાં તકનીકી નિષ્ણાતો સાથે મળીને કાર્ય કરે છે.

➤ 'ફ્રન્ટિયર ટેકનોલોજી કલાઉડ ઈનોવેશન સેન્ટર' નવીનતાને પ્રોત્સાહન આપવા માટે મદદરૂપ સાબિત થશે. તેમજ કલાઉડ આધારિત કૃત્રિમ બુદ્ધિમતા, ઈન્ટરનેટ ઓફ થિંગ્સ, રોબોટિકસ, બ્લોકચેન વગેરે જેવી ઉભરતી તકનીકો દ્વારા ડિજિટલ ઈનોવેશનને વેગ આપશે.

➤ તે કેન્દ્ર દ્વારા સંચાલિત પ્રોજેકટોની પ્રાથમિકતાઓને ઓળખશે અને જટિલ પ્રશ્નોના સમાધાન માટે રાજ્ય અને જિલ્લા કક્ષાએ આ વિષયના સ્થાનિક નિષ્ણાતો સાથે ભાગીદારી કરશે.

➤ 'નીતિ આયોગ ફ્રન્ટિયર ટેકનોલોજી CIC' એ AWS વૈશ્વિક નેટવર્ક સાથે ભાગીદારી કરી છે જેનો વિસ્તાર ઓસ્ટ્રેલિયા, બહેરિન, કેનેડા, ફ્રાન્સ, જર્મની, દક્ષિણ કોરિયા અને યુનાઈટેડ સ્ટેટના કલાઉડ નવીનતા કેન્દ્રો સુધી છે.

### 'એમેઝોન વેબ સેવા' (AWS- Amazon Web Services) વિશે

➤ 'એમેઝોન વેબ સર્વિસીસનો 'કલાઉડ ઈનોવેશન સેન્ટર' પ્રોગ્રામ બિનલાભકારી સંસ્થાઓ, શિક્ષણ સંસ્થાઓ અને સરકારી એજન્સીઓને અન્ય જાહેર ક્ષેત્રની સંસ્થાઓ સાથે મુખ્ય પડકારો માટે સહયોગ કરવામાં મદદ કરવા, એમેઝોનની નવીનતા પ્રક્રિયાની સાથે નવા વિચારોની તપાસ કરવા અને AWSની તકનીકી કુશળતા સુધી પહોંચની તક પૂરી પાડે છે.

## બાયોરેમેડીએશન મિકેનિઝમ ટેકનોલોજી

➤ તાજેતરમાં 'નેશનલ ઇન્સ્ટિટયૂટ ઓફ ઓશન ટેકનોલોજી, ચેન્નઈ' દ્વારા દરિયાઈ સૂક્ષ્મજીવાણુઓ અને ઘઉંની ડાળ ની કન્સોર્ટિયાનો ઉપયોગ કરીને 'ઈમોબિલાઈઝડએગ્રો બેકટેરિયલ કોષો પર એક ઈકો ફ્રેન્ડલી ક્રૂડ ઓઈલ 'બાયોરેમેડીએશન મિકેનિઝમ ટેકનોલોજી' વિકસાવવામાં આવી છે. ઘઉંનો ડાળો ઘઉંના અનાજની બાહ્ય સખત સ્તર છે, જે મીલિંગ પ્રક્રિયા દ્વારા દૂર કરવામાં આવે છે.

### ઈકો ફ્રેંડલી ક્રૂડ ઓઇલ 'બાયોરેમેડીએશન મિકેનિઝમ ટેકનોલોજી' વિશે

➤ બાયરેમેડીએશન: તેને સુક્ષ્મસજીવો અથવા તેમના ઉત્સેચકો દ્વારા પર્યાવરણમાં રહેલા દૂષણોને તેમની મૂળ સ્થિતિમાંથી દૂર કરવા અને બેઅસર કરવા માટે ઉપયોગમાં લેવામાં આવતી પ્રક્રિયા તરીકે વ્યાખ્યાયિત કરી શકાય છે.

➤ દરિયાઈ ઈકોસિસ્ટમમાં 'હાઈડ્રોકાર્બોનોકલાસ્ટિક માઈક્રોબિયલ કન્સોર્ટિયમ' દરિયાઈ પાણીમાં ફેલાયેલા તેલના સ્તરને તોડવામાં મદદ કરે છે.

➤ માઈક્રોબિયલ સમુદાય વિવિધ એલ્ડીહાઈડસ, કિટોન્સ અને એસિડિક મેટાબોલિટિસમાં પેટ્રોલિયમ હાઈડ્રોકાર્બનના જટિલ મિશ્રણના ઊર્જાસભર પ્રાથમિક વિઘટનકર્તાઓ તરીકે કામ કરે છે.

➤ હાઈડ્રોકાર્બન ડિગ્રેગિંગ બેકટેરિયા ટકી રહેવા માટે હાઈડ્રોકાર્બન પર આધારીત નથી, પરંતુ એક મેટાબોલિક પદ્ધતિ તરીકે તેઓ કાર્બન અને પેટ્રોલિયમ ઉત્પાદનોનો ઉપયોગ ઊર્જા સ્ત્રોતો તરીકે કરે છે, અને આ રીતે તેલને સાફ કરવા માટે સહાય કરે છે.

## ભારત દ્વારા સફળતા પૂર્વક SANT મિસાઇલનું પરીક્ષણ

- ભારતે 19 ઓક્ટોબર, 2020ના રોજ SANT(Stand Off Anti-Tank) નામની મિસાઈલનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું હતુ. તેને ભારતીય વાયુસેનામાં સામેલ કરવામાં આવશે.
- આ મિસાઈલનું નિર્માણ 'ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) દ્વારા કરવામાં આવ્યુ છે. આ મિસાઈલનું પરીક્ષણ ચાંદીપુર ટેસ્ટ રેંજથી કરવામાં આવ્યું હતું.
- SANT મિસાઈલ લોંચ પહેલાં લોક–ઓન અને લોન્ચ પછી લોક–ઓન કરવાની ક્ષમતા ધરાવે છે.

### SANT મિસાઇલ વિશે

- આ મિસાઈલ 'નાગ મિસાઈલનો એક પ્રકાર છે અને તે 'હેલિનાનું અપગ્રેડ કરેલું સંસ્કરણ છે.
- 'હેલિનાએ 'નાગ મિસાઈલનો બીજો પ્રકાર છે.
- મિસાઈલનું પ્રથમ પરીક્ષણ નવેમ્બર,2018માં પોખરણથી કરવામાં આવ્યું હતું.
- આ અપગ્રેડ કરેલા સંસ્કરણમાં નાક–માઉન્ટ થયેલ સક્રિય રડાર હોમિંગ સિકરનો સમાવેશ છે જેની વિસ્તૃત શ્રેણી 15 થી 20 કિ.મી. છે.

## કોવિરૈપ

- IIT–ખડગપુર દ્વારા COVID-19 ની તપાસ કરવા કોવિરૈપ(COVIRAP) નામની નવી નિદાન પરીક્ષણની શોધ કરી છે.
- 'ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ' દ્વારા આ પરીક્ષણની અસરકારકતાને માન્યતા આપવામાં આવી છે.

### કોવિરૈપની કાર્ય પ્રક્રિયા વિશે

- 'કોવિરૈપ'માં તાપમાન નિયંત્રણ એકમ, જિનોમિક વિશ્લેષણ માટે વિશેષ શોધ એકમ અને પરિણામો મેળવવા માટે એક કસ્ટમાઈઝ સ્માર્ટફોન એપ્લિકેશન શામેલ છે.
- આ ત્રણ ઉપકરણો વિવિધ જનીનોની ઓળખ કરીને SARS-COV-2 ની હાજરીની પુષ્ટિ કરે છે.
- જ્યારે એકત્રિત કરવામાં આવેલ નમૂનાઓને આપેલ મિશ્રણ સાથે પ્રતિક્રિયા કરે છે અને જ્યારે કાગળના પટ્ટાઓ પ્રતિક્રિયા ઉત્પાદનોમાં ડૂબાડવામાં આવે છે ત્યારે રંગીન રેખાઓ વાયરસની હાજરી સૂચવે છે.
- ICMR માર્ગદર્શિકા મુજબ આ તકનીકનું સખત પ્રોટોકોલ હેઠળ પરીક્ષણ કરવામાં આવ્યું છે.

## INS કાવરતી

### INS કાવરતી વિશે

- INS કાવરતીને વિશાખાપટનમમાં 22 ઓક્ટોબર, 2020ના રોજ ભારતીય નૌકાદળમાં કમિશન અપાયું છે.
- INS કાવરતી એ 'કામોર્તા વર્ગ કોર્વેટ' અથવા પ્રોજેક્ટ–28 હેઠળ ચાર સ્વદેશી રીતે બનાવવામાં આવેલી એન્ટિ–સબમરીન વોરફેર સ્ટીલ્થ કોર્વેટમાંની એક છે.
- INS કાવરતીની ડીઝાઈન 'ડિરેક્ટોરેટ ઓફ નેવલ ડિઝાઇન(DND) દ્વારા અને તેનુ નિર્માણ કોલકાતાના 'ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ અને એન્જિનયર્સ' દ્વારા કરવામાં આવ્યુ છે.
- INS કાવરતી પાસે અત્યાધુનિક શસ્ત્રો છે. તેમાં સેન્સર સ્યુટ પણ શામેલ છે જે સબમરીન 'તપાસ અને કાર્યવાહી' કરવા સક્ષમ છે. વહાણમાં વિશ્વસનીય આત્મ–સંરક્ષણ ક્ષમતા અને લાંબા અંતરની જમાવટ માટે સારી સહનશક્તિ છે. આ જહાજ 90% જેટલી સ્વદેશી સામગ્રીનો ઉપયોગ કરીને બનાવવામાં આવ્યું છે.

### Back to Basics : પ્રોજેક્ટ 28 વિશે

- આ પ્રોજેક્ટને વર્ષ 2003માં મંજૂરી આપવામાં આવી હતી.
- પ્રોજેક્ટ 28 હેઠળ, પ્રથમ શિપ જેનું નિર્માણ થયું હતું તે INS કામોર્તા છે જેનું નિર્માણ પ્રોજેક્ટ–28 હેઠળ વર્ષ 2005માં શરૂ થયું હતું.
- આ પ્રોજેક્ટ અંતર્ગત, ચાર કોર્વેટને ભારતીય નૌકાદળ માં કાર્યરત કરવામાં આવ્યા હતા. આ ચાર કોર્વેટમાં 'INS KAMORTA જેને વર્ષ 2014માં કાર્યરત કરવામાં આવ્યુ હતુ. ત્યાર બાદ વર્ષ 2016માં 'INS KADMATT, વર્ષ 2017માં INS KILTAN અને INS KAVARATTI ને વર્ષ 2020માં કમીશન કરવામાં આવી હતી.
- આ તમામ ભારતીય નૌકાદળના જહાજોના નામ લક્ષદ્વીપના ટાપુઓ અને દ્વીપસમૂહના નામ પર રાખવામાં આવ્યા છે.

## 'નાગ મિસાઇલ'નું અંતિમ પરીક્ષણ

- તાજેતરમાં 'સંરક્ષણ સંશોધન' અને વિકાસ સંગઠન(DRDO) દ્વારા પોખરણ ફાયરિંગ રેન્જ ખાતે ત્રીજી પેઢીની એન્ટિ–ટેંક ગાઈડેડ મિસાઈલ 'નાગ'નું અંતિમ પરીક્ષણ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યુ હતુ.
- આ મિસાઈલને 'નાગ મિસાઈલ કેરિયર(NAMICA-NAG Missile Carrier) દ્વારા પ્રક્ષેપિત કરવામાં આવી હતી.
- આ પરીક્ષણ પૂર્ણ થયા બાદ 'નાગ' મિસાઈલનું ઉત્પાદન શરૂ કરવામાં આવશે. 'ભારત ડાઈનેમિકસ લિમિટેડ દ્વારા NAMICAનુ ઉત્પાદન 'મેદક' ખાતે આવેલ ઓર્ડનન્સ ફેકટરી દ્વારા કરવામાં આવશે.

### Back to Basics : નાગ મિસાઈલ વિશે

- 'નાગ'સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન(DRDO) દ્વારા સ્વદેશી તકનીકી દ્વારા વિકસિત ત્રીજી પેઢીની એન્ટિ–ટેંક મિસાઈલ છે.
- 'નાગ મિસાઈલ DRDOના એકીકૃત માર્ગદર્શિત મિસાઈલ વિકાસ કાર્યક્રમ હેઠળ વિકસાવવામાં આવી છે.
- આ મિસાઈલ 'ફાયર એન્ડ ફોર્ગેટ' કેટેગરી હેઠળ આવે છે એટલે કે એકવાર તેને છોડીને લક્ષ્યમાં પ્રવેશ કરવા માટે વધારાના માર્ગદર્શનની જરૂર હોતી નથી.
- આ મિસાઈલ દરેક મોસમમાં દિવસ અને રાતના સમયે સમાન ક્ષમતાની સાથે 500 મીટરથી 4 કિ.મી.ના અંતરે સ્થિત લક્ષ્યોને સફળતાપૂર્વક ભેદી શકે છે.
- આ મિસાઈલ પ્રક્ષેપણ પહેલાં લક્ષ્યોને ચિહ્નિત કરવા માટે 'ઈમેજિંગ ઈન્ફ્રારેડ સિકર'નો ઉપયોગ કરે છે.
- હાલમાં DRDO હેઠળ આ મિસાઈલનું હેલિકોપ્ટર વર્ઝન 'હેલીના'નો વિકાસ પણ અંતિમ તબક્કામાં છે.

## ગ્લોબલ વેલ્થ રિપોર્ટ, 2020

- સ્વિટઝર્લેન્ડ સ્થિત ખાનગી રોકાણ બેન્કિંગ કંપની દ્વારા બહાર પાડવામાં આવેલા 'ગ્લોબલ વેલ્થ રિપોર્ટ, 2020'અહેવાલ અનુસાર મહામારી અને તેના કારણે લાગુ કરવામાં આવેલ લોકડાઉન છતાં જૂન, 2020ના અંતે પુખ્ત ભારતીયોની સરેરાશ સંપત્તિમાં ડિસેમ્બર, 2020ની તુલનામાં લગભગ 120 ડોલર(લગભગ 8,800 રૂપિયા)નો વધારો થયો છે.

### ગ્લોબલ વેલ્થ રિપોર્ટ, 2020માં વૈશ્વિક પરિસ્થિતિ વિશે

- વર્ષ 2019માં કુલ વૈશ્વિક સંપત્તિ 36.3 ટ્રિલિયન ડોલર અને પ્રતિ પુખ્ત વયના વ્યક્તિ દીઠ સરેરાશ સંપત્તિ 77,309 ડોલર સુધી પહોંચી ગઈ હતી. જે વર્ષ 2018ની સરખામણીમાં 8.5% વધુ છે.
- જાન્યુઆરી થી માર્ચ, 2020 દરમિયાન, કુલ ઘરેલુ સંપત્તિમાં 17.5 ટ્રિલિયન ડોલરનો ઘટાડો થયો છે. જે વર્ષ 2019ના અંતમાં વૈશ્વિક સંપત્તિના મૂલ્ય કરતા 4.4% ઓછો છે.
- આ રોગચાળાને કારણે, મહિલા કામદારોએ નોંધપાત્ર સામાજિક અને આર્થિક અસમાનતાનો સામનો કરવો પડયો છે.

### ગ્લોબલ વેલ્થ રિપોર્ટ, 2020 અંતર્ગત ભારતની પરિસ્થિતિ:

- ભારતની ઘરેલુ સંપત્તિમાં અચળ સંપત્તિ વિશેષ સ્થાન ધરાવે છે. જોકે હવે ધીરે ધીરે નાણાકીય સંપત્તિમાં પણ વધારો થઈ રહ્યો છે અને ભારતની કુલ સંપત્તિમાં તેની ભાગીદારી લગભગ 22% થઈ ગઈ છે.
- સ્ટોક, શેર, બોન્ડ અને બેંક થાપણો નાણાકીય સંપત્તિના મુખ્ય ઉદાહરણો છે.
- અહેવાલમાં જણાવ્યા અનુસાર જૂન,2020માં પુખ્ત ભારતીયોની સરેરાશ સંપત્તિ 17,420 ડોલર(લગભગ 12.77 લાખ રૂપિયા) પર પહોંચી ગઈ છે, જે ડિસેમ્બર,2019માં 17,300 હતી.
- વર્ષ 2020ના પહેલા ભાગમાં ભારતના પખ્ત વયના લોકોની સરેરાશ સંપત્તિ લગભગ 1.7%ના દરે વધી છે. જ્યારે અંદાજ મુજબ, વર્ષ 2020માં પુખ્ત ભારતીયોની સંપત્તિમાં 5-6% નો વધારો થશે. જ્યારે વર્ષ 2021માં આ વધારો 9% સુધી પહોંચી શકે છે.
- ભારતમાં બેરોજગારીનો દર જાન્યુઆરી–એપ્રિલ,2020 ની વચ્ચે લગભગ ત્રણ ગણો વધી ગયો છે.

### ભારતમાં આર્થિક અસમાનતા વિશે

- ભારતમાં આર્થિક અસમાનતા અને ગરીબી એ હકીકત દ્વારા સમજાવી શકાય છે કે ભારતમાં વર્ષ 2019ના અંતે પુખ્ત વસ્તીના 73% લોકોની સંપત્તિ 10,000 ડોલરથી ઓછી છે.
- બીજી બાજુ, ભારતની વસ્તીના નાના ભાગ(કુલ પુખ્ત વયના 2.3%) પાસે 100,000 ડોલરથી વધુની સંપત્તિ છે.
- રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે વૈશ્વિક ચલણ ધારકોમાં ટોચના 1% લોકોમાં ભારતના કુલ 9,07,000 લોકોનો સમાવેશ થાય છે.

## 'ઇ-ધરતી જીઓ પોર્ટલ'

### 'ઇ-ધરતી જીઓ પોર્ટલ'(e- Dharti Geo Portal) વિશે

- કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રી શ્રી હરદીપસિંહ પુરીએ 'ઈ–ધરતી જીઓ પોર્ટલ' લોન્ચ કર્યુ છે. પોર્ટલ મેનેજમેન્ટ ઈન્ફર્મેશન સિસ્ટમમાં નકશા અને લીઝ પ્લાન સહિતના વારસાના ચિત્રોને એકીકૃત કરશે. પોર્ટલ નકશા અને લીઝ યોજનાઓ 'ભૌગોલિક માહિતી સિસ્ટમ(GIS: Geographic Information System) દ્વારા સક્ષમ બનાવશે.
- 'ભૂમિ અને વિકાસ કાર્યાલય(L&Do) હાલમાં લગભગ 60,000 વ્યાપારી, રહેણાંક, ઔદ્યોગિક અને સંસ્થાકીય મિલકતોનો વ્યવહાર કરે છે. તે વિગતો અને મિલકતનો બાહ્યરેખા નકશો શામેલ કરતી સંપત્તિ પ્રમાણપત્ર પ્રદાન કરે છે. પોર્ટલ પર હવે આ વિગતો ઓનલાઈન મેળવી શકાય છે.

### સંપત્તિ કાર્ડ અથવા પ્રમાણપત્ર

- મિલકત ધારકને પ્રમાણપત્ર આપવામાં આવશે.
- પ્રમાણપત્રમાં જમીનનો પ્રકાર, સંપત્તિનો પ્રકાર, ફાળવણીની તારીખ, સંપત્તિની સ્થિતિ, પ્લોટ ક્ષેત્ર, સંપત્તિનું સરનામું વગેરે મિલકતની વિગતો શામેલ હશે.
- 1000 રૂપિયાની ફી ચૂકવીને પ્રમાણપત્રો પ્રાપ્ત કરી શકાય છે
- L&Do ની વેબસાઈટની મુલાકાત લઈને લોકો દ્વારા તેના સુધી પહોંચ સુનિશ્ચિત કરી શકશે.
- આ પગલાથી સામાન્ય લોકો, ખાસ કરીને વૃદ્ધોને ફાયદો થાય છે, ઉપરાંત તે બિનજરૂરી દલીલો ટાળવામાં મદદ કરશે.
- પ્રમાણપત્રમાં સંપત્તિની મૂળભૂત વિગતો અને મિલકતનું સ્થાન દર્શાવતો નકશો હશે.

## ભારતીય જીનોમ ડેટાસેટ

- તાજેતરમાં, વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન પરિષદ(CSIR) ના વૈજ્ઞાનિકો દ્વારા 1029 ભારતીયોના 'જીનોમ સિકવેન્સિંગ' પરના વ્યાપક ગણતરી વિશ્લેષણનાં પરિણામો બહાર પાડયાં હતાં.
- પ્રોજેકટ પર શોધ કાર્ય CSIR 'ઇન્સ્ટિટયૂટ ઓફ જેનોમિકસ એન્ડ ઈન્ટીગ્રેટીવ બાયોલોજી, દિલ્હી(IGIB) અને 'સેલ્યુલર એન્ડ મોલેકયુલર બાયોલોજી સેન્ટર, હૈદરાબાદ' દ્વારા કરવામાં આવ્યું છે.
- આ સંશોધન કાર્ય 'ઈન્ડિજેન જીનોમ સિકવન્સીંગ પ્રોગ્રામનો એક ભાગ છે.
- જિનોમ સિકવન્સીંગ હેઠળ DNA અણુમાં 'ન્યુકિલયોટાઈડના ચોક્કસ ક્રમની જાણકારી મેળવી શકાય છે.
- આ અંતર્ગત, DNAમાં હાજર ચાર તત્વોના એડાનીન(A), ગુઆનિન(G), સાયટોસિન(C) અને થાઈમિન(T) ક્રમને શોધી શકાય છે.

### 'ઇન્ડિજેન જીનોમ સિકવન્સીગ પ્રોગ્રામ' વિશે

- ભારત 1.3 અબજથી વધુની વસ્તી સાથે વિશ્વનો બીજો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ છે. સમૃદ્ધ આનુવંશિક વિવિધતા હોવા છતાં, વૈશ્વિક જીનોમ અધ્યયનમાં ભારતનો સમાવેશ ઓછો છે.
- આ અંતરને ભરવા માટે, CSIR દ્વારા એપ્રિલ,2019માં 'ઈન્ડિજેન' કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે.
- 'ઈન્ડિજેન જીનોમ પ્રોજેકટ હેઠળ 1000 થી વધુ લોકોના જિનોમ સિકવન્સીંગનો અભ્યાસ કરવામાં આવ્યો છે.
- કાર્યક્રમ અંતર્ગત દેશભરમાંથી 1029 તંદુરસ્ત ભારતીયોનું 'જીનોમ સિકિવન્સિંગ' પૂર્ણ થયું છે.

## NISAR સેટેલાઇટ

- વર્ષ 2022 સુધીમાં 'નાસા–ઈસરો સિન્થેટીક એપેરચર રડાર(NISAR) સેટેલાઈટનું લોકાર્પણ થવાનું છે. ભારત અને અમેરીકા એ એક બીજા સાથે સ્પેસ સિચ્યુએશનલ અવેરનેસ માહિતી શેર કરવાનું નક્કી કર્યા બાદ સુનિશ્ચિત કરવામાં આવ્યું હતું.
- ભારત–અમેરીકા પણ ભારત–અમેરીકા સ્પેસ સંવાદ ચાલુ રાખવાનો ઈરાદો વ્યક્ત કર્યો હતો.
- સંભવિત અવકાશ સંરક્ષણ સહકારના ક્ષેત્રો પર ચર્ચા કરવાનું પણ તેમણે નક્કી કર્યું.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE iceraj kot

- સંયુક્ત નિવેદન સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, વિદેશ મંત્રી એસ જયશંકર અને તેમના યુએસ સમકક્ષો વચ્ચેના 2 + 2 વ્યૂહાત્મક સંવાદ બાદ બહાર પાડવામાં આવ્યું છે.
- બંને પક્ષે 'ભારતીય અવકાશ સંશોધન સંગઠન(ISRO) અને 'રાષ્ટ્રીય એરોનોટિક્સ અને અવકાશ વહીવટીતંત્ર' વચ્ચે ચાલી રહેલા સહયોગને બિરદાવ્યો હતો.

### અવકાશ સંકલન પર 2 + 2 સંવાદ વિશે

- બંને દેશોના મંત્રીઓ સ્પેસ સિચ્યુએશનલ અવેરનેસની માહિતી શેર કરવા સંમત થયા હતા.
- સલામત, સ્થિર અને ટકાઉ અવકાશ વાતાવરણ માટેની પરિસ્થિતિઓ બનાવવાના પ્રયત્નો આનાથી ઉત્પન્ન થાય છે.
- પૃથ્વી નિરીક્ષણ અને પૃથ્વી વિજ્ઞાનમાં તકનીકી સહકાર માટે 'પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયઅને 'યુ.એસ. રાષ્ટ્રીય મહાસાગર અને વાતાવરણીય વહીવટીતંત્ર' વચ્ચે એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- MoUનો ઉપયોગ હિંદ મહાસાગરમાં પ્રાદેશિક અને વૈશ્વિક હવામાન ઉત્પત્તિની વધુ સારી સમજણ માટે કરવામાં આવશે. તે હવામાનશાસ્ત્ર, સમુદ્રશાસ્ત્ર અને દરિયાઈ સંસાધનોના સંચાલનમાં પણ સામાન્ય સંશોધન લક્ષ્યોને આગળ વધારશે.

### Back to Basics : NISAR વિશે

- NISAR (NASA-ISRO Synthetic Aperture Radar) મિશન NASA અને ISRO નો સંયુક્ત પ્રોજેક્ટ છે. તે પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહ પર ડયુઅલ–ફ્રીકવન્સી સિન્થેટીક છિદ્ર રડારના સહ–વિકાસ અને પ્રક્ષેપણની શરૂઆત કરવામાં આવી છે. તે પ્રથમ રડાર ઈમેજિંગ ઉપગ્રહ હશે જે ડ્યુઅલ ફ્રીકવન્સીઝનો ઉપયોગ કરશે. આ સેટેલાઈટ ભારતમાંથી જીઓસિંક્રોનસ સેટેલાઈટ લોંચ વ્હીકલ પર સન–સિંક્રનસ ભ્રમણકક્ષા પર શરૂ કરવામાં આવશે.
- ઉપગ્રહનો ઉપયોગ પૃથ્વી પરની કુદરતી પ્રક્રિયાઓને અવલોકન અને સમજવા માટે, રિમોટ સેન્સિંગ માટે કરવામાં આવશે. એક મહિનામાં 4 થી 6 વખત પૃથ્વીની જમીન અને બરફની ઊંચાઈને મેપ કરવા માટે ઉપગ્રહ અદ્યતન રડાર ઈમેજિંગનો ઉપયોગ કરશે. તેને ઈકોસિસ્ટમ વિક્ષેપ, આઈસ–શીટ પતન અને ધરતીકંપ, લેન્ડસ્લાઈડ, સુનામી અને જ્વાળામુખી જેવા કુદરતી જોખમો સહિતની જીટલ કુદરતી પ્રક્રિયાઓનું નિરીક્ષણ અને માપન કરવા માટે બનાવવામાં આવ્યું છે.

## અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ-01(Satellite EOS-01)

- 'ભારતીય અવકાશ સંશોધન સંગઠન'(ISRO) દ્વારા 7 નવેમ્બર, 2020ના રોજ 'EOS-01' નામના પોતાના 'અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ' PSLV-C49 રોકેટ દ્વારા લોન્ચ કરવામાં આવ્યો હતો.
- માર્ચ, 2020માં કોવીડ–19 રોગચાળાના કારણે લોકડાઉન કર્યા પછી ઈસરો દ્વારા અંતરિક્ષ લોન્ચિંગ સાથે સંકળાયેલું આ પહેલું મિશન હશે.
- ઈસરો દ્વારા 'પોલર સેટેલાઈટ લોંચ વાહન'(PSLV) તરફથી મોકલવામાં આવનારૂ 51મું અંતરિક્ષ મિશન હશે.
- EOS-01એ પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહ છે જે કૃષિ, વનીકરણ અને આપત્તિ વ્યવસ્થાપનને સહયોગ આપવા માટે રચાયેલ છે.
- EOS-01 ઉપગ્રહને નવ આંતરરાષ્ટ્રીય ગ્રાહક ઉપગ્રહો સાથે ઈસરોના સતીષ ધવન સ્પેસ સેન્ટર, શ્રીહારીકોટા, આંધ્રપ્રદેશથી લોન્ચ કરવામાં આવશે.
- આ મિશન સાથે સંકળાયેલા ગ્રાહક ઉપગ્રહોને 'ન્યૂ સ્પેસ ઈન્ડિયા લિમિટેડ' અવકાશ વિભાગ સાથે કરવામાં આવેલ વ્યાપારી કરાર હેઠળ લોન્ચ કરવામાં આવી રહ્યા છે.

### Back to Basics : 'ધ્રુવીય સેટેલાઇટ પ્રક્ષેપણ વાહન' (PSLV) વિશે

- PSLV ત્રીજી પેઢીનું ભારતીય ઉપગ્રહ પ્રક્ષેપણ વાહન છે.
- PSLVની ઉંચાઈ 44 મીટર અને વ્યાસ 2.8 મીટર છે. પ્રક્ષેપણ વાહનના કુલ ચાર તબક્કા છે.
- 'લિક્વિડ સ્ટેજ' સાથેનું આ ભારતનું પહેલું લોંચિંગ વાહન છે.
- PSLVનું પ્રથમ સફળ પ્રક્ષેપણ ઓક્ટોબર,1994માં કરવામાં આવ્યું હતું.
- PSLVનો ઉપયોગ વર્ષ 2008માં ચંદ્રયાન–1 અને વર્ષ 2013માં મંગળ મિશનના લોકાર્પણમાં કરવામાં આવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# 5. યોજના / પોર્ટલ / રિપોર્ટ

## દક્ષિણ એશિયા આર્થિક ફોકસ રીપોર્ટ

- ➤ વર્લ્ડ બેંક દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલા એક અહેવાલ મુજબ, COVID-19 રોગચાળાને કારણે લાંબા સમયથી શાળાઓ બંધ રહેવાના કારણે ભારતમાં ભવિષ્યની આવકમાં મોટો ઘટાડો જોવા મળી શકે છે.

### દક્ષિણ એશિયા આર્થિક ફોકસ રીપોર્ટ વિશે

- ➤ વિશ્વ બેંક દ્વારા 'બીટન ઓર બ્રોકન' ઈંફોર્મેલિટી એંડ કોવીડ–19 નામથી જાહેર કરવામાં આવેલ 'દક્ષીણ એશિયા ઈકોનોમિક ફોકસ' અહેવાલમાં COVID-19 રોગચાળા દરમિયાન શાળાઓ બંધ થવાને કારણે અર્થતંત્ર પર તેની અસરોની સમીક્ષા કરવામાં આવી રહી છે.
- ➤ આ અહેવાલમાં વિશ્વ બેંક દ્વારા ચેતવણી આપવામાં આવી છે કે COVID-19 રોગચાળાને કારણે દક્ષિણ એશિયામાં લગભગ 5.5 મિલિયન બાળકો શાળાઓમાંથી બહાર થઈ શકે છે.
- ➤ વર્લ્ડ બેંકના જણાવ્યા અનુસાર, રોગચાળા દરમિયાન શાળાઓમાં રજીસ્ટર બાળકોને શીખવામાં ભારે નુકસાન સાથે શાળાના બાળકો દ્વારા શાળા છોડવાના કારણે દક્ષીણ એશિયાને ભવિષ્યની આવક અને 'કુલ ઘરેલુ ઉત્પાદનમાં (GDP) લગભગ 622 મિલિયન અમેરીકન ડોલરનુ નુકસાન થવાની સંભાવના છે.
- ➤ **કારણ**
- ➤ કોવીડ–19 રોગચાળાને કારણે શાળાઓનું સંચાલન સંપૂર્ણ રીતે અટકી ગયું છે અને શાળાઓ બંધ હોવા છતા બાળકોને ભણાવવાનો પ્રયાસ કરવો પડકારજનક સાબિત થયો છે.
- ➤ CVID-19 રોગચાળાએ આશરે 391 મિલિયન વિદ્યાર્થીઓની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં વિક્ષેપ પાડયો છે.
- ➤ વર્લ્ડ બેંકના જણાવ્યા મુજબ વિદ્યાર્થીઓના શિક્ષણના સ્તરમાં થયેલા ઘટાડાને કારણે તેની અસર ભવિષ્યમાં ઉત્પાદકતામાં ઘટાડોના રૂપમાં જોવા મળશે.
- ➤ દક્ષિણ એશિયાના દેશોની સરકારો દ્વારા ફક્ત પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ પર વાર્ષિક 400 બિલિયન ડોલરનો ખર્ચ કરવામાં આવે છે, જેના કારણે આર્થિક ઉત્પાદનમાં ખોટ ઘણી વધારે રહેશે.

## ઇન્ડિયા એનર્જી મોડેલિંગ ફોરમ(IEMF)

### 'ઇન્ડિયા એનર્જી મોડેલિંગ ફોરમ' (IEMF: India Energy Modeling Forum) વિશે

- ➤ 'યુએસ–ઈન્ડિયા સ્ટ્રેટેજિક એનર્જી પાર્ટનરશીપ' હેઠળ નીતિ આયોગ અને 'યુનાઈટેડ સ્ટેટ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ'(USAID- United States Agency fr Internatinal Develpment) દ્વારા 'ઈન્ડિયા એનર્જી મોડેલિંગ ફોરમની (IEMF: India Energy Modeling Forum) રચનાની દિશામાં 8 ઓકટોબર,2020ના રોજ નીતિ આયોગ દ્વારા તેની વહીવટી રચનાની ઘોષણા કરવામાં આવી હતી.
- ➤ 'યુએસ–ઈન્ડીયા સ્ટ્રેટેજિક ઊર્જા ભાગીદારી' હેઠળ ટકાઉ વિકાસ સ્તંભો તરીકે IEMFનો ઉદ્દેશ ભારતીય સંશોધનકારો, જ્ઞાન સંપત્તિ ભાગીદારો, થિંક ટેંક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સરકારી એજન્સીઓ અને વિભાગોને મોડેલિંગ અને ટકાઉ ઉર્જા આયોજન સાથે જોડવાનો છે.

### IEMF ના વહીવટી માળખા વિશે

- ➤ IEMF ના વહીવટી માળખામાં એક આંતર–મંત્રાલય અને એક સ્ટીઅરિંગ કમિટીનો સમાવેશ થાય છે. આંતર–મંત્રાલય સમિતિની બેઠક નીતિ આયોગ દ્વારા બોલાવવામાં આવશે અને તેની અધ્યક્ષતા 'મુખ્ય કાર્યકારી અધિકારી દ્વારા કરવામાં આવશે.
- ➤ આમાં 'પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય', 'વીજ મંત્રાલય', 'નવીન અને નવીકરણીય ઊર્જા મંત્રાલય', 'કોલસા મંત્રાલય', 'પર્યાવરણ', વન અને હવામાન પરિવર્તન મંત્રાલયઅને 'વિજ્ઞાન અને તકનીકી વિભાગ'ના વરિષ્ઠ અધિકારીઓનો સમાવેશ થાય છે.

### સંચાલન સમિતિમાં નીચેના પ્રતિનિધિઓનો સમાવેશ થશે

- ➤ વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય, નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય, આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય, ટેકનોલોજી માહિતી આગાહી અને મૂલ્યાંકન સમિતિ, કોલસા સંગ્રાહક સંગઠન, પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલ, સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી ઓથોરિટી અને નીતિ આયોગના સરકારના પ્રતિનિધિઓ.
- ➤ ઉદ્યોગ સંગઠન (FICCI અને ભારતીય ઉદ્યોગ સંઘ)
- ➤ શૈક્ષણિક ક્ષેત્ર (IIT બોમ્બે, અમદાવાદ અને દિલ્હી)
- ➤ નીતિ સંશોધન સંસ્થા, થિંક ટેન્ક અને ફંડિંગ એજન્સી

### સમિતિના કાર્યો વિશે

- આ સમિતિ અભ્યાસ માટેના નીતિ વિષયક મુદ્દાઓની શોધ કરશે અને વિશિષ્ટ અધ્યયન/મોડેલિંગ અભ્યાસોના આધારે વિવિધ ટાસ્ક ફોર્સની રચના કરશે.
- આ સમિતિના કન્વીનરની પસંદગી બે વર્ષ માટે રોટેશનલ આધારે કરવામાં આવશે, જે આંતર–મંત્રાલય અને સંચાલન સમિતિઓ અને કાર્યકારી જૂથો/ટાસ્ક ફોર્સ વચ્ચેના સંપર્ક બિંદુ તરીકે કાર્ય કરશે.
- પુણે સ્થિત પ્રયાસ સમુહ સંચાલન સમિતિનુ પ્રથમ સંયોજક હશે.
- આ સમિતિ અભ્યાસ/મોડેલિંગ પ્રવૃત્તિઓની સમીક્ષા કરશે અને સંશોધન દિશા સાથે નવા ક્ષેત્ર પ્રદાન કરશે..

### Back to Basic : ભારત-અમેરીકા વચ્ચે ઉર્જા સહકાર વિશે

- ઊર્જા ક્ષેત્રે ભારત અને અમેરીકાની લાંબા સમયથી ભાગીદારી છે.
- 'યુ.એસ.–ઈન્ડીયા વ્યૂહાત્મક ઊર્જા ભાગીદારી'ના ચાર ટકાઉ વિકાસ સ્તંભોમાંથી એક, સતત વિકાસ સ્તંભની અધ્યક્ષતા નીતિ આયોગ અને USAID સાથે મળીને કરી રહી છે.
- આ સ્તંભ ભારત અને યુનાઈટેડ સ્ટેટના સંશોધનકારો અને નિર્ણયકર્તાઓને ઊર્જા ડેટા મેનેજમેન્ટ, ઊર્જા મોડલિંગ અને ઓછા કાર્બન ઉત્સર્જન ધરાવતી ટેકનોલોજીને પ્રોત્સાહન આપવા જેવા ક્ષેત્રોમાં સહયોગ આપવા એકીકૃત કરે છે.
- IEMFની શરૂઆત ઊર્જા મોડેલિંગના ક્ષેત્ર હેઠળ કરવામાં આવી હતી.

## 'હ્યુમન કોસ્ટ ઓફ ડિઝાસ્ટર', 2000-2019 રીપોર્ટ

### 'હ્યુમન કોસ્ટ ઓફ ડિઝાસ્ટર 2000-2019 રીપોર્ટ' વિશે

- તાજેતરમાં, સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'હ્યુમન કોસ્ટ ઓફ ડિઝાસ્ટર 2000-2019' નામના એક નવા અહેવાલમાં જણાવ્યું છે કે છેલ્લા 20 વર્ષમાં હવામાન પરિવર્તનને કારણે થતી કુદરતી આફતોની સંખ્યા લગભગ બમણી થઈ ગઈ છે.
- આપત્તિ ઝોખમ નિવારણ માટે, સંયુક્ત રાષ્ટ્ર દ્વારા કહેવામાં આવ્યુ છે કે વર્ષ 2000 અને વર્ષ 2019 ની વચ્ચે 7348 મોટી આપત્તિની ઘટનાઓ બની હતી જેમાં 1.23 મિલિયન લોકો મૃત્યુ પામ્યા હતા અને 4.2 અબજ લોકો અસરગ્રસ્ત થયા અને લગભગ ૨.૯૭ ટ્રિલિયન ડોલર જેટલુ વૈશ્વિક આર્થિક નુકસાન થયું હતુ.
- વર્ષ 1980-1999ની વચ્ચે નોંધાયેલ 4212 મોટી કુદરતી આફતો કરતા આ આંકડો અલગ છે.
- પૂર, દુષ્કાળ અને વાવાઝોડા જેવી આત્યંતિક મોસમી ઘટનાઓ સહિત આબોહવાને લગતી આપત્તિઓમાં વધારા માટે હવામાન પરિવર્તનમાં ઝડપી વધારો મોટાભાગે જવાબદાર હતો.
- છેલ્લા 20 વર્ષમાં પૂરની સંખ્યા બમણાથી વધુ થઈ છે, જ્યારે તોફાનની સંખ્યા 1457થી વધીને 2034 થઈ છે.
- ભારત ચીન પછી બીજો સૌથી વધુ પુર અસરગ્રસ્ત દેશ છે.
- ભારે ગરમી ખાસ કરીને જીવલેણ સાબિત થઈ રહી છે. ભારતમાં વર્ષ 2015 માં હીટવેવના પરિણામે 2248 લોકો મૃત્યુ પામ્યા હતા.

### ક્ષેત્ર આધારિત આંકડા વિશે

- આંકડા દર્શાવે છે કે છેલ્લા 20 વર્ષમાં એશિયામાં 3068 આવી ઘટનાઓ સાથે સૌથી વધુ આફતો આવી છે, ત્યારબાદ અમેરીકા(1756) અને આફ્રિકા(1192)નું સ્થાન છે.
- આપત્તિ પ્રભાવિત દેશોમાં ચીન 577 ઘટનાઓ સાથે આ યાદીમાં પ્રથમ ક્રમે છે. ત્યારબાદ અમેરીકા(467), ભારત(321)નું સ્થાન છે.

### Back to Basics : 'ઈંટરનેશનલ ડેકોર ડિઝાસ્ટર રિસ્ક રિડકશન' વિશે

- દર વર્ષે 13 ઓકટોબરના રોજ જોખમ–જાગૃતિ અને આપત્તિ ઘટાડવાની વૈશ્વિક સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા ' ઈંટરનેશનલ ડેકોર ડિઝાસ્ટર રિસ્ક રિડકશન' ઉજવવામાં આવે છે.
- વર્ષ 2020 ની થીમ 'આપત્તિ જોખમ શાસન'(Disaster Risk Gvernance).
- આ દિવસની ઉજવણીની શરૂઆત સંયુક્ત રાષ્ટ્રની મહાસભા દ્વારા વર્ષ 1989માં એક અહવાન દ્વારા કરવામાં આવી હતી.
- આપત્તિ જોખમ ઘટાડવા પર 'ત્રીજી યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ કોન્ફરન્સ' જાપાનના સેંડાઈમાં વર્ષ 2015માં યોજાઈ હતી.

## STARS (Strengthening Teaching-Learning and Results f States) પ્રોજેક્ટ

- તાજેતરમાં 'વિશ્વ બેંક' દ્વારા સહાયતા પ્રાપ્ત 'STARS પ્રોજેક્ટ' ને લગતા ઘણા કાર્યક્રમને 'કેન્દ્રીય કેબિનેટ' દ્વારા વડાપ્રધાનની અધ્યક્ષતામાં મંજૂરી આપવામાં આવી હતી.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

### Back to Basics : STARS પ્રોજેક્ટ વિશે

- મંત્રીમંડળ દ્વારા 5718 કરોડના ખર્ચ સાથેના 'STARS પ્રોજેક્ટ'ને મંજૂરી આપવામાં આવી છે. પ્રોજેક્ટ ખર્ચમાંથી આશરે 3700 કરોડ રૂપિયા 'વર્લ્ડ બેંક' પાસેથી પ્રાપ્ત થશે.
- 'STARS પ્રોજેક્ટને 'શિક્ષણ મંત્રાલય'ના 'શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ' હેઠળ એક નવીન કેન્દ્રિય પ્રાયોજિત યોજના તરીકે લાગુ કરવામાં આવશે.
- 'શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ' હેઠળ સ્વતંત્ર અને સ્વાયત્ત સંસ્થા તરીકે 'પરખ' નામના 'રાષ્ટ્રીય મૂલ્યાંકન કેન્દ્રની સ્થાપના કરવામાં આવશે.
- 'પરખ' એ 'નવી શિક્ષણ નીતિ,2020માં સૂચવેલ મૂલ્યાંકન સુધારણામાંનું એક છે. 'નવી શિક્ષણ નીતિ'નો મુખ્ય ઉદ્દેશ શાળાઓ, બોર્ડને ઉચ્ચ–સ્ટેક પરીક્ષાઓથી સામૂહિક રૂપે દુર રાખીને સમગ્ર મૂલ્યાંકનની તરફ લઈ જવાનો છે.
- 'STARS પ્રોજેક્ટ' છ રાજ્યો– હિમાચલપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, કેરળ અને ઓડિશાના વિદ્યાર્થીઓના મૂળભૂત વાંચન અને ગણિતની કુશળતાને સુધારવા અને આકારણી સુધારણાને ટેકો આપશે.
- આ પ્રોજેક્ટ સિવાય પાંચ રાજ્યો– ગુજરાત, તમિલનાડુ, ઉત્તરાખંડ, ઝારખંડ અને આસામમાં આ જ પ્રકારના કાર્યક્રમનુ આયોજન 'એશિયન ડેવલપમેન્ટ બેન્ક'ની સહાયતાથી અમલમાં મુકવાની કલ્પના છે.
- છ રાજ્યો માટે 'STARS પ્રોજેક્ટ' હેઠળ અનેક હસ્તક્ષેપો સૂચવવામાં આવ્યા છે
- જેમાં શિક્ષકોની ક્ષમતા વિકસાવવાનો, શિક્ષણ શીખવાની સામગ્રી અને બોર્ડની પરીક્ષાઓને વધુ ગુણવત્તા આધારિત બનાવવી જેવી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## કલા સંસ્કૃતિ વિકાસ યોજના

- 'કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલય' દ્વારા કેન્દ્રિય ક્ષેત્રની 'કલા સંસ્કૃતિ વિકાસ યોજનાના વિવિધ ઘટકો હેઠળ વર્ચુઅલ/ઓનલાઈન સ્થિતિમાં સાંસ્કૃતિક કાર્યક્રમો/પ્રવૃત્તિઓ યોજવા માટે માર્ગદર્શિકા જાહેર કરી છે.

### 'કલા સંસ્કૃતિ વિકાસ યોજના' હેઠળ માર્ગદર્શિકાની જોગવાઈ વિશે

- નવી વ્યવસ્થા હેઠળ પહેલેથી જ અનુદાન મેળવ્યું હોય તેવા કલાકારો/સંગઠનોને યોજનાના વિવિધ ઘટક હેઠળ કળા અને હસ્તકલાને લગતા ફેસબુક અને યુટયુબ જેવા સોશિયલ મીડિયા માધ્યમો દ્વારા વર્ચુઅલ વર્કશોપનુ આયોજન કરવા, લેકચર–કમ–પર્ફોમન્સ, વેબિનાર, ઓનલાઈન કાર્યક્રમો/તહેવારો વગેરેને ઉજવવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે.
- યોજનાનો લાભ લેવા માટે, તે હેઠળ આવરી લેવામાં આવતી પ્રવૃત્તિઓ સંબંધિત દસ્તાવેજોની ભૌતિક નકલો રજૂ કરવાની જરૂર હાલમાં મોકુફ કરવામાં આવી છે અને ગ્રાન્ટ મંજૂરી માટે સોફ્ટ કોપી સ્વીકારવામાં આવી રહી છે.
- સંસ્થાઓ કે જે વર્ચુઅલ રીતે કાર્યક્રમનું આયોજન કરી રહી છે, જો તેઓ કાર્યક્રમની વિગતોથી સંબંધિત વિડિઓ લિંક્સ/રેકોર્ડિંગ્સ સબમિટ કરે છે, તો તેઓ પ્રોગ્રામ વિશે અખબારોમાં પ્રકાશિત થતા સમાચાર પત્રોના સંગ્રહમાંથી મુક્તિ મેળવી શકે છે. ડિજિટલ માધ્યમ દ્વારા કેટલા દર્શકો આવા કાર્યક્રમમાં પહોંચ્યા તે વિગતોમાં પણ ઉલ્લેખ કરવો જરૂરી છે.
- યુટિલાઈઝેશન સર્ટિફિકેટમાં આપેલ ખર્ચની વિગતો વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા કરવામાં આવેલા પ્રોગ્રામના સંદર્ભમાં વાજબી હોવી જોઈએ.

### યોજના સંબંધિત વિવિધ અનુદાન/કાર્યક્રમો વિશે

■ **રિપોર્ટરી ગ્રાન્ટ :**

- રિપોર્ટરી ગ્રાન્ટ હેઠળ, કલાકારોને તેમના સંબંધિત ટ્રેનર્સ દ્વારા ઓનલાઈન તાલીમ આપી શકાય છે અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરી શકાય છે. યુટિલિટી સર્ટિફિકેટ માટે હોલ, થિયેટર, ડ્રેસ, લાઈટિંગ, ડિઝાઈન, કલાકારોનું મહેનતાણું, રિપોર્ટરી ગ્રાન્ટને લગતી ગ્રાન્ટની રસીદો સ્વીકારવામાં આવશે.

■ **રાષ્ટ્રીય ઉપસ્થિતિ:**

- રાષ્ટ્રીય ઉપસ્થિતિ કાર્યક્રમ અંતર્ગત કળા અને સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે રાષ્ટ્રીય કક્ષાએ ઓનલાઈન સાંસ્કૃતિક કાર્યક્રમો/ તહેવારો/પરિસંવાદોનું આયોજન કરી શકાય છે. હોલ, થિયેટર, કલાકારોને મહેનતાણું, સાધનસામગ્રીની ખરીદી માટે ભાડાની રસીદ, યોજનાઓના ભાગોના સંચાલન સાથે સંબંધિત અન્ય વિવિધ પ્રવૃત્તિઓ કરવા માટેના ખર્ચ માટેની યોજનાના માર્ગદર્શિકા હેઠળ આપવામાં આવેલી ગ્રાન્ટ કરવા સ્વીકારવામાં આવશે.

### સાંસ્કૃતિક કાર્યક્રમ અને ઉત્પાદન અનુદાન(CFPG):

- CFPG (Cultural Function & Production Grant) અંતર્ગત ભારતીય સંસ્કૃતિના વિવિધ પાસાઓ પર સેમિનાર, પરિષદો, સંશોધન, વર્કશોપ, તહેવારો, પ્રદર્શન, નૃત્ય નિર્માણ, નાટક–થિયેટર, સંગીત વગેરે અને નાના સંશોધન પ્રોજેક્ટ હાથ ધરવામાં આવી શકે છે. યોજનાના ભાગોનું સંચાલન, હોલ માટે ભાડાની પ્રાપ્તિ, થિયેટર,

કલાકારોને મહેનતાણું, ઓનલાઈન ઉપયોગિતા પ્રમાણપત્ર માટે સાધનસામગ્રીની ખરીદી વગેરે સંબંધિત અન્ય વિવિધ પ્રવૃત્તિઓના કામગીરી માટે ખર્ચની ગ્રાન્ટ, યોજનાના માર્ગદર્શિકા મુજબ કરવા સ્વીકારવામાં આવશે.

■ **હિમાલય હેરિટેજ :**

➤ હિમાલયની સાંસ્કૃતિક વિરાસતનુ જતન અને વિકાસ માટે નાણાકીય સહાય હેઠળ અભ્યાસ અને સંશોધન, જાળવણી અને દસ્તાવેજીકરણ, ઓડિઓ વિઝ્યુઅલ પ્રોગ્રામ દ્વારા પ્રસારણ, પરંપરાગત કલા અને 'ફોલ્ડ આર્ટ' માટે ઓનલાઈન તાલીમનું આયોજન કરી શકાય છે. ઉપયોગના પ્રમાણપત્ર માટે હિમાલય યોજનાના આ ઘટકોને લગતી પ્રવૃત્તિઓ અનુદાનના પ્રકાશન માટે સ્વીકારવામાં આવશે.

■ **બૌદ્ધ/તિબેટીયન :**

➤ બૌદ્ધ/તિબેટીયન કલાના વિકાસ માટે નાણાકીય સહાયતા હેઠળ પુસ્તકોની ખરીદી, દસ્તાવેજીકરણ અને સૂચિબદ્ધ કરવા, સાધુઓને શિષ્યવૃત્તિ, વિશેષ અભ્યાસક્રમો અને સંસ્કૃતિની સમજ, ઓડિઓ–વિઝ્યુઅલ રેકોર્ડિંગ/ દસ્તાવેજીકરણ, સાધુઓ માટે આઈટી આધારિત તાલીમ સહાય, શિક્ષકોનું વેતન વગેરેને ઓનલાઈન કરી શકાય છે. ઉપયોગિતા પ્રમાણપત્ર માટે બૌદ્ધ યોજનાના આ ઘટકોને લગતી પ્રવૃત્તિઓ અનુદાનના પ્રકાશન માટે સ્વીકારવામાં આવશે.

## ગ્લોબલ હંગર ઈન્ડેક્સ, 2020

➤ તાજેતરમાં જ 'ગ્લોબલ હંગર ઈન્ડેક્સ'(GHI), 2020 જાહેર કરવામાં આવ્યો હતો.

### 'ગ્લોબલ હંગર ઈન્ડેક્સ', 2020 વિશે

➤ 'ગ્લોબલ હંગર ઈન્ડેક્સ' ભૂખમરાની સમીક્ષા પરનો વાર્ષિક અહેવાલ છે. જે વૈશ્વિક, પ્રાદેશિક અને રાષ્ટ્રીય સ્તરે ભૂખમરાની સ્થિતિનુ માપન કરે છે.

➤ કુલ 107 દેશોમાંથી માત્ર 13 દેશો ભારત કરતા વધુ ખરાબ સ્થિતિમાં છે, જેમાં રવાંડા (97મા), નાઈજીરીયા (98મા), અફઘાનિસ્તાન (99મા), લાઈબેરિયા (102મા), મોઝામ્બિક (103મા), ચાડ (107મા) વગેરેનો સમાવેશ થાય છે.

➤ GHI-2020ના સ્કોર મુજબ, ૩ દેશો – ચાડ, તિમોર–લેસ્તે અને મડાગાસ્કરમાં ભૂખમરો ભયજનક સ્તરે છે.

➤ GHI-2020 મુજબ, વિશ્વવ્યાપી ભૂખમરો 'મધ્યમ' સ્તર પર છે.

### GHI-2020માં ભારતની સ્થિતિ વિશે

➤ GHI-2020માં ભારત 107 દેશોમાંથી 94માં ક્રમે છે.

➤ વર્ષ 2019માં ભારત 117 દેશોમાંથી 102 ક્રમ પર હતું, જ્યારે વર્ષ 2018માં ભારત 103માં ક્રમે હતુ.

➤ ભારત ભૂખમરા સૂચકાંકમાં 27.2ના સ્કોર સાથે 'ગંભીર' વર્ગમાં છે.

➤ આ સૂચકાંકમાં ભારત શ્રીલંકા(64), નેપાળ(73), પાકિસ્તાન(88), બાંગ્લાદેશ(75), ઈન્ડોનેશિયા(70) જેવા દેશોથી પાછળ છે.

➤ ભારતની 14% વસ્તી કુપોષિત છે. તેનુ નિર્ધારણ અપર્યાપ્ત કેલરી લેવાની માત્રાના આધાર પર કરવામાં આવે છે.

➤ ભારતમાં બાળકોમાં 'સ્ટંટિંગ'નો દર 37.4% નોંધાયો છે. 'સ્ટંટિંગ' ઉંમર કરતા ઓછી ઉંચાઇ દર્શાવે છે અને તે કાયમી કુપોષણ બતાવે છે. તે સામાન્ય રીતે નબળી, સામાજિક–આર્થિક પરિસ્થિતિઓ, માતાનું નબળુ સ્વાસ્થ્ય અને પોષણ સાથે સંકળાયેલ છે.

➤ ભારતમાં 'બાળ મૃત્યુદર' દરમાં સુધારો થયો છે, જે હવે 3.7% છે. બાળ મૃત્યુદર પાંચ વર્ષથી ઓછી વયના બાળકોના મૃત્યુ દરનો સંદર્ભ આપે છે.

➤ 'ચાઈલ્ડ વેસ્ટીંગ'માં ભારતની સ્થિતિમાં ઘટાડો જોવા મળ્યો છે. ભારતનો સ્કોર 17.3% રહ્યો છે. 'ચાઈલ્ડ વેસ્ટીંગ' ઉંચાઈની સરખામણીમાં ઓછા વજન અને 'તીવ્ર'/એક્યુટ કુપોષણનો સંદર્ભ આપે છે. તીવ્ર કુપોષણ એ કુપોષણનું સૌથી આત્યંતિક અને શ્યમાન સ્વરૂપ છે.

### Back to Basic: 'વૈશ્વિક ભૂખમરા સૂચકાંક (GHI: Global Hunger Index):

➤ GHI ને આયર્લેન્ડ સ્થિત એજન્સી 'કસર્ન વર્લ્ડવાઈડ' અને જર્મન સંસ્થા 'વેલ્ટ હંગર હિલ્ફે' દ્વારા સંયુક્ત રીતે તૈયાર કરવામાં આવે છે.

➤ ચાર ઘટક સૂચકાંકોના આધારે GHI સ્કોરની ગણતરી કરવામાં આવે છે:

1. અલ્પપોષણ
2. ચાઈલ્ડ વેસ્ટિંગ
3. ચાઈલ્ડ સ્ટંટિંગ
4. બાળ મૃત્યુદર

➤ આ ચાર સૂચકાંકોના મૂલ્યોના આધારે, ભૂખમરાને 0 થી 100ના ધોરણે નિર્ધારિત કરવામાં આવે છે. જ્યાં 0 એ શ્રેષ્ઠ સંભવિત સ્કોર છે(ભૂખમરો નથી) અને 100 સૌથી ખરાબ છે.

➤ દરેક દેશના GHI સ્કોરને નીમ્નથી અત્યંત જોખમી સ્થિતિમાં વર્ગીકૃત કરવામાં આવે છે.

■ GHI ગંભીરતા સ્કેલ:

| ઓછુ | મધ્યમ | ગંભીર | ખતરનાક | ખુબ ચિંતાઢ જનક |
|---|---|---|---|---|
| 9.9 અથવા તેનાથી ઓછુ | 10.0-19.9 | 20.0-34.9 | 35.0-49.9 | 50 અથવા તેથી વધુ |

## 'કપિલા' કલામ કાર્યૂમ

### 'કપિલા' કલામ કાર્યક્રમ વિશે

- 15 ઓક્ટોબર, 2020ના રોજ કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને વૈજ્ઞાનિક ડૉ.એ.પી.જે. અબ્દુલ કલામની 89 મી જન્મજયંતિ નિમિત્તે નવી શોધના પેટન્ટની જાગૃતિ માટે 'બૌદ્ધિક સંપત્તિ સાક્ષરતા અને જાગૃતિ શિક્ષણ અભિયાન માટે 'કપિલા' કલામ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.
- કપિલાનું પુરૂ નામ: KAPILA: Kalam Program for Intellectual Property Literacy and Awareness
- આ અભિયાન અંતર્ગત ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં શિક્ષણ મેળવનારા વિદ્યાર્થીઓને તેમની શોધની પેટન્ટની માટેની અરજી પ્રક્રિયાની સાચી સિસ્ટમ વિશે માહિતગાર કરવામાં આવશે અને તેઓને તેમના અધિકારોથી વાકેફ કરવામાં આવશે.
- આ પ્રોગ્રામ કોલેજો અને સંસ્થાઓને વધુને વધુ વિદ્યાર્થીઓને પેટન્ટ ફાઈલ કરવા માટે પ્રોત્સાહિત કરશે.
- આ સાથે 15 થી 23 ઓક્ટોબર સુધી 'બૌદ્ધિક સંપત્તિ સાક્ષરતા સપ્તાહ' ઉજવવાનું પણ નક્કી કરવામાં આવ્યું હતું.

### ઇનોવેશન ઇન્સ્ટિટયૂટ કાઉન્સિલ(IIC) વિશે:

- કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા 'ઇનોવેશન ઇન્સ્ટિટયૂટ કાઉન્સિલની સ્થાપના વર્ષ 2018માં કરવામાં આવી હતી.
- અત્યાર સુધી લગભગ 1700 ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં તેની શાખા ખોલવામાં આવી છે.
- 'કપિલા' કલામ કાર્યક્રમ પ્રસંગે, 'ઇન્સ્ટિટયૂટ ઓફ ઇનોવેશન કાઉન્સિલ–2.0નો વાર્ષિક પર્ફોર્મન્સ રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો હતો અને IIC-3.0 રજૂ કરવાની જાહેરાત કરવામાં આવી હતી.
- IIC-3.0 હેઠળ 5000 ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં કાઉન્સિલ ઓફ ઇનોવેશન સંસ્થાઓની રચના કરવામાં આવશે.

### બ્રહ્મોસનું નેવલ વર્ઝન

- 18 ઓક્ટોબર, 2020ના રોજ, અરબી સમુદ્રમાં બ્રહ્મોસ સુપરસોનિક ક્રુઝ મિસાઈલના નૌકા સંસ્કરણનું નૌકાદળના સ્વદેશી રીતે નિર્મિત સ્ટીલ્થ ડિસ્ટ્રોયર INS–ચેન્નઇ પરથી સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું હતુ.

### INS-ચેન્નઇ વિશે:

- સ્વદેશી રીતે બનાવવામાં આવેલ કોલકાતા–વર્ગની સ્ટીલ્થ–ગાઈડેડ મિસાઈલ ડિસ્ટ્રોયર 'INS ચેન્નઈ'ને 'સપાટીથી સપાટી પર હુમલો કરનાર બ્રહ્મોસ મિસાઈલ સિસ્ટમ'ના વહન કરવા માટે બનાવવામાં આવી છે.
- છેલ્લા કેટલાક સપ્તાહમાં ભારતે સપાટીથી સપાટી પર હુમલો કરનાર સુપરસોનિક ક્રુઝ મિસાઈલ બ્રહ્મોસના નવુ સંસ્કરણ અને એન્ટી રેડિએશન મિસાઈલ 'રૂદ્રમસહિત અનેક મિસાઈલોનું પરીક્ષણ કર્યું છે.

### Back to Basics : બ્રહ્મોસ વિશે

- બ્રહ્મોસ મિસાઈલ ભારત અને રશિયા વચ્ચેના સંયુક્ત સાહસ દ્વારા બનાવવામાં આવી છે. 'બ્રહ્મોસ એરોસ્પેસ, ભારત–રશિયન સંયુક્ત સાહસ, સુપરસોનિક ક્રુઝ મિસાઈલોનું નિર્માણ કરે છે.
- તેનું નામ ભારતની બ્રહ્મપુત્રા નદી અને રશિયાની મોસ્કવા નદીના નામ પરથી રાખવામાં આવ્યું છે.
- તે ક્રુઝ મિસાઈલ છે પરંતુ જ્યારે તેની ઝડપ 2.8 મેક હોય છે એટલે કે તેની મારક ક્ષમતા ધ્વનીની ગતિ કરતા ત્રણ ગણા વધારે હોય ત્યારે તેને 'સુપરસોનિક ક્રુઝ મિસાઈલ' કહેવામાં આવે છે.
- તેની લક્ષ્ય ઘુસણખોર શક્તિ અચુક છે, તેથી તેને 'ફાયર એન્ડ ફોર્ગેટ' મિસાઈલ પણ કહેવામાં આવે છે. તે પરમાણુ શસ્ત્રોનું વહન કરવામાં પણ સક્ષમ છે.
- તેને સબમરીન, વિમાન, હવા અને જમીનથી ફાયર કરી શકાય છે.
- વર્ષ 2005માં બ્રહ્મોસ સુપરસોનિક ક્રુઝ મિસાઈલના પ્રથમ સંસ્કરણને ભારતીય નૌકાદળમાં સામેલ કરવામાં આવ્યુ હતું.

## આયુષ્માન સહકાર યોજના

### આયુષ્માન સહકાર યોજના વિશે

- તાજેતરમાં કેન્દ્રીય કૃષિ મંત્રી નરેન્દ્રસિંહ તોમારે આયુષ્માન સહકાર યોજના શરૂ કરી છે.
- આ યોજના હેઠળ 'રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ'(NCDC)

દ્વારા આરોગ્ય સુવિધા સ્થાપવા માટે સહકારી મંડળીઓને કુલ રૂ. 10,000 કરોડની લોન આપવામાં આવશે.

➤ 'આયુષ્માન સહકાર યોજના'ની કલ્પના મુખ્યત્વે કેરળના મોડેલ પર આધારિત છે, જ્યાં સહકારી સંસ્થાઓએ કેરળના આરોગ્ય ક્ષેત્રને સુધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

➤ આયુષ્માન સહકાર યોજના હેઠળ લોન મેળવવા માટેની એક શરત એ છે કે સહકારી મંડળીઓના સભ્યોને રાહત દરે આરોગ્ય સેવાઓ પ્રદાન કરવી જોઈએ.

➤ ગ્રામીણ વિસ્તારોમાં સહકારીની હાજરી ખૂબ પ્રબળ હોવાથી આ યોજના ગ્રામીણ વિસ્તારોમાં આરોગ્ય સુવિધાઓને મોટા પાયે પુનર્જીવિત કરવામાં મદદ કરશે.

➤ સ્વતંત્રતા દિવસ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામાં આવેલ 'રાષ્ટ્રીય ડિજિટલ આરોગ્ય મિશન(NGHM ને અનુરૂપ 'આયુષ્માન સહકાર યોજના દેશના ગ્રામીણ વિસ્તારોમાં આરોગ્યના માળખાને મજબૂત બનાવવામાં મદદ કરશે.

### Back to Basics : 'રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ(NCDC) વિશે

➤ 'રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમની સ્થાપના સંસદના એક અધિનિયમ દ્વારા વર્ષ 1963માં 'કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય હેઠળના કાયદાકીય નિગમ તરીકે કરવામાં આવી હતી.

➤ તે વૈધાનિક સંસ્થા છે જે સહકારી ક્ષેત્ર માટે નાણાકીય અને વિકાસલક્ષી સંસ્થા તરીકે કાર્યરત છે.

## મિશન શક્તિ

### મિશન શક્તિ વિશે

➤ ઉત્તરપ્રદેશમાં મહિલાઓ પર બળાત્કારની વધતી ઘટનાઓને ધ્યાનમાં રાખીને રાજ્યના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે રાજ્યની મહિલાઓ અને યુવતીઓની સલામતી અને ગૌરવ સુનિશ્ચિત કરવા 'મિશન શક્તિ'ની શરૂઆત કરી કરી છે.

➤ આ પ્રસંગે મુખ્યમંત્રીએ કહ્યું હતું કે 'રાજ્ય સરકાર મહિલાઓ અને છોકરીઓ વિરુદ્ધના ગુનાઓ સામે' ઝીરો ટોલરન્સ 'નીતિનું પાલન કરવામાં આવશે.

➤ ઉત્તરપ્રદેશ સરકાર આ મિશનને તબક્કાવાર રીતે અમલ કરશે, જે અંતર્ગત પ્રથમ તબક્કા અંતર્ગત મહિલાઓ અને છોકરીઓની સલામતી અને ગૌરવ સુનિશ્ચિત કરવા જાગૃતિ ફેલાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે અને બીજા તબક્કા હેઠળ 'ઓપરેશન શક્તિ' હાથ ધરવામાં આવશે, જેમાં મહિલાઓ સાથે ચેડાં કરનાર લોકોને લક્ષ્યાંક બનાવવામાં આવશે.

➤ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું હતું કે 'જો પહેલા અને બીજા તબક્કા પછી પણ કોઈ સુધારા નહીં થાય તો આવા લોકોને જાહેર બહિષ્કારનો સામનો કરવો પડશે અને તેમની તસવીરો જાહેરમાં પ્રદર્શિત કરવામાં આવશે.

➤ મિશન શક્તિમાં ઉત્તરપ્રદેશના સરકારના કુલ 24 વિભાગોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## ખાદ્ય ઉપભોગ પર WWFનો રીપોર્ટ

➤ 'વર્લ્ડ વાઈલ્ડલાઈફ ફંડ'(WWF) દ્વારા 9 ઓક્ટોબર, 2020ના રોજ 'બેન્ડિંગ કર્વ: ધ રિસ્ટોરેટિવ પાવર ઓફ પ્લેનેટ–બેસ્ટ ડાયટનામ'ના રીપોર્ટને પ્રકાશિત કરવામાં આવ્યો હતો.

### રિપોર્ટ સર્વેક્ષણ વિશે

➤ આ અહેવાલમાં 147 દેશો અને 6 પ્રદેશોમાં ખાદ્ય ઉપભોગની પેટર્ન અને 75 દેશોના 'રાષ્ટ્રીય દૈનિક આહાર દિશા–નિર્દેશનું વિગતવાર વિશ્લેષણ રજૂ કરવામાં આવ્યું છે. આમાં, વિવિધ પર્યાવરણીય અને આરોગ્ય સૂચકાંકો પરના આહારની અસરોનું મૂલ્યાંકન દરેક દેશ અને ક્ષેત્ર માટે કરવામાં આવ્યું છે.

➤ વિશ્વમાં ખાદ્યપદાર્થોના વપરાશની રીત બહોળા પ્રમાણમાં અલગ છે અને તેમાં મોટો સ્તરે તફાવત જોવા મળે છે.

➤ સૌથી ધનિક અને ગરીબ દેશોમાં ખાદ્યપદાર્થોની વિવિધ રીત જોવા મળે છે. ઉદાહરણ તરીકે, યુરોપિયન દેશોમાં (1,800 ગ્રામ/દિવસ) આફ્રિકન દેશોની (1,200 ગ્રામ/દિવસ) સરખામણીમાં પ્રત્યેક દિવસ લગભગ 600 ગ્રામ વધુ ખોરાક લેવામાં આવે છે.

➤ જો કે કુપોષણ અને મેદસ્વીપણા લગભગ તમામ દેશોને અસર કરે છે. સૌથી ગરીબ દેશોમાં અન્ય દેશોની તુલનામાં ઓછા વજનવાળા લોકોનો દર 10 ગણો વધારે છે.

➤ જ્યારે ધનિક દેશોમાં વધુ વજન/મેદસ્વી લોકોનો દર પાંચ ગણો વધારે છે.

➤ ઓછી અને મધ્યમ આવકવાળા દેશોમાં અકાળ મૃત્યુનું કારણ અનિચ્છનીય આહાર, ન્યૂનતમ વપરાશ તેમજ મહત્તમ વપરાશ છે.

➤ ખોરાકમાં પરિવર્તન શોધવા માટે ભારતે અતિરિક્ત સાવચેતી રાખવાની જરૂર છે કારણ કે 'સ્વાસ્થ્યપ્રદ અને ગ્રહ–મૈત્રીપૂર્ણ આહાર'માં પરિવર્તન અને મોટા પાયે વપરાશમાં વધારો

થવાને કારણે જૈવવિવિધતામાં ઘટાડો જોવા મળી રહ્યો છે. ભારતે પોષક જરૂરિયાતોને પહોંચી વળવા ફળ, શાકભાજી અને ડેરી ઉત્પાદનોનો વપરાશ વધારવો પડશે.

## આધુનિક ગુલામી પર સંયુક્ત રાષ્ટ્રનો અહેવાલ

### આધુનિક ગુલામી પર સંયુક્ત રાષ્ટ્રના અહેવાલ વિશે:

- યુનાઈટેડ નેશન્સ દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલા એક અહેવાલ મુજબ, વિશ્વમાં હાલમાં લગભગ 29 કરોડ મહિલાઓ આધુનિક ગુલામીનો ભોગ બની છે.
- 'સ્ટેકડ ઓડ(Stacked Odds) નામના શીર્ષક પર પ્રકાશિત અહેવાલ મુજબ, વૈશ્વિક સ્તરે 130 મહિલાઓમાં 1 મહિલા આધુનિક ગુલામીનો શિકાર છે.
- માનવ ઈતિહાસમાં અન્ય કોઈ પણ સમય કરતા વર્તમાનમાં સૌથી વધુ લોકો કોઈને કોઈ પ્રકારની ગુલામીના ભોગ બન્યા છે.
- અહેવાલમાં જણાવાયું છે કે યૌન શોષણના દરેક પીડિતોમાંથી 99% મહીલાઓ ભોગ બની છે. તેવી જ રીતે બળજબરીથી થતા લગ્ન અને બંધુઆ મજૂરીમાં ક્રમશઃ 84% અને 58% મહીલાઓ ભોગ બની છે.

### આધુનિક ગુલામી વિશે:

- આધુનિક ગુલામીનો અર્થ કોઈ વ્યક્તિની સ્વતંત્રતાને વ્યવસ્થિત રીતે દૂર કરવાની એ પ્રક્રિયાને સંદર્ભિત કરે છે જ્યાં એક વ્યક્તિ દ્વારા તેના વ્યક્તિગત અથવા આર્થિક લાભ માટે બીજા વ્યક્તિનુ શોષણ કરવામાં આવે છે.
- COVID-19 રોગચાળાએ વિશ્વના સૌથી સંવેદનશીલ લોકોને આધુનિક ગુલામીની પ્રથા તરફ વધુ દબાણ કર્યું છે.
- COVID-19 રોગચાળા દરમિયાન, વિશ્વભરમાં જબરદસ્તી અને બાળ વિવાહના કેસની સાથે શ્રમીકોના શોષણમાં મોટો વધારો થયો છે.

### ભારતની સ્થિતિ વિશે:

- આ અહેવાલમાં, ભારતમાં આધુનિક ગુલામીના કેસોમાં વધારો થવાનું એક મુખ્ય કારણ જાતિગત ભેદભાવને ટાંકવામાં આવ્યો છે.
- વર્ષ 2019માં છોકરાઓના જન્મ તરફ સૌથી વધુ પક્ષપાત સાથે વિશ્વના ટોચના 10 દેશોમાં ભારત પાંચમા ક્રમે હતું.
- રિપોર્ટ અનુસાર, લિંગ પ્રમાણમાં અકુદરતી વિકૃતિને કારણે ભારત અને ચીનમાં લગ્ન માટે છોકરીઓની દાણચોરીના કિસ્સા બન્યા છે.
- અહેવાલમાં ભારતના કેટલાક ભાગોમાં પ્રચલિત દેવદાસી પ્રણાલી પર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે, અહેવાલમાં જણાવાયું છે કે આ પ્રથામાં સામેલ 98% છોકરીઓ ઘરેલુ હિંસાનો ભોગ બની છે અને લગભગ 92% છોકરીઓ બાળ મજૂરીનો શિકાર બની છે.
- અહેવાલ મુજબ, દક્ષિણ ભારતના આસામના ચાના બગીચાઓમાં અને કાંતવાની ફેકટરીઓમાં છોકરીઓને બંધુ આ મજૂરના રૂપમાં કાર્ય કરવાના કિસ્સા સામે આવ્યા છે.

## ગ્લોબલ ટ્યુબરક્યુલોસિસ રિપોર્ટ, 2020

### ગ્લોબલ ટ્યુબરક્યુલોસિસ રિપોર્ટ, 2020 વિશે

- 'વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન' દ્વારા તાજેતરમાં 'ગ્લોબલ ટ્યુબરક્યુલોસિસ રિપોર્ટ, 2020' બહાર પાડવામાં આવ્યો હતો.
- આ અહેવાલમાં ક્ષય રોગ(TB) સંબંધિત મૃત્યુ પર COVID-19 ની અસર પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.
- અહેવાલમાં કહેવામાં આવ્યુ છે કે, કોવિડ–19 કારણે વિશ્વભરમાં ટીબીના મૃત્યુમાં 0.2 થી 0.4 મિલિયનનો વધારો થઈ શકે છે.
- અહેવાલ મુજબ, લોકડાઉન લાદવામાં આવ્યા બાદ ભારતે એપ્રિલ, 2020માં ક્ષય રોગના કેસોમાં 85% ઘટાડો નોંધાવ્યો હતો. જો કે, ટીબીના મોતની સંખ્યા 2,00,000 અને 4,00,000 ની વચ્ચે હોઈ શકે છે.
- ફિલિપાઈન્સ, ઈન્ડોનેશિયા અને દક્ષિણ આફ્રિકામાં વિશ્વના ટીબીના 44% કેસ નોંધાયા છે.
- ભારત, ચીન, ઈન્ડોનેશિયા, પાકિસ્તાન, ફિલિપાઈન્સ, નાઈજીરીયા, બાંગ્લાદેશ અને રશિયામાં વૈશ્વિક ટીબીના બે તૃતીયાંશ કેસ છે.
- ભારત, ચીન અને રશિયામાં ડ્રગ પ્રતિરોધક ટીબીનું સૌથી મોટુ ભારણ નોંધાયું છે.
- ટીબીના કેસોમાં 9% ઘટાડો થયો છે જ્યારે વર્ષ 2015 થી 2019 ની વચ્ચે ટીબીના મૃત્યુમાં 14% નો વધારો થયો છે.
- અહેવાલ મુજબ, ટીબી માટે વર્ષ 2018 થી 2019 ની વચ્ચે લગભગ 14 મિલિયન લોકોની સારવાર કરવામાં આવી હતી. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે WHO દ્વારા નિર્ધારિત પાંચ વર્ષના લક્ષ્યાંકની સારવાર આગળ વધી રહી છે, જે વર્ષ 2018 અને 2022 વચ્ચે 40 મિલિયન સુધી પહોંચે છે. પરંતુ, આ લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં કોવિડ–19 સૌથી મોટો અવરોધ છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

### ભારતમાં ટીબી કેસ વિશે:

➤ વિશ્વના ટીબીના કુલ કેસોમાં ભારતનો હિસ્સો 26% છે જે વિશ્વમાં સૌથી વધુ બોજો છે.

## ભારતમાં હિંગ કૃષિ પરિયોજના

➤ 'ઈન્સિટીટયુટ ઓફ હિમાલયન બાયોરિસોર્સ ટેકનોલોજી' (IHBT), પાલમપુરના વૈજ્ઞાનિકો ભારતીય હિમાલય ક્ષેત્રમાં હિંગની ખેતીને પ્રોત્સાહન આપવા માટે 'મિશન પ્રોજેક્ટ' પર કામ કરી રહ્યા છે. IHBT હિમાચલ પ્રદેશમાં સ્થિત 'સાયન્ટિફિક એન્ડ ઔદ્યોગિક સંશોધન'ની પ્રયોગશાળા છે.

### 'ભારતની હિંગ કૃષિ યોજના' વિશે:

➤ ભારતમાં હિંગની ખેતી કરવામાં આવતી નથી. દર વર્ષે ભારત ઈરાન, અફઘાનિસ્તાન અને ઉઝબેકિસ્તાનથી લગભગ 1,200 ટન કાચા હીંગની આયાત કરે છે, જેની કિંમત આશરે 600 કરોડ રૂપિયા છે.

➤ વર્ષ 2017માં, IHBTએ ભારતીય હિમાલય ક્ષેત્રમાં હિંગના વાવેતર માટેના પ્રાયોગિક પ્રોજેકટ માટેના વિચાર સાથે 'નેશનલ બ્યુરો ઓફ પ્લાન્ટ જિનેટિક રિસોર્સિસ'(NBPGR) નો સંપર્ક કર્યો હતો.

➤ જૂન, 2020માં IHBT દ્વારા હિંગની ખેતી કરવા માટે હિમાચલપ્રદેશના કૃષિ મંત્રાલય સાથે માટે એક MoU કરવામાં આવ્યો છે.

➤ કૃષિ મંત્રાલયે 'લાહુલ–સ્પીતી વેલી'માં આવી ચાર જગ્યાઓ ઓળખી કાઢવામાં આવી છે અને આ ક્ષેત્રના સાત ખેડુતોને હીંગના બીજનું વિતરણ કરવામાં આવ્યુ છે.

## CUReD પોર્ટલ

➤ કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડો. હર્ષ વર્ધન દ્વારા 20 ઓક્ટોબર, 2020ના રોજ ઓનલાઈન પોર્ટલ CUReDની શરૂઆત કરવામાં આવી હતી.

➤ આ પોર્ટલ વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન ઉદ્યોગ સાથેના સહયોગમાં સંકળાયેલ અસંખ્ય કોવીડ–19 કિલનિકલ ટ્રાયલ્સ વિશે વિસ્તૃત માહિતી પ્રદાન કરશે.

### CURed વિશે

➤ CUReD નું પુરૂ નામ 'CSIR Ushered Repurposed Drugs' છે.

➤ આ પોર્ટલ ડ્રગ્સ, ડાયગ્નોસ્ટિક્સ અને ડિવાઈસીસ વિશેની માહિતી પ્રદાન કરે છે. તેમાં ટ્રાયલ્સ, ભાગીદારી કરતી સંસ્થાઓ અને ટ્રાયલ્સમાં તેમની ભૂમિકાના વર્તમાન તબક્કા પણ શામેલ છે.

## 'એનિમિયા મુક્ત ભારત ઈન્ડેક્સ'માં હરિયાણા પ્રથમ

➤ દેશના તમામ 29 રાજ્યોમાં 'એનિમિયા મુકત ભારત'(AMB) અનુક્રમણિકામાં હરિયાણા રાજ્ય શ્રેષ્ઠ રાજ્ય તરીકે ઉભરતું આવ્યું છે.

➤ 46.7ના AMB ઈન્ડેક્સ સાથે હરિયાણા ટોચ પર હતું. રાજ્યએ પ્રથમ વખત વર્ષ 2019-2020માં 93% રસીકરણ પ્રાપ્ત કર્યું છે. હરિયાણા દેશના 11 રાજ્યોમાંનું એક છે જેણે વર્ષ 2020 પહેલા 'રાષ્ટ્રીય આરોગ્ય નીતિના લક્ષ્યાંકને સારી રીતે પ્રાપ્ત કરી લીધા છે. રાજ્યોમાં સંસ્થાકીય ડિલિવરી પણ 24 કલાકની પહોંચની સુવિધાના પરિણામે વધીને 93.7% થઈ ગઈ છે.

### 'એનિમિયા મુક્ત ભારત' વિશે

➤ તે 'આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયઅને 'યુનિસેફની પહેલ છે.

➤ આ યોજના ભારતભરમાં એનિમિયાના વ્યાપને ઘટાડવા માટે શરૂ કરવામાં આવી છે.

➤ એનિમિયા મુકત ભારત વ્યૂહરચના છ હસ્તક્ષેપો અને છ સંસ્થાકીય પદ્ધતિઓ દ્વારા છ લક્ષ્ય લાભાર્થી જૂથોને લાભ આપવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

➤ કાર્યક્રમ અભિયાન હેઠળ એનિમિયા ઘટાડવાનો લક્ષ્યાંક હાંસલ કરવાનો છે.

### યોજનાની જોગવાઈ

➤ આ યોજનામાં પાંચ વર્ષથી ઓછી વયના બાળકો માટે નિરીક્ષણ કરેલા દ્વિસંગી આયર્ન–ફોલિક એસિડની પૂરવણીની જોગવાઈ છે.

➤ 5-10 વર્ષના બાળકો માટે સાપ્તાહિક IFA(Ironic Folic Acid) પૂરવણીની જોગવાઈ છે.

➤ યોજના અંતર્ગત, શાળાના કિશોરો અને સગર્ભા સ્ત્રીઓ માટે નવી તકનીકીઓનો ઉપયોગ કરવા માટેનું એક 'પોઈન્ટ ઓફ કેર ટેસ્ટીંગ' અને સારવારની સ્થાપના કરવામાં આવી છે.

➤ એનિમિયામાં અદ્યતન સંશોધન કરવા માટે આ યોજના સંસ્થાકીય પ્રણાલીઓની સ્થાપના કરે છે.

➤ તે એનિમિયાના બિન–પોષક કારણોને પણ ધ્યાન આપે છે.

## સ્ટેટ ઓફ ગ્લોબલ એર રીપોર્ટ, 2020

- 'હેલ્થ ઈફેક્ટ ઈન્સ્ટિટયૂટ' (HEI)ના રિપોર્ટ 'સ્ટેટ ઓફ ગ્લોબલ એર'(SoGA),2020 મુજબ, ભારતમાં દર વર્ષે 1,16,000 થી વધુ નવજાત બાળકો હવાના પ્રદૂષણને કારણે મૃત્યુ પામે છે.
- SoGA અહેવાલમાં હવાની ગુણવત્તા અને તેના પ્રભાવ અને વૈશ્વિક સ્તરે આરોગ્ય પરના વલણોનું વિસ્તૃત વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

### સ્ટેટ ઓફ ગ્લોબલ એર રીપોર્ટ, 2020 વિશે

- અહેવાલ મુજબ, ભારતમાં 1,16,000થી વધુ નવજાત શિશુઓ હવાના પ્રદૂષણને કારણે મૃત્યુ પામે છે.
- નવજાત મૃત્યુના 50% થી વધુ મૃત્યુ આઉટડોર 'પાર્ટિક્યુલેટ મેટર' 2.5 સાથે સંકળાયેલા હતા, જ્યારે નવજાત મૃત્યુના અન્ય કારણોમાં કોલસા/ચારકોલ, લાકડા અને ગોબર જેવા નક્કર બળતણનો ઉપયોગ શામેલ છે.
- PM 2.5 એવા કણો અથવા નાના ટીપાંનો સંદર્ભ આપે છે જેનો વ્યાસ 2.5 માઈક્રોમીટર અથવા તેથી ઓછો હોય છે. તેથી તેને પીએમ 2.5 તરીકે પણ ઓળખવામાં આવે છે.
- વર્ષ 2019માં, આઉટડોર અને ઈન્ડોર હવાના પ્રદૂષણને કારણે સ્ટ્રોક, હાર્ટ એટેક, ડાયાબિટીઝ, ફેફસાના કેન્સર, ફેફસાના રોગો અને નવજાત રોગોથી 1.67 મિલિયનથી વધુ લોકો મૃત્યુ પામ્યા હતા.
- ભારતમાં નવજાતનાં મોટાભાગનાં મૃત્યુ જન્મ સમયે ઓછા વજન અને અકાળ જન્મથી સંબંધિત ગૂંચવણોને કારણે થયાં છે.

## સ્માર્ટ બ્લેક બોર્ડ યોજના

### સ્માર્ટ બ્લેક બોર્ડ યોજના વિશે

- તમિલનાડુ રાજ્ય સરકારે વધુ સારા શિક્ષણનું વાતાવરણ પૂરું પાડવા 80,000થી વધુ સરકારી શાળાઓમાં 'સ્માર્ટ બ્લેકબોર્ડ યોજના' લાગુ કરી છે.
- તમિલનાડુની 7500 શાળાઓમાં પણ કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયની 'સ્માર્ટ ક્લાસ રૂમ યોજના' લાગુ કરવામાં આવી રહી છે.
- આ યોજનાનો હેતુ શાળાઓમાં ઓડિઓ વિઝ્યુઅલ શિક્ષણ સામગ્રીનો ઉપયોગ કરવાનો છે. તે ડિજિટલ વર્ગખંડો અને સ્માર્ટ વર્ગખંડ યોજનાઓ સાથે પણ એકીકૃત થઈ શકે છે.

### 'ઓપરેશન ડિજિટલ બોર્ડ' વિશે

- 'માનવ સંસાધન વિકાસ મંત્રાલય'(હવે શિક્ષણ મંત્રાલયે) દ્વારા દેશમાં ગુણવત્તાયુક્ત શિક્ષણને વેગ આપવા માટે 'ઓપરેશન ડિજિટલ બોર્ડની શરૂઆત કરી છે.
- આ યોજનાનો હેતુ ડિજિટલ અને ઈન્ટરેક્ટિવ બોર્ડનો છે.
- આ પહેલ ઓપરેશન બ્લેકબોર્ડની લાઈન પર શરૂ કરવામાં આવી હતી.

## ફ્યુચર ઓફ જોબ રિપોર્ટ, 2020

- તાજેતરમાં 'વર્લ્ડ ઈકોનોમિક ફોરમ'(WEF) દ્વારા 'ફ્યુચર ઓફ જોબ રિપોર્ટની ત્રીજી આવૃત્તિ પ્રકાશિત કરવામાં આવી છે. રિપોર્ટ મુજબ, વર્ષ 2025 સુધીમાં કોવિડ–19ના કારણે 85 મિલિયનથી વધુ નોકરીઓ ખોરવાશે.

### ફ્યુચર ઓફ જોબ રિપોર્ટ, 2020ની મુખ્ય બાબતો વિશે

- મશીનો અને મનુષ્ય વચ્ચે મજૂરીનું ઓટોમેશન અને વિભાજન, આગામી પાંચ વર્ષમાં નોકરી ગુમાવવાનું એક મુખ્ય કારણ હશે.
- અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, કર્મચારીઓમાં નિરર્થકતા 15.4% થી ઘટીને 9% થશે.
- કોવિડ–19 રોગચાળાની આગેવાની હેઠળની આર્થિક કટોકટીએ નોકરીઓમાં વિક્ષેપને વેગ આપ્યો છે.
- વિશ્વના 50% કામદારોને આગામી પાંચ વર્ષમાં તેમની નોકરી સુરક્ષિત રાખવા માટે ફરીથી ફરજ બજાવવાની જરૂર છે.
- અહેવાલ મુજબ, વિશ્વભરના 43% ઉદ્યોગોએ એકીકૃત તકનીકને કારણે તેમના કાર્ય બળમાં ઘટાડો કર્યો છે.
- વિશ્વભરના 41% વ્યવસાયો કાર્ય વિશિષ્ટ કાર્ય માટે ઠેકેદારોનો ઉપયોગ કરી રહ્યા છે.
- ટેક્નોલોજીના એકીકરણને કારણે વિશ્વભરના ફક્ત 31% વ્યવસાયો તેમના કાર્યબળને વિસ્તૃત કરવાની યોજના બનાવી રહ્યા છે.
- રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે, ટેક્નોલોજીના પ્રવેગથી વૈશ્વિક અસમાનતામાં વધારો થઈ શકે છે અને કાર્ય બળની આવકમાં ઘટાડો કરી શકે છે.
- રિપોર્ટ જણાવે છે કે, ટેક્નોલોજીના પ્રવેગને કારણે મોટાભાગે યુવાનો, મહિલાઓ અને ઓછા કુશળ કામદારો પ્રભાવિત થયા છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## કર્મચારી રાજ્ય વીમા યોજના

➤ કેન્દ્ર સરકારે તાજેતરમાં જાહેર કરેલ એક જાહેરનામા મુજબ, 'કર્મચારી રાજ્ય વીમા યોજના' પહેલીવાર 1 નવેમ્બર, 2020 થી અરુણાચલ પ્રદેશમાં શરૂ કરવામાં આવશે.

### 'કર્મચારી રાજ્ય વીમા યોજના' (Employees State Insurance(ESI) Scheme) વિશે

➤ ભારતની 'કર્મચારી રાજ્ય વીમા યોજના' એક બહુઆયામી સામાજીક સુરક્ષા પ્રણાલિ છે. જે આ યોજનામાં શામેલ શ્રમીકો અને તેના આશ્રિતોને સામાજિક–આર્થિક સુરક્ષા પૂરી પાડે છે.

➤ આ યોજના સૌ પ્રથમ 24 ફેબ્રુઆરી, 1952ના રોજ કાનપુર,ઉત્તર પ્રદેશ ખાતે શરૂ કરવામાં આવી હતી.

➤ આ યોજના 'કર્મચારી રાજ્ય વીમા નિગમ'(ESIC) દ્વારા સંચાલિત કરવામાં આવે છે.

➤ ESIC દ્વારા 'કર્મચારી રાજ્ય વીમા અધિનિયમ, 1948' હેઠળ, કર્મચારીઓને કામના સ્થળે ઈજા, માંદગી અથવા મૃત્યુના કેસમાં યોગ્ય તબીબી સંભાળ અને રોકડ લાભની વ્યાપક સામાજિક સુરક્ષા લાભ પૂરો પાડવામાં આવે છે.

➤ ESIC દ્વારા આ યોજના હેઠળ કામદારોના લગભગ 3.49 કરોડ પરિવારો આવરી લેવામાં આવ્યા છે અને તે લગભગ 13.56 કરોડ લાભાર્થીઓને રોકડ લાભ અને યોગ્ય તબીબી સંભાળ પ્રદાન કરે છે.

➤ હાલમાં, 1520 ડિસ્પેન્સરીઓ (મોબાઈલ ડિસ્પેન્સરીઓ) સહિત 307 ISM એકમો અને 159 ESI હોસ્પિટલો, 793 શાખા/પગાર કચેરી અને 64 પ્રાદેશિક અને ઉપ–પ્રાદેશિક કચેરીઓનો સમાવેશ છે.

➤ હાલમાં ESI યોજના દેશના તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશો (લક્ષદ્વીપ સિવાય)ના 568 જિલ્લાઓમાં લાગુ કરવામાં આવી છે.

➤ ESI યોજના હેઠળ ઉપલબ્ધ વિવિધ લાભો ઉપરાંત, આ યોજના હેઠળ આવતા કર્મચારીઓને બેકારી ભથ્થું મળશે. ESIC દ્વારા 'અટલ વીમા વ્યક્તિ કલ્યાણ યોજના' અને 'રાજીવ ગાંધી શ્રમિક કલ્યાણ યોજના' નામની બે બેરોજગારી ભથ્થુ યોજનાઓ સંચાલિત છે.

## કિસાન સૂર્યોદય યોજના

### 'કિસાન સૂર્યોદય યોજના' વિશે

➤ વડાપ્રધાન દ્વારા તાજેતરમાં ગુજરાતમાં 'કિસાન સૂર્યોદય યોજના' શરૂ કરવામાં આવી હતી.

➤ ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારે સિંચાઈ માટે દિવસ દરમિયાન વીજ પુરવઠો સુનિશ્ચિત કરવા માટે 'કિસાન સૂર્યોદય યોજના' જાહેર કરી હતી.

➤ આ યોજના અંતર્ગત ખેડુતોને સવારે 5થી રાત્રી 9 વાગ્યા સુધી વીજળી પુરી પાડવામાં આવશે.

➤ રાજ્ય સરકારે વર્ષ 2023 સુધીમાં આ યોજના હેઠળ ટ્રાન્સમિશન ઈન્ફ્રાસ્ટ્રકચરની સ્થાપના માટે 3500 કરોડ રૂપિયાનું બજેટ ફાળવ્યું છે.

➤ આ પ્રોજેકટ હેઠળ 220KV સબ–સ્ટેશન ઉપરાંત, '66 કિલોવોટ'ની 234 ટ્રાન્સમિશન લાઈનો સ્થાપિત કરવામાં આવશે, જેની કુલ લંબાઈ 3490 સર્કિટ કિલોમીટર છે.

➤ વર્ષ 2020-21 માટે યોજના અંતર્ગત દાહોદ, પાટણ, મહીસાગર, પંચમહાલ, છોટા ઉદેપુર, ખેડા, તાપી, વલસાડ, આણંદ અને ગીર–સોમનાથ જિલ્લાનો સમાવેશ કરવામાં આવ્યો છે. વર્ષ 2022-23 સુધીમાં બાકીના જિલ્લાઓને તબક્કાવાર રીતે આવરી લેવામાં આવશે.

## 'સાઇ'(SAI) મોબાઇલ એપ્લિકેશન

### 'સાઇ'(SAI) મોબાઇલ એપ્લિકેશન વિશે

➤ ભારતીય સેનાએ 'ઈન્ટરનેટ માટે સલામત એપ્લિકેશન' એટલે કે SAI (Secure Application for Internet) નામની સુરક્ષિત મેસેજિંગ એપ્લિકેશન વિકસાવી છે. જે ઈન્ટરનેટ પર એન્ડ્રોઈડ પ્લેટફોર્મ માટે એન્ડ–ટુ–એન્ડ સલામત વોઈસ, ટેકસ્ટ અને વિડિઓ કોલિંગ સેવાઓ પ્રદાન કરવામાં સક્ષમ છે.

➤ ભારતીય સૈન્ય દ્વારા વિકસિત આ એપ્લિકેશન વોટસએપ અને ટેલિગ્રામ જેવી મેસેજિંગ એપ્લિકેશન જેવી જ છે અને એન્ડ–ટુ–એન્ડ એન્ક્રિપ્શન મેસેજિંગ પ્રોટોકોલનો ઉપયોગ કરે છે.

➤ 'સાઈ' (SAI) મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ અખિલ ભારતીય સ્તરે સૈન્યમાં સુરક્ષિત સંદેશા મોકલવા માટે કરવામાં આવશે.

➤ આ પ્રસંગે, સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે કહ્યું હતુ કે 'સાંઈ' (SAI) મોબાઈલ એપ્લિકેશન દ્વારા સેનામાં સલામત સંદેશા મોકલવાનું ખૂબ સરળ રહેશે. આ ઉપરાંત સંરક્ષણ મંત્રીએ આ એપ વિકસાવવા બદલ 'કર્નલ સાંઈ શંકરની પણ પ્રશંસા કરી હતી.

## ASER સર્વે, 2020

- 'શિક્ષણની વાર્ષિક સ્થિતિ અહેવાલ'(ASER: Annual Status of Education Report)ના સર્વે અનુસાર, દેશભરમાં COVID-19 ના પગલે લગભગ 20% ગ્રામીણ બાળકો શાળા બંધ હોવાને કારણે કોઈ પાઠયપુસ્તક પ્રાપ્ત કરી શકયા નથી.

### ASER સર્વે, 2020 ના મુખ્ય તારણો વિશે

**પાઠયપુસ્તકો સુધી પહોંચ:**

- આંધ્રપ્રદેશમાં 35% કરતા ઓછા બાળકો પાસે પાઠયપુસ્તકો હતા, જ્યારે રાજસ્થાનમાં માત્ર 60% બાળકો પાઠયપુસ્તકો ધરાવતા હતા.
- પશ્ચિમ બંગાળ, નાગાલેન્ડ અને આસામમાં 98% થી વધુ બાળકો પાસે પાઠયપુસ્તકો છે.

**શીખવાની સામગ્રી સુધી પહોંચ:**

- સર્વે મુજબ લગભગ ત્રણમાંથી એક ગ્રામીણ બાળક કોઈપણ પ્રકારની શીખવાની પ્રવૃત્તિમાં ભાગ લીધો નથી.
- તેમની શાળા દ્વારા પૂરી પાડવામાં આવેલ કોઈ શિક્ષણ સામગ્રી અથવા પ્રવૃત્તિ ત્રણમાંથી બે બાળકો માટે ઉપલબ્ધ નહોતી અને દસમાંથી ફક્ત એક જ બાળકની પહોંચ ઓનલાઇન વર્ગ સુધી હતી.
- વર્ષ 2018 ASER સર્વેની તુલનામાં સ્માર્ટફોન વપરાશકારોની સંખ્યા લગભગ બમણી થઈ ગઈ છે, પરંતુ સ્માર્ટફોનનો વપરાશ ધરાવતા બાળકોના ત્રીજા ભાગને હજી કોઈ શીખવાની સામગ્રી મળી નથી.
- દેશભરમાં બે તૃતીયાંશ ગ્રામીણ બાળકોએ જણાવ્યુ હતુ કે તેઓને કોઈ પણ પ્રકારની શિક્ષણ સામગ્રી પ્રાપ્ત થઈ નથી.
- બિહારના 8% કરતા ઓછા બાળકોએ જયારે પશ્ચિમ બંગાળ, રાજસ્થાન અને ઉત્તરપ્રદેશના 20% બાળકોને તેમની શાળામાંથી શિક્ષણ સામગ્રી પ્રાપ્ત કરી છે.
- હિમાચલ પ્રદેશ, પંજાબ, કેરળ અને ગુજરાતમાં 80% થી વધુ ગ્રામીણ બાળકોને આવા ઈનપુટ પ્રાપ્ત થયા છે.
- વર્ષ 2018માં, ASER સર્વેક્ષણકારોએ શોધી કાઢયુ હતું કે લગભગ 36% ગ્રામીણ ઘરોમાં જેમના બાળકો શાળાએ જતા હતા, તેઓની સ્માર્ટફોન હતો. વર્ષ 2020 સુધીમાં આ આંકડો વધીને 62% થઈ ગયો હતો. લોકડાઉન થયા પછી લગભગ 11% પરિવારોએ એક નવો સ્માર્ટફોન ખરીદ્યો છે.
- મેસેજિંગ એપ્લિકેશન દ્વારા કેટલાક લર્નિંગ ઈનપુટ પ્રાપ્ત કરનારા 75% વિદ્યાર્થીઓ સૂચવે છે કે શાં માટે વોટસએપ વિદ્યાર્થીઓ માટે 'કન્ટેન્ટ ટ્રાન્સમિશન શીખવાની સૌથી લોકપ્રિય રીત છે'. ઈનપુટ પ્રાપ્ત કરનારાઓમાંના લગભગ એક ચતુર્થાંશનો બાળકોનો શિક્ષક સાથે વ્યક્તિગત સંપર્ક હતો.

**શાળાઓમાં નવી નોંધણી:**

- વર્ષ 2018માં 6-10 વર્ષની ઉંમરના માત્ર 1.8% ગ્રામીણ બાળકોની સરખામણીમાં 5.3% ગ્રામીન બાળકોએ વર્ષ ૨૦૨૦માં પણ શાળામાં પ્રવેશ લીધો નથી.
- જે સૂચવે છે કે કોવીડ–19 રોગચાળાને પગલે વિક્ષેપોને લીધે, ગ્રામીણ પરિવારો બાળકોની નોંધણી માટે પહેલાની જેમ શાળાઓ ખોલવાની રાહ જોઈ રહ્યા છે. પરિણામે, 6 વર્ષ સુધીના લગભગ 10% બાળકો હજી પણ શાળામાં દાખલ થવા માટે સક્ષમ નથી.
- 15–16 વર્ષની વયની નોંધણી વર્ષ 2018 કરતા થોડી વધારે છે.
- નોંધણી પદ્ધતિમાં ફેરફાર પણ જોવા મળ્યો છે. સરકારી શાળાઓમાં નોંધણીનું પ્રમાણ વધ્યું છે.

### Back to Basic: 'શિક્ષણની વાર્ષિક સ્થિતિ અહેવાલASER: Annual Status of Education Report) વિશે

- ASER એ એક વાર્ષિક સર્વે છે જેનો હેતુ ભારતના દરેક રાજ્ય અને ગ્રામીણ જિલ્લાના શાળાઓની સ્થિતિ અને બાળકોના પાયાના શિક્ષણના સ્તરનો વિશ્વસનીય અંદાજ પૂરો પાડવાનો છે.
- ASER સર્વે ગ્રામીણ શિક્ષણ અને શિક્ષણના પરિણામો પર આધારિત રાષ્ટ્રવ્યાપી સર્વે છે જેમાં વાંચન અને અંકગણિત કુશળતાનો સમાવેશ થાય છે.
- છેલ્લા 15 વર્ષથી 'NGO પ્રથમ' દ્વારા તેનુ આયોજન કરવામાં આવે છે.
- આ વર્ષે ASER સર્વેને ફોન કોલના માધ્યમથી આયોજીત કરવામાં આવ્યો હતો જેમાં 30 રાજ્યો/કેંદ્રશાસિત પ્રદેશોના 5-16 વર્ષના 59,251 બાળકો સાથે 52,227 પરિવારોને શામેલ કરવામાં આવ્યા હતા.
- તે સામાન્ય લોકો દ્વારા દેશમાં કરવામાં આવેલ સૌથી મોટો સર્વે છે. સાથે સાથે દેશમાં બાળકોના શૈક્ષણિક પરિણામો વિશેની માહિતીનો એકમાત્ર ઉપલબ્ધ સ્રોત છે.

## ભારતમાં વીજ વપરાશ અને બેંચમાર્કિંગ વિતરણ ઉપયોગિતા અહેવાલ

- નીતિ આયોગ દ્વારા 28 ઓકટોબર, 2020 ના રોજ 'ભારતમાં વીજળીનો વપરાશ અને બેંચમાર્કિંગ વિતરણ ઉપયોગિતાઓ' પર અહેવાલ બહાર પાડવામાં આવ્યો હતો.

### અહેવાલની મુખ્ય બાબતો વિશે

- આ અહેવાલ 10 રાજ્યોમાં કરવામાં આવેલા સર્વે પર આધારિત છે જે ભારતીય ગ્રામીણ વસ્તીના 65% લોકોનું પ્રતિનિધિત્વ કરે છે.

- અહેવાલ મુજબ 92% ગ્રાહકોએ તેમના વિસ્તારના 50 મીટરની અંદર વીજળીનું માળખું પ્રાપ્ત કર્યું છે.
- અહેવાલ મુજબ, 87% ગ્રાહકો પાસે ગ્રીડ આધારિત વીજળીનો વપરાશ છે.
- વસ્તીના 13% એવા લોકો છે કે જેમણે ગ્રીડ સ્રોતનો ઉપયોગ કર્યો છે અથવા કોઈ પણ પ્રકારની વીજળીનો ઉપયોગ કર્યો નથી.
- અહેવાલ મુજબ, મોટાભાગના ગ્રાહકો કે જે નોન ગ્રીડ સ્રોતનો ઉપયોગ કરે છે તે કૃષિ ક્ષેત્રના છે.
- અહેવાલમાં જણાવાયું છે કે, ભારતમાં લગભગ 4% ઘરોમાં ગ્રીડ આધારિત વીજળીના સ્ત્રોતો પાછળ છે.
- કેટલા કલાકો માટે વીજળી સપ્લાય કરવામાં આવે છે તે સમય જતાં સુધર્યું છે. સરેરાશ, ભારતમાં રોજ 17 કલાક વીજળી મળી રહી છે.
- ઉત્તરપ્રદેશનું પ્રદર્શન અન્ય ઉપયોગિતાઓથી ઘણું નીચે હતું.
- સર્વેક્ષણની કુલ વસ્તીમાંથી લગભગ 66% લોકો સંતુષ્ટ હતા.
- અહેવાલમાં પ્રશંસા કરવામાં આવી છે કે દેશમાં વીજ વપરાશમાં સુધારો એ 'પ્રધાનમંત્રી સહજ બિજલી હર ઘર યોજનાઅને 'દીન દયાળ ઉપાધ્યાય ગ્રામ જ્યોતિ યોજનાજેવી યોજનાઓનું પરિણામ છે.

## ઇન્સ્ટિટ્યુશન ઓફ એમિનેંસ

- તાજેતરમાં સોનીપત,હરિયાણા ખાતે આવેલ 'ઓ.પી.જિંદલ ગ્લોબલ યુનિવર્સિટી'ને 'ઈન્સ્ટિટ્યુશન ઓફ એમિનેંસ'ની(IoE) ઉપધિ પ્રદાન કરવામાં આવી છે.
- વર્ષ 2019માં 'યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન(UGC) દ્વારા દેશની 13 અન્ય ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની સાથે 'ઓ.પી. જિંદલ ગ્લોબલ યુનિવર્સિટીને IoEની ડિગ્રી આપવા માટે પસંદ કરવામાં આવી હતી.

### 'ઈન્સ્ટિટ્યુશન ઓફ એમિનેંસ' (IoE) વિશે

- 'ઉત્તમ સંસ્થાપન યોજના' અથવા 'ઇન્સ્ટિટ્યુશન ઓફ એમિનેંસ સ્કીમ'ની જાહેરાત સૌ પ્રથમ કેન્દ્રીય નાણાંમંત્રી દ્વારા વર્ષ 2016 ના બજેટ ભાષણ દરમિયાન કરવામાં આવી હતી.
- IoEના રૂપમાં સંસ્થાઓની પસંદગી માટે UGC દ્વારા સપ્ટેમ્બર,2017માં જાહેર સંસ્થાઓ માટે 'UGC (સરકારી શૈક્ષણિક સંસ્થાઓને ઈન્સ્ટિટ્યુશન ઓફ એમિનેંસ તરીકે જાહેર કરવા માટે) દિશાનિર્દેશ,2017અને ખાનગી સંસ્થાઓ માટે 'UGC (ઈન્સ્ટિટ્યુટ ઓફ એમિનેંસ માન્ય સંસ્થા) માર્ગદર્શિકા, 2017'ને સૂચિત કરવામાં આવ્યા.
- તેનો ઉદ્દેશ દેશની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને સશક્તિકરણ આપવા અને તેમને વૈશ્વિક શૈક્ષણિક અને સંશોધન સંસ્થાઓ બનવા માટે સરકારની પ્રતિબદ્ધતાઓને અમલ કરવાનો છે.
- તેના પ્રથમ તબક્કા હેઠળ દેશની 10 જાહેર અને 10 ખાનગી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને વૈશ્વિક સ્તરની શિક્ષણ અને સંશોધન સંસ્થાઓ તરીકે ઓળખવાનો હેતુ છે.
- આ અંતર્ગત, વર્ષ 2018માં, જાહેર ક્ષેત્રથી IIT–દિલ્હી, IIT–મુંબઈ અને 'ભારતીય વિજ્ઞાન સંસ્થા, બેંગલોર' અને ખાનગી ક્ષેત્રની મણિપાલ એકેડેમી ઓફ હાયર એજ્યુકેશન, BITS–પીલાનીની પસંદગી કરવામાં આવી હતી અને મહારાષ્ટ્રની જિઓ ઈન્સ્ટિટ્યુશનની ગ્રીનફિલ્ડની શ્રેણીમાં પસંદગી કરવામાં આવી હતી.

### પસંદગી પ્રક્રિયા વિશે

- IoE ના રૂપમાં પસંદગી માટે કેન્દ્ર સરકાર દ્વારા એક 'અધિકાર પ્રાપ્ત વિશેષજ્ઞ સમિતિ'ની (EEC: Empowered Expert Committee) રચના કરવામાં આવી હતી.
- આ સમિતિ દ્વારા 'રાષ્ટ્રીય સંસ્થાકીય રેન્કિંગ ફ્રેમવર્ક'(NIRF) પર ખાનગી સંસ્થાઓની રેન્કિંગ અને QS-2020 વર્લ્ડ કેટેગરીમાં જાહેર સંસ્થાઓની કામગીરીના આધારે તેમની પસંદગી કરવામાં આવી હતી.
- IoE હેઠળ, પસંદ કરેલ ગ્રીનફિલ્ડ સંસ્થાઓને બાંધકામ પૂર્ણ કરવા અને કામગીરી શરૂ કરવા માટે 3 વર્ષનો સમય આપવામાં આવ્યો છે.

## સર્બ-પાવર(SERB POWER) યોજના

### સર્બ-પાવર(SERB POWER) યોજના વિશે

- તાજેતરમાં 'કેંદ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી' મંત્રી દ્વારા વિજ્ઞાનને ઈજનેરી ક્ષેત્રમાં મહીલા શોધકર્તાઓને શોધ અને વિકાસ ગતિવિધિઓ માટે પ્રોત્સાહીત કરવા માટે ''સર્બ–પાવર'(SERB: Science and Engineering Research Board, POWER: Promoting Opportunities for Women in Exploratory Research) નામની યોજના શરૂ કરવામાં આવી છે.
- ભારત સરકારના વિજ્ઞાન અને તકનીકી વિભાગ સાથે સંકળાયેલ વિજ્ઞાન અને ઈજનેરી સંશોધન બોર્ડ(SERB) દ્વારા લાંબા સમયથી વિજ્ઞાન અને ઈજનેરી સંશોધનના ક્ષેત્રમાં લિંગ અસમાનતા ઘટાડવા એક યોજના લાગુ કરવા વિચારણા કરવામાં આવી હતી.
- યોજનામાં નીચેના બે ઘટકો હશે:

1. સર્બ–પાવર ફેલોશીપ/શિષ્યવૃત્તિ
2. સર્બ– શક્તિ સંશોધન અનુદાન

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

### સર્બ-પાવર ફેલોશિપ વિશે

- **લક્ષ્ય** : આ ફેલોશિપ 35-55 વર્ષની વય જૂથની મહિલા સંશોધનકારો પર કેન્દ્રિત કરવામાં આવશે. જે અંતર્ગત દર વર્ષે 25 સંશોધનકારો ફેલોશિપ આપવામાં આવશે. જો કે કોઈ પણ સમયે તેની સંખ્યા ૭૫ કરતા વધારે નહીં હોય.
- **સહાયતા** : આ અંતર્ગત સંશોધનકારોને નિયમિત આવક સાથે દર મહિને રૂ. 15,000ની ફેલોશિપ, રૂ.10 લાખ/વર્ષની સંશોધન ગ્રાન્ટ અને 90,000 રૂપિયા/પ્રતિવર્ષ વધારાના ખર્ચ રૂપે આપવામાં આવશે.
- **સમયગાળો** : આ ફેલોશિપ સંશોધનકર્તાને તેની કારકીર્દિમાં ફક્ત એક જ વાર આપવામાં આવશે અને તેનો સમયગાળો ત્રણ વર્ષ માટે રહેશે.
- સર્બ–પાવર ફેલોશિપ માટે સંશોધનકારોની પસંદગી માટે 'સર્ચ–કમ–સિલેકશન કમિટી' બનાવવામાં આવી છે.

### સર્બ-પાવર સંશોધન અનુદાન

- સર્બ–પાવર ગ્રાન્ટ હેઠળ, મહિલા સંશોધનકારોને નીચેની બે કેટેગરીઓ દ્વારા નાણાં પૂરા પાડીને સશક્ત બનાવવામાં આવશે.
- સર્બ–પાવર સંશોધન અનુદાન માટે સંશોધનકારોની પસંદગી 'પ્રોગ્રામ એડવાઈઝરી કમિટી(PAC) પદ્ધતિ દ્વારા કરવામાં આવશે.

**શ્રેણી-1:**

- IIT, IISER, IISC, NIT, કેન્દ્રીય યુનિવર્સિટી અને કેન્દ્ર સરકારની સંસ્થાઓની રાષ્ટ્રીય પ્રયોગશાળાઓના અરજદારો માટે. આ શ્રેણી હેઠળના સંશોધનકારોને ત્રણ વર્ષ માટે વધુમાં વધુ 60 લાખ રૂપિયા આપવામાં આવશે.

**શ્રેણી-2:**

- રાજ્ય યુનિવર્સિટીઓ/કોલેજો અને ખાનગી શૈક્ષણિક સંસ્થાઓના અરજદારો માટે.
- આ શ્રેણી હેઠળના સંશોધનકારોને ત્રણ વર્ષ માટે વધુમાં વધુ 30 લાખ રૂપિયા આપવામાં આવશે.
- સર્બ–પાવર સંશોધન અનુદાન 'વિજ્ઞાન અને એન્જિનયરિંગ રિસર્ચ બોર્ડ–કોર રિસર્ચ ગ્રાન્ટની(SERB-CRG) માર્ગદર્શિકાના આધારે શરતો અનુસાર નિયમન કરવામાં આવશે.

## મેરી સહેલી પહેલ

### 'મેરી સહેલી પહેલ' વિશે

- રેલ્વે પ્રવાસ દરમિયાન મહિલાઓની વધુ સલામતીની ખાતરી કરવા માટે 'રેલવે સુરક્ષા સંરક્ષણ દળ(RPF) દ્વારા 'મેરી સહેલી' નામની પહેલ શરૂ કરવામાં આવી છે.
- આ પહેલનો ઉદ્દેશ રેલ્વે મુસાફરી દરમ્યાન મહિલા મુસાફરોની સુરક્ષાની ભાવના ઉત્પન્ન કરવા અને મહીલાઓને સુરક્ષા સંબંધી કોઈ પડકારની સ્થિતિમાં પ્રતિક્રિયા આપવાનો છે.
- આ અંતર્ગત મહિલા અધિકારીઓ અને અન્ય કર્મચારીઓની એક ટીમની (એક મહિલા સબ–ઈન્સ્પેક્ટર અને હવાલદાર) રચના કરવામાં આવી છે, જેથી મહિલાઓ રેલ્વે પ્રવાસ દરમિયાન મદદ મળી રહેશે.
- આ ટીમ મહિલા કોચ પાસે જશે અને તેમને મુસાફરી દરમિયાન ધ્યાનમાં રાખવાની સાવચેતીઓ વિશે માહિતી આપશે, સાથે જ આ ટીમ એકલા મુસાફરી કરતી મહિલાઓને પણ ઓળખશે અને તેમની માહિતીની નોંધ કરશે.(દા.ત.બેઠક અને કોચ નંબર વગેરે) ત્યાર બાદ તેને ડિવિઝન અથવા ઝોન અધિકારીઓ સાથે શેર કરવામાં આવશે.
- મુસાફરીના અંતે, મહિલા મુસાફરો પાસેથી તેમના અનુભવ અને સલામતી વ્યવસ્થા અંગેના પ્રતિસાદ પણ લેવામાં આવશે.
- આ સાથે, તેમને 'સરકારી રેલ્વે પોલીસ(GRP) અને 'રેલ્વે પ્રોટેકશન ફોર્સ'ના (RPF) હેલ્પલાઈન નંબર 182 (RPF) અને 1512 (GRP) વિશે માહિતી આપતા, કોઈપણ સંજોગોમાં તેનો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે.

## પબ્લિક અફેર્સ ઈન્ડેક્સ, 2020

- તાજેતરમાં 'પબ્લિક અફેર્સ સેંટર' દ્વારા જાહેર કરાયેલ 'પબ્લિક અફેર્સ ઈન્ડેક્સ, 2020'માં મોટા રાજ્યોની શ્રેણીમાં કેરળને શ્રેષ્ઠ શાસિત રાજ્ય જાહેર કરવામાં આવ્યુ હતું.
- 'ભારતીય અવકાશ સંશોધન સંગઠનના ભૂતપૂર્વ અધ્યક્ષ 'કે.કસ્તૂરીરંગનની અધ્યક્ષતામાં શહેર આધારીત બિન–લાભકારી સંગઠન 'પબ્લિક અફેર્સ સેંટર એ પોતાના વાર્ષીક રીપોર્ટમાં કહ્યુ હતુ કે રાજ્યોને સતત વિકાસના સંદર્ભમાં એક સમગ્ર સુચકાંકના આધાર પર શાસન પ્રદર્શનમાં સ્થાન આપવામાં આવે.

### પબ્લિક અફેર્સ ઈન્ડેક્સના(PAI) માપદંડ વિશે

- PAI અનુસાર, 'પબ્લિક અફેર્સ ઈન્ડેક્સ,2020'માં ઈક્વિટી, વિકાસ અને ટકાઉપણું આ ત્રણ આધારસ્તંભો દ્વારા વ્યાખ્યાયિત, ટકાઉ વિકાસના સંદર્ભમાં શાસનના પ્રદર્શનનું વિશ્લેષણ કરે છે.
- સંયુક્ત અનુક્રમણિકા આ ત્રણ પરિમાણોને આધારે બનાવવામાં આવી છે. ત્રણેય પરિમાણોમાંથી દરેક નીચેના પાંચ 'ગવર્નન્સ પ્રેક્ટિસ થીમ' દ્વારા સંચાલિત થાય છે જે વિકાસના પરિણામોની ગતિ અને દિશાને પ્રભાવિત કરે છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

1. અવાજ અને જવાબદેહીતા
2. સરકારી અસરકારકતા
3. કાયદાના નિયમો
4. નિયમનકારી ગુણવત્તા
5. ભ્રષ્ટાચાર પર નિયંત્રણ

➤ આ ઉપરાંત પબ્લિક અફેર્સ ઈન્ડેક્સ–2020ના એકંદર અનુક્રમણિકામાં 50 ઘટક સૂચકાંકો અને 13 ટકાઉ વિકાસ લક્ષ્યોનો સમાવેશ થાય છે જે રાજ્યો/કેન્દ્રશાસિત કેન્દ્રોને સંબંધિત છે.

## પબ્લિક અફેર્સ ઈન્ડેક્સ, 2020ના આંકડા વિશે

■ **મોટા રાજ્યોની શ્રેણી:**

પ્રથમ ચાર રાજ્યો:

1. કેરળ: 1.388
2. તમિલનાડુ: 0.912
3. આંધ્રપ્રદેશ: 0.531
4. કર્ણાટક: 0.468

સૌથી નીચેના રાજ્યો:

1. ઉત્તરપ્રદેશ: –1.461
2. ઓડિશા: –1.201
3. બિહાર: –1.158

➤ ઈક્વિટીના પગલામાં તેલંગાણાને સૌથી ખરાબ રાજ્ય જાહેર કરવામાં આવ્યુ હતું.

➤ 'અવાજ અને જવાબદારી' અને 'નિયમનો કાયદો'માં તેલંગાણાની નબળી સ્થિતિએ પણ તેની નીચી રેન્કિંગમાં ભૂમિકા ભજવી હતી.

■ **નાના રાજ્યોની શ્રેણી:**

પ્રથમ ત્રણ રાજ્યો:

1. ગોવા: 1.745
2. મેઘાલય: 0.797
3. હિમાચલપ્રદેશ: 0.725

અંતિમ ત્રણ રાજ્યો:

1. મણિપુર: –0.363
2. દિલ્હી: –0.289
3. ઉત્તરાખંડ: –0.277

■ **કેન્દ્ર શાસિત પ્રદેશ શ્રેણી:**

પ્રથમ ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશ:

1. ચંદીગઢ: 1.05
2. પુડુચેરી: 0.52
3. લક્ષદ્વીપ: 0.003

અંતિમ ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશ:

1. દાદરા અને નગર હવેલી: –0.69
2. જમ્મુ–કાશ્મીર: –0.50
3. આંદામાન અને નિકોબાર: –0.30




# 6. પર્યાવરણ અને ભૌગોલિક ઘટનાઓ

## હરિકેન ડેલ્ટા

### હરિકેન ડેલ્ટા વિશે

- ➤ 8 ઓક્ટોબર, 2020ના રોજ વાવાઝોડાની શ્રેણી–2નું 'હરિકેન ડેલ્ટા' 169 કિ.મી./કલાકની ઝડપે અમેરીકાના દક્ષિણ–પશ્ચિમ લુસિયાના વિસ્તારમાં ત્રાટક્યુ હતુ.
- ➤ હરિકેન ડેલ્ટાના પગલે યુનાઈટેડ સ્ટેટના 'નેશનલ હરિકેન સેન્ટર'એ 'વ્યાપક નુકસાન'ની ચેતવણી જાહેર કરી છે.
- ➤ હરિકેન ડેલ્ટા હેઠળ પવનની ગતિ 8 ઓક્ટોબર, 2020 પહેલાં કલાકમાં 185 કિલોમીટર હતી અને તેને શ્રેણી–3 તરીકે સૂચિબદ્ધ કરવામાં આવ્યુ હતુ પરંતુ દરિયાકાંઠાના ક્ષેત્રમાં ટકરાયા પછી તેની ગતી ધીમી પડી ગઈ હતી.
- ➤ વર્ષ 2020ની એટલાન્ટિક હરિકેન સીઝનનુ આ ત્રીજુ સૌથી મોટૂ વાવાઝોડું છે.

### Back to Basics : સેરિ-સિમ્પસન હરિકેન વિન્ડ સ્કેલ વિશે

- ➤ વાવાઝોડા અથવા ઉષ્ણકટિબંધીય ચક્રવાતને 'સેરિ–સિમ્પસન હરિકેન' વિન્ડ સ્કેલના આધારે વર્ગીકૃત કરવામાં આવે છે. જેમાં પવનની ગતિના આધારે 1 થી 5 સુધીનું રેટિંગ આપવામાં આવે છે. આ સ્કેલ સંપત્તિના સંભવિત નુકસાનનો અંદાજ આપે છે.

| શ્રેણી | પવનની ગતિ | હરિકેનથી થતા નુકસાનના પ્રકાર |
|---|---|---|
| 1 | 119-153 કિ.મી./કલાક | થોડુ નુકસાન |
| 2 | 154-177 કિ.મી./કલાક | વ્યાપક નુકસાન |
| 3(ગંભીર) | 178-208 કિ.મી./કલાક | વિનાશકારી ક્ષતિ |
| 4(ગંભીર) | 209-251 કિ.મી./કલાક | પ્રલયકારી નુકસાન |
| 5(ગંભીર) | 252 કિ.મી./કલાક અથવા તેનાથી વધુ | પ્રલયકારી નુકસાન |

## સ્ટેથેન્ટેક્સ કોવિડા

- ➤ તાજેતરમાં, વૈજ્ઞાનિકોએ મેક્સિકોમાં 'પૈરાસિટોઈડ ભમરીની પાંચ નવી પ્રજાતીઓની શોધ કરી છે જેમાંથી એકનું નામ 'સ્ટેથેન્ટેક્સ કોવિડા રાખવામાં આવ્યુ છે.
- ➤ આ પ્રજાતિની શોધ વર્ષ 2020 માં કોવિડ–19 ને કારણે બે વૈજ્ઞાનિકો દ્વારા 'વૈશ્વિક કવોરેન્ટાઈન પીરિયડ' દરમિયાન કરવામાં આવી હતી.

### સ્ટેથેન્ટેક્સ કોવિડા વિશે

- ➤ આ પ્રજાતિ 'ડાર્વિન ભમરીના 'ઈચ્નયુમોનિડે કુટુંબ'થી સંબંધિત છે. જેની વિશ્વભરમાં 25,000 થી વધુ પ્રજાતિઓ છે.
- ➤ 'ડાર્વિન ભમરી' વિશ્વમાં દરેક જગ્યાએ વિપુલ પ્રમાણમાં જોવા મળે છે અને તેનો ઉપયોગ બગીચા અને જંગલોમાં જીવાતોના જૈવિક નિયંત્રણમાં થાય છે.
- ➤ સ્ટેથેન્ટેક્સ કોવિડા એક નાની ભમરી છે જેની લંબાઈ ફક્ત 3.5 મીમી છે. તે મુખ્યત્વે ઘેરા રંગનું હોય છે, જ્યારે તેના શરીર અને પગ પીળા અથવા ભૂરા હોય છે.

## નેચિફુ ટનલ

- ➤ 12 ઓક્ટોબર, 2020ના રોજ, સંરક્ષણ મંત્રીએ દેશની પશ્ચિમ, ઉત્તર અને ઉત્તર–પૂર્વ સરહદોની નજીકના સંવેદનશીલ વિસ્તારોમાં રસ્તાઓ અને પુલોના જોડાણના નવા યુગની શરૂઆત કરતાં સંરક્ષણ મંત્રીએ 44 કાયમી પુલ રાષ્ટ્રને સમર્પિત કર્યા હતા. આ સાથે તેમણે અરુણાચલ પ્રદેશમાં 'નેચિફુ ટનલ'નો પણ શિલાન્યાસ કર્યો હતો.
- ➤ સાત રાજ્યો/કેન્દ્રશાસિત કેન્દ્રોમાં ફેલાયેલા, આ તમામ 44 પુલ વ્યૂહાત્મક દ્દ્ષ્ટિકોણથી ખૂબ જ મહત્વપૂર્ણ છે અને દૂરસ્થ વિસ્તારોને કનેક્ટિવિટી પ્રદાન કરે છે.
- ➤ આ તમામ પુલો બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન(BRO) દ્વારા બનાવવામાં આવ્યા છે.
- ➤ 30 મીટરથી 484 મીટર સુધીના વિવિધ કદના 44 પુલ જમ્મુ–કાશ્મીર(10), લદાખ(08), હિમાચલપ્રદેશ(02), પંજાબ(04), ઉત્તરાખંડ(08), અરુણાચલપ્રદેશ(08) અને સિક્કિમ(04) માં છે.

### અરુણાચલ પ્રદેશમાં નેચિફુ ટનલ વિશે

- ➤ સંરક્ષણ મંત્રીએ અરુણાચલ પ્રદેશના 'પશ્ચિમ કામેંગ' જિલ્લામાં બાલીપરા–ચારદુઆર–તવાંગ માર્ગ પર વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ નેચિફુ ટનલનો શિલાન્યાસ કર્યો હતો.
- ➤ 450 મીટર લાંબી ટનલ જે હાલના માર્ગને બાયપાસ કરશે, તે D–આકારની હશે અને 3.5. મીટરની પહોળાઈવાળી બે લેન હશે.
- ➤ આ બંને ટનલ ચીનના અડીને આવેલા વિસ્તારોમાં પહોંચવા માટે 10 કિ.મી.ની મુસારીમાં 10 કિ.મી.નો ઘટાડો કરશે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## હાઇડ્રોજન બળતણ પર ચાલતી કારનુ સફળ ટ્રાયલ

### હાઇડ્રોજન બળતણ પર ચાલતી કાર વિશે

- વાયુ પ્રદૂષણ અને ગ્રીનહાઉસ વાયુઓના ઉત્સર્જનને ઘટાડવાની વધતી માંગ વચ્ચે ભારતને આ દિશામાં મોટી સફળતા મળી છે.
- 'વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન પરિષદ(CSIR)' અને 'KPIT ટેકનોલોજી એ હાઈડ્રોજન ફ્યુઅલ સેલ'થી દેશની પ્રથમ પ્રોટોટાઈપ કારનું સળતાપૂર્વક પરીક્ષણ કર્યુ છે.
- હાઈડ્રોજન યુઅલ સેલ સ્વદેશી રીતે વિકસિત 'ઈંધણ સેલ સ્ટેક' પર આધારિત છે.
- હાઈડ્રોજન ફ્યુઅલ સેલ તકનીકમાં, વિદ્યુત ઊર્જા ઉત્પન્ન કરવા માટે હાઈડ્રોજન અને ઓકિસજન વચ્ચે રાસાયણિક પ્રતિક્રિયા કરવામાં આવે છે. પેટ્રોલ અથવા ગેસ જેવા પરંપરાગત અશ્મિભૂત ઈંધણનો ઉપયોગ થતો નથી.
- 'ઈંધણ સેલ સ્ટેક'એ બેટરીનો સંદર્ભ આપે છે જે વિદ્યુત ઊર્જા ઉત્પન્ન કરે છે, જેને એકત્રિત કરવા માટે વધુ જગ્યાની જરૂર હોતી નથી. તે સરળતાથી સાત સીટરવાળી કારમાં ફીટ થઈ શકે છે.
- આ ઈંધણ સેલ તકનીકીની સૌથી મોટી વિશેષતા એ છે કે તે ફક્ત પાણીનું ઉત્સર્જન કરે છે, આમ હવામાં હાનિકારક ગ્રીનહાઉસ વાયુઓના ઉત્સર્જનની સાથે અન્ય હવા પ્રદૂષકોના ઉત્પાદનમાં ઘટાડો થશે.
- આ તકનીક 65-75° સે તાપમાને પણ કાર્ય કરે છે જે વાહન ચલાવતા સમયે ઉત્પન્ન થતી ગરમીને સહન કરી શકે છે.

## માઉન્ટ કિલીમંજારો

- આફ્રિકન ખંડનો સૌથી ઉંચો શિખર માઉન્ટ કિલીમંજારો ભયંકર આગનો સામનો કરી રહ્યો છે.

### Back to Basics : કિલીમંજારો પર્વત વિશે

- તાંઝાનિયામાં સ્થિત માઉન્ટ કિલિમંજરો, આફ્રિકા ખંડનો સૌથી ઉંચો પર્વત છે, જેની ઉંચાઈ આશરે 5,895 મીટર છે.
- માઉન્ટ કિલીમંજરો પૂર્વ આફ્રિકાના તાંઝાનિયાના ઉત્તર–પૂર્વમાં વિષુવવૃત્તની લગભગ પૂર્વમાં સ્થિત છે.
- આફ્રિકામાં સૌથી ઉંચા પર્વત હોવા સાથે, કિલીમંજારો પર્વત એ વિશ્વના સાત સૌથી ઉંચા પર્વતોમાંનો એક છે.
- માઉન્ટ કિલિમંજારો વિશ્વનો સૌથી ઉંચો 'મુક્ત સ્થાયી પર્વત' છે, જેનો અર્થ છે કે તે કોઈપણ પર્વતમાળાના ભાગનો નથી.
- મોટા ભાગનાં ઊંચા પર્વત એ કેટલીક પર્વતમાળાઓનો ભાગ છે, જેમ કે માઉન્ટ એવરેસ્ટ હિમાલયની પર્વતમાળાનો ભાગ છે.
- ભૂસ્તરશાસ્ત્રીઓ માને છે કે 'માઉન્ટ કિલીમંજારાનુ નિર્માણ અંદાજે 4,60,000 વર્ષ પહેલાં જ્વાળામુખી પ્રવૃત્તિ દ્વારા થયુ હતુ.

## અપોજીશન

- દર બે વર્ષે અને બે મહિનામાં બનતી ' અપોજીશન' નામની ઘટનાને કારણે મંગળ ગ્રહ ગુરુ ગ્રહને પાછળ રાખી ઓકટોબર,2020 માં અવકાશમાં ત્રીજો સૌથી તેજસ્વી પદાર્થ બની જશે.
- અવકાશમાં સૌથી તેજસ્વી પદાર્થની દ્રષ્ટિએ, ચંદ્ર અને શુક્ર અનુક્રમે પ્રથમ અને બીજા સ્થાને છે.
- નાસા મુજબ, 6 ઓક્ટોબર,2020 ના રોજ, જ્યારે મંગળ પૃથ્વીની સૌથી નજીક હતો, ત્યારે 13 ઓકટોબર,2020ના રોજ ' અપોજીશન' નામની એક ઘટના ઘટીત થઈ હતી. જેના પરિણામે વર્ષ 2020 માં મંગળ ગ્રહ 'સૌથી મોટો અને સ્પષ્ટ આકાર'માં દેખાયો હતો.

### 'અપોજીશન' વિશે

- 'અપોજીશન' એ ઘટના છે જ્યારે સૂર્ય, પૃથ્વી અને અન્ય કોઈ ગ્રહો (આ સંદર્ભમાં મંગળ) એક રેખામાં હોય છે અને સૂર્ય અને તે ગ્રહની વચ્ચે પૃથ્વી હોય છે.
- 'અપોજીશન'ની ઘટના ત્યારે બને છે જ્યારે કોઈ અન્ય ગ્રહ સામાન્ય રીતે વર્ષમાં પૃથ્વીથી નજીકના અંતરે હોય છે અને નજીક હોવાના કારણે તે અવકાશમાં તેજસ્વી દેખાય છે.
- 'અપોજીશન' મંગળની ભ્રમણકક્ષામાં ગમે ત્યાં થઈ શકે છે, પરંતુ તે ત્યારે થાય છે જ્યારે ગ્રહ સૂર્યની સૌથી નજીક હોય અને તે પૃથ્વીની નજીક પણ હોય.

### 'અપોજીશન' ઘટના ક્યારે ઘટીત થાય છે ?

- પૃથ્વી અને મંગળ જુદા જુદા અંતરે સૂર્યની પરિક્રમા કરે છે. મંગળ ગ્રહ પૃથ્વી કરતા સૂર્યથી વધુ દૂર છે, તેથી સૂર્યની આસપાસ એક પરિભ્રમણ કરવામાં તે વધુ સમય લે છે.
- હકીકતમાં, 'અપોજીશન'ની ઘટના ફક્ત તે જ ગ્રહો માટે શક્ય છે જે પૃથ્વી કરતા સૂર્યથી વધુ દૂર હોય.
- મંગળના સંદર્ભમાં, પૃથ્વી લગભગ દર બે વર્ષે સૂર્ય અને મંગળની વચ્ચે આવે છે, જ્યારે 'ત્રણેય' સીધી લાઈનમાં ગોઠવાય છે ત્યારે 'અપોજીશન' ની ઘટના ઘટીત થાય છે.

## પ્રદુષણ વિરોધી અભિયાન

### પ્રદુષણ વિરોધી અભિયાન વિશે

- દિલ્હી સરકારે તાજેતરમાં જ એક વિશાળ 'પ્રદૂષણ વિરોધી અભિયાન' શરૂ કર્યુ છે, જેનું નામ 'યુધ્ધ પ્રદુષણના વિરુદ્ધ' છે. આ અભિયાન અંતર્ગત વૃક્ષોનુ પ્રત્યારોપણ, કનોટ પ્લેસ(દિલ્હી) ખાતે સ્મોગ ટાવરનું નિર્માણ, ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન અને પરાલીને સળગાવવાની રોકથામ માટેના અભિયાનો શામેલ છે.
- આ અભિયાનથી દિલ્હીની નબળી હવા ગુણવત્તા સામે લડવામાં મદદ કરશે જે શિયાળાની ઋતુમાં વધુ ખરાબ થઈ જાય છે.

### વૃક્ષ પ્રત્યારોપણ નીતિ વિશે

- વૃક્ષ પ્રત્યારોપણનો અર્થ કોઈ ચોક્કસ સ્થળેથી ઝાડને ઉપાડીને તેને બીજા સ્થળે રોપવાનો છે.
- આ નીતિ હેઠળ, કોઈપણ વિકાસલક્ષી પ્રોજેક્ટથી પ્રભાવિત ઓછામાં ઓછા 80% જેટલા વૃક્ષોનું પ્રત્યારોપણ કરવામાં આવશે. આ ઉપરાંત, ઓછામાં ઓછા 80% પ્રત્યારોપણ વૃક્ષોનો સારી રીતે વિકાસ થવો જોઈએ.
- આ પ્રત્યારોપણ દરેક કાપવામાં આવેલા ઝાડ માટે 10 રોપાઓ રોપવાના વર્તમાન વળતર વનીકરણ કરતા વધારાનુ હશે.
- સરકાર દ્વારા એક 'સમર્પિત વૃક્ષ પ્રત્યારોપણ સેલ'નું ગઠન કરવામાં આવશે.

### Back to Basics : દિલ્લીમાં વાયુ પ્રદુષણ વિશે

- 'વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન'(WHO) દ્વારા સંકલિત વાયુ ગુણવત્તાના આંકડા મુજબ, દિલ્હી વિશ્વના સૌથી પ્રદૂષિત શહેરોમાંનું એક છે.
- દિલ્હીમાં પાર્ટીકુલેટ મેટર, પીએમ 2.5 અને પીએમ 10 રાષ્ટ્રીય ધોરણોથી વધુ છે.
- પીએમ 2.5ના રાષ્ટ્રીય ધોરણોને પૂરા કરવા માટે દિલ્હીને તેનું પ્રમાણ 65% ઘટાડવાની જરૂર છે.
- દિલ્હીની હવામાં 'સલ્ફર ડાયોકસાઈડઅને 'નાઈટ્રોજન ઓકસાઈડવધુ પ્રમાણમાં હોય છે.
- હવાના અભાવથી પ્રદૂષકોની સાંદ્રતા પણ વધે છે.
- પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયે ઓકટોબર,2018 માં એક સંશોધન પેપર પ્રકાશિત કર્યુ હતું, જેમાં લગભગ 41% વાહનોથી, 21.5% ધૂળથી અને 18% ઉદ્યોગથી થતા ઉત્સર્જનને પ્રદુષણ માટે જવાબદાર ગણવામાં આવ્યા છે.
- WHO મુજબ, શ્વસનને લગતા રોગો અને અસ્થમાના કારણે થતા મૃત્યુમાં ભારત વિશ્વમાં અગ્રેસર છે.
- દિલ્હીની હવાની ગુણવત્તા ખરાબ થવાના કારણો

1. પરાળીને સળગાવવી.
2. વાહનોમાંથી ઉત્સર્જન
3. હવામાન
4. ઉચ્ચ વસ્તી ગીચતા
5. ઈન્ફ્રાસ્ટ્રકચરનો અભાવ
6. ખુલ્લામાં બાંધકામ પ્રવૃત્તિઓ અને કચરો સળગાવવું
7. થર્મલ પાવર પ્લાન્ટ અને ઉદ્યોગ
8. ટાકડા
9. ડીઝલ જનરેટર
10. ગલ્ફ દેશોમાંથી ધૂળનું તોફાન.

## એકવાપોનિકસ સુવિધા

- તાજેતરમાં 'સેન્ટર ઓફ એડવાન્સ કમ્પ્યુટિંગ ઓફ ડેવલપમેન્ટ', મોહાલી ખાતે પાયલોટ પ્રોજેક્ટ તરીકે 'એકવાપોનિકસ સુવિધા'નું ઉધ્ઘાટન કરવામાં આવ્યું હતું.

### એકવાપોનિકસ વિશે

- એકવાપોનિકસ એક ઈકોલોજીકલ સ્થાયી મોડલ છે. જે બે ખાદ્ય પ્રણાલી 'એકવાકલ્ચર અને હાઈડ્રોપોનિકસને એક સાથે જોડે છે.
- હાઈડ્રોપોનિકસમાં, જમીન વગર છોડ ઉગાડવામાં આવે છે, જેમાં જમીનના સ્થાન પર પાણીનો ઉપયોગ કરવામાં આવે છે.
- એકવાપોનિક એક પર્યાવરણ અનુકૂળ તકનીક છે. આ પ્રણાલીના ઘણા ફાયદા છે જેમકે, એક જ પ્રણાલી દ્વારા ઉત્પન્ન થતા કચરાનો ઉપયોગ અન્ય જૈવિક પ્રણાલી માટે ઈનપુટ અથવા ખાતર તરીકે કરવામાં આવે છે.
- મત્સ્યઉદ્યોગ અને છોડના એકીકરણથી જૈવિક વિવિધતામાં વધારો થાય છે, જે તંત્રની સ્થિરતા અને ટકાઉપણું વધારે છે.
- તે પર્યાવરણમાં મુક્ત કરવામાં આવતા કચરાના પ્રમાણમાં ઘટાડો કરે છે અને પાણીના શુદ્ધિકરણ દ્વારા નકારાત્મક પર્યાવરણીય અસરોને ઘટાડે છે.
- બજારમાં 'ઓર્ગેનિક પ્રોડકટ'નું વેચાણ ખેડૂતોની આવક વધારવામાં મદદ કરશે અને સ્થાનિક અર્થવ્યવસ્થાને પણ ટેકો આપશે.

- શુષ્ક વિસ્તારો જયાં પાણીની અછત હોય ત્યાં એકવાપોનિક એ યોગ્ય ખાદ્ય ઉત્પાદન તકનીક છે કારણ કે આ તકનીકમાં પાણીનો પુનઉપયોગ કરીને ખાદ્ય ઉત્પાદન કરવામાં આવે છે.

## નંદનકાનન પ્રાણી સંગ્રહાલય

- કોવીડ–19 મહામારીના કારણે લાગુ કરવામાં આવેલ લોકડાઉનથી આર્થિક નુકસાન સહન કર્યા બાદ ઓડિશા, ભુવનેશ્વર ખાતે આવેલ 'નંદનકાનન પ્રાણી સંગ્રાહાલય' (NZN: National Zoological Park) દ્વારા 'એડોપ્ટ એન એનિમલ' નામના અભિનવ કાર્યક્રમની ફરીથી શરૂઆત કરવામાં આવી છે.

### 'એડોપ્ટ-એન-એનિમલ' કાર્યક્રમ વિશે

- પ્રજાતિની વિવિધતાના સંદર્ભમાં 'નંદનકાનન પ્રાણી સંગ્રાહાલય'(NZN) દેશનું અગ્રણી પ્રાણી સંગ્રહાલય છે.
- પ્રાણીઓના રક્ષણ અને કલ્યાણ માટે લોકોની ભાગીદારી વધારવા અને નાણાં એકત્ર કરવા માટે, NZN દ્વારા વર્ષ 2008માં તેના તમામ પ્રાણીઓ માટે 'એડોપ્ટ–એન–એનિમલ' કાર્યક્રમ શરૂ કર્યો હતો.
- 'એડોપ્ટ–એન–એનિમલ્સ' પ્રોગ્રામ હેઠળ, NZNને ત્રણ વર્ષ પહેલાં 32 લાખ રૂપિયાની સહાય પ્રાપ્ત થઈ હતી.
- અત્યાર સુધીમાં 100થી વધુ સંસ્થાઓ અને વ્યક્તિઓ 22 લાખની સહાય સાથે પ્રાણીઓને દત્તક લેવા આગળ આવી છે.
- જ્યારે કોઈ વ્યક્તિ અથવા સંસ્થા દ્વારા પ્રાણી અથવા પક્ષીને અપનાવવામાં આવે છે, ત્યારે તેના દ્વારા પૂરા પાડવામાં આવતા ભંડોળનો ઉપયોગ પ્રાણી અથવા પક્ષીની સંભાળ, ખોરાક, વાડ અને નવીનીકરણ માટે કરવામાં આવે છે.

### Back to Basics : 'નંદનકાનન પ્રાણી સંગ્રહાલય'વિશે

- 'નંદનકાનન પ્રાણી સંગ્રહાલય' એ ભારતનું એક મુખ્ય પ્રાણી સંગ્રહાલય છે. તેની સ્થાપના વર્ષ 1960માં કરવામાં આવી હતી.
- દેશના અન્ય પ્રાણી સંગ્રહાલયોથી વિપરીત, નંદનકાનન જંગલમાં જ સ્થાપિત થયેલ છે અને તે સંપૂર્ણપણે કુદરતી વાતાવરણ સાથે સંકળાયેલું છે.
- નંદનકાનન વ્હાઈટ ટાઈગર અને મેલાનિસ્ટિક ટાઈગરના સંવર્ધન માટે વિશ્વનું પ્રથમ પ્રાણી સંગ્રહાલય છે.
- નંદનકાનન વિશ્વમાં ભારતીય પેંગોલિન્સનું એકમાત્ર સંરક્ષણ સંવર્ધન કેન્દ્ર છે.
- નંદનકાનન એ ભારતનું એકમાત્ર પ્રાણીસંગ્રહાલય છે જે 'વર્લ્ડ એસોસિયેશન ઓફ ઝૂ અને એકવેરિયમ'નો(WAZI) સંસ્થાકીય સભ્ય છે.

## ઝોજીલા ટનલ

### ઝોજીલા ટનલ વિશે

- તાજેતરમાં 'કેન્દ્રીય પરિવહન મંત્રાલય' દ્વારા 'ઝોજીલા ટનલ'ના બાંધકામ સંબંધિત કામોને મંજૂરી આપવામાં આવી હતી. જે 'શ્રીનગર ઘાટીઅને 'લેહ'ની વચ્ચે આખા વર્ષ દરમિયાન જોડાણ પૂરું પાડશે.
- 'ઝોજીલા ટનલ' એશિયાની સૌથી લાંબી દ્વિ–દિશાત્મક (Bi-directinal) ટનલ છે.
- તે શ્રીનગર, દ્રાસ, કારગિલ અને લેહને એક ટનલના માધ્યમથી પ્રખ્યાત 'ઝોજીલા પાસ'સાથે જોડશે.
- આ પરિયોજનાને પાંચથી છ વર્ષમાં પૂર્ણ કરવામાં આવશે.
- દરિયાની સપાટીથી 11,500 ફૂટથી વધુની ઉંચાઈ પર સ્થિત, ઓલ–વેધર 'ઝોજીલા ટનલ' 14.15 કિ.મી. લાંબી હશે અને શિયાળા દરમિયાન પણ રોડ કનેકિટવિટી સુનિશ્ચિત કરશે.

**8**

## ન્યુ શેપર્ડ રોકેટ સિસ્ટમ

### ન્યુ શેપર્ડ રોકેટ સિસ્ટમ વિશે

- તાજેતરમાં અમેરીકન કંપની 'બ્લુ ઓરિજિનદ્વારા વિકસિત 'ન્યુ શેપર્ડ રોકેટ સિસ્ટમનું સાતમું ટ્રાયલ પૂર્ણ કરવામાં આવ્યુ હતુ.
- 'ન્યૂ શેપર્ડ રોકેટ સિસ્ટમનું નામ સૌપ્રથમ અવકાશમાં જનાર અમેરિકન અવકાશયાત્રી 'એલન શેર્ડના નામ પર રાખવામાં આવ્યું છે.
- આ તકનીક દ્વારા સામાન્ય મુસારો અને સંશોધનકારોને પૃથ્વીથી લગભગ 100 કિ.મી. ઉપર લઈ જવામાં આવશે, જેથી તેઓને માઈક્રોગ્રેવીટીનો અનુભવ થઈ શકે.
- 'બ્લુ ઓરિજિન કંપનીદ્વારા વિકસિત 'ન્યુ શેપર્ડ બૂસ્ટર અવકાશમાંથી પાછા ર્યા પછી પૃથ્વીની સપાટી પર લંબવત ઉતરી શકે છે.
- આ સિસ્ટમ અમેરિકાની બ્લુ ઓરિજિન કંપની દ્વારા બનાવવામાં આવી હતી, જેની સ્થાપના એમેઝોનના સ્થાપક 'જેફ બેઝોસ' દ્વારા કરવામાં આવી છે.

## આંતરાષ્ટ્રીય સૌર ગઠબંધનની ત્રીજી બેઠક

➤ તાજેતરમાં સમાપ્ત થયેલ 'આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન'ની(ISA- Internatinal Slar Alliance) ત્રીજી વર્ચ્યુઅલ મીટિંગમાં ભારત અને ફ્રાન્સ રીથી 'આં તરરાષ્ટ્રીય સોલર એલાયન્સના પ્રમુખ અને સહ–અધ્યક્ષ તરીકે ચૂંટાયા છે.

### આંતરાષ્ટ્રીય સૌર ગઠબંધનની ત્રીજી બેઠક વિશે

➤ 'આંતરાષ્ટ્રીય સૌર ગઠબંધનની ત્રીજી બેઠકમાં 'આંતરાષ્ટ્રીય સૌર ગઠબંધન' સાથે સંકળાયેલા 34 દેશોના મંત્રીઓ ભાગ લીધો હતો.

➤ આ વર્ચુઅલ મીટિંગમાં કુલ 53 સભ્ય દેશો, 5 હસ્તાક્ષરકર્તાઓ અને સંભવિત સભ્ય દેશોએ ભાગ લીધો હતો.

➤ 14 ઓકટોબરના રોજ યોજાયેલી ત્રીજી વર્ચુઅલ મીટિંગમાં, ભારત અને ફ્રાન્સની પસંદગી બે વર્ષની મુદત માટે કરવામાં આવી છે.

➤ ISAના ચાર ક્ષેત્રોનું પ્રતિનિધિત્વ કરવા આ બેઠકમાં ચાર નવા ઉપાધ્યક્ષની પસંદગી કરવામાં આવી હતી, જે નીચે મુજબ છે:

1. ફિજી અને નૌરુ 'એશિયા પેસિફિક ક્ષેત્ર'ના પ્રતિનિધિ તરીકે.
2. મોરિશિયસ અને નાઈજર 'આફ્રિકા ક્ષેત્ર' માટે.
3. યુકે અને નેધરલેન્ડ 'યુરોપ અને અન્ય પ્રદેશો' માટે.
4. કયુબા અને ગુયાના 'લેટિન અમેરિકા અને કેરેબિયન પ્રદેશ' માટે.

➤ આ બેઠકમાં 'એસેમ્બલી ફોર સસ્ટેનેબલ કલાયમેટ એકશન'(CSCA: Calitin fr Sustainable Climate Actin) દ્વારા ખાનગી અને જાહેર કોર્પોરેટ ક્ષેત્રની સાથે ISAના સંસ્થાકીય સ્વરૂપને સ્થાપિત કરવા માટે ISA સચિવાલયની પહેલને પણ મંજૂરી આપવામાં આવી છે.

### ISA દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ અહેવાલ વિશે

➤ ISA ની આ બેઠકમાં 'વર્લ્ડ રિસોર્સ ઈન્સ્ટિટયૂટ'(WRI) દ્વારા તૈયાર કરવામાં આવેલ અહેવાલને રજુ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત અહેવાલમાં સોલાર રોકાણને પ્રોત્સાહન આપવા માટે ભંડોળ, તકો અને સૌર રોકાણમાં અવરોધોના સ્ત્રોતની ઓળખ કરવામાં આવી છે.

➤ વર્ષ 2030 સુધી WRI તથા ISA દ્વારા મળીને 1 ટ્રિલિયન અમેરીકન ડોલર એકઠા કરવાના લક્ષ્ય માટે રોડમેપ વિકસિત કરવાના પગલાની બેઠકમાં પ્રશંસા કરવામાં આવી હતી. આ મોડેલને વિકસાવવા માટે, નેધરલેન્ડ, 'બ્લૂમબર્ગ લિનથ્રોપી', 'બ્લૂમબર્ગ ન્યૂ એનર્જી ફાઈનાન્સ અને કલાયમેટ વર્કસ ફાઉન્ડેશન' જરૂરી આર્થિક અને તકનીકી સહાય કરશે.

### ISA CARESની સ્થાપના વિશે

➤ વૈશ્વિક મહામારીને ધ્યાનમાં રાખીને ISA દ્વારા 'ISA CARESપહેલની સ્થાપના કરવામાં આવી છે જે સૌથી ઓછા વિકસિત દેશો, નાના ટાપુ વિકસતા સભ્ય દેશોના આરોગ્ય સંભાળ ક્ષેત્રમાં સૌર ઉર્જાને સમર્પિત એક પહેલ છે.

➤ આ પહેલ હેઠળ,લક્ષીત સભ્ય દેશોના દરેક જિલ્લામાં એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર 'સૌર ઊર્જા' દ્વારા સંચાલિત કરવામાં આવશે.

### Back to Basic : 'આંતરાષ્ટ્રીય સૌર ગઠબંધન (ISA: Internatinal Slar Alliance) વિશે

➤ ISA એ એક પહેલ છે જે ભારતના વડાપ્રધાન અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ દ્વારા 30 નવેમ્બર,2015ના રોજ ફ્રાન્સના પેરિસમાં યોજાયેલ CP-21 દરમિયાન શરૂ કરવામાં આવી હતી.

➤ ISA નો ઉદ્દેશ ISA સભ્ય દેશોમાં સૌર ઉર્જાને પ્રોત્સાહન આપવા માટેના મુખ્ય પડકારોને સંયુક્તરૂપે સંબોધન કરવાનો છે.

➤ તેનો ઉદ્દેશ નાણાકીય ખર્ચ અને ટેકનોલોજીના ખર્ચ ઘટાડવા માટે જરૂરી સંયુક્ત પ્રયાસો કરવાનો છે, મોટા પાયે સૌર ઊર્જા ઉત્પાદનો માટે જરૂરી રોકાણો વધારવા અને ભાવિ તકનીકી માટે યોગ્ય માર્ગ તૈયાર કરવાનો છે.

➤ ISA એ વર્ષ 2030 સુધીમાં ટકાઉ વિકાસ લક્ષ્યો અને હવામાન પલટા અંગેના પેરિસ કરારના ઉદ્દેશો પ્રાપ્ત કરવા તરફ કામ કરતી એક મોટી સંસ્થા માનવામાં આવે છે.

➤ અત્યાર સુધીમાં 68 સભ્ય દેશોએ ISA ને પોતાનું સમર્થન આપ્યું છે અને 20 અન્ય દેશો જોડાવાની પ્રક્રિયામાં સામેલ છે.

➤ તાજેતરમાં ISA દ્વારા વર્લ્ડ બેંક અને ભારત સરકાર સાથે ત્રિપક્ષીય કરાર કરવામાં આવ્યો છે. આ કરાર હેઠળ ISA, વિશ્વ બેંક અને ભારત સરકાર મળીને 'વન સન, વન વર્લ્ડ, વન ગ્રીડ' પહેલના સક્રિય અમલીકરણમાં સામેલ છે.

➤ વર્ષ 2020માં, ISA સચિવાલય એ 'સંયુક્ત રાષ્ટ્ર ઔદ્યોગિક વિકાસ સંગઠન (UNID: United Natin Industrial Develpment rganizatin) સાથે મળીને કામ કરતા ' ISA સોલર ટેકનોલોજી અને એપ્લિકેશન રિસોર્સ સેન્ટર' નેટવર્ક કામગીરી પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## સારસના પ્રવાસ માર્ગનું ટ્રેકિંગ

### સારસના પ્રવાસ માર્ગના ટ્રેકિંગ વિશે

➤ પ્રથમ વખત, દહેરાદૂન ખાતે આવેલ 'વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયા'એ 'સારસના ગુજરાત'થી ઉત્તર કઝાકિસ્તાનમાં તેના સંવર્ધન સ્થળ અને ફરી ગુજરાત આવતા માર્ગને શોધી કાઢયો છે.

➤ 'વાડલાનામની માદા સારસ'ને માર્ચ, 2020માં ટ્રાન્સમીટર સાથે ટેગ કરવામાં આવી હતી. જેથી વૈજ્ઞાનિકો આવા સ્થળાંતર કરનારા પક્ષીઓ પર ઈલેક્ટ્રિક લાઈનોની અસર શોધી શકે.

➤ આ પ્રોજેકટનો હેતુ સારસ અને ફલેમિંગો જેવા મોટા પક્ષીઓ પર ઈલેક્ટ્રિક લાઈનોના પ્રભાવનો અભ્યાસ કરવાનો છે અને મહત્વપૂર્ણ પાવર લાઈનોની ઓળખ કરવાનો છે જે આ પક્ષીઓને સંભવિત રીતે અસર કરી શકે છે.

➤ આ પ્રોજેકટનો પ્રાથમિક ઉદ્દેશ એ જોવાનો છે કે આ સારસ પાવર લાઈનને કેવી રીતે પસાર કરે છે.

➤ આ પ્રોજેકટને 'પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ' દ્વારા નાણાં પૂરા પાડવામાં આવ્યા છે.

### Back to Basic: સારસ વિશે

➤ સામાન્ય સારસ એક મધ્યમ આકારનુ સારસ હોય છે જે ભારતીય ઉપખંડ, એશિયા, આફ્રિકા, યુરોપમાં જોવા મળે છે.

➤ આ સારસ પ્રાકૃતિક રીતે સ્થળાંતર કરનાર પક્ષીઓ છે જે સામાન્ય રીતે મે મહિના દરમિયાન પ્રજનન કરે છે.

## એર કંડિશનરની આયાત પર પ્રતિબંધ

### એર કંડિશનરની આયાત પર પ્રતિબંધ વિશે

➤ તાજેતરમાં કેન્દ્ર સરકારે સ્થાનિક ઉત્પાદનને વેગ આપવા માટે એર કન્ડિશનરની આયાત પર પ્રતિબંધ મૂકયો છે.

➤ આ સંદર્ભે 'ડિરેકટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ' દ્વારા જાહેર કરાયેલા હુકમ મુજબ હવે 'રેફ્રિજન્ટ એર કંડિશનર'નો સમાવેશ 'ફ્રી' માંથી 'પ્રોહિબિટેડ' કેટેગરીમાં કરવામાં આવ્યો છે.

➤ ભારતમાં ઘરેલું એર કન્ડીશનર માર્કેટ લગભગ 5 થી 6 અબજ ડોલરનું છે.

➤ કેન્દ્ર સરકાર પોતાના નિર્ણય દ્વારા ભારતને સ્વનિર્ભર ભારત મિશન અંતર્ગત એર કન્ડિશનર્સના મામલામાં ભારતને આત્મનિર્ભર બનાવવા માંગે છે.

➤ આ પગલાનો ઉદ્દેશ્ય ચીનથી થતી આયાતમાં ઘટાડો કરવાનો છે.

➤ આ સંદર્ભે સરકાર દ્વારા રજૂ કરેલા આંકડા દર્શાવે છે કે આ વર્ષના એપ્રિલ–ઓગસ્ટના સમયગાળામાં, ગત વર્ષના સમાન સમયગાળાની તુલનામાં ચીનથી ભારતમાં આયતામાં 27% ઘટાડો થયો છે.

## પર્યાવરણ મંત્રાલય માટે નાણા મંત્રાલયની ભલામણ

➤ તાજેતરમાં, નાણા મંત્રાલય દ્વારા 'પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય અંતર્ગત કાર્ય કરનાર પાંચ સ્વાયત સંસ્થાઓને તેનાથી અલગ કરવાની અને અન્ય બે સંસ્થાઓનો વિલય કરવાની ભલામણ કરવામાં આવી છે. આમ, મંત્રાલય હેઠળ 16 સ્વાયત્ત સંસ્થાઓની સંખ્યા ઘટીને 9 કરવાની દરખાસ્ત છે.

➤ નાણાં મંત્રાલયે રજૂ કરેલી આ ભલામણ એ અહેવાલનો ભાગ છે જે સામાન્ય નાણાં નિયમો, 2017 ના નિયમ 229 અંતર્ગત તૈયાર કરવામાં આવેલી માર્ગદર્શિકા અનુસાર તૈયાર કરવામાં આવી છે.

➤ નિયમ 229 'સ્વાયત્ત સંસ્થાઓની સ્થાપના માટેના સામાન્ય સિદ્ધાંતો' સાથે સંબંધિત છે.

### પર્યાવરણ મંત્રાલય માટેની ભલામણ વિશે

➤ નાણા મંત્રાલય દ્વારા નીચેની પાંચ સંસ્થાઓને 'પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયથી અલગ કરવાની ભલામણ કરવામાં આવી છે.

➤ વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયા(WII), દહેરાદૂન

➤ ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ફોરેસ્ટ મેનેજમેન્ટ(IIFM), ભોપાલ

➤ ઈન્ડિયન પ્લાયવુડ ઈન્ડસ્ટ્રીઝ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ ઈન્સ્ટિટયૂટ, બેંગલોર

➤ CPR એન્વાયરમેન્ટલ એજ્યુકેશન સેન્ટર, ચેન્નઈ

➤ સેન્ટર ફોર એન્વાયર્નમેન્ટલ એજ્યુકેશન, અમદાવાદ

➤ અલગ કરવા માટેના બે મુખ્ય પાસાઃ પ્રથમ, મેનેજમેન્ટ સિવાય સમય–મર્યાદામાં સંસ્થાને સરકારની સહાય પૂરી પાડવી અને બીજું, સંબંધિત સંસ્થાઓ/હિસ્સેદારોને ચલાવવાની મંજૂરી આપવી.

➤ સરકાર દ્વારા ત્રણ વર્ષના સમયગાળા તથા દર વર્ષે બજેટમાં 25%ના ક્રમિક ઘટાડા સાથે અલગ કરવાની ભલામણ કરવામાં આવી છે.

➤ WII અને IIFM બંનેને 'ડીમ્ડ યુનિવર્સિટીઓમાં રૂપાંતરિત કરી શકાય છે.

- અહેવાલમાં 'સોસાયટી ઓફ ઇન્ટિગ્રેટેડ કોસ્ટલ મેનેજમેન્ટ–નવી દિલ્હીને 'નેશનલ સેન્ટર ફોર સસ્ટેનેબલ કોસ્ટલ મેનેજમેન્ટ'–તમિલનાડુમાં વિલય કરવાની ભલામણ કરવામાં આવી છે કારણ કે બંને સંસ્થાઓ દરિયાકાંઠાના સંચાલનને પ્રોત્સાહન આપવા સમાન ભૂમિકા ભજવે છે.
- 'સલીમ અલી સેન્ટર ફોર ઓર્નિથોલોજી એન્ડ નેચરલ હિસ્ટ્રી–તમિલનાડુ'ને 'પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય' તરફથી દર વર્ષે રૂ. 14 કરોડ મેળવે છે, તેને મંત્રાલયમાં મર્જ કરવાની ભલામણ કરવામાં આવી છે.

## NGT: કાલેશ્વરમ સિંચાઇ યોજનાને પર્યાવરણીય મંજૂરી એ કાયદાનું ઉલ્લંઘન

- નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ(NGT) એ 20 ઓકટોબર, 2020ના રોજ જણાવ્યું હતું કે તેલંગણામાં કાલેશ્વરમ લિફ્ટ સિંચાઈ પ્રોજેકટની પુર્વવતી અસર છે અને આપવામાં આવેલી પર્યાવરણીય મંજૂરી કાનૂની આવશ્યકતાનાનુ ઉલ્લંઘન કરે છે.
- આ પ્રોજેકટથી કેટલા નુકસાન થયા છે તેની આકારણી કરવા અને પુનઃસ્થાપનનાં પગલાં ઓળખવા માટે NGT એ એક સમિતિની રચના પણ કરી છે. પેનલે 'પર્યાવરણ અને વન મંત્રાલયને રાહત અને પુનર્વસન પગલાં સૂચવવા સાત સભ્યોની નિષ્ણાત સમિતિની રચના કરવા નિર્દેશ આપ્યો છે.
- ટ્રિબ્યુનલનો આ નિર્ણય તેલંગણા સ્થિત 'મોહમ્મદ હયાથ ઉદિન' દ્વારા દાખલ કરેલી અરજીની પૃષ્ઠભૂમિમાં આવ્યો છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે આ પ્રોજેકટનું બાંધકામ પર્યાવરણીય અને અન્ય કાયદાકીય મંજૂરીઓ વગર શરૂ કરાયું હતું. આ અરજીમાં જંગલ વિસ્તારોમાં વૃક્ષો કાપવા, બ્લાસ્ટિંગ અને ટનલિંગની પ્રવૃત્તિઓ આ પ્રવૃત્તિઓ વન સંરક્ષણ અધિનિયમનું ઉલ્લંઘન કરતી હોવાથી કોઈપણ વનપ્રવૃત્તિઓ પર પ્રતિબંધ માંગ્યો હતો.

### Back to Basic: 'કાલેશ્વરમ લિફ્ટ સિંચાઈ પ્રોજેકટ' વિશે

- આ તેલંગાણા સરકારનો બહુહેતુક સિંચાઈ પ્રોજેકટ છે. આ પ્રોજેકટ ગોદાવરી નદી અને પ્રાણહિતા નદીના મીટિંગ પોઇન્ટ પર બનાવવામાં આવી રહ્યો છે.
- આ પ્રોજેકટને અગાઉ 'પ્રાણહિતા–ચેવેલા પ્રોજેકટ' તરીકે ઓળખવામાં આવતો હતો અને વર્ષ 2014માં તેને 'કાલેશ્વરમ પ્રોજેકટ' નામ આપવામાં આવ્યુ હતું.
- આ પ્રોજેકટ તેલંગાણાના પછાત વિસ્તારોમાં સિંચાઈ અને પીવાનું પાણી પૂરું પાડશે. તે ભૂગર્ભ જળના વપરાશને સિંચાઈમાંથી ભૂગર્ભ જળના વપરાશને સિંચાઈ માટેના સપાટીના પાણીના વપરાશ તરફ સ્થાનાંતરિત કરવામાં મદદ કરશે.

## વીંછીની બે નવી પ્રજાતિ

- પૂણે સ્થિત વરાંધા ઘાટ અને સાંગલીના અંબા ઘાટ ખાતે પૂણે સ્થિત 'પ્રાકૃતિક ઈતિહાસ શિક્ષણ અને સંશોધન સંસ્થાના' કેટલાક વૈજ્ઞાનિકો દ્વારા તાજેતરમાં વીંછીની બે નવી પ્રજાતિઓની શોધ કરવામાં આવી છે.

### વીંછીની બે નવી પ્રજાતિ વિશે

- વીંછીની બંને જાતિઓ 'ચિરોમૈચિટેસ' જાતિની છે.
- વીંછીની આ બે નવી પ્રજાતિઓમાંથી એક પન્હલાના પાવનખિંડ વિસ્તારમાંથી મળી આવી છે, જેને ' ચિરોમૈચિટેસ પરાક્રમી' નામ આપવામાં આવ્યું છે.
- આ વંશની બીજી પ્રજાતિ 17 મી સદીના પ્રખ્યાત સંત રામદાસ સ્વામી સાથે સંકળાયેલી ગુફાની નજીક મળી આવી છે, જેના કારણે તેનું નામ 'ચિરોમૈચિટેસ રામદા સ્વામી' રાખવામાં આવ્યું છે.
- નિષ્ણાતોના મતે, ખડકાળ વિસ્તારોમાં જોવા મળતા વીંછી વૃક્ષો અથવા જમીન પર મળતા વીંછી કરતા તેમના સ્થળાંતરનું સ્થાન ધીમી ગતિથી બદલે છે.

## 'આસન કન્ઝર્વેશન રિઝર્વ'

- તાજેતરમાં, દહેરાદૂનમાં આવેલ 'આસન કન્ઝર્વેશન રિઝર્વ'ને 'રામસાર સંમેલનઅંતર્ગત આંતરરાષ્ટ્રીય મહત્વના 'વેટલેન્ડનો દરજ્જો આપવામાં આવ્યો છે.
- 'આસન કન્ઝર્વેશન રિઝર્વ' ઉત્તરાખંડનું પ્રથમ રામસર સ્થળ છે.
- રામસર દ્વારા આ રિઝર્વને માન્યતા મળ્યા બાદ, ભારતમાં રામસર સ્થળોની સંખ્યા વધીને 38 થઈ ગઈ છે, જે દક્ષિણ એશિયામાં સૌથી વધુ છે.
- 'આસન કન્ઝર્વેશન રિઝર્વ' રામસર સાઈટ જાહેર થવા માટે જરૂરી નવ માપદંડમાંથી પાંચ માપદંડોને (પ્રજાતિઓ અને ઈકોલોજીકલ સમુદાયો, જળ પક્ષીઓ અને માછલીઓથી સંબંધિત) પૂર્ણ કર્યા બાદ 'આંતરરાષ્ટ્રીય આદ્રભુમિ'ના રૂપમાં માન્યતા પ્રાપ્ત કરી છે.

### Back to Basics : 'આસન કન્ઝર્વેશન રિઝર્વ' વિશે

- આ રિઝર્વ હિમાલયન રાજ્ય ઉત્તરાખંડના 'ગઢવાલ ક્ષેત્ર'માં દહેરાદૂન જિલ્લા નજીક યમુના નદીના કાંઠે સ્થિત છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- 'આસન કન્ઝર્વેશન રિઝર્વ' 4.44 ચોરસ કિલોમીટરના ક્ષેત્રમાં ફેલાયેલ છે.
- આસનમાં 'રૂડી શેલ્ડાક(સ્થાનિક ભાષામાં 'સુરખાબ) અને 'રેડ ક્રેસ્ટેડ પોચાર્ડ(સ્થાનિક ભાષામાં 'લાલસર) જેવી ઘણી દુર્લભ અને જોખમમાં મુકાયેલ પ્રજાતિઓનું નિવાસ્થાન છે.
- આ રિઝર્વમાં પ્રવાસી પક્ષીઓની આશરે 40 પ્રજાતિઓ જોવા મળે છે. જેમ કે, 'રૂડી શેલ્ડક(સુરખાબ)', 'કોમન કુટ, 'ગડવાલ', 'કિંગફિશર', 'ભારતીય કોર્મોરેન્ટ(જળ કાગડો)', 'બાયર પોચર્ડ, 'ઉત્તરી પિન્ટલ(બતક)', 'બાર–હેડેડ ગૂઝ' (અવરોધક માથાવાળા હંસ) વગેરેનો સમાવેશ થાય છે.

## હિમાલયન વિવર્તનિક ક્ષેત્ર

- ભારત સરકારના 'વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ' હેઠળ ની સ્વાયત સંસ્થા 'વાડિયા ઈન્સ્ટિટયૂટ ઓફ હિમાલયન જિઓલોજી', દહેરાદુનના વૈજ્ઞાનિકો દ્વારા હિમાલય ક્ષેત્રમાં નવી વિવર્તનિક/ટેકટોનિક સક્રિય ક્ષેત્રની ઓળખ કરવામાં આવી છે.

### નવા વિવર્તનિક ક્ષેત્ર વિશે

- વૈજ્ઞાનિકો દ્વારા હિમાલયના 'સિવની ક્ષેત્ર' અથવા લદ્દાખમાં આવેલ 'સિંધુ સિવની ક્ષેત્ર'ને વિવર્તનિક અથવા ટેકટોનિક એકિટવ ઝોન તરીકે શોધવામાં આવ્યો છે. આ તે ક્ષેત્ર છે જ્યાં ભારતીય અને એશિયન પ્લેટો મળે છે. આ શોધ પહેલા, આ વિસ્તાર 'બંધ ક્ષેત્ર(Locked Zone) તરીકે જાણીતો હતો.
- વૈજ્ઞાનિકો દ્વારા હિમાલયના સીવીન વિસ્તારનો વિગતવાર ભૌગોલિક અભ્યાસ કરવામાં આવ્યો હતો અને જાણવા મળ્યું હતું કે આ વિસ્તાર ખરેખર બંધ વિસ્તાર નથી પરંતુ સક્રિય ટેકટોનિક વિસ્તાર છે.
- વૈજ્ઞાનિકો દ્વારા અધ્યયન માટે હિમાલયના સૌથી સુદુર સ્થિત લદ્દાખ ક્ષેત્રની પસંદગી કરવામાં આવી હતી.
- ભૂસ્તરશાસ્ત્રીઓએ નિરીક્ષણ કર્યુ છે કે જ્યાં નદીઓ ઉંચા વિસ્તારો સાથે જોડાયેલી હોય છે, ત્યાં નદીના કાંપવાળા વિસ્તારો વાંકા હોય છે અને તેની સપાટી તૂટેલી હોય છે. આ સિવાય નદીઓનો મૂળ સ્રોત ખૂબ જ ક્ષીણ થઈ ગયા છે પરિણામે છીછરી ખીણોની રચના થઈ છે.
- આ ખડકોનો અભ્યાસ દેહરાદૂનની પ્રયોગશાળામાં 'ઓપ્ટિકલી સ્ટીમુલેટેડ લ્યુમિનેસિસન્સ(OSL) દ્વારા કરવામાં આવ્યો હતો. આમાં, ભૂકંપની આવૃત્તિ અને પર્વતોની ઉંચાઈના ઘટાડાના દરનો અભ્યાસ કરવામાં આવ્યો છે.
- આ અધ્યયન કાર્ય 'ટેકનોફિઝિક્સ જર્નલમાં પ્રકાશિત કરવામાં આવ્યુ હતુ.

## એનિગ્માચન ગોલમ

- તાજેતરમાં કેરળ ખાતે 'એનિગ્માચન ગોલમ' નામની 100 કરોડ વર્ષ જૂની માછલી જોવા મળી છે.

### 'એનિગ્માચન ગોલમ' વિશે

- 'એનિગ્માચન ગોલમનું નામકરણ 'લોર્ડ ઓફ ધ રિંગ્સ' ફિલ્મના પાત્ર 'ગોલમ'થી પ્રેરિત છે. ફિલ્મમાં 'ગોલામ' હંમેશા ભૂમીગત રહેનાર પાત્ર છે.
- તે ભૂગર્ભ જળસંચયકોમાં રહે છે અને વરસાદને લીધે ભારે પૂર આવે ત્યારે જ સપાટી પર આવે છે.
- તે 'ડ્રેગન સ્નેકહેડ' નામના જૂના કુળની માછલીઓથી સંબંધિત છે.
- ગોલામ સિવાય તેના જેવી જ બીજી પ્રજાતિ પણ મળી આવી છે, જેને 'એનિગ્માચન મહાબલી' કહેવાય છે.
- આ માછલીએ હજાર વર્ષ પછી પણ તેની આદિકાળની લાક્ષણિકતાઓ જાળવી રાખી છે.
- એનિગ્માચનની લગભગ 50 પ્રજાતિઓ એશિયા અને ઉષ્ણકટિબંધીય આફ્રિકાની નદીઓ અને તળાવોમાં મળી શકે છે.
- માનવામાં આવે છે કે આ પ્રજાતિઓની ઉત્પત્તિ ગોંડવાનાલેન્ડમાં થઈ હતી, જે પાછળથી એશિયા અને આફ્રિકા ખંડોમાં વિભાજીત થઈ હતી.

## ગ્લોબલ હિમાલય એકસપીડિશન

### 'ગ્લોબલ હિમાલય એકસપીડિશન' વિશે

- પર્યટન અને તકનીકીનો ઉપયોગ કરીને દૂરસ્થ સમુદાયોને સૌર ઊર્જા પ્રદાન કરનારી ભારતીય સંસ્થા 'ગ્લોબલ હિમાલયન એકસપીડિશન(GHE) એ કોરોના વાયરસ રોગચાળા વચ્ચે હવામાન પરિવર્તનનો સામનો કરવા માટે વર્ષ 2020 માટે 'સંયુક્ત રાષ્ટ્ર ગ્લોબલ કલાયમેટ એકશન એવોર્ડ મેળવ્યો છે.
- 'ગ્લોબલ હિમાલયન એકસપીડિશન(GHE) દુર–દરાજના લોકોને સૌર ઉર્જા પહોંચાડવા માટે પર્યટન અને તકનીકીનો ઉપયોગ કરનારી વિશ્વમાં પ્રથમ પ્રકારનુ સંગઠન છે.
- હિન્દુ–કુશ હિમાલય ક્ષેત્રમાં 16 કરોડથી વધુ લોકો એવા છે, જે ભૌગોલિક અવરોધોના કારણે મૂળભૂત ઉર્જા વિના જીવે છે.
- અત્યાર સુધી, 'ગ્લોબલ હિમાલયન એકસપીડિશન(GHE) દ્વારા 131 થી વધુ ગામડાઓનું સૌર વીજળીકરણ કરવમાં આવ્યુ છે, જે 60,000 થી વધુ ગામલોકોના જીવન પર સીધી અસર કરે છે. આમાં 60 દેશોના 1,300 થી વધુ મુસાફરો આ અભિયાનનો ભાગ રહ્યા છે.

- 'યુનાઈટેડ નેશન્સ ગ્લોબલ કલાયમેટ એકશન એવોર્ડએ હવામાન પલટા સામે લડવા માટેના વિશ્વના સૌથી નવીન અને ગ્રહણશીલ પગલાઓને માન્યતા આપવાનો પ્રયાસ છે

## ટાયફૂન મોલાવે

### ટાયફૂન મોલાવે વિશે

- તાજેતરમાં મધ્ય વિયેતનામમાં આવેલા 'ટાઈફૂન મોલાવેથી પડેલા મુશળધાર વરસાદ અને ભૂસ્ખલનને કારણે આ ક્ષેત્રમાં જન–ધનને મોટું નુકસાન થયું છે.
- ઓકટોબરની શરૂઆતથી વિયેતનામ તુફાન, ભારે વરસાદ અને પૂરના પ્રકોપથી પીડિત છે, જેણે દેશના લાખો લોકોના જીવનને અસર કરી છે.
- 'ટાયફૂન મોલાવે' છેલ્લા બે દાયકામાં વિયેતનામનું સૌથી મોટું તોફાન છે.
- 28 ઓકટોબર, 2020 ના રોજ આ વાવાઝોડાને કારણે, વિયેતનામના કવાંગ નામ પ્રાંતના બે જિલ્લાઓમાં ભારે ભૂસ્ખલન જોવા મળ્યું હતુ.
- 'ટાયફૂન મોલાવે' વિયેતનામ પહોંચતા પહેલા ફિલિપાઈન્સમાં થી પસાર થયુ હતુ.

### Back to Basics : ટાયફૂન વિશે

- ટાયફૂન, હરિકેન અથવા ચક્રવાત એ તમામ એક પ્રકારના ઉષ્ણકટિબંધીય તોફાન છે. જો કે તે વિશ્વના વિવિધ સ્થળોએ તેમના સ્થાનના આધારે જુદા જુદા નામોથી જાણીતા છે.
- ઉત્તર એટલાન્ટિક મહાસાગર અને ઉત્તરપૂર્વ પેસિફિકમાં તેને 'હરિકેનકહેવામાં આવે છે. જ્યારે ઉત્તરપશ્ચિમ પેસિફિક મહાસાગરમાં તે 'ટાઈફુન' તરીકે અને દક્ષિણ પેસિફિક અને હિંદ મહાસાગરમાં 'ચક્રવાતતરીકે ઓળખાય છે.
- ઉત્તર–પશ્ચીમ પ્રશાંત મહાસાગરમાં મોટાભાગના ટાયફૂન મે અને ઓકટોબરની વચ્ચે આવે છે.

## આરોગ્ય વન

### આરોગ્ય વન વિશે

- વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ગુજરાતના નર્મદા જિલ્લાના કેવડિયા ખાતે 'આરોગ્ય વન'નું ઉધ્ઘાટન કરવામાં આવ્યુ છે.
- યોગ, આયુર્વેદ અને ધ્યાનના પ્રોત્સાહનના હેતુથી બનાવવામાં આવેલ 'આરોગ્ય વન' 17 એકર જમીનમાં સ્થિત છે અને 380 પસંદ કરેલી પ્રજાતિના પાંચ લાખ છોડનું વાવેતર કરવામાં આવ્યુ છે.
- ગુજરાતમાં આ આરોગ્ય વનમાં કાફેટેરિયા અને દુકાન પણ છે.
- આરોગ્ય વનમાં કમળનું તળાવ, યોગ અને ધ્યાનના બગીચા, ઈનડોર પ્લાન્ટ વિભાગ, ડિજિટલ માહિતી કેન્દ્ર, દુકાન અને એક કેફેટેરિયાનો સમાવેશ થાય છે.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેવડિયા ખાતે 'એકતા મોલ' અને 'ચિલ્ડ્રન્સ ન્યુટ્રિશન પાર્કનું પણ ઉધ્ઘાટન કર્યુ હતુ.

## વાયુ ગુણવત્તા પ્રબંધન આયોગ

- કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર અને તેના નજીકના વિસ્તારોમાં હવાના પ્રદૂષણની સમસ્યાનો સામનો કરવા માટે 'વાયુ ગુણવત્તા પ્રબંધન આયોગ'ની સ્થાપના માટે વટહુકમ જાહેર કર્યો છે.

### 'વાયુ ગુણવત્તા પ્રબંધન આયોગ' વિશે

- 'વાયુ ગુણવત્તા પ્રબંધન આયોગ'માં સાત સભ્યો ધરાવતા 'પર્યાવરણીય પ્રદૂષણ (નિવારણ અને નિયંત્રણ) ઓથોરિટી(EPCA) થી વિપરીત એક પૂર્ણ કાલીન અધ્યક્ષની સાથે કુલ 18 સભ્યો હશે. ઉપરાંત, આયોગમાં ભારત સરકારના વિવિધ મંત્રાલયો અને અન્ય સંગઠનોના પ્રતિનિધિઓ તરીકે એક 'સહયોગી સભ્ય' તથા એક પૂર્ણકાલીન સચિવ પણ શામેલ હશે, જે મુખ્ય સંકલન અધિકારી તરીકે કાર્ય કરશે.
- આ પંચના અધ્યક્ષ ભારત સરકારમાં સેક્રેટરી કક્ષાના અધિકારી હશે અથવા રાજ્ય સરકારમાં મુખ્ય સચિવના કક્ષાના અધિકારી હશે અને તેમનો કાર્યકાળ ત્રણ વર્ષનો રહેશે અને કાર્યકાળ સમાપ્ત થયા પછી તેમની ફરીથી નિમણૂક થઈ શકે છે.
- કેન્દ્રીય મંત્રાલયોના પ્રતિનિધિઓ સિવાય, આ આયોગમાં પાંચ રાજ્યો (પંજાબ, હરિયાણા, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને દિલ્હી), 'સેન્ટ્રલ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, 'ભારતીય અવકાશ સંશોધન સંગઠન, નીતિ આયોગ, પ્રદૂષણ નિષ્ણાં તો, સંસ્થાઓ અને 'બિન–સરકારી સંગઠનોના પ્રતિનિધિઓ પણ સામેલ થશે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## આયોગની પેટા સમિતિઓ

- સરકાર દ્વારા જાહેર કરાયેલા નોટિફિકેશન મુજબ આ કમિશનમાં ત્રણ પેટા સમિતિઓ હશે. જો કે આયોગ તેની ઇચ્છા મુજબ અન્ય સમિતિઓની પણ રચના કરી શકે છે.
- ત્રણ સમિતિ નીચે મુજબ છેઃ

1. મોનીટરીંગ અને ઓળખ પર પેટા સમિતિ
2. સુરક્ષા અને અમલ અંગેની પેટા સમિતિ
3. સંશોધન અને વિકાસ માટેની પેટા સમિતિ

## કાર્ય અને શક્તિ

- આયોગની પાસે દિલ્હી અને તેની આસપાસના વિસ્તારોમાં વાયુ પ્રદૂષણની સમસ્યાનો સામનો કરવા, આ સંદર્ભમાં માર્ગદર્શિકા જાહેર કરવા અને જો જરૂરી હોય તો ફરિયાદો નોંધાવવા માટે જરૂરી પગલાં લેવાની સત્તા હશે.
- આ કમિશન રાજ્ય સરકાર અને કોઈપણ સરકારી વિભાગને પણ આદેશો જાહેર કરી શકે છે.
- આ કમિશન પંજાબ, હરિયાણા, રાજસ્થાન, દિલ્હી અને ઉત્તરપ્રદેશની સરકાર સાથે સંકલન કરવાનું કામ કરશે.
- તે હવાની ગુણવત્તા અને પ્રદૂષકોના ઉત્સર્જનને લગતા ધોરણોને પણ નિર્ધારિત કરશે.
- વટહુકમ મુજબ વાયુ ગુણવત્તા અને પ્રદૂષણને લગતી કોઈપણ બાબતમાં કોઈ પણ બોડી અથવા રાજ્ય સરકાર સાથે હિતોના તકરારના કિસ્સામાં, આ કમિશન દ્વારા જાહેર કરાયેલ હુકમ અથવા નિર્દેશને સર્વોચ્ચ ગણવામાં આવશે.
- આ કમિશનને હવાના પ્રદૂષણથી સંબંધિત કોઈપણ બાબતની તપાસ કરવાનો અને દિલ્હી અને તેની આસપાસના વિસ્તારોમાં સ્થાપિત કોઈપણ જગ્યા, પ્લાન્ટ, ઉપકરણો, મશીનરી વગેરેની તપાસ કરવાનો અધિકાર છે.
- તે જ સમયે, આ આયોગમાં કોઈપણ ઉદ્યોગને બંધ કરવા, પ્રતિબંધ અથવા નિયમન સંબંધિત માર્ગદર્શિકા જારી કરવાની પણ સત્તા છે.
- ફરિયાદને આધારે કોઈ પણ બાબત અંગે સુઓમોટો લેવાનો અથવા આ બાબતે તપાસ કરવાનો અધિકાર છે.

## શિક્ષાત્મક જોગવાઈ

- કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરાયેલ વટહુકમ મુજબ, જો કોઈ વ્યક્તિ અથવા સંસ્થા આયોગ દ્વારા જાહેર કરાયેલા આદેશ અથવા માર્ગદર્શિકાનું ઉલ્લંઘન કરે છે, તો તેને 5 વર્ષ સુધીની કેદની સજા અથવા 1 કરોડ રૂપિયાનો દંડ અથવા બંને સજા થઈ શકે છે.
- જો ગુનો કંપની દ્વારા કરવામાં આવે છે, તો તે કંપની અને નિયમોનું ઉલ્લંઘન કરનાર અધિકારી બંનેને દોષી માનવામાં આવશે અને તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જ્યારે જો કોઈ સરકારી વિભાગ દ્વારા ગુનો કરવામાં આવે છે, તો તે વિભાગના વડાને શિક્ષા સજા માટે જવાબદાર છે.

# 'બ્લુ મૂન' ઇવેન્ટ

- ખગોળશાસ્ત્રીઓના મતે, 31 ઓક્ટોબર, 2020ના રોજ, ચંદ્રને લગતી એક દુર્લભ ખગોળીય ઘટના જોવા મળશે જેને 'બ્લુ મૂન' કહેવામાં આવે છે.

## બ્લુ મૂન વિશે

- જ્યારે પૃથ્વી પર એક મહિનામાં બે પૂર્ણ ચંદ્ર હોય છે, ત્યારે બીજા પૂર્ણ ચંદ્રને 'બ્લુ મૂન' કહેવામાં આવે છે.
- ઓક્ટોબરમાં, પ્રથમ પૂર્વ ચંદ્ર 1 ઓક્ટોબર, 2020 ના રોજ જોવામાં આવ્યો હતો. આ વર્ષે 'બ્લુ મૂન'ની ઘટના સંયોગરૂપે 'હેલોવીન' સાથે જોવા મળી રહી છે.
- યુએસ સ્પેસ એજન્સી 'નાસાના જણાવ્યા અનુસાર, અગાઉ 'હેલોવીન' અને 'બ્લુ મૂન'ની ઘટના વર્ષ 1944માં એક સાથે જોવા મળી હતી અને આગળ આ ઘટના વર્ષ 2039માં જોવા મળશે.
- ચંદ્ર પર એક મહિનાનો સમયગાળો 29 દિવસ, 12 કલાક, 44 મિનિટ અને 38 સેકંડનો હોય છે. વધારાનો સમય એકત્રિત થયા કરે છે અને દર 30 મહિના પછી કોઈ એક વર્ષમાં એક વધારાનો પૂર્ણ ચંદ્ર આવે છે.
- ખગોળશાસ્ત્રીઓના મતે જે મહીનામાં 'બ્લુ મૂન'ની ઘટના થાય છે તે મહીનાની પ્રથમ પૂર્ણીમા મહિનાની 1 લી અથવા 2 જી તારીખમાં આવે છે.
- આગામી 'બ્લુ મૂન' ઘટના 31 ઓગસ્ટ,2023માં જોવા મળશે.

# 7. ઈતિહાસ અને સંસ્કૃતિ

## જયપ્રકાશ નારાયણ અને નાનાજી દેશમુખ

- 11 ઓક્ટોબર, 2020ના રોજ, લોક નાયક જયપ્રકાશ નારાયણ અને નાનાજી દેશમુખની જન્મ જયંતી દેશભરમાં ઉજવવામાં આવી હતી.

### Back to Basics : લોકનાયક જયપ્રકાશ નારાયણ વિશે

- જયપ્રકાશ નારાયણનો જન્મ 11 ઓક્ટોબર, 1902ના રોજ ઉત્તરપ્રદેશના બલિયા જિલ્લાના 'સીતાબ દિયારા' ગામમાં થયો હતો.
- જયપ્રકાશ નારાયણ યુનાઈટેડ સ્ટેટની યુનિવર્સિટીઓમાં ભણેલા હતા જ્યાં તેઓ માર્કસવાદી વિચારધારાના સમર્થક બન્યા હતા.
- વર્ષ 1929માં ભારત પાછા ફર્યા બાદ, તેઓ 'ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ'માં જોડાયા હતા.
- વર્ષ 1932માં, ભારતમાં બ્રિટિશ શાસન વિરુદ્ધ સવિનય કાનુન ભંગ ચળવળમાં ભાગ લેવા બદલ તેમને એક વર્ષની સજા સંભળાવવામાં આવી હતી.
- જેલમાંથી છૂટયા પછી, તેમણે કોંગ્રેસ પાર્ટીમાં ડાબેરી જૂથ 'કોંગ્રેસ' સોશ્યલિસ્ટ પાર્ટીની રચના કરવામાં અગ્રેસરની ભૂમિકા નિભાવી હતી.
- વર્ષ 1948માં, તેમણે કોંગ્રેસના મોટાભાગના સમાજવાદી નેતાઓ સાથે કોંગ્રેસ પાર્ટી છોડી દીધી અને વર્ષ 1952માં 'પ્રજા સમાજવાદી પાર્ટી'ની રચના કરી હતી.
- પરંતુ થોડા જ સમયમાં રાજકારણથી અસંતુષ્ટ થઈ તેમણે વર્ષ 1954માં જાહેરાત કરી કે તેઓ પોતાનું જીવન ભૂદાન આંદોલન માટે સમર્પિત કરશે, જેની સ્થાપના વિનોબા ભાવે દ્વારા કરવામાં આવી હતી.
- વર્ષ 1959માં, તેમણે 'ગામ, જિલ્લા, રાજ્ય અને સંઘ પરિષદ'ના ચાર–સ્તરના પદાનુક્રમ દ્વારા 'ભારતીય રાજનીતિના પુનર્નિર્માણ'ની કલ્પના રજૂ કરી હતી.
- વર્ષ 1974માં, તેમણે સામાજિક પરિવર્તન માટેના એક કાર્યક્રમની હિમાયત કરી, જેને તેમણે જાહેર જીવનમાં ભ્રષ્ટાચાર વિરુદ્ધ 'સંપૂર્ણ ક્રાંતિ' ગણાવી હતી.
- સંપૂર્ણ ક્રાંતિ સાત ક્રાંતિનું (રાજકીય, સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક, વૈચારિક અથવા બૌદ્ધિક, શૈક્ષણિક અને આધ્યાત્મિક) સંયોજન છે. તેનો મુખ્ય ઉદ્દેશ હાલના સમાજમાં પરિવર્તન લાવવાનો હતો જે સર્વોદયના આદર્શો સાથે સુસંગત છે.
- જયપ્રકાશ નારાયણને સ્વાતંત્ર્ય સંગ્રામ અને ગરીબ અને દલિતોના ઉત્થાનમાં અમૂલ્ય યોગદાન બદલ મરણોત્તર ભારતનો સર્વોચ્ચ નાગરિક એવોર્ડ 'ભારત રત્ન' એનાયત કરાયો હતો.

### નાનાજી દેશમુખ વિશે

- 'ચંડીકાદાસ અમૃતરાવ દેશમુખ' જેમને 'નાનાજી દેશમુખ' (વર્ષ 1916-2010) નામથી પણ ઓળખવામાં આવે છે, તે સામાજિક કાર્યકર અને રાજકીય નેતા હતા.
- નાનાજી દેશમુખ લાંબા સમયથી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સભ્ય અને જનસંઘના સ્થાપક સભ્ય હતા. બાદમાં તેઓ જનતા પાર્ટી અને ભારતીય જનતા પાર્ટીનો ભાગ બન્યા હતા.
- વર્ષ 1974માં કટોકટી વિરુદ્ધ જય પ્રકાશ નારાયણ દ્વારા શરૂ કરાયેલ આંદોલનના તેઓ અગ્રણી નેતા માનવામાં આવે છે અને વર્ષ 1977 માં જનતા પાર્ટીની સરકાર બનાવવામાં પણ તેમણે મહત્વની ભૂમિકા ભજવી હતી.
- તેઓ વર્ષ 1977 અને 1979 ની વચ્ચે છઠી લોકસભાના સભ્ય હતા અને તત્કાલીન NDA સરકાર દ્વારા વર્ષ 1999 માં રાજ્યસભામાં નામાંકિત થયા હતા.
- એક સામાજિક કાર્યકર તરીકે, તેમણે શિક્ષણ, આરોગ્ય અને ગ્રામીણ સ્વાવલંબન ક્ષેત્રે, ખાસ કરીને ચિત્રકૂટ, મધ્યપ્રદેશમાં લગભગ 500 ગામોમાં કામ કર્યુ હતુ.
- તેમણે મધ્યપ્રદેશમાં 'ચિત્રકૂટ ગ્રામોદય વિશ્વવિદ્યાલય યુનિવર્સિટીની સ્થાપના કરી જે દેશની પ્રથમ ગ્રામીણ યુનિવર્સિટી ગણાય છે.
- તેમણે ભારતભરમાં 'સરસ્વતી વિદ્યા મંદિર' શાળાઓની શ્રેણી શરૂ કરી હતી.
- તેમને વર્ષ 1999 માં પદ્મ વિભૂષણ અને વર્ષ 2019માં મરણોત્તર 'ભારત રત્ન'થી નવાજવામાં આવ્યા હતા.

## બોમ્મઇ ગોલુની નવરાત્રી પરંપરા

### બોમ્મઇ ગોલુની નવરાત્રી પરંપરા વિશે

- કોવિડ –19 ને કારણે, દક્ષિણ ભારતીય પરિવારોમાં 'બોમ્મઈ ગોલુ'ની નવરાત્રી પરંપરા આ વર્ષે ઓનલાઈન ઉજવવામાં આવશે.
- ભારતમાં, નવરાત્રીનો તહેવાર જુદા જુદા ભાગોમાં જુદી જુદી રીતે ઉજવવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- નવરાત્રી નિમિત્તે દિલ્હીમાં 'રામલીલા', પશ્ચિમ બંગાળમાં 'દુર્ગાપૂજા મહોત્સવ', ગુજરાતમાં 'ગરબા નૃત્ય'નું આયોજન કરવામાં આવે છે.
- જ્યારે દક્ષિણ ભારતમાં આ પ્રસંગે 'બોમ્મઈ ગોલુ' અથવા 'નવરાત્રી ગોલુનું આયોજન કરવામાં આવે છે, એટલે કે હાથથી બનાવેલી ઢીંગલીઓનું કલાત્મક પ્રદર્શન.
- તમિલનાડુ, કર્ણાટક અને આંધ્રપ્રદેશમાં ઉજવાતા આ ઉત્સવમાં દેવતાઓ, પુરુષો, પ્રાણીઓ અને બાળકોના રૂપમાં બનાવવામાં આવતી ઢીંગલીઓનો એક સમૂહને શામેલ કરવામાં આવે છે. પ્રત્યેક સમૂહ એક વાર્તા પ્રતિબિંબિત કરે છે.
- તમિલ ભાષામાં 'બોમ્મઈ ગોલુઅથવા 'કોલુનો અર્થ 'દૈવી હાજરી' છે.
- તેલુગુ ભાષામાં 'બોમ્માલા કોલુવુ' એટલે 'કોર્ટ ઓફ રમકડાં'.
- કન્નડ ભાષામાં 'બોમ્બે હબ્બા' એટલે 'ઢીંગલી મહોત્સ્વ'.
- 'નવરાત્રી ગોલુ' દ્વારા, પ્રાચીન સમયની ભારતીય કથાઓ દર્શાવવામાં આવે છે જે રામાયણ, પુરાણો અને દશાવતારામ જેવા ગ્રંથો સાથે સંબંધિત છે.
- દક્ષિણ ભારતીય નવરાત્રીની પરંપરામાં, ઢીંગલીઓને પ્રદર્શિત કરવા માટે વિચિત્ર સંખ્યામાં સ્થાપિત કરવામાં આવે છે અને મહેમાનોને સાથે ગાવાનું આમંત્રણ આપવામાં આવે છે.
- 'બોમ્મઈ ગોલુની સ્થાપના નવરાત્રીના ત્રીજા અને નવ દિવસની વચ્ચે થાય છે અને 'ઢીંગલીઓના સમુહ'ને દિવસમાં બે વાર પૂજવામાં આવે છે.
- મુખ્ય હિંદુ મંદીર મીનાક્ષી મંદિર,તમિલનાડુ ખાતે દર વર્ષે નવરાત્રી નિમિત્તે મોટા પાયે ઢીંગલીઓનુ પ્રદર્શન કરવામાં આવે છે.

## ડો.એ.પી.જે. અબ્દુલ કલામ જયંતી

### ડો.એ.પી.જે. અબ્દુલ કલામ જયંતી વિશે

- રાષ્ટ્રપતિ ભવન ખાતે આયોજિત એક સમારોહમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા પૂર્વ રાષ્ટ્રપતિ ડો.એ.પી.જે. અબ્દુલ કલામને તેમની જન્મજયંતિ નિમિત્તે શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી.
- ડો.એ.પી.જે. અબ્દુલ કલામનો જન્મ 15 ઓક્ટોબર,1931 ના રોજ તમિલનાડુના રામેશ્વરમમાં થયો હતો.
- તેમણે વર્ષ 2002 થી 2007 સુધી ભારતના 11 માં રાષ્ટ્રપતિ તરીકે સેવા આપી હતી.
- તે જાણીતા એરોસ્પેસ વૈજ્ઞાનિક હોવાની સાથે એક મહાન શિક્ષક હતા, જેઓએ 'સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન'(DRDO) અને 'ભારતીય અવકાશ સંશોધન સંગઠન'(ISRO) સાથે કાર્ય કર્યુ હતુ.
- ડો.અબ્દુલ કલામ વર્ષ 1962 માં 'ભારતીય અવકાશ સંશોધન સંસ્થા'માં જોડાયા હતા.
- ડો.અબ્દુલ કલામને ભારતના 'મિસાઈલ કાર્યક્રમના પિતા તરીકે ઓળખવામાં આવે છે. તેઓ 'સામાન્ય લોકોના રાષ્ટ્રપતિ' તરીકે પ્રખ્યાત છે.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ડો.અબ્દુલ કલામના જન્મ દિવસને ઓળખ આપતા વર્ષ 2010માં 15 ઓક્ટોબરને 'વિશ્વ વિદ્યાર્થી દિવસ' તરીકે નામિત કરવામાં આવ્યો હતો.

## બાબા બંદાસિંહ બહાદુર

- વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ 'બાબા બંદા સિંહ બહાદુર'ને તેમની 350મી જન્મજયંતિ નિમિત્તે શ્રદ્ધાંજીલ આપી હતી અને કહ્યું હતું કે તેમણે ગરીબોના સશક્તિકરણ માટે ઘણા મહત્વપૂર્ણ કાર્યો કર્યા છે.

### બાબા બંદાસિંહ બહાદુર વિશે

- બાબા બંદાસિંહ બહાદુરનો જન્મ વર્ષ 1670 માં રાજપૂત પરિવારમાં થયો હતો. તે એક શીખ યોદ્ધા હતા.
- જ્યારે તેમણે પંજાબમાં પોતાનો અધિકાર સ્થાપિત કર્યો, ત્યારે તેમના મુખ્ય કાર્યોમાં જમીનદારી પ્રથા નાબૂદ કરવી અને જમીન પર કામ કરતા લોકોને માલિકીનો હક આપવાનું હતું.
- આ ઉપરાંત, બાબા બંદા સિંહ બહાદુરએ ગુરુ નાનક દેવજી અને ગુરુ ગોવિંદસિંહજીના નામે સિક્કા રજૂ કર્યા હતા અને મુખીલિસગઢનું નામ બદલીને લોહાગઢ કર્યુ હતુ. જે વર્ષ 1710 થી 1716 દરમિયાન શીખ રાજ્યની રાજધાની બની હતી.
- બાબા બંદા સિંહ બહાદુર અને તેના સાથીઓને મોગલ શાસકો દ્વારા વર્ષ 1715 માં કેદ કરવામાં આવ્યા હતા અને વર્ષ 1716માં તેમનું અવસાન થયું હતું.

## આઝાદ હિંદ સરકાર

- 21 ઓક્ટોબર, 2020ના રોજ, 'આઝાદ હિંદ સરકાર'ના 77માં સ્થાપના દિવસનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

### 'આઝાદ હિંદ સરકાર' વિશે

- વર્ષ 1943માં આ દિવસે નેતાજી સુભાષચંદ્ર બોઝે સિંગાપોરમાં આઝાદ હિંદ તરીકે પ્રોવિઝનલ સરકારની સ્થાપના કરવાની જાહેરાત કરી હતી. તે જ સમયે, નેતાજીએ પોતાને વડાપ્રધાન અને આઝાદ હિન્દ સરકારના યુદ્ધ મંત્રી જાહેર કર્યા હતા.
- સિંગાપોરમાં રચાયેલી કામચલાઉ સરકારે સુભાષચંદ્ર બોઝને જાપાન સાથે સમાન પગલાની વાટાઘાટો કરવા સક્ષમ બનાવવાની સાથે પૂર્વ એશિયાના ભારતીયોને આઝાદ હિંદ ફોજ અથવા 'ભારતીય રાષ્ટ્રીય સૈન્યમાં જોડાવા અને સમર્થન આપવાની સુવિધા પ્રદાન કરી હતી.
- આ રીતે આઝાદ હિંદ સરકાર અને નેતાજી સુભાષચંદ્ર બોઝે ભારતની સ્વતંત્રતા લડતમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.
- નેતાજી સુભાષચંદ્ર બોઝે વિદેશમાં ભારતની સ્વતંત્રતા સંગ્રામને નવી દિશા આપી અને બીજા વિશ્વ યુદ્ધની શરૂઆતને ભારતની આઝાદી માટેની અનુકૂળ તક તરીકે જોઈ હતી.

## સિંધુ ખીણની સંસ્કૃતિમાં ડેરી ઉત્પાદન

### 'સિંધુ ખીણની સંસ્કૃતિમાં ડેરી ઉત્પાદન' વિશે

- નેચર જર્નલમાં તાજેતરમાં પ્રકાશિત થયેલા એક અભ્યાસ મુજબ સિંધુ ખીણની સંસ્કૃતિમાં ડેરીના ઉત્પાદનના પ્રથમ જાણીતા પુરાવાઓની વૈજ્ઞાનિકોને પુષ્ટિ મળી છે.
- સિંધુ ખીણ સંસ્કૃતિમાં ડેરી ઉત્પાદનના આ પુરાવા ઈ.સ.પૂર્વે 2500ના છે.
- આ અધ્યયનનું સંચાલન ટોરેન્ટો યુનિવર્સિટીના પોસ્ટ ડોકટોરલ સંશોધનકાર 'કલ્યાણ શેખર ચક્રવર્તીએ કર્યું હતું.
- આ અભ્યાસનું પરિણામ 'કોટડા ભડલી, ગુજરાત'ના પુરાતત્ત્વીય સ્થળે મળી આવેલા માટીકામના ટુકડામાંથી મેળવેલા ખાદ્ય પદાર્થોના પરમાણુઓના (દા.ત. ચરબી અને પ્રોટીન) પરમાણુ રાસાયણિક વિશ્લેષણ પર આધારિત છે.
- 'સ્થિર આઈસોટોપ એનાલિસિસ' નામની પ્રક્રિયા દ્વારા સંશોધનકારો પ્રાણીઓને ઓળખવા માટે સમર્થ હતા કે જેનાથી દૂધ મેળવવામાં આવ્યું છે અને નિષ્કર્ષ પર આવ્યા કે દૂધ બકરી અથવા ઘેટાંની જગ્યાએ ગાય અને ભેંસ જેવા પ્રાણીમાંથી મેળવવામાં આવ્યું છે.
- આ સ્થળેથી મેળવેલ માટીકામના અવશેષો સૂચવે છે કે તે સમયે, કાચા દૂધની જગ્યાએ પ્રોસેસ્ડ દૂધનો ઉપયોગ થતો હતો અને તેનો જથ્થો સૂચવે છે કે દૂધનો ઉપયોગ ઘરેલુ વપરાશ ઉપરાંત એટલે કે વ્યવસાય અથવા સમુદાય હેતુ માટે કરવામાં આવતો હતો.

## રાષ્ટ્રીય એકતા દિવસ

### 'રાષ્ટ્રીય એકતા દિવસ' વિશે

- દર વર્ષે 31 ઓક્ટોબરના રોજ સ્વતંત્ર ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ દેશભરમાં 'રાષ્ટ્રીય એકતા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.
- સૌપ્રથમ વખત વર્ષ 2014માં કેન્દ્ર સરકાર દ્વારા 31 ઓક્ટોબરને 'રાષ્ટ્રીય એકતા દિવસતરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.
- 31 ઓક્ટોબર, 2018 ના રોજ, ગુજરાતના વડોદરામાં નર્મદા નદીના કાંઠે ભારત સરકાર દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટીનું અનાવરણ કરવામાં આવ્યું હતું. જે વિશ્વની સૌથી મોટી પ્રતિમા છે જે 182 મીટરની (597 ફૂટ) ઉંચાઈ ધરાવે છે.

### Back to Basic : સરદાર વલ્લભભાઈ પટેલ વિશે

- સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ 31 ઓક્ટોબર,1875 ના રોજ ગુજરાતના નડિયાદ શહેરમાં થયો હતો.
- ભારતીય સ્વતંત્રતા સંગ્રામમાં તેમના યોગદાન ઉપરાંત, તેમણે આઝાદી પછી દેશના તમામ રજવાડાઓના એકીકરણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.
- વર્ષ 1928માં ગુજરાતના બારડોલીમાં ખેડૂત આંદોલનની સફળતા પછી, ત્યાંની મહિલાઓએ તેમને 'સરદાર'ની પદવી આપી હતી.
- વર્ષ 1931માં, સરદાર પટેલે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના કરાચી અધિવેશનની અધ્યક્ષતા કરી હતી.
- તેમણે 'ભારતીય વહીવટી સેવા' અને 'ભારતીય પોલીસ સેવા' જેવા અખિલ ભારતની સ્થાપનામાં મહત્વની ભૂમિકા ભજવી હતી, જેના કારણે તેમને 'ભારતની સિવિલ સેવાના 'સંરક્ષક સંત તરીકે ઓળખવામાં આવતા હતા.
- સરદાર વલ્લભભાઈ પટેલ સ્વતંત્ર ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન અને પ્રથમ ગૃહમંત્રી બન્યા હતા.
- વર્ષ 1991માં તેમને મરણોત્તર 'ભારત રત્નથી નવાજવામાં આવ્યા હતા.

# 8. અન્ય સંક્ષિપ્ત વર્તમાન પ્રવાહો

## રાષ્ટ્રીય ટપાલ સપ્તાહ

- 9 ઓક્ટોબર,2020ના રોજ 'વિશ્વ ટપાલ દિવસ' નિમિત્તે, ભારતીય ટપાલ ખાતા દ્વારા 9 થી 15 ઓક્ટોબર, 2020 દરમ્યાન 'રાષ્ટ્રીય ટપાલ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી રહી છે.

### વિશ્વ ટપાલ દિવસ વિશે

- વિશ્વ ટપાલ દિવસ, વર્ષ 1874માં બર્ન, સ્વિત્ઝર્લેન્ડમાં 'યુનિવર્સલ પોસ્ટલ યુનિયન'(UPU)ની સ્થાપનાના સ્મરણાર્થે ઉજવવામાં આવે છે.
- વર્ષ 1969માં ટોકયો,જાપાનમાં યોજાયેલ UPU કોંગ્રેસ દ્વારા તેને 'વિશ્વ ટપાલ દિવસ' તરીકે જાહેર કરવામાં આવ્યો હતો.
- UPU વૈશ્વિક સંદેશાવ્યવહાર ક્રાંતિ પર ધ્યાન કેન્દ્રિત કરે છે જેનો હેતુ વિશ્વભરના લોકોમાં સંદેશાવ્યવહારની સંસ્કૃતિ વિકસાવવાનો છે.

### રાષ્ટ્રીય ટપાલ સપ્તાહ વિશે

- દૈનિક જીવનમાં ટપાલ ક્ષેત્રની ભૂમિકા વિશે જાગૃતિ લાવવા અને વિવિધ દેશોના સામાજિક–આર્થિક વિકાસમાં તેના યોગદાનનો ઉલ્લેખ કરવા માટે, ભારતીય ટપાલ વિભાગ 'રાષ્ટ્રીય ટપાલ સપ્તાહ'ની (9-15 ઓક્ટોબર, 2020) ઉજવણી કરી રહ્યુ છે.

### Back to Basics : ભારતીય પોસ્ટના ઇતિહાસ વિશે

- વર્ષ 1541માં શેર શાહ સુરીએ બંગાળ અને સિંધ વચ્ચે ઘોડાઓ દ્વારા ટપાલ સેવા શરૂ કરી હતી.
- વર્ષ 1672માં, 'મૈસુર અંચેની સ્થાપના 'મહારાજા ચિક્કા દેવરાય વોડયાર' દ્વારા કરવામાં આવી હતી.
- વર્ષ 1766માં, 'રોબર્ટ કલાઈવ' દ્વારા નિયમિત ટપાલ સિસ્ટમની સ્થાપના કરવામાં આવી હતી.
- વર્ષ 1774માં, 'વોરન હેસ્ટિંગ્સ' એ પોસ્ટ ઓફિસને સંગઠીત કરી અને લોકો માટે તેને સાર્વજીનક કરી હતી. અગાઉ ટપાલ સિસ્ટમનો મુખ્ય ઉદ્દેશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના વ્યાપારી હિતોનું રક્ષણ કરવાનો હતો.
- વર્ષ 1876માં, ભારત 'યુનિવર્સલ પોસ્ટલ યુનિયન'માં (UPU) જોડાયો હતો.

## ફ્રેન્ચ ઓપન, 2020

### ફ્રેન્ચ ઓપન, 2020 વિશે

- રફેલ નાડાલે ફ્રેન્ચ ઓપન, 2020ની ફાઈનલમાં નોવાક જોકોવિચને 6-0, 6-2, 7–5 થી હરાવીને 13 મી વખત ફ્રેન્ચ ઓપન ટેનિસ ટૂર્નામેન્ટની પુરુષ સિંગલ્સ ટૂર્નામેન્ટ જીતી લીધી છે.
- આ જીત સાથે નાડાલે રોજર ફેડરરના 20 ગ્રાન્ડ સ્લેમ ટૂર્નામેન્ટ જીતવાના રેકોર્ડની પણ બરાબરી કરી લીધી છે.
- રફેલ નાડાલ ચાર વખત અમેરિકન ઓપન, બે વાર વિમ્બલ્ડન અને એક વખત ઓસ્ટ્રેલિયન ઓપન ટૂર્નામેન્ટ જીતી ચુકયો છે.

## અર્થશાસ્ત્રનો નોબલ પુરસ્કાર

### અર્થશાસ્ત્રમાં નોબલ પુરસ્કાર વિશે

- 12 ઓક્ટોબર, 2020 ના રોજ, અમેરિકન અર્થશાસ્ત્રીઓ 'પોલ મિલ્ગ્રોમ' અને 'રોબર્ટ વિલ્સન'ને વ્યાપારીક હરાજીમાં કામ કરવા બદલ અર્થશાસ્ત્રનો નોબલ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.
- અર્થશાસ્ત્રનો આ નોબલ પુરસ્કાર 'હરાજીના સિદ્ધાંત'માં સુધારો કરવા અને નવા હરાજી બંધારણોની શોધ બદલ એનાયત કરવામાં આવ્યો છે.
- પોલ મિલ્ગ્રામ અને રોબર્ટ વિલ્સન દ્વારા કરવામાં આવેલી આ શોધથી વિશ્વભરના વિક્રેતાઓ, ખરીદદારો અને કરદાતાઓને ફાયદો થયો છે.
- પોલ મિલ્ગ્રામ અને રોબર્ટ વિલ્સન દ્વારા વિકસિત આ સિદ્ધાંત, વેચનારને વ્યાપક આવક મેળવવાને બદલે વ્યાપક સામાજિક લાભ સાથે પ્રેરિત છે.
- બંને નોબલ પુરસ્કાર વિજેતાઓ 10 મિલિયન સ્વીડિશ ક્રોનરની(લગભગ 1.1 મિલિયન ડોલર) ઈનામ રકમ આપવામાં આવી હતી.

## HB4 દુષ્કાળ પ્રતિરોધક GM ઘઉં

### HB4 દુષ્કાળ પ્રતિરોધક GM ઘઉં વિશે

- આર્જેન્ટનાએ બાયોટેક ફર્મ 'બાયોસેરસ દ્વારા વિકસિત' 'HB4 દુષ્કાળ પ્રતિરોધક GM ઘઉં'ને મંજૂરી આપી દીધી છે.

- આર્જેન્ટના એ આનુવંશિક રીતે સુધારેલા ઘઉંના એક સ્ટ્રેનને મંજૂરી આપનાર વિશ્વનો પ્રથમ દેશ છે.
- 'HB4 દુષ્કાળ પ્રતિરોધક GM ઘઉં' અર્જેન્ટીનાની બાયોટેકનોલોજી કંપની 'બાયોસેરસ' દ્વારા વિકસાવવામાં આવ્યા છે.
- બાયોસેરસે કહ્યું કે જ્યારે બ્રાઝિલ દ્વારા આયાત માટે મંજૂરી આપવામાં આવશે ત્યારે 'HB4 દુષ્કાળ પ્રતિરોધક GM ઘઉંનું માર્કેટિંગ શરૂ કરવામાં આવશે. વર્ષ 2019 માં આર્જેન્ટનાએ બ્રાઝિલને લગભગ 45% ઘઉંની નિકાસ કરી હતી, જ્યારે આર્જેન્ટનાના અન્ય મોટા બજારો ઇન્ડોનેશિયા, ચિલી અને કેન્યાનો સમાવેશ થાય છે.
- આર્જેન્ટનાની સરકારે જણાવ્યું હતું કે HB4 ટેકનોલોજી આધારિત બીજ દુષ્કાળ પ્રતિ અનુકૂળ છે અને ઉત્પાદનનુ કસાનને ઘટાડવામાં મદદ કરે છે.
- આર્જેન્ટના વિશ્વનો ચોથો સૌથી મોટો ઘઉંનો નિકાસકાર દેશ છે.

## ઇમોમાલી રહેમાન

### ઇમોમાલી રહેમાન વિશે

- મધ્ય એશિયાના દેશ તઝાકિસ્તાનના રાષ્ટ્રપતિ 'ઇમોમાલી રહેમાન' ફરી એક વાર આ પદ માટે ચૂંટાયા છે.
- લાંબા સમયથી તઝાકિસ્તાનની કમાન સંભાળનાર રહેમાનનો કાર્યકાળ સાત વર્ષનો રહેશે.
- ચૂંટણી અધિકારીઓના જણાવ્યા મુજબ રહેમાનને ચૂંટણીમાં પ્રચંડ જન સમર્થન મળ્યું છે. મતોની ગણતરી કર્યા પછી તઝાકિસ્તાનના ચૂંટણી પંચે કહ્યું કે રાષ્ટ્રપતિની ચૂંટણીના પરિણામોમાં ઇમોમાલી રહેમાન 90.9% મતો સાથે જીત્યા હતા.
- સોવિયત સંઘના વિઘટન પછી તાઝાકિસ્તાનમાં વર્ષ 1992થી રહેમાન સત્તા પર છે.
- વર્ષ 2016માં યોજાયેલા બંધારણીય લોકમત દ્વારા રાષ્ટ્રપતિ બનવાની મર્યાદા નાબૂદ કરવામાં આવી હતી. એવામાં તેઓ ઇચ્છે તેટલી વખત રાષ્ટ્રપતિ પદ માટેની ચૂંટણીમાં ભાગ લઈ શકે છે.

## 'ઓર્ડનન્સ ફેક્ટરી બોર્ડ'માં (FB) સમાવેશન

- કેન્દ્ર સરકારના 'ઓર્ડનન્સ ફેક્ટરી બોર્ડ'ના સમાવેશના નિર્ણયનો દેશભરમાં 41 ઓર્ડનન્સ ફેક્ટરીઝ અને તેમના સંલગ્ન એકમોના મજૂર સંગઠનો દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે.
- કેન્દ્ર સરકારના આ નિર્ણયનો વિરોધ કરવા દેશના ત્રણ માન્યતા પ્રાપ્ત સંરક્ષણ કર્મચારીઓનાં ટ્રેડ યુનિયનો એક મંચ પર એકઠા થયા છે. જેમાં નીચેનાનો સમાવેશ થાય છે–

1. ઓલ ઇન્ડિયા ડિફેન્સ સ્ટાફ ફેડરેશન(AIDEF)
2. ભારતીય રાષ્ટ્રીય સંરક્ષણ સ્ટાફ ફેડરેશન(INDWF)
3. ભારતીય રાષ્ટ્રીય વેપાર સંઘ કોંગ્રેસ(INTUC)

### Back to Basic : ઓર્ડનન્સ ફેક્ટરી બોર્ડ (FB) વિશે

- 'ઓર્ડનન્સ ફેક્ટરી બોર્ડ' એક વિશાળ ઔદ્યોગિક માળખું છે, જે 'સંરક્ષણ મંત્રાલય'ના(MD) 'સંરક્ષણ ઉત્પાદન વિભાગ'(DDP) હેઠળ કાર્યરત છે.
- 200 વર્ષ જુના 'ઓર્ડનન્સ ફેક્ટરી બોર્ડનું મુખ્ય મથક કોલકાતામાં છે અને તે 41 ફેક્ટરી, 9 તાલીમ સંસ્થાઓ, 3 પ્રાદેશિક માર્કેટિંગ કેન્દ્રો અને 4 પ્રાદેશિક સુરક્ષા નિયંત્રકોનું જૂથ છે.
- ભારતીય ઓર્ડનન્સ ફેક્ટરીઝનો ઇતિહાસ અને વિકાસ એ ભારતના બ્રિટીશ શાસન સાથે સીધો જોડાયેલો છે. ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ ભારતમાં તેના આર્થિક લાભ અને રાજકીય શક્તિમાં વધારો કરવા માટે એક મહત્વપૂર્ણ તત્વ તરીકે સંરક્ષણ ઉપકરણોનો સ્વીકાર કર્યો હતો.
- આ આવશ્યકતાને ધ્યાનમાં રાખીને, વર્ષ 1775માં, બ્રિટીશ સરકારે કોલકાતાના ફોર્ટ વિલિયમ કોલેજમાં ઓર્ડનન્સ બોર્ડની સ્થાપનાને મંજૂરી આપી અને આનાથી ભારતમાં ઔપચારિક રીતે આયુધ કારખાનાઓની શરૂઆત થઈ.
- વર્ષ 1947માં સ્વતંત્રતા સમયે ભારતમાં કુલ 18 ઓર્ડનન્સ ફેક્ટરીઓ હતી અને સ્વતંત્રતા પછી 23 ઓર્ડનન્સ ફેક્ટરીઓ બનાવવામાં આવી હતી.
- વર્ષ 1962ના યુદ્ધ પછી, સંરક્ષણ મંત્રાલય હેઠળ ભારતમાં સંરક્ષણ ઉપકરણોના ઉત્પાદન માટે માળખાગત વિકાસના હેતુથી 'સંરક્ષણ ઉત્પાદન વિભાગની (DDP) સ્થાપના કરવામાં આવી હતી.
- ત્યારબાદ, ભારતની તમામ ઓર્ડનન્સ ફેક્ટરીઓને સંચાલિત કરવા અને તેમને એક જૂથમાં લાવવાના ઉદ્દેશ્ય સાથે 'ઓર્ડનન્સ ફેક્ટરી બોર્ડ'(FB)ની રચના 02 એપ્રિલ,1979માં કરવામાં આવી હતી.
- 'ઓર્ડનન્સ ફેક્ટરી બોર્ડ' દ્વારા સંચાલિત ઓર્ડનન્સ ફેક્ટરીઓ, માત્ર સશસ્ત્ર દળોને જ નહીં પરંતુ અર્ધલશ્કરી અને પોલીસ દળોને પણ મોટા પ્રમાણમાં હથિયારો, દારૂગોળો અને સંરક્ષણ સાધનો પૂરા પાડે છે.
- 'ઓર્ડનન્સ ફેક્ટરી બોર્ડ'નો ઉદ્દેશ ભારતને શસ્ત્રો અને દારૂગોળોના ઉત્પાદનમાં સ્વનિર્ભર બનાવવાનો છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

### 'ઓર્ડનન્સ ફેક્ટરી બોર્ડમાં સમાવેશન વિશે

- 'ઓર્ડનન્સ ફેક્ટરી બોર્ડ'માં સમાવેશન એ 'આત્મ–નિર્ભર ભારત અભિયાન'નો એક ભાગ છે જેની ઘોષણા ભારત સરકારે 16 મે,2020ના રોજ કરી હતી.
- સમાવેશના પરિણામે, 'ઓર્ડનન્સ ફેક્ટરી બોર્ડ'ને અન્ય જાહેર ક્ષેત્રના અન્ય ઉપક્રમોની જેમ 'કંપની અધિનિયમ,2013 હેઠળ એક અથવા એકથી વધુ 100% સરકારી માલિકીની કંપનીઓમાં પરિવર્તીત કરવામાં આવશે.
- 'ઓર્ડનન્સ ફેક્ટરી બોર્ડ'ના સમાવેશથી જાહેર ક્ષેત્રની એક સંસ્થા બનાવવામાં આવશે કે જાહેર માલિકીની ઘણી સંસ્થાઓ બનાવવામાં આવશે તે સ્પષ્ટ કરવામાં આવ્યુ નથી.

## રાજીવ ગૌબા પેનલ

### રાજીવ ગૌબા પેનલ વિશે

- ટેલિકોમ સ્પેક્ટ્રમ ફાળવણીને સુવ્યવસ્થિત કરવા ભારત સરકારે કેબિનેટ સચિવ 'રાજીવ ગૌબા'ની અધ્યક્ષતા હેઠળ એક પેનલની રચના કરી છે. આ પેનલની રચના રેલવે, સંરક્ષણ, ગૃહ, ટેલિકોમ, અવકાશ વિભાગ અને માહિતી અને પ્રસારણ વિભાગના સચિવો સાથે કરવામાં આવી છે.
- સ્પેક્ટ્રમની હરાજી ભારત સરકાર દ્વારા છ વખત વર્ષ 2010 અને વર્ષ 2012 થી વર્ષ 2016 સુધી કરવામાં આવી હતી.
- આ પેનલ 5G સ્પેક્ટ્રમ 26 GHz માટે 'ડીપાર્ટમેન્ટ ઓ સ્પેસઅને 'ટેલીકોમ ડીપાર્ટમેંટવચ્ચેના ઝઘડાનુ નિરાકરણ લાવશે.
- સ્પેક્ટ્રમ ફાળવણીને લગતા અન્ય મુદ્દાઓમાં આગામી સ્પેક્ટ્રમ વેચાણના સમયની સ્પષ્ટતાના અભાવનો સમાવેશ થાય છે.

### સ્પેક્ટ્રમ ફાળવણી વિશે

- તે ઈલેક્ટ્રોમેગ્નેટિક સ્પેક્ટ્રમ બેન્ડનું નિયમન છે. આ બેન્ડ રેડિયો ફ્રીકવન્સીના છે. આગામી સ્પેક્ટ્રમ હરાજી 5G નેટવર્કમાં જોવામાં આવી રહ્યુ છે.

## કામધેનુ દીપાવલી અભિયાન

### કામધેનુ દીપાવલી અભિયાન વિશે

- 'રાષ્ટ્રીય કામધેનુ આયોગ'(RKA) દ્વારા આ વર્ષે દિવાળીના પર્વ નિમિત્તે 'કામધેનુ દીપાવલી અભિયાન' ઉજવવા એક દેશવ્યાપી અભિયાનની શરૂઆત કરવામાં આવી છે.
- 'કામધેનુ દીપાવલી અભિયાન'નું લક્ષ્ય ગાયના ગોબરમાંથી બનેલા ઉત્પાદનોને પ્રોત્સાહન આપવાનો છે.
- ગાયના ગોબરમાંથી બનાવવામાં આવતા ઉત્પાદનોમાં દીવા, મીણબત્તી, ધૂપ, પેપરવેઈટ, દેવતાઓની મૂર્તિઓનો સમાવેશ થાય છે.
- RKA નો ઉદ્દેશ્ય, આ દિવાળી પર ગોબરમાંથી બનાવવામાં આવેલ 33 કરોડ દીવાને 11 કરોડ પરિવારો સુધી પહોંચાડવાનો છે.

### Back to Basics : રાષ્ટ્રીય કામધેનુ આયોગ (RKA) વિશે

- કેન્દ્રીય બજેટ વર્ષ 2019-20 માં RKA ની ઘોષણા કરવામાં આવી હતી.
- કેન્દ્ર સરકાર દ્વારા RKA ની સ્થાપના 6 ફેબ્રુઆરી,2019 ના રોજ કરવામાં આવી હતી.
- RKA ભારત સરકારના મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રાલય હેઠળ આવે છે.
- તેનો ઉદ્દેશ દેશમાં ગાયોને સંરક્ષણ, સુરક્ષા અને સંવર્ધનની સાથે તેની સંખ્યા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે.

## ભાનુ આથૈયા

- ભારતના પ્રથમ ઓસ્કાર વિજેતા અને કોસ્ચ્યુમ ડિઝાઈનર ભાનુ આથૈયાનું 91 વર્ષની વયે અવસાન થયું છે.

### ભાનુ આથૈયા વિશે

- ભાનુ આથૈયાનો જન્મ 28 એપ્રિલ, 1929ના રોજ કોલ્હાપુરમાં થયો હતો.
- કોસ્ચ્યુમ ડિઝાઈનર તરીકે, તેમણે 60 વર્ષની લાંબી કારકિર્દીમાં 100 થી વધુ ફિલ્મોમાં કામ કર્યું હતુ, જેમાં શ્રી–420, ગાઈડ, અગ્નિપથ, વક્ત અને લગાન જેવી શ્રેષ્ઠ લ્મોિનો સમાવેશ થાય છે.
- ભાનુ આથૈયાએ તેની ફિલ્મી કેરિયરની શરૂઆત વર્ષ 1953 માં 'શહંશાહ લ્મિથી કરી હતી, જેમાં તેઓએ કામિની કૌશલ માટે પોશાકની રચના કરી હતી.
- ભાનુ આથૈયાને વર્ષ 1982માં આવેલ 'ગાંધી' ફિલ્મ માટે બ્રિટિશ કોસ્ચ્યુમ ડિઝાઈનર 'જહોન મોલો' સાથે સંયુક્ત રીતે 'ઓસ્કર એવોર્ડ'થી સમ્માનિત કરવામાં આવ્યા હતા. આ સાથે તેઓ ઓસ્કરથી સમ્માનિત થનાર પ્રથમ ભારતીય બન્યા હતા.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## વિશ્વ અન્ન દિવસ(World Food Day)

### વિશ્વ અન્ન દિવસ(World Food Day) વિશે

- 'વિશ્વ અન્ન દિવસ' દર વર્ષે 16 ઓક્ટોબરના રોજ મનાવવામાં આવે છે.
- વર્લ્ડ ફૂડ ડે, 2020 માટેની થીમ 'Grow, Nurish, Sustain. Together. Our Action are our Future'.
- સંયુક્ત રાષ્ટ્રના ફૂડ એન્ડ એગ્રિકલ્ચર ઓર્ગેનાઈઝેશન'(FAO) દ્વારા દર વર્ષે 16 ઓક્ટોબરના રોજ 'વિશ્વ અન્ન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. તે ભૂખ, ખોરાકની સુરક્ષા સાથે સંબંધિત છે. ઉજવણીમાં કૃષિ વિકાસ માટેના આંતરરાષ્ટ્રીય ભંડોળ અને વિશ્વ અન્ન કાર્યક્રમનો સમાવેશ થાય છે.વર્ષ 1979માં પ્રથમ વખત ભૂખ સામે કાર્યવાહી માટે દિવસ તરીકે ઉજવવામાં આવ્યો હતો.
- આ વર્ષનો વિશ્વ ફૂડ ડે CVID-19 પ્રતિસાદમાં ખોરાક અને કૃષિના મહત્વને પ્રકાશિત કરી રહ્યો છે.
- વર્ષ 2020 માં, 'વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ'ને ભૂખનો સામનો કરવા અને અશાંત વિસ્તારોમાં શાંતિ માટે ફાળો આપવા બદલ વર્ષ 2020નો શાંતિ માટેનો નોબેલ પુરસ્કાર મળ્યો છે.

### વિશ્વ અન્ન દિવસ અને ભારત વિશે

- વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ફૂડ એન્ડ એગ્રિકલ્ચર ઓર્ગેનાઈઝેશન(AF) ના 75માં સ્થાપના દિન નિમિત્તે 75 રૂપિયાના સ્મારક સિક્કો બહાર પાડવામાં આવ્યો છે.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, આ સ્મરણાત્મક સિક્કો ભારતના 130 કરોડ લોકોના કુપોષણને ઘટાડવામાં અન્ન અને કૃષિ સંગઠનની મૂળ ભૂમિકા પ્રત્યેના આદર દર્શાવે છે.

### Back to Basics : ફૂડ એન્ડ એગ્રિકલ્ચર ઓર્ગેનાઇઝેશન(AFO) વિશે

- ફૂડ એન્ડ એગ્રિકલ્ચર ઓર્ગેનાઈઝેશન એ સંયુક્ત રાષ્ટ્રની સૌથી મોટી વિશિષ્ટ એજન્સીઓમાંની એક છે, જેની રચના કૃષિ ઉત્પાદકતા અને ગ્રામીણ વસ્તીની જીવનશૈલીમાં સુધારણા દ્વારા પોષણ અને જીવનધોરણમાં સુધારો લાવવાના ઉદ્દેશ સાથે વર્ષ 1945 માં કરવામાં આવી હતી.
- ફૂડ એન્ડ એગ્રિકલ્ચર ઓર્ગેનાઈઝેશનનું મુખ્ય મથક ઈટાલીના રોમમાં સ્થિત છે.

## 'વિશ્વ સ્થળાંતર પક્ષી દિવસ' વિશે

- વર્ષ 2020માં 9 મે ઉપરાંત 10મી ઓક્ટોબરે 'વિશ્વ સ્થળાંતર પક્ષી દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- વર્ષ 2020ના વિશ્વ સ્થળાંતર પક્ષી દિવસની થીમ: 'બર્ડઝ કનેક્ટ અવર વર્લ્ડ'.
- વર્ષ 2006માં પ્રથમ વખત 'વિશ્વ સ્થળાંતર પક્ષી દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસ વર્ષમાં બે વાર ઉજવાય છે. (મે અને ઓક્ટોબરના બીજા શનિવારે)

## મદન બી. લોકુર સમિતિ

### મદન બી. લોકુર સમિતિ વિશે

- 'ચીફ જીસ્ટસ ઓફ ઈન્ડિયાશરદ અરવિંદ બોબડેની અધ્યક્ષતાવાળી સુપ્રીમ કોર્ટની ખંડપીઠ દ્વારા ત્રણ રાજ્યોમાં (હરિયાણા, પંજાબ અને ઉત્તરપ્રદેશ) ખેડુતો દ્વારા પરાણી બાળવાની ઘટનાઓ પર દેખરેખ રાખવા અને તેને રોકવા માટે સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ 'મદન બી. લોકુર'ની એક સભ્યવાળી સમિતિની રચના કરવામાં આવી છે.
- જીસ્ટસ મદન બી. લોકુરની એક–સભ્ય સમિતિ, નેશનલ કેડેટ કોર્પ્સ, 'નેશનલ સર્વિસ સ્કીમ' અને સ્કાઉટ–ગાઈડમાં રહેલ સ્વંયસેવી વિદ્યાર્થીઓની મદદથી દિલ્હી અને તેની આસપાસના ક્ષેત્રો પંજાબ, હરિયાણા અને ઉત્તરપ્રદેશમાં પરાણી સળગાવવાના કારણે થતા પ્રદુષણના નિવારણ માટે પ્રયત્ન કરશે.
- આ સંદર્ભે તૈયાર કરેલી યોજના મુજબ સ્વયંસેવક વિદ્યાર્થીઓ ત્રણ રાજ્યોમાં હાઈવે અને અન્ય વિસ્તારોમાં પેટ્રોલિંગ કરશે અને ખાતરી કરશે કે ખેતરોમાં આગ ન લાગે.
- સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે ત્રણેય રાજ્યોના મુખ્ય સચિવો આ સમિતિને જરૂરી સુવિધા પૂરી પાડશે અને વિદ્યાર્થી સ્વયંસેવકો માટે પરિવહનની પૂરતી વ્યવસ્થા કરશે.

## ફૂડ એન્ડ એગ્રી વીક, 2020

### ફૂડ એન્ડ એગ્રી વીક, 2020 વિશે

- 'ફૂડ પ્રોસેસીંગ ઉદ્યોગ, ગ્રામીણ વિકાસ અને પંચાયતી રાજ' અને 'કેન્દ્રીય કૃષિ' અને ખેડૂત કલ્યાણ મંત્રી શ્રી નરેન્દ્રસિંહ તોમર દ્વારા 16 ઓક્ટોબર, 2020ના રોજ 'ભારત–આંતરરાષ્ટ્રીય ખાદ્ય અને એગ્રી વીક, 2020ના ભારતના 14માં અધ્યયનનું વર્ચ્યુઅલ ઉદ્ઘાટન કરવામાં આવ્યુ હતું.

- 'ફૂડ એન્ડ એગ્રી વીક'નું આયોજન 16 ઓક્ટોબરથી 22 ઓક્ટોબર, 2020 સુધી કરવામાં આવ્યું હતુ.
- ભારતીય ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્ર એ ભારતના ફૂડ માર્કેટના 32% છે. તેથી, આ કૃષિ અને ફૂડ ટેકનું લક્ષ્ય ખાદ્ય અને કૃષિ ક્ષેત્રના ક્ષેત્રમાં તકનીકીનો ઉપયોગ કરવાનો છે. આનાથી, વર્ષ 2022 સુધીમાં ખેડૂતોની આવકમાં વધારો કરવામાં પણ મદદ મળશે.
- ભારતનું કૃષિ અને ગ્રામીણ અર્થતંત્ર ખૂબ જ મજબૂત છે. યોગ્ય માર્કેટિંગ અને નવીનતમ તકનીકી કૃષિ ક્ષેત્રનો વધુ વિકાસ કરી શકે છે. કૃષિમાં GDP વૃદ્ધિ દર 3.4% છે. કોવિડ–19ના સમયમાં પણ કૃષિ ક્ષેત્રે ભારતના આર્થિક વિકાસમાં ફાળો આપ્યો છે.

## 17 ઓક્ટોબર: 'આંતરરાષ્ટ્રીય ગરીબી નિવારણ દિવસ'

### 'આંતરરાષ્ટ્રીય ગરીબી નિવારણ દિવસ (IDEP: International Day for Eradication of Poverty) વિશે

- 'આંતરરાષ્ટ્રીય ગરીબી નિવારણ દિવસ' દર વર્ષે 17 ઓક્ટોબરના રોજ 'સંયુક્ત રાષ્ટ્ર' દ્વારા મનાવવામાં આવે છે.
- વર્ષ 2020ની થીમ: 'Acting together to Achieve Social and Environment Justice for All'.
- આ દિવસના આયોજનનો મુખ્ય ઉદ્દેશ એ છે કે જે લોકો હજી પણ ગરીબીના અભિશાપનો સામનો કરી રહ્યા છે તે અંગે વિશ્વભરમાં જાગૃતિ ફેલાવવાનો છે.
- 'યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી'(UNGA) દ્વારા 22 ડિસેમ્બર, 1992ના ઠરાવ દ્વારા 17 ઓક્ટોબરને 'આંતરરાષ્ટ્રીય ગરીબી નિવારણ દિવસ' તરીકે જાહેર કરવામાં આવ્યો હતો.
- કોરોના વાયરસ રોગચાળાની સૌથી વધુ અસર વિશ્વના ગરીબ અને નબળા લોકો પર જોવા મળી છે, વર્લ્ડ બેંકે તાજેતરના એક અહેવાલમાં ચેતવણી આપી છે કે, રોગચાળાના પ્રભાવને કારણે વર્ષ 2021 સુધીમાં લગભગ 150 મિલિયન લોકો 'અત્યંત ગરીબી'ના વર્ગમાં આવી શકે છે.

## જેસિંડા અર્ડર્ન

- ન્યુઝિલેન્ડના વડાપ્રધાન 'જેસિંડા અર્ડર્નને એક ઐતિહાસિક ચૂંટણી વિજય મળ્યો છે. જેસિંડા અર્ડર્નને તાજેતરની ચૂંટણીમાં કોરોના વાયરસ રોગચાળા સામે મેળવેલ સફળતાનો મોટો ફાયદો થયો છે અને આ સફળતાના પગલે જેસિંડા અર્ડર્નને કુલ 49% મતો મળ્યા છે.

### 'જેસિંડા અર્ડર્ન' વિશે

- 40 વર્ષીય 'જેસિંડા અર્ડર્ન વર્ષ 2017માં ન્યુઝીલેન્ડના 40માં વડાપ્રધાન બન્યા હતા અને ત્યારબાદ તેમણે લેબર પાર્ટીનું નેતૃત્વ પણ કર્યુ છે.
- 26 જુલાઈ, 1980ના રોજ ન્યુઝીલેન્ડના હેમિલ્ટન સિટીમાં જન્મેલ 'જીસંડા આર્ડર્ન 18 વર્ષની ઉંમરે લેબર પાર્ટીમાં જોડાયા હતા અને તેઓની મહેનત અને નેતૃત્વને કારણે વર્ષ 2008માં ન્યુઝીલેન્ડની સંસદમાં પ્રવેશ કર્યો હતો.
- તેઓ અગાઉ યુકેના ભૂતપૂર્વ વડાપ્રધાન ટોની બ્લેર અને ન્યુ જીલેન્ડના ભૂતપૂર્વ વડાપ્રધાન હેલેન કલાર્ક માટે સ્ટાફ સભ્ય તરીકે રહી ચૂકયા છે.
- તેમના સમગ્ર રાજકીય જીવન દરમિયાન, જેસિંડા અર્ડર્ન વિશ્વભરમાં સ્થળાંતર જેવા મુદ્દાઓના વિશે પ્રગતિશિલ વિચાર રાખવાઅને અને બાળકો, મહિલાઓ અને સમલૈગિંકના અધિકાર વિશે અવાજપૂર્વક બોલવા માટે વિશ્વભરમાં જાણીતી છે.

## ભારતીય પર્યટનના આંકડા

- પર્યટન મંત્રાલયે ભારતીય પર્યટન આંકડા જાહેર કર્યા છે. અહેવાલ મુજબ, વર્ષ 2019માં ઉત્તરપ્રદેશમાં સૌથી વધુ સ્થાનિક પ્રવાસીઓ આવ્યા હતા.

### ભારતીય પર્યટન આંકડા પરના અહેવાલ વિશે

- અહેવાલ મુજબ, ભારતમાં વિદેશી પર્યટકનું આગમન વર્ષ 2019માં 2.2% વધ્યું છે.
- ભારતમાં વિદેશી મુલાકાતીઓની કુલ સંખ્યા વર્ષ 2019માં 28.9 મિલિયન છે.
- ટોચના પાંચ સ્રોત દેશોમાં બાંગ્લાદેશ, શ્રીલંકા, યુનાઈટેડ સ્ટેટ, યુનાઈટેડ કિંગડમ અને કેનેડા શામેલ છે.
- વર્ષ 2019માં પ્રવાસનમાં કુલ વિદેશી વિનિમયનો આંકડો 29 અબજ ડોલરને સ્પર્શી ગયો છે.
- અહેવાલમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે પ્રવાસનનો સૌથી સારો સમય કેલેન્ડરનો પ્રથમ અને ચોથો ભાગ છે.
- કુલ વિદેશી પ્રવાસીઓમાં 58.6% પુરુષો અને 41.4% સ્ત્રીઓ હતી.
- રિપોર્ટ પ્રમાણે, વર્ષ 2019માં ભારતીય પ્રવાસીઓના મુખ્ય સ્થળોમાં થાઈલેન્ડ સિંગાપોર, મલેશિયા, દુબઈ, યુનાઈટેડ

સ્ટેટ, શ્રીલંકા, ઓસ્ટ્રેલિયા, જાપાન, ભૂટાન, માલદીવ વગેરેનો સમાવેશ થયો હતો.

### ઘરેલું પર્યટન વિશે

- ઉત્તરપ્રદેશમાં તાજમહેલ અને મુંબઈમાં 'ગેટવે ઓફ ઈન્ડિયા ઘરેલુ પર્યટનના શીર્ષ સ્થળો રહ્યા છે.
- ઉત્તરપ્રદેશમાં વર્ષ 2019માં સૌથી વધુ પ્રવાસીઓ આવ્યા હતા. 53.6 કરોડ (23.1%) ઘરેલું પ્રવાસીઓ ઉત્તરપ્રદેશની મુલાકાતે આવ્યા હતા. વિદેશી પ્રવાસીઓને આકર્ષવામાં ઉત્તરપ્રદેશ ત્રીજા સ્થાને છે. અન્ય રાજ્યો કે જે વધુ સંખ્યામાં પ્રવાસીઓએ આકર્ષે છે તેમાં કેરળ, રાજસ્થાન અને જમ્મુ અને કાશ્મીરનો સમાવેશ થાય છે.
- માત્ર વર્ષ 2019માં, લગભગ 5 મિલિયન ટૂરિસ્ટ વિઝા લાગુ કરાયા હતા. સૌથી વધુ ઈ–ટૂરિસ્ટ વિઝા યુકે, યુએસ અને ચીનથી લાગુ કરાયા હતા.

## રાષ્ટ્રીય કૃમિ નિવારણ દિવસ

- 'રાષ્ટ્રીય કૃમિ નિવારણ દિવસના પ્રભાવનુ મુલ્યાંકન કરવા માટે 'કેન્દ્રીય આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલય' દ્વારા તાજેતરમાં 'રાષ્ટ્રીય રોગ નિયંત્રણ કેંદ્ર(NCDC: National Centre for Disease Control) અને અન્ય ભાગીદારોની આગેવાની હેઠળ એક ફોલો–અપ સર્વેની શરૂઆત કરવામાં આવી છે.

### 'રાષ્ટ્રીય કૃમિ નિવારણ દિવસ' વિશે

- 'રાષ્ટ્રીય કૃમિ નિવારણ દિવસ'એ એક દિવસીય કાર્યક્રમ છે જેનો હેતુ શિક્ષણ અને જીવનની ગુણવત્તા સુધીની પહોંચ, પોષણની સ્થિતિ અને બાળકોના એકંદર આરોગ્યમાં સુધારો કરવા માટે પરજીવી આંતરડાની કૃમિના રોગથી છુટકારો મેળવવા માટે દવા પ્રદાન કરવાનો છે.
- 'કેન્દ્રીય આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલયના 'રાષ્ટ્રીય કૃમિ નિવારણ દિવસની શરૂઆત વર્ષ 2015માં કરવામાં આવી હતી.
- શાળાઓ અને આંગણવાડી સંસ્થાઓ દ્વારા આ કાર્યક્રમને બે વર્ષનો એકલ દિવસ કાર્યક્રમ તરીકે ઉજવવામાં આવે છે.

## ભારત આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન મહોત્સવ, 2020

### ભારત આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન મહોત્સવ,2020 વિશે

- 'ભારત આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન મહોત્સવ'ની(IISF) 6ઠી આવૃત્તિનુ આયોજન 22 થી 25 ડિસેમ્બર,2020 દરમ્યાન વર્ચુઅલ માધ્યમથી યોજવામાં આવશે.
- IISF(Indian International Science Festival) એક વાર્ષિક કાર્યક્રમ છે જે વિજ્ઞાન અને ટેકનોલોજી અને ભારત સરકારના વિભાગો તથા 'વિજ્ઞાન ભારતી' દ્વારા સંયુક્ત રીતે આયોજીત એક વાર્ષિક કાર્યક્રમ છે.
- IISF ભારત અને વિદેશી વિદ્યાર્થીઓ, નવીનતાઓ, શિલ્પકારો, ખેડુતો, વૈજ્ઞાનિકો અને ટેકનોક્રેટનિઓ સાથે ભારતની વૈજ્ઞાનિક અને તકનીકી પ્રગતિની સિદ્ધિઓને વિશ્વ સમક્ષ રજૂ કરવાની પહેલ છે.
- IISF, 2020માં ભારતીય અને વિદેશી યુવાનોની સાથે મોટી સંખ્યામાં વૈજ્ઞાનિકો અને સંસ્થાઓની ભાગીદારીની અપેક્ષા છે.
- 'વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન પરિષદ(CSIR) અન્ય તમામ સંબંધિત મંત્રાલયો અને વિભાગોના સમર્થનથી IISF,2020ના આયોજનમાં અગ્રણી ભૂમિકા નિભાવશે.
- પહેલી અને બીજી IISF નવી દિલ્હીમાં, ત્રીજી ચેન્નઈમાં, ચોથી લખનઉમાં અને પાંચમી IISF કોલકાતા ખાતે યોજાઈ હતી.

### Back to Basic: 'વિજ્ઞાન ભારતી' વિશે

- 'વિજ્ઞાન ભારતી' અગાઉ 'સ્વદેશી વિજ્ઞાન ચળવળ' તરીકે ઓળખાતી હતી. તે ભારતની એક નફાકારક સંસ્થા છે. જે આયુર્વેદ, સિદ્ધ ચિકિત્સા અને સ્થાપત્ય જેવા પ્રાચીન વિજ્ઞાનને લોકપ્રિય બનાવવાની દિશામાં કાર્યરત છે.
- 'સ્વદેશી વિજ્ઞાન ચળવળ'ની સ્થાપના વર્ષ 1982માં ભારતીય વિજ્ઞાન સંસ્થા, બેંગ્લોર ખાતે 'પ્રો.કે.આઈ.વાસુ' દ્વારા કરવામાં આવી હતી.
- વર્ષ 1991માં, તેનું નામ 'વિજ્ઞાન ભારતી' રાખવામાં આવ્યું હતુ.
- હાલમાં તેના 20,000 સભ્યો છે અને ભારતના 23 રાજ્યોમાં તેના એકમો છે.

## પોલીસ સ્મૃતિ દિવસ

### પોલીસ સ્મૃતિ દિવસ વિશે

- ભારતમાં દર વર્ષે એવા પોલિસકર્મીઓ જેઓ પોતાની જવાબદારી નિભાવતા તેમના જીવનને દાવ પર લગાવ્યુ હોય તેઓને યાદ કરવા અને તેમનુ સમ્માન કરવા માટે '21 ઓક્ટોબર'ને 'પોલીસ સ્મૃતિ દિવસ' તરીકે મનાવવામાં આવે છે.
- આ દિવસની ઉજવણી વર્ષ 1959માં લદ્દાખ ખાતે ચીની સેના દ્વારા કરવામાં આવેલા હુમલામાં 10 પોલીસકર્મીઓનાં મોત નીપજ્યાં હતાં તે દિવસની યાદમાં ઉજવવામાં આવે છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- ભારતના પ્રથમ 'રાષ્ટ્રીય પોલીસ સ્મારકનું ઉદઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા નવી દિલ્હીમાં વર્ષ 2018માં 'પોલીસ સ્મારક દિવસ નિમિત્તે કરવામાં આવ્યુ હતું.
- દિલ્હીમાં આવેલ 'રાષ્ટ્રીય પોલીસ સ્મારકમાં તમામ કેન્દ્રિય અને રાજ્ય પોલીસ દળના 34,844 પોલીસકર્મીઓની યાદ કરવામાં આવ્યા છે જેઓએ વર્ષ 1947 થી ફરજ બજાવતા પોતાનો જીવ ગુમાવ્યો હતો.

## વિશ્વ આંકડા દિવસ

### 'વિશ્વ આંકડા દિવસ' વિશે

- 20 ઓક્ટોબર, 2020ના રોજ 'કનેકિટંગ ધ વર્લ્ડ વિથ ડેટા વી કેન ટ્રસ્ટ' વિષય પર વિશ્વભરમાં ત્રીજા 'વિશ્વ આંકડા દિવસનું આયોજન કરવામાં આવ્યુ હતુ.
- વર્ષ 2020ના 'વિશ્વ આંકડા દિવસ'ની થીમ રાષ્ટ્રીય આંકડાકીય પ્રણાલીમાં વિશ્વાસ, સત્તાવાર ડેટા, નવીનતા અને સામાન્ય માણસની સુખાકારીને રેખાંકિત કરે છે.
- ફેબ્રુઆરી,2010માં તેના 41માં સત્રમાં, 'સંયુક્ત રાષ્ટ્ર સ્ટેટિસ્ટિકસ કમિશન એ 20 ઓક્ટોબર, 2010ને પ્રથમ 'વિશ્વ આંકડા દિવસ' તરીકે મનાવવાનો પ્રસ્તાવ રજુ કર્યો હતો. વર્ષ ૨૦૧૦માં પ્રથમ 'વિશ્વ આંકડા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- વર્ષ 2015માં જનરલ એસેમ્બલીએ બીજો ઠરાવ પસાર કર્યો અને વર્ષ 2015માં બીજો 'વિશ્વ આંકડા દિવસ 21 ઓકટોબરના રોજ ઉજવવામાં આવ્યો અને નિર્ણય લેવામાં આવ્યો કે હવેથી દર પાંચ વર્ષે 'વિશ્વ આંકડા દિવસ' વૈશ્વિક સ્તરે યોજવામાં આવશે.

## ઉડાન દિવસ

### ઉડાન દિવસ વિશે

- 21 ઓકટોબર, 2020ના રોજ, 'ઉડાન યોજના'ની ચોથી વર્ષગાંઠ'ની ઉજવણી કરવામાં આવી હતી અને આ પ્રસંગે 21 ઓકટોબરને 'ઉડાન દિવસ' તરીકે ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી કારણ કે આ જ દિવસે પ્રથમ વખત ઉડાન યોજનાના દસ્તાવેજો બહાર પાડવામાં આવ્યા હતા.

### Back to Basic : 'ઉડાન યોજના' વિશે

- 'પ્રાદેશિક જોડાણ યોજના' 'ઉડે દેશ કા આમ નાગરીક' ભારત સરકારની મહત્વાકાંક્ષી યોજના છે, જેનો હેતુ પ્રાદેશિક હવાઈમાર્ગ દ્વારા સામાન્ય લોકોને સસ્તી અને સુલભ હવાઈ મુસાફરીનો લાભ પહોંચાડવાનો છે.
- ઉડાન યોજના દેશના ઉચન ક્ષેત્રમાં નવા વિમાની મથકો અને હવાઈમાર્ગને જોડવામાં મદદરૂપ થઈ રહી છે.
- ઉડાન યોજના અંતર્ગત, ભારતભરના 285 હવાઈ માર્ગ હેઠળ 50 બિન–સેવા આપતા અથવા સેવાકીય હવાઈમથકોનો ઉમેરો કરવામાં આવ્યો છે. તેમાં 5 હેલિપોર્ટ શામેલ છે.
- 'એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા' આ યોજના માટે માળખાગત સુવિધા પૂરી પાડતી એજન્સી તરીકે કાર્ય કરે છે અને વર્ષ 2024 સુધીમાં 100 એરપોર્ટ/ વોટરડ્રોમ/હેલિપોર્ટ વિકસિત કરવાનું લક્ષ્ય છે.

## ખાદી ફેબ્રિક ફૂટવેર

### 'ખાદી ફેબ્રિક ફૂટવેર' વિશે

- તાજેતરમાં કેન્દ્રીય રાજ્ય મંત્રી નીતિન ગડકરીએ 'ખાદી અને ગ્રામ ઉદ્યોગ કમિશન(KIC) દ્વારા ડિઝાઈન કરેલા ભારતના પ્રથમ ઉચ્ચ ગુણવત્તાની 'ખાદી ફેબ્રિક ફૂટવેરની શરૂઆત કરી છે.
- આ ફૂટવેર ખાદી ફેબ્રિક જેવા કે રેશમ, કપાસ અને ઉનમાંથી બનાવવામાં આવે છે.
- ખાદી ફેબ્રિક ફૂટવેર દ્વારા રોજગાર વધશે અને કારીગરોની આવકમાં પણ વધારો થશે.
- આ ખાદીના ફૂટવેર તેમના પ્રકારનાં પ્રથમ ફૂટવેર છે અને તેની કિંમત પણ વધુ નથી.
- શરૂઆતમાં મહિલાઓ માટે 15 અને પુરુષો માટે 10 ફૂટવેર ડિઝાઈન રજૂ કરવામાં આવી છે.
- ખાદીના આ ઉચ્ચ ગુણવત્તાવાળા ફૂટવેર 'ખાદી અને ગ્રામ ઉદ્યોગ કમિશનના (KIC) ઓનલાઈન પોર્ટલ પર વેચવામાં આવશે.
- ચીન અને અમેરિકા પછી ભારત વૈશ્વિક સ્તરે ત્રીજો સૌથી મોટો ફૂટવેર ઉત્પાદક દેશ છે. ભારતમાં લગભગ 1.45 લાખ કરોડ રૂપિયાનો ફૂટવેર ઉદ્યોગ છે, જેમાં આશરે 85,000 કરોડ રૂપિયાનું સ્થાનિક બજાર છે અને લગભગ 45,000 થી 55,000 કરોડની નિકાસ છે.

## ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય કલા કેન્દ્ર અને રાષ્ટ્રીય સંગ્રહાલય

- કેન્દ્ર સરકાર દ્વારા સૂચિત 'સેન્ટ્રલ વિસ્ટા રિડેવલપમેન્ટ પ્રોજેકટ' હેઠળ નવી દિલ્હી સ્થિત 'ઈંદિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર આર્ટસ' અને 'નેશનલ મ્યુઝિયમ'ને અન્ય સ્થળોએ સ્થાનાંતરિત કરવામાં આવશે.

### Back to Basic: 'ઈંદિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર આર્ટસ'(IGNCA) વિશે

- 'ઈંદિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર આર્ટસ' (IGNCA) એ એક સંયુક્ત સંસ્કૃતિ મંત્રાલય હેઠળ ભારત સરકાર દ્વારા સ્થાપિત એક સ્વાયત સંસ્થા છે.
- IGNCA ની શરૂઆત 14 નવેમ્બર, 1985ના રોજ તત્કાલીન વડાપ્રધાન રાજીવ ગાંધીએ પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની યાદમાં કરી હતી.
- 24 માર્ચ 1987ના રોજ નવી દિલ્હી ખાતે 'ઈંદિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર આર્ટસ'નુ ગઠન અને રજીસ્ટ્રેશન કરવામાં આવ્યુ હતુ.
- IGNCA ની સ્થાપનાનો મુખ્ય ઉદ્દેશ કળના મુખ્ય સંસાધન કેન્દ્ર તરીકે કાર્ય કરવાનો, કલા, માનવતા અને સંસ્કૃતિથી સંબંધિત સંશોધન કરવું અને કલા અને ફિલસૂફી, વિજ્ઞાન અને તકનીકીના સમકાલીન વિચારો વચ્ચે વાતચીત સ્થાપિત કરવાનો હતો.

### રાષ્ટ્રીય સંગ્રહાલય, નવી દિલ્હી વિશે

- 'રાષ્ટ્રીય સંગ્રહાલયનું ઉદઘાટન 15 ઓગસ્ટ, 1949'ના રોજ ભારતના તત્કાલીન ગવર્નર–જનરલ 'આર. સી. રાજગોપાલાચારી' દ્વારા રાષ્ટ્રપતિ ભવન ખાતે કરવામાં આવ્યું હતું.
- રાષ્ટ્રીય સંગ્રહાલયની હાલની ઈમારતનો પાયો ભારતના વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુ દ્વારા 12 મે, 1955ના રોજ નાખ્યો હતો.
- રાષ્ટ્રીય સંગ્રહાલયના પ્રથમ તબક્કાના મકાનનું ઉદ્ઘાટન 18 ડિસેમ્બર,1960ના રોજ ભારતના ઉપરાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન દ્વારા કરાયું હતું.
- તેની સ્થાપનાનો હેતુ પ્રદર્શન, જાળવણી અને સંશોધન માટે ઐતિહાસિક, સાંસ્કૃતિક અને કલાત્મક મહત્વની આર્ટ વસ્તુઓને એકત્રિત કરવાનો હતો..
- 'રાષ્ટ્રીય સંગ્રહાલય' હાલમાં ભારત સરકારના 'કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલયના વહીવટી નિયંત્રણ હેઠળ છે.

## ભારતીય નૌકાદળની પ્રથમ મહિલા પાઈલોટ બેચ

- ભારતીય નૌસેનાએ 22 ઓકટોબર, 2020ના રોજ કોચી ખાતે 'ડોર્નિયર એરક્રાફટપર મહિલા પાઈલટ'ની પહેલી ટુકડી તૈનાત કરી હતી. આ તૈનાતી ભારતીય નૌકાદળના સધર્ન નેવલ કમાન્ડ દ્વારા કરવામાં આવી હતી.

### ભારતીય નૌકાદળની પ્રથમ મહિલા પાઈલોટ બેચ વિશે

- પ્રથમ બેચમાં ત્રણ મહિલા પાઈલટ 'લેફટનન્ટ દિવ્યા શર્મા, 'લેફટનન્ટ શિવાંગીઅને 'લેફટનન્ટ શુભાંગી સ્વરૂપનો સમાવેશ થાય છે.
- આ ત્રણેય મહિલા પાઈલટને ભારતીય વાયુસેના અને ભારતીય નૌકાદળ બંને સાથે ડોર્નીઅર ઓપરેશનલ ફલાઈંગ ટ્રેનિંગ કોર્સની(DOFT) તાલીમ આપવામાં આવી હતી. DOFT કોર્સ હેઠળ, લેફટનન્ટ 'સંપૂર્ણ ઓપરેશનલ મેરીટાઈમ પાઈલટ' તરીકે સ્નાતક થયા છે.

### Back to Basic: 'સંરક્ષણ ક્ષેત્રે મહિલાઓ' વિશે

- વર્ષ 1992માં પહેલીવાર મહિલાઓને સંરક્ષણ સેવાઓમાં સામેલ કરવામાં આવી હતી.
- શરૂઆતમાં, તેઓને ટૂંકી સેવા આયોગના અધિકારીઓ તરીકે કામ કરવાની મંજૂરી આપવામાં આવી હતી. તેમને ફક્ત 6 વર્ષ માટે જ સેવા કરવાની મંજૂરી આપવામાં આવી હતી જે પછીથી વધારીને 14 વર્ષ કરવામાં આવી હતી.
- વર્ષ 1888 દરમિયાન, મહિલાઓને નર્સ તરીકે સેવા કરવાની મંજૂરી આપવામાં આવી.
- હાલમાં ભારતીય સંરક્ષણ દળમાં 35000 મહિલાઓ સેવા આપી રહી છે.
- વર્ષ 2015 સુધી, તેમને લડાઈની ભૂમિકામાં તૈનાત કરવા પ્રતિબંધિત હતા. વર્ષ 2015માં મહિલાઓને પહેલી વખત એરફોર્સમાં સામેલ કરવામાં આવી હતી.
- હવે, ભારતીય વાયુસેના મહિલાઓને સહાયક ભૂમિકા અને ટ્રેનરની ભૂમિકા માટે મંજૂરી આપે છે.

## 'લાઇફ ઇન મિનિએચર' પ્રોજેકટ

- કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન રાજ્ય મંત્રી શ્રી પ્રહલાદસિંહ પટેલે 22 ઓકટોબર, 2020ના રોજ 'લાઈફ ઈન મિનિએચર' પ્રોજેકટનો પ્રારંભ કર્યો હતો. આ પ્રોજેકટ રાષ્ટ્રીય સંગ્રહાલય, નવી દિલ્હી, 'સંસ્કૃતિ મંત્રાલય અને 'ગૂગલ આર્ટ એન્ડ કલ્ચર વચ્ચેનો સહયોગ છે. આ ત્રણેય વચ્ચેની ભાગીદારી વર્ષ 2011માં શરૂ થઈ હતી.

### 'લાઇફ ઇન મિનિએચર' પ્રોજેકટ વિશે

- આ પ્રોજેકટમાં વિવિધ તકનીકોનો ઉપયોગ કરવામાં આવ્યો છે જેમ કે મશીન લર્નિંગ, ઓગમેન્ટેડ રિયાલિટી અને હાઈ–ડેફિનેશન રોબોટિક કેમેરા સાથે ડિજિટાઈઝેશન.
- તે જાદુઈ નવી રીતે કલાના વિશેષ કાર્યોનું પ્રદર્શન કરે છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- મશીન લર્નિંગ–આધારિત અલ્ગોરિધમ્સની એપ્લિકેશનને કારણે પ્રોજેક્ટનો પ્રારંભ પણ નોંધપાત્ર છે.
- આ એપ્લિકેશન પેઇન્ટિંગ્સના કોર્પસને ઓનલાઈન લાવવા માટે શરૂ કરવામાં આવી છે. જેથી વપરાશકર્તાઓને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા સંચાલિત આ લઘુચિત્ર અજાયબીઓની શોધખોળ કરી શકાય.
- આ પ્રોજેક્ટ હેઠળ, વિશ્વભરના લોકો ગુગલ આર્ટ અને સંસ્કૃતિ પર 'નેશનલ મ્યુઝિયમના 100 જેટલા લઘુચિત્રો ઓનલાઈન જોઈ શકશે.
- લોકો 'ગૂગલ આર્ટ એન્ડ કલ્ચર એપ્લિકેશન' પર પ્રથમ ઓગમેંટેડ રિયાલિટી સંચાલિત આર્ટ ગેલેરી જોઈ અને અનુભવી શકશે.
- પ્રકૃતિ, પ્રેમ, ઉજવણી, વિશ્વાસ અને શક્તિ સાથેના માનવ સબંધ સહિત પાંચ સાર્વત્રિક થીમ સાથે આર્ટવર્કનું પ્રદર્શન કરવામાં આવશે.

## સંયુક્ત રાષ્ટ્ર દિવસ

### 'સંયુક્ત રાષ્ટ્ર દિવસ' વિશે

- વર્ષ 1948 પછીથી દર વર્ષે '24 ઓક્ટોબર'ને 'સંયુક્ત રાષ્ટ્ર દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.
- આ દિવસ વર્ષ 1945માં 'યુનાઈટેડ નેશન્સ ચાર્ટર'ના આગમનન નિશાની છે. 'યુનાઈટેડ નેશન્સ ચાર્ટર'એ 'સંયુક્ત રાષ્ટ્રનું વૈશ્વિક શાંતિ' અને સમાનતા તરફ કામ કરતા સ્થાપક દસ્તાવેજ છે.
- બીજા વિશ્વયુદ્ધના અંત પછી વર્ષ 1945માં, સંયુક્ત રાષ્ટ્રના ઘોષણા પત્રના મુસદ્દાને તૈયાર કરવા માટે 50 દેશોના પ્રતિનિધિઓ અમેરીકાના સાન ફ્રાન્સિસ્કોમાં એકત્રિત થયા હતા અને 26 જૂન, 1945ના રોજ બધા દેશોના હસ્તાક્ષર બાદ તેને 'સંયુક્ત રાષ્ટ્રના ચાર્ટર'ના રૂપમાં સ્વીકાર કરવામાં આવ્યો હતો.
- 24 ઓક્ટોબર, 1945ના રોજ સત્તાવાર રીતે 'સંયુક્ત રાષ્ટ્ર'(UN) અસ્તિત્વમાં આવ્યું. તેથી દર વર્ષે 24 ઓક્ટોબરે 'સંયુક્ત રાષ્ટ્ર દિવસ' મનાવવામાં આવે છે.
- આંતરરાષ્ટ્રીય કાયદા, આંતરરાષ્ટ્રીય સુરક્ષા, આર્થિક અને સામાજિક વિકાસ અને માનવ અધિકારના સંરક્ષણ તેમજ વિશ્વ શાંતિની સુવિધા માટે સહકાર પ્રદાન કરવાના ઉદ્દેશ્ય સાથે 'સંયુક્ત રાષ્ટ્ર હાલમાં કુલ 193 સભ્યોની એક મહત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય સંસ્થા તરીકે કાર્યરત છે.
- સંયુક્ત રાષ્ટ્રના 6 અંગો છેઃ 1) સામાન્ય સભા, 2) સુરક્ષા પરિષદ, 3) આર્થિક અને સામાજિક પરિષદ, 4) ટ્રસ્ટ કાઉન્સિલ, 5) સચિવાલય અને 6) આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલત.

## આંતરાષ્ટ્રીય સ્નો લેપર્ડ દિવસ

### 'આંતરરાષ્ટ્રીય સ્નો લેપર્ડ(ચિત્તા) દિવસ' વિશે

- વર્ષ 2013ની 'બિશ્કેક ઘોષણા' હેઠળ 23 ઓક્ટોબરને 'આંતરરાષ્ટ્રીય સ્નો ચિત્તા દિવસ' તરીકે સૂચિત કરવામાં આવ્યો હતો.
- વર્ષ 2013માં 'બિશ્કેક ઘોષણાપત્ર' પર 12 સ્નો લેપર્ડ રેન્જ દેશો (અફઘાનિસ્તાન, ભૂટાન, ચીન, ભારત, કઝાકિસ્તાન, કિર્ગિઝ રિપબ્લિક, મંગોલિયા, નેપાળ, પાકિસ્તાન, રશિયા, તાજિકિસ્તાન અને ઉઝબેકિસ્તાન) દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- આ પ્રસંગે 'ગ્લોબલ સ્નો લેપર્ડ એન્ડ ઈકોસિસ્ટમ પ્રોટેકશન'(GSLEP) કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો.

### Back to Basic : 'સ્નો લેપર્ડ' વિશે

**વૈજ્ઞાનિક નામઃ પેન્થેરા અનકિયા(Panthera Uncia)**

- 'સ્નો લેપર્ડને 'પહાડોના ભુત' તરીકે પણ ઓળખવામાં આવે છે. કારણ કે તેમના સંકોચિ સ્વભાવ અને ત્વચાના રંગને લીધે, તેઓને બર્ફીલા વાતાવરણમાં જોવા ખૂબ મુશ્કેલ છે.
- સ્નો લેપર્ડ ઉત્તર અને મધ્ય એશિયાના ઉંચા પર્વતોના (હિમાલય પ્રદેશ સહિત) વિશાળ વિસ્તારમાં વસે છે.
- ભારત સહિત કુલ 12 દેશોમાં સ્નો લેપર્ડ જોવા મળે છે.
- સ્નો લેપર્ડને IUCN રેડ લીસ્ટમાં 'સંવેદનશીલ(Vulnerable) સૂચિમાં મૂકવામાં આવ્યો છે.
- તેને CITES (The Convention of International Trade in Endangered Species of Wild Fauna and Flora) ના પરિશિષ્ટ–1માં શામેલ કરવામાં આવ્યો છે.
- 'ભારતીય વન્યપ્રાણી (સુરક્ષા) અધિનિયમ, 1972ની સૂચિ–1 હેઠળ 'સ્નો લેપર્ડ'નો શિકાર પ્રતિબંધિત છે.
- 'સ્નો લેપર્ડ'ને CMS (Conservation of Migratory Species of Wild Animal)ની પરિશિષ્ટ–1માં સમાવવામાં આવેલ છે.

### 'પ્રોજેક્ટ સ્નો લેપર્ડ'(PSL) વિશે

- 'પ્રોજેક્ટ સ્નો લેપર્ડની શરૂઆત વર્ષ 2009માં દેશના પાંચ રાજ્યો (જમ્મુ–કાશ્મીર, હિમાચલપ્રદેશ, ઉત્તરાખંડ, સિક્કિમ અને અરુણાચલ પ્રદેશ)માં શરૂ કરવામાં આવ્યો હતો.
- તેનો હેતુ તમામ હિસ્સેદારોની ભાગીદારીને પ્રોત્સાહન આપીને દેશમાં લેપર્ડની વસ્તી અને તેમના સ્થળાંતર ક્ષેત્રના સંરક્ષણને પ્રોત્સાહન આપવાનું છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- આ કાર્યક્રમ અંતર્ગત, સૂચિત વિસ્તારોમાં સ્થાનિક વસ્તી સાથે જાહેર અને ખાનગી એજન્સીઓના સહયોગથી 'સ્નો લેપર્ડના રક્ષણ, જાગૃતિ અને સંરક્ષણ, તેમના આહાર અને સ્થળાંતર સંબંધિત કાયદાઓનું વિસ્તૃત અમલીકરણ હાથ ધરવામાં આવ્યું છે.

## સર સૈયદ દિવસ

- 17 ઓક્ટોબર, 2020 ના રોજ 'સર સૈયદ અહમદ ખાન'ની જન્મજયંતિ 'સર સૈયદ દિવસ' તરીકે ઉજવવામાં આવી હતી.

### 'સર સૈયદ અહમદ ખાન' વિશે

- 'સર સૈયદ અહેમદ ખાન'નો જન્મ વર્ષ 1817માં એક એવા કુટુંબમાં થયો હતો જે મુઘલ દરબારની નજીક હતો. તેઓ ઘણી બધી પ્રતિભા (નાગરિક સેવક, પત્રકાર, શિક્ષણશાસ્ત્રી, સમાજ સુધારક ઇતિહાસકાર)ના ધની હતા.
- વર્ષ 1857ના બળવા પૂર્વે તેઓ બ્રિટીશ વહીવટની સેવામાં હતા.
- તેમણે ભારતીય પરિપ્રેક્ષ્યને ધ્યાનમાં રાખીને વર્ષ 1857ના બળવાના કારણો સ્પષ્ટ કરવા માટે, 'ધ કોઝેસ ઓફ ઈન્ડિયન રિવોલ્ટ(The Causes of the Indian Revolt) નામનું પુસ્તક લખ્યું હતું.
- 'સર સૈયદ' એક મહત્વપૂર્ણ 'મુસ્લિમ સુધારક' તરીકે ઓળખાય છે જેમણે મુસ્લિમ સમાજની સુધારણા માટે શૈક્ષણિક તકોમાં પરિવર્તન લાવવામાં અગ્રેસરની ભૂમિકા ભજવી હતી.
- સર સૈયદને લાગ્યું કે જો મુસ્લિમ સમુદાય આધુનિક શિક્ષણ સ્વીકારે તો તેમની પ્રગતિ શકય છે. આ માટે તેમણે 'અલીગઢ આંદોલન' શરૂ કર્યું હતુ.
- 'સર સૈયદ અહેમદ ખાન' દ્વારા સામાજીક સુધારાઓના કાર્ય પર બળ આપવામાં આવ્યુ હતુ. તેમજ તેઓ લોકશાહી આદર્શો અને અભિવ્યક્તિની સ્વતંત્રતાની તરફેણમાં હતા.
- તેમણે તેમના સામાયિક 'તહઝિબ અખાલાક(અંગ્રેજીમાં સમાજ સુધારક) દ્વારા લોકોને ખૂબ જ ભાવનાત્મક/ગૌરવપૂર્ણ રીતે સામાજિક અને ધાર્મિક મુદ્દાઓ પર લોકોને જાગૃત કરવાનો પ્રયાસ કર્યો હતો.

## વિશ્વ પોલિયો દિવસ

### 'વિશ્વ પોલિયો દિવસ' વિશે

- દર વર્ષે '24 ઓક્ટોબર'ના રોજ 'વિશ્વ પોલિયો દિવસ' મનાવવામાં આવે છે.
- આ દિવસની ઉજવણીની શરૂઆત એક દાયકા પહેલા 'રોટરી ઇન્ટરનેશનલ' દ્વારા 'જોનાસ સાલ્કની જન્મજયંતિ પર કરવામાં આવી હતી, જેમણે 'પોલિયો' અથવા 'પોલિયોમેલિટીસ' વિરુદ્ધ રસી વિકસાવનાર ટીમનું નેતૃત્વ કર્યુ હતું.
- 'વૈશ્વિક પોલિયો નાબૂદી પહેલ'(GPEI: Global Polio Eradication Initiative) દ્વારા વૈશ્વિક સ્તરે રોગની સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે.
- GPEIની સ્થાપના વર્ષ 1988માં કરવામાં આવી હતી. તે એક જાહેર–ખાનગી ભાગીદારી છે. જેમાં 'રોટરી ઈન્ટરનેશનલ, WHO, 'CDC' (US Centers for Disease Control and Prevention), યુનિસેફ, બિલ અને મેલિન્ડા ગેટ ફાઉન્ડેશન અને અન્ય દેશોની સરકાર શામેલ છે.

### Back to Basic : પોલિયો વિશે

- પોલિઓમેલિટીસ/પોલિયો એ એક ખૂબ જ ચેપી વાયરલ રોગ છે. પોલિયો વાયરસ મુખ્યત્વે એક વ્યક્તિથી બીજા વ્યક્તિમાં નળીના માર્ગ અથવા સામાન્ય વાહક (દા.ત. દૂષિત પાણી અથવા ખોરાક) દ્વારા ફેલાય છે. આંતરડા સુધી પહોંચવાથી વાયરસની સંખ્યા બમણી થાય છે અને ત્યાંથી તે નર્વસ સિસ્ટમ સુધી પહોંચે છે અને લકવો પેદા કરે છે.
- તે મુખ્યત્વે નાના બાળકોને(પાંચ વર્ષથી ઓછી વયના) અસર કરે છે.
- પોલિયો વાયરસના ત્રણ સંસ્કરણો છે:

1. વાઇલ્ડ પોલીયોવાયરસ ટાઇપ-1 (WPV1)
2. વાઇલ્ડ પોલીયોવાયરસ ટાઇપ-2 (WPV2)
3. વાઇલ્ડ પોલીયોવાયરસ ટાઇપ-3 (WPV3)

- WHO દ્વારા વર્ષ 2019માં WPV-3 અને વર્ષ 2015માં WPV-2ના નાબુદીકરણની ઘોષણા કરી હતી. જ્યારે WPV-1 હજુ સુધી નાબૂદ થઈ શકયુ નથી કારણ કે તે હજી અફઘાનિસ્તાન અને પાકિસ્તાનના પ્રદેશોમાં અસ્તિત્વમાં છે.
- પોલિયોને નાબૂદ કરવા માટે, રસી–પ્રાપ્ત પોલિયો ચેપના કેસોની સંખ્યા શૂન્ય હોવી જરૂરી છે.

### પોલિયોના મામલામાં ભારતનું સ્થાન

- 'વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન' દ્વારા સતત ત્રણ વર્ષ સુધી પોલિયોના કોઈ કેસ ન થયા બાદ વર્ષ 2014માં ભારતને પોલિયો મુક્ત રાષ્ટ્ર જાહેર કરવામાં આવ્યુ હતું.

## ઈન્ફેંટ્રી દિવસ

- 27 ઓક્ટોબર, 2020ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 74માં 'ઈન્ફેંટ્રી દિવસ પર સૈનિકોને અભિનંદન આપતા કહ્યું હતું કે તેમની બહાદુરી લાખો લોકોને પ્રેરણા આપે છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

### 'ઈન્ફેંટી દિવસ' વિશે

- ભારતીય સૈન્ય દર વર્ષે 27 ઓક્ટોબરને 'ઈન્ફેંટી દિવસ તરીકે આયોજન કરે છે, કારણ કે શીખ રેજિમેન્ટની પહેલી બટાલિયનની બે ઈન્ફન્ટ્રી કંપનીઓને આ દિવસે પાકિસ્તાની સૈન્ય દ્વારા સમર્થિત આક્રમણકારોથી કાશ્મીરને મુક્ત કરવા માટે દિલ્હીથી શ્રીનગર મોકલવામાં આવી હતી.
- આ કાર્યવાહી તત્કાલિન વડાપ્રધાન જવાહરલાલ નહેરુ દ્વારા ત્યારે કરવામાં આવી હતી જ્યારે જમ્મુ–કાશ્મીરના રજવાડાના તત્કાલીન મહારાજા હરિસિંહે ભારતમાં જમ્મુ –કાશ્મીરમાં જોડાવા માટેના 'ઈંસ્ટુમેન્ટ ઓફ એકશન' એટલે કે 'વિલયપત્રપર હસ્તાક્ષર કર્યા હતા.
- મહારાજા હરિસિંહ દ્વારા 26 ઓક્ટોબર, 1947ના રોજ 'ઈંસ્ટુમેન્ટ ઓફ એકશન' પર હસ્તાક્ષર કર્યા હતા અને 27 ઓક્ટોબર, 1947ના રોજ, ભારતીય સેનાની બે પાયદળ કંપનીઓ જમ્મુ કાશ્મીર પહોંચી ગઈ હતી.

## તકેદારી જાગૃતિ સપ્તાહ

### 'તકેદારી જાગૃતિ સપ્તાહ' વિશે

- 'સેન્ટ્રલ વિજિલન્સ કમિશન'(CVC) 27 ઓક્ટોબરથી 2 નવેમ્બર, 2020 દરમિયાન 'તકેદારી જાગૃતિ સપ્તાહ'નું આયોજન કરી રહ્યું છે.
- 'તકેદારી જાગૃતિ સપ્તાહ' દર વર્ષે સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મદિવસ (31 ઓક્ટોબર) આવતો હોય તે અઠવાડીયામાં મનાવવામાં આવે છે.
- 'તકેદારી જાગૃતિ સપ્તાહ'ની વર્ષ 2020 માટેની થીમ: 'સતર્ક ભારત, સમૃધ્ધ ભારત' છે.

### Back to Basics : 'સેન્ટ્રલ વિજિલન્સ કમિશન'(CVC) વિશે

- તકેદારીના ક્ષેત્રમાં કેન્દ્ર સરકારની એજન્સીઓને સલાહ અને માર્ગદર્શન આપવા માટે રચાયેલી 'કે. સંથાનમ'ની અધ્યક્ષતાવાળી સમિતિની ભલામણો પર સરકારે ફેબ્રુઆરી, 1964માં 'સેન્ટ્રલ વિજિલન્સ કમિશનની રચના કરી હતી.
- CVC કોઈ મંત્રાલય/વિભાગ હેઠળ કાર્યરત નથી. તે ફક્ત સંસદ માટે જવાબદાર સ્વતંત્ર સંસ્થા છે.
- 'સેન્ટ્રલ વિજિલન્સ કમિશન તપાસ એજન્સી' નથી. તે CBI દ્વારા અથવા સરકારી કચેરીઓમાં 'મુખ્ય વિજિલન્સ અધિકારીઓના માધ્યમથી કેસની તપાસ કરે છે.

## કેશુભાઈ પટેલનું નિધન

- ગુજરાતના દિગ્ગજ રાજકારણી અને પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલનું અમદાવાદમાં 93 વર્ષની વયે અવસાન થયું છે.

### 'કેશુભાઈ પટેલ' વિશે

- 24 જુલાઈ 1928ના રોજ ગુજરાતના જૂનાગઢ જિલ્લામાં જન્મેલા કેશુભાઈ પટેલનું મૂળ નામ કેશુભાઈ દેસાઇ હતું, જેમણે રાજકારણમાં સક્રિય થયા પછી તેમની અટક 'દેસાઈ' પરથી બદલીને 'પટેલ' કરી હતી.
- કેશુભાઈ પટેલે રાજકીય સફરની શરૂઆત રાજકોટ નગરપાલિકામાં લડવા સાથે કરી હતી. ત્યારબાદ તેમણે વાંકાનેરમાંથી (તે સમયે રાજકોટ જિલ્લાની વિધાનસભા બેઠક) ભારતીય જનસંઘના ઉમેદવાર તરીકેની પ્રથમ સામાન્ય ચૂંટણી લડી હતી. પરંતુ તેમાં અસફળ રહ્યા હતા.
- વર્ષ 1995માં ગુજરાતના મુખ્યમંત્રી બન્યા હતા પરંતુ જલ્દી જ તેઓએ રાજીનામુ આપવુ પડયુ હતુ. વર્ષ 1998માં ફરીથી ચૂંટણી યોજાઈ હતી અને ફરી એક વખત કેશુભાઈ પટેલ ગુજરાતના મુખ્યમંત્રી બન્યા અને વર્ષ 2001 સુધી આ પદ સંભાળ્યું હતુ.

## 31 ઓક્ટોબર- વર્લ્ડ સિટીઝ ડે

### વર્લ્ડ સિટીઝ ડે વિશે

- 'સંયુક્ત રાષ્ટ્ર' દ્વારા દર વર્ષે 31 ઓક્ટોબરને 'વર્લ્ડ સિટીઝ ડે' તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસ વૈશ્વિક શહેરીકરણને પ્રોત્સાહન આપે છે, શહેરીકરણના પડકારોને સંબોધન કરે છે અને ટકાઉ શહેરી વિકાસ માટે દેશોમાં સહકારની દિશામાં દબાણ કરે છે.
- વર્ષ 2020 માટે 'વર્લ્ડ સિટીઝ ડે'ની થીમ: Valuing our Communities and Cities
- COVID-19 એ સમગ્ર વિશ્વમાં શહેરી જીવનને ફરી આકાર આપ્યો છે. લોકોને સલામત રાખવામાં અને આર્થિક પ્રવૃત્તિઓને જાળવવામાં સ્થાનિક સમુદાયો મુખ્ય ભૂમિકા ભજવે છે.
- 'સંયુક્ત રાષ્ટ્ર' દ્વારા 31 ઓક્ટોબરને વર્ષ 2013માં 'વર્લ્ડ સિટીઝ ડે' તરીકે નિયુક્ત કર્યો હતો. આ ટકાઉ વિકાસ લક્ષ્ય–11 માનવ વસાહતોને સુરક્ષિત, સમાવિષ્ટ, સ્થિતિસ્થાપક અને ટકાઉ બનાવવાની મહત્વાકાંક્ષાને વેગ આપે છે.

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT